

ગ્રામ-રચના

રવિશંકર મહારાજ

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

સવા રૂપિયો

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રામરચના

★

રવિશંકર મહારાજ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

સવા રૂપિયો

પ્રત : ૫૫૦૦
સંવત : ૨૦૦૩
આવૃત્તિ : પહેલી

ભેગાં મળીને જીવે તે ગામડાંની સંસ્કૃતિ,
ભેગું કરીને જીવે તે શહેરી સંસ્કૃતિ.
—રવિશંકર મહારાજ

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક. ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય
રાયખડ :: અમદાવાદ

નિવેદન

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'નાં ૧૮ પુસ્તકોનો બીજો હપ્તો આ પુસ્તકથી શરૂ થાય છે.

પહેલા હપ્તાનાં પ્રસિદ્ધ થયેલાં ૧૮ પુસ્તકો પ્રજાએ જે રીતે અપનાવી લીધાં છે, એ જોતાં જે ભાવના અને ઉદ્દેશથી આ શ્રેણી શરૂ કરવામાં આવી છે, તે ઘણાખરા અંશે સફળ થઈ છે. આમ આ નવી શ્રેણીના અમારા સાહસ પ્રત્યે વાચક બંધુઓનાં અનુમતિ અને સહકાર મળ્યાં છે; તેથી અમને ઘણો હર્ષ થાય છે.

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી' ના શરૂ થતા બીજા હપ્તાનાં પુસ્તકોના સંપાદનનું કાર્ય શ્રી. મોહનલાલ–સોપાનને સોંપાયું છે. પણ આ બીજી યોજનામાં તેઓ પહેલી યોજના કરતાં વિશેષ ઉપયોગી જનહિતનાં પુસ્તકો આપવાની ઉમેદ રાખે છે.

જે ખંત અને કાર્યદક્ષતા આ પરમાર્થની યોજના પાછળ ભાઈ મોહનલાલ ખર્ચી રહ્યા છે, એ જોતાં આ બીજી યોજના પણ વિશેષ સફળ થાય એમ દેખાય છે. લેખક બંધુઓનો પણ સારો સહકાર મળતો રહ્યો છે. આ રીતે આ સંસ્થા અને આ યોજના પ્રત્યે તેમનો આદર વધતો જતો જણાય છે; તેમાં સર્વેશ્વર પ્રભુની કૃપા જ સમજવી.

આ પુસ્તકને બે છૂટાં પુસ્તકો રૂપે પ્રસિદ્ધ કરવા વિચારેલું; પરંતુ એમ કરવામાં પુસ્તકની ઉપયોગિતા ઓછી થતી હોવાથી એક પુસ્તકરૂપે તે પ્રસિદ્ધ થાય છે. શ્રેણીમાં પ્રસિદ્ધ થતાં પુસ્તકો કરતાં આ પુસ્તકની પૃષ્ઠસંખ્યા લગભગ બમણી હોવાથી, 'સર્વોપયોગી સાહિત્યશ્રેણી' ના બીજા હપ્તાનાં પ્રસિદ્ધ થનારાં ૧૮ પુસ્તકો પૈકીના પહેલા અને બીજા પુસ્તકરૂપે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે અને તેના કવરપેજ ઉપર ક્રમાંક ૧, ૨ આપ્યો છે.

મુંબઈ,
તા. ૧૫–૮–'૪૭

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

સંપાદકનું નિવેદન

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'ના બીજા વર્ષનો પ્રારંભ ગુજરાતના સર્વશ્રેષ્ઠ લોકસેવકની વાણીથી થાય છે, એ અમારી સંસ્થાનું અને આ શ્રેણીના વાચકોનું સૌભાગ્ય ગણાય. આ શ્રેણીનાં બીજાં ૧૮ પુસ્તકોની રૂપરેખાએ હજી છેવટનું સ્વરૂપ લીધું નથી; પરંતુ ગુજરાતના પ્રતિષ્ઠિત લેખકો અને લોકસેવકો તરફથી જે ઉત્સાહ મળી રહ્યો છે, તે ઉપરથી એવી આશા બંધાય છે, કે આ બીજું વર્ષ પહેલા કરતાં પણ ચડિયાતું હશે.

પહેલા વર્ષનાં ૧૮ પુસ્તકોની યોજના સંપૂર્ણ તો થઈ; પરંતુ એની પ્રથમ દોરેલી રૂપરેખામાં થોડો ફેરફાર કરવો પડ્યો. ૧૮ પુસ્તકોને સમગ્ર રીતે જોતાં એ કેટલા પ્રમાણમાં સર્વોપયોગી થયાં છે, તે કહેવાનું કાર્ય મારું નથી. હું એટલું જાણું છું, કે ગુજરાતે એને પ્રેમપૂર્વક આવકાર આપ્યો છે. પ્રકાશન સંસ્થાના સંચાલકો એટલા જાગૃત છે, કે જો એને સારો આવકાર ન મળે, તો બીજા વર્ષે એવી જ યોજના આગળ ચાલુ રાખવાનું વિચારે જ નહિ. લોકકલ્યાણની વૃત્તિથી આ સંસ્થા ચાલે છે, માટે જ 'સર્વોપયોગી' ને પસંદગી મળી શકે છે.

આમ છતાં મારે એટલું કબૂલવું જોઈએ કે યોજના ઘડતી વખતે મારી જે કલ્પના હતી, તે ફળીભૂત થઈ નથી. આ કલ્પનાને ફળીભૂત કરવાના મારા પ્રયાસો ચાલુ જ રહેશે, એટલી ખબર આપવાથી વિશેષ તો હું શું કહી શકું?

પહેલા વર્ષના અનુભવના અંતે કહું છું, કે 'સસ્તું સાહિત્ય'ના ટ્રસ્ટી મંડળ તરફથી અને ખાસ કરી શ્રી. મનુ સૂબેદાર તરફથી મને સતત સહકાર ન મળ્યો હોત, તો આ યોજના આગળ વધી શકત નહિ. હું આ તકે એમનો આભાર માનવામાં શિષ્ટાચાર નહિ, પણ મારા અંતરની ઊંડી લાગણી જ વ્યક્ત કરું છું.

મુંબઈ,
તા. ૧–૮–'૪૭

સોપાન

પ્રસ્તાવના

વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં સમગ્ર ગ્રામસેવા તાલીમ વર્ગના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને ગામડાંના પ્રશ્નો અંગે પૂ. મહારાજે જે વ્યાખ્યાનો આપ્યાં, તેમનો આ સંગ્રહ છે.

એ વ્યાખ્યાનો અપાતાં, ત્યારે મનમાં એમ થયા જ કરતું હતું, કે સાંભળ્યા જ કરીએ; અને આખો દિવસ કહે, તો કેવું સારું! તેનું કારણ તે વિષય ગમ્મત પડે એવો હતો, તે નથી, પણ તે વિષય જીવનને સ્પર્શતો હતો, એ છે; પરંતુ જીવનને સ્પર્શે એવો વિષય પણ વાંચેલું કહેનારને મોંએ નીરસ બની જાય, પણ મહારાજ તો ગામડાંનું જીવન જીવ્યા છે અને તે જીવન એમણે માણ્યું છે. ઘણાની જેમ એમને ગામડાંનું જીવન નીરસ નથી લાગ્યું, પણ ઉત્તમ લાગ્યું છે; એટલે આ તેમની અનુભવ–વાણી છે. વળી તેમની ભાષા અને રીત પણ મીઠી અને સ્વાભાવિક હોય છે, એટલે સામાના દિલને તે વધુ સ્પર્શ કરે છે.

આવી સ્થિતિમાં તેમનાં વ્યાખ્યાનો ઉતારવાનું અતિ મુશ્કેલ બની જાય છે. વળી તેમના અનુભવો એટલા વિશાળ છે અને હૃદયના ભાવ એટલા શુદ્ધ અને ઊંચી કક્ષાના છે, કે તે શબ્દોમાં મૂકવા મુશ્કેલ બની જાય છે.

તેમાં ય જો કોઈ કુશળ અને અનુભવી લેખક હોય, તો તે ભાવ સુંદર રીતે મધુર ભાષામાં મૂકી શકે અને વાંચનારને તેમય બનાવી શકે ખરો.

પણ આ વ્યાખ્યાનો અપાતાં હતાં, તે સમયે એવો કોઈ લેખક અહીં ન હતો. મેં સાહસ કર્યું, પણ હું સારી રીતે જાણું છું, કે મને લખતાં ફાવતું નથી અને હું લેખક પણ નથી;

એટલે આ વ્યાખ્યાનો વાચકને કેટલાં રોચક થશે તેની મને ખબર નથી.

એ વ્યાખ્યાનો લખીને મેં તેમની પાસે વાંચ્યાં છે, પણ મને જ તે સરસ રીતે રજૂ કરી શક્યાનો સંતોષ નથી, તો એમને હું શું પૂછું ? મેં તો એ મારા આનંદ ખાતર લખ્યાં. એમ પણ મનમાં થતું હતું, કે કોઈને પણ આ લખાણ વાંચવાનું મળશે અને તે ભાષાની ક્લિષ્ટતા સહન કરીને પણ અંદરનો સાર લેશે, તોય ઘણું છે. ભાષાની ક્લિષ્ટતા ઓછી કરવામાં શ્રી. નરહરિભાઈ, રાવજીભાઈ, બબલભાઈ વગેરેએ મદદ કરી છે, તે માટે તે સર્વનો આભાર માનું છું.

બીજી એક બાબત એ છે, કે આ વ્યાખ્યાનોમાં જે વિચારો છે, તે સાથે બધા સંમત ન પણ થાય; અને આમાં ૫૦ વર્ષ પહેલાંની સ્થિતિમાં કંઈ દોષો હતા જ નહીં ? એ પ્રશ્ન પણ થાય ખરો; પણ મહારાજને ખબર છે, કે તે વખતના સમાજમાં દોષો હતા; પણ જે ગુણો હતા, તે વિદ્યાર્થીઓ જોઈ શકે એ દૃષ્ટિએ એમણે વ્યાખ્યાનો આપ્યાં છે. વળી આ વ્યાખ્યાનો આપતી વખતે તેમની દૃષ્ટિ સમક્ષ તેમના બાળપણના અનુભવો તરે છે; કેમ કે વિદ્યાર્થીઓને એ સમયની સ્થિતિ જાણવાની ઉત્કંઠા હોય એ સ્વાભાવિક છે; પણ '**पिंडे ते ब्रह्मांडे**'ના ન્યાયે એમના ગામની એ વખતની જેવી સ્થિતિ હતી, તેવી જ ઓછે-વત્તે અંશે બધે જ હતી. એ વખતની સમાજની સ્થિતિનું ચિત્ર રજૂ કરવામાં લંબાણ થયું જણાય છે ખરું; પણ તેથી આપણને સાચો ખ્યાલ આવવામાં મદદ થાય એમ છે; અને પછી કેમ એ સ્થિતિ બદલાઈ, તે સમજવામાં સરળતા થાય છે. આ સ્થિતિ સમજાવવામાં તેમણે અંગત જીવનના પ્રસંગો પણ કહ્યા હતા; પરંતુ તેમની અનિચ્છા હોવાથી તે પ્રસંગો આમાં લીધા નથી

પૂ. મહારાજે ઇચ્છયું ન હતું, કે આ વ્યાખ્યાનો છપાય. એમણે તો વિદ્યાર્થીઓ પાસે પોતાનો અનુભવ આપવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તે આપી દીધો અને એમણે એમનું કાર્ય પૂરું થયું માન્યું છે.

મને મનમાં એમ થતું હતું ખરું, કે વિદ્યાર્થીઓને જે લાભ મળે છે, તે લાભ લેવા ઘણા સ્નેહીઓ ઇચ્છે છે, તો તેમને તે મળી શકે તો સારું અને એ માટે જરૂરી જણાય તે છપાય તો કંઈ હરકત નથી; પણ તે છપાવવાનું પૂ. મહારાજને બહુ પસંદ પડતું ન હતું.

આ વ્યાખ્યાનોની જાણ શ્રી. શંકરલાલ બેંકરને થઈ, એટલે તેમણે તે વાંચવા માગ્યાં. એમણે વાંચ્યા પછી અમને પૂછયા વિના જ શ્રી. મનુ સૂબેદારને તે વ્યાખ્યાનો મોકલ્યાં હતાં. તેમને આ વ્યાખ્યાનો છાપવા યોગ્ય લાગ્યાં. તે ઘણા વખતથી પૂ. મહારાજ પાસેથી તેમના અનુભવો મેળવીને છપાવવા ઇચ્છતા જ હતા; એટલે આ વ્યાખ્યાનો છાપવાની પૂ. મહારાજે પરવાનગી આપી છે.

એ રીતે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે તે છપાવીને પ્રસિદ્ધ કર્યાં છે, તે માટે તેનો આ સ્થળે આભાર માનું છું.

વલ્લભ વિદ્યાલય, બોચાસણ,
ચૈત્ર સુ. ૨, મંગળવાર,
તા. ૨૪-૩-'૪૭

શિવાભાઈ પટેલ

અનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧	આપણી સંસ્કૃતિ	૯
૨	ગામડાંની ઉત્પત્તિ	૧૬
૩	પચાસ વર્ષ પહેલાંનું ગામ	૨૨
૪	કેળવણી	૩૬
૫	તહેવારો મારફત લોકકેળવણી	૫૦
૬	આચારવિચાર	૮૫
૭	ગામ માત્ર ખેડૂત	૧૫૭
૮	દિનચર્યા	૧૬૫
૯	ગામડાંનું પ્રભાત	૧૭૬
૧૦	ઊણપો	૧૮૩
૧૧	હિંદી સંસ્કૃતિનું દૃષ્ટાંત	૧૯૩
૧૨	આ સંસ્કૃતિ કેમ તૂટી ?	૧૯૫
૧૩	ગાંધીજી આવ્યા	૨૦૧
૧૪	ખરી કેળવણી	૨૦૩
૧૫	આજે આપણે ક્યાં છીએ ?	૨૦૭
૧૬	ગાંધીજીનો સંદેશો, આપણું કર્તવ્ય શું ?	૨૨૨
૧૭	ગાંધીજીનો સંદેશો	૨૨૯
૧૮	નવા ધંધાદારીઓનું કર્તવ્ય	૨૩૬
૧૯	ઈશ્વરદર્શન એટલે શું ?	૨૬૦
૨૦	પ્રશ્નોત્તરી	૨૬૬

૧ : આપણી સંસ્કૃતિ

દરેક પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે છે:

દરેક માણસ સ્વાવલંબી થઈ સ્વતંત્ર રીતે જીવી શકે, એ માટે ઈશ્વરે આ સંસારમાં બધી સામગ્રી તૈયાર રાખી છે. તેમાંય ખાસ કરીને આપણા દેશમાં તો માનવ માત્રને તે માટેની બધી અનુકૂળતા પ્રભુએ બક્ષી છે.

ઈશ્વરે આપણને હાથ, પગ, કાન, નાક, મોં, જીભ વગેરે બાહ્ય ઇંદ્રિયો આપી છે; પણ એકલી બાહ્ય ઇંદ્રિયોથી જ આપણું ગાડું ન ચાલે. એથી બાહ્ય જ્ઞાન કદાચ મળી શકે ખરું; પણ બાહ્ય સાધનો સાથે અભ્યંતર સાધનો જેવાં કે—દયા, પ્રેમ, ઉદારતા ઉપરાંત કામ, ક્રોધ વગેરે સાધનો પ્રભુએ આપણને આપ્યાં છે. કોઈને પ્રશ્ન થશે, કે કામ, ક્રોધ વગેરે આપવાથી શો ફાયદો થયો? તમે જાણો છો કે કાંઈક કરવાની કામના હોય છે; તેથી જ માણસ તે કામ કરવા તરફ પ્રેરાય છે. લોભવૃત્તિથી માણસ સતત પરિશ્રમ કરવાની શક્તિ મેળવે છે. કોઈને ધનનો લોભ હોય, તો કોઈને ઈશ્વરપ્રાપ્તિનો, એ જુદી વાત; પણ એ વૃત્તિથી માણસ પુરુષાર્થ કરવા પ્રેરાય છે.

તમે પૂછશો કે ક્રોધથી શો લાભ? ક્રોધ વગેરે તો આપણા શત્રુઓ છે, પણ જો તેનો ય સદુપયોગ કરીએ, તો તે પણ બહુ કામના છે. આપણા દિલમાં ખોટું કરવાનો વિચાર આવે, ત્યારે જો આપણને આપણા પર ક્રોધ આવે, તો આપણે ખોટું કરતા અટકીએ. આપણને આપણામાં રહેલી કુટેવો માટે તિરસ્કાર આવે, તો તે આપણામાંથી નીકળી જાય; એટલે એ કામ, ક્રોધ, તિરસ્કાર વગેરે વાપરતાં આવડે, તો આપણું કલ્યાણ થાય, વાપરતાં ન આવડે તો નાશ થાય; એવી જ રીતે ભક્તિ, દયા વગેરે સદ્ગુણોનું પણ છે. તેનાથી આપણું હિત થાય અને અહિત પણ થાય.

જેમ કે કોઈ માંદો માણસ હોય, તેને ન ખાવા જેવી ચીજ ખાવાનું મન થાય અને તે માટે તે દયા આવે એવી રીતે માગે, તે વખતે તેની સારવાર કરનારને દયા આવે અને તેને તે આપે, તો તે દયાથી તેને નુકસાન જ થાય; તેવી જ રીતે બાળક પ્રત્યે મા એવું વિવેકહીન વહાલ રાખે, તો તે તેનું અહિત કરે. આમ સદ્ગુણો પણ શત્રુઓનું કામ કરી શકે છે; પણ એ બધાં આંતરસાધનો વાપરતાં આવડે, તો તે મનુષ્યના મિત્રની ગરજ સારે છે.

વળી, આ બધાં આંતર અને બાહ્ય સાધનો ઈશ્વરે દરેકને સરખા પ્રમાણમાં આપ્યાં છે. કોઈને ઓછાંવત્તાં નથી આપ્યાં. એ અમુક પાસે છે અને અમુક પાસે નથી એવું નથી; એટલે દરેક મનુષ્ય આ સાધનોથી પૂરતા

પ્રમાણમાં પોતાનો વિકાસ કરી શકે છે; પણ એ માટે જ્ઞાન જોઈએ.

આ જ્ઞાન કયું?

જેમ વડના દરેક બીજમાં મોટો વડ બનવાની બધી જ સામગ્રી છે, તેવી રીતે દરેક માણસમાં પૂર્ણ વિકાસ પામવાની બધી જ સામગ્રી છે. આપણે જગતમાં ક્યાંક ને ક્યાંક કોઈ ને કોઈ શક્તિઓનો વિકાસ જોઈએ છીએ, ત્યારે આપણને ઈશ્વરના અસ્તિત્વનો ખ્યાલ આવે છે. કોઈ કહેશે, કે ફલાણાને ભગવાન મળ્યા. 'ભગવાન મળ્યા' એટલે શું? એ કોઈ દેહધારી થોડા જ છે? એની પ્રતિમા નથી. નિર્મળ યશ એ એની પ્રતિમા છે.

માણસની ક્રિયા જોઈ આપણે તેને ઓળખી શકીએ છીએ. જેમ કે રસ્તે ચાલતા હોઈએ ત્યાં કાંટા વેરાયેલા હોય, તો આપણે સમજી શકીએ, કે અહીંથી કોઈ એવો માણસ ગયો છે, કે જેણે પાછળ આવનાર બીજાને કાંટા વાગશે એવો વિચાર નથી કર્યો. તેની બેદરકારીથી કાંટા વેરાયેલા છે.

કોઈના ખેતરમાં બહુ જ વ્યવસ્થિત ખેતી હોય, તો આપણને લાગે, કે આ ખેતરનો માલિક કુશળ છે. વળી વધારે વિચાર કરતાં એમ પણ લાગે, કે આ તો ફલાણા ભાઈનું ખેતર હશે; કારણ કે આ ભાઈ બહુ વ્યવસ્થિત રીતે જીવનારા છે; એટલે ક્રિયાથી માણસ પ્રમાદી છે કે મહેનતુ, કુશળ છે કે અકુશળ તે સમજી શકાય છે.

એવી રીતે ભગવાનને પણ એની ક્રિયાથી આપણે ઓળખી શકીએ છીએ. જેમ કે નાળિયેરી ઊગે છે, ત્યારે અતિ કોમળ હોય છે; તેથી ભગવાન તેને તાણાવાણાવાળું કપડું પહેરાવે છે. જ્યાં સુધી તેને રક્ષણની જરૂર હોય છે, ત્યાં સુધી તે રહે છે અને પછી ખરી જાય છે; ત્યાર પછી તે નાળિયેરી ટાઢ, તાપ બધું સહન કરી શકે છે. આ બધી ક્રિયા પાછળ જ્ઞાન અને વ્યવસ્થા છે—સર્જન અને સંરક્ષણ છે. જ્યાં જેવું જોઈએ ત્યાં તેવું અને તેટલું, યોગ્ય કાળે પદ્ધતિસર થાય છે. આવું બધી જ વસ્તુઓમાં, બધે જ ઠેકાણે એકસરખું છે. આ કુદરત કહો કે ઈશ્વર કહો; એ આપણને શું શીખવે છે? આવી ચીજ ક્યાં નથી? બધે જ છે; એટલે ઈશ્વર સર્વવ્યાપક છે. આમ જો આપણને જોતાં આવડે, તો જ્યાં જોઈએ ત્યાં ઈશ્વરની કૃતિઓ દેખાશે. એમાં આપણે કોના પર ક્રોધ કરીએ કે કોના પર પ્રેમ કરીએ? પ્રભુએ એ બધી ચીજો સર્જન અને સંરક્ષણ માટે આપી છે, નાશ કરવા માટે નથી આપી; એટલે આપણે કોઈનો નાશ કરવાનો વિચાર ન કરીએ, પણ તેનો ઉપયોગ સર્જન અને સંરક્ષણમાં કરીએ. આવું સમજવું અને કરવું તેનું નામ જ્ઞાન.

રચનાત્મક કાર્યક્રમ આ છે:

આપણે જન્મ્યા છીએ તે સ્વતંત્ર થવા માટે. આપણો જન્મ થયો ત્યારે જરૂરિયાત ઊભી થઈ. ખાવાની જરૂર પડી, એટલે ભગવાને ધાવણ આપ્યું. અન્નની જરૂર પડી,

એટલે તેને ઉત્પન્ન કરવામાં માણસ પડ્યો અને ઈશ્વરે તેને એટલી શક્તિ અને સમજ આપ્યાં.

હવે આપણે વિચારીએ, કે આપણી અનિવાર્ય જરૂરિયાતો કઈ છે?

સૌથી પ્રથમ જરૂરિયાત—હવા. એ માટે માણસે શુદ્ધ હવા મેળવવા શરૂઆતમાં પ્રયત્ન કર્યો. જંગલ વગેરે સાફ કર્યાં અને બાળ્યાં; અને તે ક્રિયા યજ્ઞરૂપે ગણાઈ.

હવા પછી બીજી જરૂરિયાત પાણી છે; એટલે પાણીની શોધ કરવા માંડી અને અનાયાસે તે મેળવ્યું.

પછી આ શરીર ટકાવવા માટે ખોરાકની જરૂર પડી. બાદ વસ્ત્રો અને ઘરની જરૂર પડી, જે તેણે પ્રયત્નપૂર્વક મેળવ્યાં.

પણ આ દરેક વસ્તુનો સદુપયોગ કરવા માટે ટેવાવું જોઈએ. તે થઈ કેળવણી.

જ્યારે ઉપરની બધી વસ્તુઓથી ટેવાતાં ભૂલ થઈ જાય, ત્યારે શરીર બગડે; એટલે ઔષધિની જરૂર પડી.

પછી આ વસ્તુઓ કોઈ બગાડે નહિ, એ માટે સંરક્ષણની જરૂર પડી અને સંરક્ષણ માટે સંગઠન થયું.

'ટૉલ્સ્ટૉયની વાતો'માં ત્રણ સાધુઓની વાત આવે છે; તેમાં તેઓ 'એકબીજાને વળગીને રહે છે' એમ આવે છે. જેથી એકની ભૂલ થતી હોય, તો બીજો તેને બચાવે અને પરસ્પરની ગાંઠથી બધા યે બચી જાય. આ બધી વસ્તુઓ મેળવીએ તો જગતમાં ટકી શકાય; નહિ તો આકડાના

રૂની જેમ પવન આવે ત્યારે ઊડી જઈએ.

આપણે દયા, પ્રેમ, કામ, ક્રોધ વગેરે આંતરિક અને આંખ, મોં વગેરે બાહ્ય સંપત્તિવાળા, ઉપર પ્રમાણેની આવડત મેળવીએ તો જગતમાં ટકી શકીએ. હું એ આવડત જ્ઞાનપૂર્વક અને સંગઠન સાધીને મેળવું, એટલે રચનાત્મક કામ થયું. એવી રીતે બધાએ તે કરવું જોઈએ. ગાંધીજીએ આ નવું શોધી કાઢ્યું છે એમ નથી; પરંતુ તે ભુલાઈ જતું હતું, તે તેમણે યાદ કરાવી આપ્યું છે. ગીતાજીના ચોથા અધ્યાયમાં આવે છે :--

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥
एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥
स एवायं मयातेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

આ વાત ભગવાને અર્જુનને કહેલી, તે આજે ગાંધીજી આપણને કહે છે; શાથી ? કારણ કે—

આપણે ગુમાવેલાં જીવનનાં મૂળ તત્ત્વો અને સંસ્કૃતિ

આજે ઇંગ્લૅન્ડ હિંદને કહે છે. તમે પાણીની ચિંતા ન કરશો; તે માટે કૂવા, કોસ, બળદ વગેરેની ચિંતા ન કરશો. હું તમને એંજિન આપીશ, તેલ આપીશ. તમે તેનો ઉપયોગ કરશો, તો થોડાક જ જણને તેની ચિંતા

કરવી પડશે; બાકીના બધાને આરામથી પૂરતું પાણી મળી રહેશે.

કપડાં તમારે જોઈશે, તો તમે તેની ચિંતા શું કામ કરો ? તમે રૂ આપજો. બસ, પછી અમે તૈયાર કપડાં આપીશું. તમો ઇચ્છશો તો અમે તમારે ત્યાં મીલો કાઢીશું અને કપડાં તૈયાર કરી આપીશું.

શરીર બગડે અને દવા કરવી પડે, તો તેની ય ચિંતા ન કરશો. ઝાડનાં મૂળિયાં શોધવા જવાની અને કડવા ઉકાળા પીવાની જરૂર નથી. અમે ઇન્જેક્શનો બનાવી તમને આપીશું.

અરે, તમારે શું ભણવું, એની ય ચિંતા તમે ન કરશો. અમે બધું ય વિચારીશું અને તમારે શું ભણવું, તે નક્કી કરી આપીશું.

આમ ઇંગ્લેન્ડે હિંદ પર બધી રીતે ખૂબ કૃપા (!) કરી; અને ઉપરનાં બધાં જીવનનાં તત્ત્વો આપણે ગુમાવી દીધાં, એટલે સ્વરાજ ગયું. આ તત્ત્વો પાછાં મેળવીએ એટલે સ્વરાજ આવે. જીવનનાં મૂળ તત્ત્વો એટલે સંસ્કૃતિ. આજે આપણે આપણી સંસ્કૃતિ ગુમાવી બેઠા છીએ. હવે તે પાછી મેળવવાની છે.

૨ : ગામડાંની ઉત્પત્તિ

[મહેનત કરીને જીવવા માટે ભેગો મળેલો સમૂહ તે ગામડું]

માનવજાતની ઉત્પત્તિ થઈ, તેનો વિકાસ થયો અને પછી સંગઠનની જરૂર પડી; એટલે અનુકૂળ સ્થળે ગામડાંની રચના થઈ. તે ગામડાંનો વિકાસ કેવી રીતે થયો, તે હવે આપણે જોઈએ.



ગામડાંની ઉત્પત્તિ

વિકાસક્રમ

ગામ કેમ બંધાયાં, તેનો ઇતિહાસ ઘણો લાંબો છે. તે

સંબંધીનાં પુસ્તકો પણ લખાયાં છે. તે ટૂંકમાં વિચારીએ. આપણે જાણીએ છીએ, કે આદિ કાળમાં માણસ ફળ અને કંદમૂળ ખાતો અને ઝાડની છાલથી શરીરનું રક્ષણ કરતો.

હકીકત એવી હોવી જોઈએ, કે માણસ પ્રથમ શિકાર કરી પોતાનું પોષણ કરતો. શિકારની મુશ્કેલી વધી હશે, એટલે તેણે કંદમૂળ અને ફળફળાદિની શોધ કરી; અને વસ્તી વધતાં તેમાં ય મુશ્કેલી વધી હશે, એટલે ખેતીની શોધ થઈ. ગાયના વાછરડાને ધાવતું જોઈ, તેણે દૂધ ચાખ્યું હશે અને તે સ્વાદમાં ઠીક લાગ્યું હશે; તેમાંથી તે ઢોર રાખતો થયો. તે ઢોર રાખતો થયા પછી તેની જાતનાં પશુઓને ખોરાક માટે મારવાનું તેને નહિ ગમ્યું હોય; એટલે અનાજની શોધ થઈ.

ફળફૂલ અને શિકાર પર જ્યાં સુધી જીવવાનું હતું, ત્યાં સુધી સ્થિરતા શક્ય પણ નહોતી; પરંતુ ખેતી અને ઢોર આવ્યાં, એટલે સ્થિરતાની આવશ્યકતા ઊભી થઈ; અને ઢોરનો સમૂહ થયો તે ગોકુળ થયું અને તેને તે સાચવવા લાગ્યો. તે સ્થાન ગોપુર બન્યું.

પછી લોકો ટોળાંમાં રહેતા થયા; તેમાંથી કુળ થયાં અને પછી ગામડું થયું. આમ રચનાત્મક કામ માટે ભેગા મળી જીવવા માટે ગામ થયું.

સ્થળની પસંદગી

હવે સારી રીતે કેમ જીવી શકાય, તેનો તેમણે વિચાર કર્યો. પ્રથમ હવા સારી જોઈએ, એટલે તેમણે વસવાટ માટે

ટેકરા પસંદ કર્યા. પછી પાણીની સગવડ જોઈએ, એટલે તેમણે નદી અને સરોવર પર જગ્યા કરી.

આમ હિંદની અને ઈજિપ્તની સંસ્કૃતિઓ સિંધુ, ગંગા અને નાઈલ નદીઓ પર થઈ.

વસ્તી વધતી ગઈ તેમતેમ રહેવાની મુશ્કેલી વધતી ગઈ; એટલે તે સપાટ મેદાનમાં નદીથી દૂર વસતા ગયા. ત્યાં પાણી જોઈએ, તેથી કૂવા બનાવ્યા. તે વખતે લોકો વસવાટ માટે સારી હવા, ખેતી માટે જમીન અને પીવા માટે પાણી—એ ત્રણની સગવડ જોતા.

આજીવિકાનાં સાધનમાં ઢોર હતાં. ખેતી કરી હોય અને ઢોરને ચરવાનું પણ જોઈએ. એ માટે જંગલો પાર-વિનાનાં હતાં.

ઢોરનાં છાણ તથા બીજી દુર્ગંધવાળી ચીજોનું ખાતર કરવા માટે જુદી જમીન રાખી. હિંદુસ્તાનમાં સામાન્ય રીતે ઉકરડાની જગ્યા માટે પૂર્વ દિશા તરફની જમીન સારી ગણાય છે; કેમ કે પૂર્વ તરફનો પવન કોઈક વખત જ આવે. આમ કરતાં–કરતાં હજારો વર્ષે ગામની રચના થઈ હશે.

વસવાયાં

આજે 'વસવાયાં' શબ્દ હલકો બન્યો છે, પણ તેનો અર્થ એવો નથી. ગામમાં જે વસવાયોગ્ય હોય, તે વસવાયાં. એ માનવાચક શબ્દ છે. ત્યારે ખેડૂતો સાથે વસવાયોગ્ય કોણ કોણ છે, તેનો વિચાર કરીએ.

પીવા તથા રાંધવા માટે વાસણની જરૂર પડી; એટલે

તેમાંથી એક જણે તે કામ કરવા માંડ્યું. તે કુંભકાર—કુંભાર કહેવાયો.

પછી સુથાર થયો. 'સૂત્રધાર' પરથી 'સુથાર' થયો. સૂતરની દોરીથી માપ લઈ લાકડું વહેરતા—કાપતા, તે પરથી 'સૂત્રધાર'—'સુથાર' કહેવાયો.

ખેતી કરવા માટે હથિયાર જોઈએ. તે માટે લુહારની જરૂર પડી. 'લુહાર' શબ્દ 'લોહ'—લોઢું પરથી થયો; એટલે એ ટોળામાંથી એક લુહાર થયો.

ઠંડીમાંથી બચવા માટે રક્ષણની જરૂર પડી; એટલે ઘર કરવાની જરૂર પડી; માટે ટોળામાંથી કોઈએ તે કામ કરવા માંડ્યું; અને તે કડિયો કહેવાયો.

આમ ટોળામાં કોઈ મોટું—નાનું ન હતું. બધાને એક-બીજાની આવશ્યકતા હતી. બધાએ ભેગા મળી સરળતાથી જીવવાનું હતું; એટલે કામની વહેંચણીની આવશ્યકતા ઊભી થઈ. બધા સ્વતંત્ર, છતાં એકબીજા પર આધાર રાખનારા હતા. બધા ભેગા થઈ ન જીવે, તો ચાલે એમ ન હતું; એટલે એમાંથી સંગઠન (संगच्छध्वम्) થયું. આ સંગઠન વધતું ચાલ્યું. જીવનની જરૂરિયાતો અને વસ્તી વધતી ગઈ, તેમ-તેમ કામો પણ વધતાં ગયાં. જેમ ગાંધીજીએ શરૂઆતમાં રચનાત્મક કાર્યોની સંખ્યા ૪ની ગણાવી હતી, પણ જરૂર ઊભી થઈ તેમતેમ વધતી ગઈ અને આજે ૧૮ની થઈ છે, તેમ ગામડાંની રચનામાં પણ થયું છે.

હવે આગળ વિચારીએ. શરીરના રક્ષણ માટે કપડાંની

જરૂર ઊભી થઈ; એટલે વણનાર તૈયાર થયો, તે 'વણકર' કહેવાયો. આ વણવાની ક્રિયા ઝાડની છાલમાં તાણાવાણા જોઈને સૂઝી હશે. એમ વણવાની ક્રિયા કુદરતે શિખવાડી. કપાસની શોધ કરનારે જગત પર કેટલો ઉપકાર કર્યો છે! ડોડી, આકડા કે સીમળાના રૂમાંથી કપડાં નહિ બન્યાં હોય; એટલે કપાસની શોધ કરી હશે. તેમાં ચીકાશ, સુંવાળપ, રેસાનું ઘટ્ટપણું વગેરે બધું છે; એટલે તેમાંથી કપડું બની શકે છે. જો કે શરૂઆતમાં ઘેટાં, બકરાંના વાળમાંથી કપડાં થયાં હશે. પછી સૂતર થયું હશે. પહેલાં લોકો કપડાં ઓઢતા અને પહેરતા; પણ સીવવાનું ન હતું. વેદમાં કપડું વેતરવા માટે શબ્દ નથી, એમ વિનોબાજી કહેતા. પછી સીવવાની જરૂર થઈ, એટલે દરજી થયો.

કપડાં મેલાં થવા માંડ્યાં, એટલે ધોબી થયો.

આ વિકાસ થયો કે કેમ, તે તો કોણ જાણે? પણ પરિગ્રહ વધતો જાય છે, તેમ નવીનવી જરૂરિયાતો ઊભી થાય છે.

પગના રક્ષણ માટે પગરખાંની જરૂર પડી; એટલે તે સીવવા માટે મોચી થયો.

ગામની સાફસૂફી માટે એક અલગ માણસ રહ્યો, તે ભંગી કહેવાયો.

પહેલાં વાળ રાખતા હશે અને તેથી માથામાં જૂ થતી હશે; અને કામમાં મુશ્કેલી પડતી હશે, એટલે વાળંદ થયો હશે.

વસ્તુઓના વિનિમયની જરૂર ઊભી થઈ, એટલે વાણિયો થયો.

માંદગી આવી, એટલે વૈદ્ય થયો.

વૈદ્ય પહેલાં અપશુકનિયાળ ગણાતો; કેમ કે તેને આખો દિવસ માંદા માણસોની વચ્ચે જ રહેવાનું થતું. જેમ આજે શ્રાદ્ધ કરનાર કાયટિયાની જરૂર બધાને પડે છે, છતાં તે શુભ પ્રસંગે હાજર નહિ રહે એવો રિવાજ છે; પણ ચ્યવન ઋષિની આંખોની દવા અશ્વિનીકુમારોએ કરી અને તે આંખે દેખતા થયા, ત્યારે ઋષિએ વૈદ્યોને યજ્ઞનો ભાગ આપવા ફરમાવ્યું; અને ત્યારથી વૈદ્યની પ્રતિષ્ઠા થઈ, એવી વાર્તા છે.

પછી ધાતુઓની શોધ થઈ. ત્રાંબુ, પિત્તળ મળ્યું; તેમાંથી તેનાં વાસણો બનાવનારા કંસારા થયા.

સોનાની શોધ થઈ અને મોજશોખ થયા; એટલે ઘરેણાં આવ્યાં, એટલે તેને ઘડનારા સોની થયા.

જ્ઞાનની ભૂખ જાગી, એટલે પવિત્ર માણસોને બોલાવ્યા. તે બ્રાહ્મણ—શિક્ષક થયા.

આ બધા એકસાથે નથી થયા; બધા ભેગા થયા, એટલે ગામ થયું. 'ગ્રામ'નો શબ્દાર્થ 'જથ્થો' છે. એ ઉપરથી સમૂહમાં રહેનારા થયા; તેથી 'ગ્રામ'—'ગામ' નામ પડ્યું.

આ રીતે ગામમાં બધા એક બાપની પ્રજા હોય, તેવી રીતે રહેતા હતા. મોટા—નાનાનો ભેદ ન હતો. જેમ શરીરનાં અંગોમાં આંખ, કાન, નાક, મોં વગેરેમાં કોઈ મોટું—નાનું નથી, તેમ ગામમાં પણ કોઈ મોટું—નાનું ન હતું.


૩ : પચાસ વર્ષ પહેલાંનું ગામ

[એકબીજાને મદદ કરી, બધા ધંધા વહેંચી
જીવનારો સમૂહ તે ગામડું]

ગ્રામતંત્ર–સાર્વજનિક કાર્યો

આ ઉપર જણાવ્યા તે બધા ધંધા ગામમાં થયા. ખેડૂત એમને બધાને અનાજ પાકે ત્યારે તે આપતો અને બધા સુખે હળીમળી રહેતા.

પરંતુ ભેગા રહ્યા, એટલે કેટલાંક સાર્વજનિક કામો ઊભાં થયાં. જેમ કે ઘરનો મહેમાન હોય તે ઘેર ઊતરે, પણ ગામનો મહેમાન હોય તે ક્યાં ઊતરે ? એટલે લોકોએ ધર્મશાળા



પચાસ વર્ષ પહેલાંનું ગામ

બંધાવી. ત્યાં સાધુ–સંત ઊતરવા લાગ્યા. તેમના ખોરાકની વ્યવસ્થા માટે ખેડૂતે એક ચાસ ધર્મનો કાઢ્યો; પણ એમાંથી જે અનાજ આવે તેની વ્યવસ્થા કોણ કરે?

એ કામ વાણિયાએ લીધું; કેમ કે તેને તે કામ કરવાની આવડત અને સરળતા હતી, એટલે તે મહાજન કહેવાયો.

ગામના લોકોને જાહેર મંદિરની આવશ્યકતા જણાઈ, એટલે મંદિર બંધાવ્યું અને યોગ્ય સાધુને રાખ્યો. તેની આજીવિકા માટે જુદી જમીન કાઢી, જેમાંથી તે સાધુનો નિર્વાહ થયો.

ગામ વસ્યું; એટલે કોઈ પ્રસંગે કજિયો–કંકાસ થાય, તેનો ઉકેલ કોણ લાવે? એટલે ગામના ડાહ્યા ગણાતા માણસને તે કામ સોંપ્યું; અને તેને સલાહ વગેરેની જરૂર પડે, તે માટે સલાહકારો પણ રાખ્યા. આમ ગામનાં મુખી અને મતાદારોની ઉત્પત્તિ થઈ.

ગામની સુવ્યવસ્થા રહે એ જોવાનું અને યોગ્ય દોરવણી આપવાનું કામ મુખી પાસે આવ્યું; એટલે તેના પર ગામનાં રક્ષણ અને ન્યાયનાં કામ કરવાની જવાબદારી આવી.

ગામ, ધર્મશાળા, મંદિર, મહેમાનો વગેરેનાં રક્ષણ માટે ચોકિયાત, કોટવાળ, પગી થયા. 'પગી' શબ્દ 'પગલું શોધનાર' પરથી થયો. પગલું શોધી કાઢવાની પણ આવડત હોય છે.

આમ સાર્વજનિક કાર્યોની વ્યવસ્થા થઈ અને ગ્રામતંત્ર ઊભું થયું. આ બધાં કામો સાથે રાજ્યને કંઈ સંબંધ ન હતો.

કાર્યપદ્ધતિ, જીવવાની પદ્ધતિ

આ તંત્રનું કાર્ય કેવા ભાવથી થતું હતું, તેનાં એક–બે ઉદાહરણ લઈએ.

ન્યાયપદ્ધતિ

મુખી પાસે ન્યાય કરાવવા બંને પક્ષકારો આવે. તે બંને પક્ષોનું સાંભળે, તે વખતે સાથે સલાહકારો પણ હોય. બંનેનું સાંભળ્યા પછી, સલાહ લઈ, મુખી ન્યાય આપે. ત્યારપછી કસુંબો પાવામાં આવે. આ કસુંબો કડવો હોય. કસુંબા પછી ગોળની કાંકરી આપે.

આનો અર્થ એ થયો, કે સમાધાનમાં બન્નેએ કડવા ઘૂંટડા પીવા પડે છે. વેરઝેર ભૂલી જવાં જોઈએ; અને એ ભાવથી જ કસુંબો પીએ અને છેવટે સ્નેહથી, પ્રેમથી અને મીઠાશથી રહેવાના નિર્ણયના પ્રતીકરૂપે ગોળની કાંકરી લે; એટલે ન્યાયને અંતે મીઠાશ આવતી.

માંદગીમાં

ધારો કે ગામમાં કોઈ વાળંદ બીમાર છે; તેથી વાળંદ હજામત કરવા ન જઈ શકે; એટલે લોકોને ખબર પડે, કે વાળંદ નિયમિત કરવા આવતો, તે આજે કેમ આવ્યો નહિ ? એમ વિચાર કરી, લોકો તેને ત્યાં મળવા જાય અને વાળંદને અને તેના કુટુંબને ધીરજ આપે. આમ આખું ગામ જાય–જવાની ફરજ માને. પછી સારી સ્થિતિનો માણસ હોય તે, અથવા મુખી હોય તે પણ જાય અને તેને જોઈતું–કરતું મોકલાવે. દૂધની જરૂર હોય, તો તે

મોકલાવે—મોકલવાની ફરજ માને.

તે વાળંદ જલદી સાજો થાય, એમ ઇચ્છતા. વાળંદ વિના હજામત વધી જાય; એટલે કોઈ પૂછે તો કહે, કે "શું કરીએ ? અમારો વાળંદ માંદો છે."

આમ એક–બીજાને પરસ્પર ગરજ હતી; અને તેવા જરૂરી સંસર્ગથી મીઠા સંબંધ બંધાતા.

મૃત્યુ–પ્રસંગે

ગામમાં કોઈનું મરણ થાય, એટલે આખું ગામ બાળવા જાય. મુડદાને બાળવા માટે ગામ બહાર કાઢ્યા સિવાય ગામમાં કોઈનો ય ચૂલો સળગતો નહિ.

કોઈ મરી જાય એની બધાને ખબર પડે, એ માટે ઘરનો માણસ મરણપોક પાડે. જે સાંભળે તે બીજાને કહે; એમ કર્ણોપકર્ણ આખા ગામમાં વાયુવેગે ખબર પડી જાય; અને તરત લોકો મરનારને ઘેર એકઠા થાય.

મુડદું બાળવા માટે મરનારને ત્યાંથી લાકડાં લઈ જવાનાં હોય, તે દરેક એકેક લાકડું ઊચકી લે. ગૃહસ્થ હોય તોપણ તે લઈ લે–લેવાની ફરજ સમજે.

પછી મરનારને ત્યાંના માણસોને તેનો કુટુંબી પોતાને ત્યાં લઈ જઈને ખવરાવે; અથવા પોતાને ઘેરથી રાંધી લાવીને ખવરાવે–તેને ઘેર રસોઈ ન કરવા દે.

રાત્રે મરનારને ત્યાં સૂવા જાય. ત્યાં ઘરનાં માણસો સાથે વાતો કરે–આમ વાતોમાં પેલાનું દુઃખ હળવું થાય. ત્યાં લૂગડું પાથરી સૂઈ જાય. ઘરવાળા પાસે પથારી માગે

નહિ. જોઈતું હોય, તો તે ઘેરથી જ લઈ જાય.

આવી રીતે ઓછામાં ઓછા દસ દિવસ સૂવા જાય.

તે વખતે ટપાલ ન હતી; એટલે મરણના ખબર બહારગામનાં સગાંઓને ચિઠ્ઠી લખી પહોંચાડતા. એ ખબર જાણી તે લોકો આશ્વાસન આપવા આવતા; સાથે ભાથાની જરૂર હોય તો તે લઈ જતા, જેથી મરનારનાં ઘરવાળાંને ચિંતા કરવાની ન રહે. આશ્વાસન આપીને તે પાછા જતા.

આમ એકને ત્યાં મરણ થાય, એટલે આખું ગામ મરનારની પાછળ રહેલાંના સાથમાં રહેતું અને એ રીતે આશ્વાસન મળતું.

આ બધી વ્યવસ્થા છપ્પનિયા (સં. ૧૯૫૬) પછી તૂટી ગઈ.

પ્રશ્નઃ–હિંદુઓ મુડદાંને બાળે છે કેમ?

જવાબઃ–મુડદાંને દાટવાની પ્રથા રાખવામાં આવે, તો તે માટે જગ્યા ઘણી જોઈએ, કેમ કે એક મુડદું દાટયું, એટલે તે જ જગ્યાએ ફરી ન ખોદાય, તે માટે ઉપર કબર બનાવવામાં આવે છે. આમ જગ્યા બહુ રોકાય. મુડદું બહાર રહે તો તે દુર્ગંધી ફેલાવે; એટલે મુડદું બાળવાનું પસંદ કર્યું. બાળતી વખતે પણ દુર્ગંધી ન નીકળે, એ માટે તેમાં સુખડ અને ઘી વપરાય છે.

ભગવાને દેહ આપ્યો અને તેનું કાર્ય પૂર્ણ થયું, એટલે તેને માનપૂર્વક ઠેકાણે પાડવામાં હિંદુધર્મમાં મહાપુણ્ય મનાય છે. એટલા માટે વિધિપૂર્વક મુડદું બાળવામાં આવે

છે. મુડદાને લઈ જવામાં પણ વિધિ હોય છે; એને અંત્યેષ્ટિ-સંસ્કાર કહે છે.

પ્રશ્નઃ—બારમું કેમ કરતા હશે?

જવાબઃ-ઘરમાં બાપ મરી જાય, ત્યારે છોકરાને થાય, કે મારા પિતા જે મિલકત મૂકી ગયા છે, તે બધી મિલકતમાં મારો એકલાનો હક નથી; કેમ કે તે મિલકત મેળવવામાં ગામલોકોનો પણ સાથ હતો; એટલે હું એકલો તે કેમ ભોગવું? તેથી તે ગામને વહેંચી આપવી જોઈએ. તે વખતે વહેંચી આપવાની રીત અને જરૂર બીજી નહિ સમજાઈ હોય; એટલે છોકરો ગામના ડાહ્યા માણસોને—કુટુંબીજનોને પોતાની ઇચ્છા જણાવે. કુટુંબીજનો તેને જણાવે, કે તારી મુશ્કેલીઓનો, કુટુંબનો વિચાર કર. બીજા પણ તેવા પ્રસંગો આવે, તેની ત્રેવડ રાખ; એ રીતે યોગ્ય સૂચનાઓ આપતા. પછી છોકરો મિલકતમાંથી સારો એવો હિસ્સો જમાડવામાં ખર્ચતો.

એ બારમું કરવામાં પણ કેવી જાતનો સહકાર હતો, તે જાણો છો? બારમું કરવા સીધું જોઈએ, તે મોટા ગામમાં લેવા જવાનું હોય, તો કુટુંબના લોકો સાથે જાય અને ઊચકી લાવે. ઘઉં દળવા માટે ઘેરઘેર આપી દે. પતરાળાં બધાં પોતપોતાનાં બનાવી લે. રસોઈ કરવા માટે ઘરદીઠ એક માણસ જાય. પાણી પણ બધા કુટુંબીઓ રેડી જાય. બધા આવી જાય એની ચોકસાઈ કર્યા પછી જમવા બેસે; આમ બધાં કામો પરસ્પરના સહકારથી ઉકેલાઈ જતાં.

પેદાશની વહેંચણી

ખેતરમાં દાણા થાય, ત્યારે ખેડૂત એમ સમજે, કે આ દાણા પકવવામાં બધાનો હિસ્સો છે; એટલે હું એકલો તે કેમ લઈ જઈ શકું ? એટલે તે સુથાર, લુહાર, વાળંદ વગેરે બધાને બોલાવે અને તેમાંથી હિસ્સો આપે. સંત–સાધુ માટે જુદા કાઢે; અને તેમાં મનુષ્યજાતિને જ માટે કાઢે, એમ નહિ, પણ મનુષ્યેતર યોનિઓને પણ યાદ કરે; અને કૂતરાં તથા કબૂતર માટે પણ દાણા કાઢે. પોતાને ત્યાં પાળેલાં ઢોર તો હોય જ. આમ સાધુ–સંત–કૂતરાં વગેરે માટે જે જુદા દાણા કાઢે, તેની વ્યવસ્થા ગામનો મહાજન–વાણિયો કરે. આ અનાજની વહેંચણી એવી રીતે કરે, કે જેથી ગામમાં કોઈને અનાજની તાણ ન રહે.

દૂઝણું

ખેડૂતને ત્યાં જ ગાય, ભેંસ હોય એમ નહિ; પણ બ્રાહ્મણ, વાળંદ, લુહાર, સુથાર વગેરે બીનખેડૂત પણ ઢોર રાખતા. દરજી ગાય–ભેંસ રાખતા નહિ, ત્યારે એવાને વાર-તહેવારે બોલાવીને લોટો દૂધ તથા મિષ્ટાન્ન જમાડતા તથા ઘી પણ આપતા. જે ઢોર રાખતા, તેમને અનાજ ઉપરાંત ઢોર માટે સાકણસાયા પૂળા ઘરાકીમાં આપવાનો રિવાજ હતો.

તે વખતે દૂધ વેચવાનું બહુ ઓછું હતું. એક જણને ત્યાં ગાય વસૂકી ગઈ હોય, તો તેનો પાડોશી કે કુટુંબી તેને ત્યાં જરૂરિયાત જાણી લઈને દૂધ પહોંચાડે જ. ઘી તો જોઈતું સંઘરી રાખે. તે જાણે, કે ગાય કે ભેંસ અમુક વખત સુધી

દૂધ આપશે, એટલે તે પછી ઘીની જરૂર રહેશે. એમ હિસાબ કરીને જ તે દૂધ–ઘી વાપરે; અને ત્રેવડ કરીને દૂઝણું ન હોય, તે વખત પૂરતું ઘી સંઘરી રાખે.

છાશ થાય, તેની પણ કેવી સુંદર વહેંચણી થતી! જેને ત્યાં વલોણું હોય તે છાશ પૂરતા પ્રમાણમાં કરે. તે કુટુંબીઓને અને ફળિયાનાંને આપે; એટલું જ નહિ, પણ કોઈ પણ છાશ લેવા જાય, તેને તે આપે. છાશ ન આપે, તો તેની નિંદા થાય. છાશ તો તે સૂરજનું ફૂલ કહેવાય; તેમાં દરેકનો હક હોય. છાશ લેનાર પણ શું કરે, તે જાણો છો? ચોખાનીકુશકી, તુવેરનાં છોડાં વગેરે જે કંઈ પોતાને ત્યાં હોય, તે વેચે નહિ (વેચવાનો રિવાજ પણ નહિ); પણ દૂઝણું હોય, તેને ત્યાં છાશ લેવા જાય, ત્યારે લઈ જાય અને આપી દે. વળી વલોણું હોય, તેને ત્યાં બેડું પાણી પણ વલોણાને દિવસે ભરી આપે.

ગામમાં અમુક અનાજ વધુ હોય અને અમુક અનાજ ઓછું હોય, તો તેનો વિનિમય કરવાનું કામ વાણિયો કરે. વાણિયો ગામનો ધંધો બગડે એવું બહારથી કશું લાવે નહિ અને બહાર કશું આપે નહિ.

વાળંદ ભેંસ મૂંડે, તેને માટે તેને ઘી આપતા.

રેંટિયા ઘેરઘેર હતા. તેનું સૂતર થાય, તે વણકર પાસે વણાવી લેતા અને વણકરી પેટે તેને દાણા આપતા.

આ રીતે શ્રમ તથા અર્થની વહેંચણી થતી.

વૃત્તિછેદનું પાપ

આ શ્રમવિભાગમાં કોઈ એકબીજાની ઈર્ષા કરતા ન હતા. બધા શરીરના જુદાજુદા અવયવોની માફક એક-

બીજાને મદદગાર હતા, સરખા ઉપયોગી હતા.

તેમાં કોઈકોઈની જીવનવૃત્તિ લેવાનો વિચાર કરતું ન હતું. વાણિયાને ગાદી પર બેઠેબેઠે લખવાનું અને લુહારને કોઢની ગરમીમાં કામ કરવાનું હતું; તેમાં લુહાર વાણિયાની ઈર્ષા કરતો ન હતો, તેમ વાણિયો પોતાને લુહારથી મોટો માનતો ન હતો. વાણિયાનો દીકરો વૃદ્ધ લુહારને 'કાકા' કહી બોલાવતો. ગામના પંચમાં વાણિયો હોય, તેમ લુહાર પણ હોય. તે વખતે જીવનવૃત્તિનો છેદ કરવો, એ મહાપાપ ગણાતું. વાળંદનું કામ કોઈ બીજો કરે, તો તેના પેટ પર પગ મૂકવા બરાબર હતું અને તે બહુ મોટું પાપ ગણાતું હતું. એવી રીતે દરેક ધંધાદારીઓમાં બીજો કોઈ હાથ ઘાલતો નહિ.

આજે તો વૃત્તિછેદ કરી પૈસા કમાનારો માણસ મોટો ગણાય છે.

શિક્ષા

તે સમયે ગામડાંમાં અન્યાય થતો ન હતો કે ગુના થતા જ ન હતા, એમ નહોતું. એવા ગુના માટે ગામનું પંચ ભેગું થતું; તેમાં મુખી, મહાજન, લુહાર, સુથાર વગેરે બધા જતા.

ભારે શિક્ષા કરવાની હોય, તો તેને ગામ બહાર મૂકતા. એનો અર્થ એ, કે તેને ગામનો લુહાર, કુંભાર, વાળંદ, કોઈ જ મદદ ન કરે. આખું ગામ અસહકાર કરે, તે વખતે ગામના સહકાર વિના જીવવું મુશ્કેલ હતું.

એથી પણ આકરી સજા તો તેનો 'દીવો દેવતા બંધ'

કરવાની હતી. તે વખતે દીવાસળી રાખનાર બહુ જ ઓછા, કોઈક જ હતા અને દીવો એક જણ કરે, તેને ત્યાં જઈ, બધી બહેનો દીવો સળગાવી લાવે; અને એ રીતે ચૂલો પણ સળગાવે; તેથી 'દીવો દેવતા બંધ'ની સજા મોતની સજાથી પણ વસમી ગણાતી.

આવી શિક્ષા કરનારા ગામના વડીલો જ હતા. તેમની ઇચ્છા ગુનેગારોને સુધારવાની જ રહેતી. તેમને ગામના બધા લોકો 'ભા' 'દાદા' 'બાપા' વગેરે નામોથી બોલાવતા. તેઓ ગામની આબરૂ સચવાય તેમ વર્તતા અને ગામની વ્યવસ્થા જાળવતા.

પરસ્પર વ્યવહાર–મહેમાન આવે ત્યારે

તે વખતે ઘેરઘેર મહેમાન માટે ખાટલા–ગોદડાં ખાસ રાખતા ન હતા. દરેક પોતાનાં ખપપૂરતાં ગોદડાં રાખે; ઉપરાંત એકાદ બે વધુ રાખે. હવે એવે પ્રસંગે મહેમાન આવે, ત્યારે પડોશી સમજી જાય, કે આજે પડોશીને ત્યાં મહેમાન છે; એટલે ખાટલા–ગોદડાંની વ્યવસ્થા કરી લે.

તેમને ત્યાં ઢોર નથી, એટલે પોતે દૂધ આપે અને બીજું જોઈતું–કરતું જાણી લઈ પહોંચાડે.

સાંજ પડ્યે ગોદડું, ખાટલો પણ, લેવા આવે કે તરત કાઢી આપી, પોતાની ફરજ બજાવે.

ફળિયામાં મહેમાનને રહેવાની ભીડ પડે છે, એમ જાણીને આગેવાન ઘર બંધાવતી વખતે મહેમાનની વ્યવસ્થાનો પણ વિચાર કરે; અને ફળિયામાં કે ગામમાં મહેમાન વધુ હોય, ત્યારે પોતાને ત્યાં પણ વ્યવસ્થા કરે. એવા આગેવાનનું

મોટું ઘર કોઈને ખૂંચતું ન હતું, પણ બધાને તે જરૂરનું લાગતું; એટલે આગેવાન પ્રત્યે ઈર્ષાને બદલે માન વધતું.

યાત્રાસમયે

ગુજરાતમાં પહેલાં બહુચરાજી, પાવાગઢ, અંબાજી, રણછોડજી વગેરે ઠેકાણે જવાનું હોય તો લોકો ચાલીને અથવા ગાડામાં જતા. કાશી અને ગોકુળ-મથુરાની યાત્રા પગપાળા કરનાર પ્રત્યે ગામલોકો ભક્તિભાવની દૃષ્ટિએ જોતા; કેમ કે અનેક સંકટો સહન કરીને તે યાત્રાઓ પગપાળા થતી. તે વખતે યાત્રા એકલ-દોકલ કરવા કરતાં, સંઘમાં કરવાનું પસંદ કરતા. એ સંઘ એવો નીકળતો, કે બધા યાત્રાળુઓ માટે રહેવા-કરવાની વ્યવસ્થા સંઘનો આગેવાન કરે. તે વખતે બધા એકબીજા માટે ઘસાવા તૈયાર રહેતા. કોઈની પાસેથી પાણી પીધું હોય તો ય તેને થાય, કે મને પેલા ભાઈએ પાણી પાયું; એને હું કઈ રીતે મદદ કરું?

સંઘવાળા રસ્તામાં ક્યાંકક્યાંક પાણીની મુશ્કેલી અનુભવે, તો ત્યાં કૂવો, ધર્મશાળા કરાવે, જેથી પછીથી જતા બીજા યાત્રાળુઓને મુશ્કેલી ન પડે. સંઘ જ્યાં પડાવ નાખે, ત્યાં આસપાસની વસ્તીને અડચણરૂપ ન થતાં, મદદરૂપ કેમ કરીને થવાય-એવી ભાવના રાખતા. આથી જ એવા સંઘના સમાચાર મળતાં, લોકો સંઘનાં દર્શને જતા અને યથાશક્તિ સંઘની આગતા-સ્વાગતા કરતા.

આમ, પરસ્પર પ્રેમની આપ-લે થતી. તે વખતે દ્રવ્યનો દુર્વ્યય થતો ન હતો, પણ એ નિમિત્તે પૈસા વાપરતા.

વડોદરાની સરકારની એક જૂની વાર્તા મેં સાંભળી

છે. તેમને કંઈ સંતતિ ન હતી. તે કબૂતરના શોખીન હતા; એટલે એક કબૂતર પાળેલું. તેમણે વિચાર કર્યો, કે પ્રજા મને મહેસૂલ આપે છે અને મને પોષે છે–હું તેનો બદલો કેવી રીતે વાળું? મારી પાસે ધન ભેગું થાય, તેના કરતાં પ્રજામાં જ તે વહેંચાય તો સારું; એટલે તેમણે કબૂતર પાળેલું હતું, તેને પરણાવવાનો સમારંભ કર્યો અને એ નિમિત્તે લોકોને પુણ્યદાન કર્યું. તેમણે ગામેગામ કૂવાની જરૂર હતી, ત્યાં કૂવા કરાવ્યા, ઉતારા કરાવ્યા; કપડાં, વાસણ વગેરેની ભેટો આપી.

આ રીતનો ખર્ચ થતો જોઈ, તેમને કોઈએ કહ્યું, કે 'આ નકામો ખર્ચ થાય છે.' તેનો જવાબ તેમણે વાળ્યો, કે 'નકામો શાથી? મારા રાજ્યમાં ધન એક ઠેકાણે એકઠું થાય, તેના કરતાં ફરતું રહે તો સારું. કાપડિયાને ત્યાં કાપડ પડી રહ્યું છે, સોનીને ત્યાં ઘરેણાં છે, કંસારાને ત્યાં વાસણો છે. આ બધાનો માલ ખપી ગયો, એટલે તે હવે ધંધો કરી શકશે. લોકોને પાણીની, જાહેર સ્થળોની સગવડ થશે, એટલે સુખ–સગવડ વધશે; એમાં ખોટો ખર્ચ શો થયો?'

આ રીતે કબૂતર પરણાવવાની અને ધન ફરતું કરવાની રીત યોગ્ય હતી કે અયોગ્ય, તેની ચર્ચા છોડીને, એમાં રાજાની ભાવના કેવી હતી, તે જાણવા જેવું છે.

રાજા પણ એમ જ વિચારતો, કે મારી પ્રજા સુખી, તો હું સુખી. તે એની પોતાની કલ્પના પ્રમાણે પ્રજાનું અહિત થાય, તેવું કંઈ ન કરતો.

લગ્નપ્રસંગે

કોઈને ત્યાં લગ્ન હોય, ત્યારે જાન જવાની હોય, તો

તેમાં બધી જાતના લોકો હોય. જાનમાં માણસોની સંખ્યા કંઈક વધુ થતી હશે, પણ તે વખતે ખાવાપીવાની ચિંતા ન હતી; અને જાન લઈ જનારને કે કન્યાના પિતાને બોજો ન પડે, એ જોતા હતા; અને એ પ્રસંગ સહેલાઈથી ઊકલે, એ રીતે ચાંલ્લા વગેરેની રીત દાખલ કરી હતી. જાન જાય, ત્યારે સાધન હોય નહિ, તો બધા પગે ચાલતા જાય. એકાદ ગાડું હોય તો પોટલાં મૂકવા ચાલે.

મરણ-પ્રસંગે

બારમું ઘરડાંનું થતું, જુવાનનું નહિ. મા અને બાપનું બારમું જીવનમાં તો એક જ વખત આવે છે ને, એમ માની કરતા.

તે પ્રસંગે લોકોને સાથે બેસીને જમવાનો પ્રસંગ મળતો. તે વખતે જલસા, પાર્ટી કે મહાસભા ન હતાં. આખું ગામ એક કુટુંબ હોય તેમ વર્તતું; એટલે આવે પ્રસંગે આખું ગામ ભેગું મળી જમતું.

એ વખતે જમણનો ખર્ચ થતો હતો, પણ તે એક ગજવામાંથી કાઢીને બીજા ગજવામાં મૂકવા જેવું થતું હતું. બધું ધન ક્યાં ય દૂર જતું ન હતું; ગોળગોળ અંદર-અંદર ફરતું હતું.

પહેલાં તો દાતરડે લૂગડું વીંટી, દિવેલમાં બોળી, મશાલ બનાવતા અને જાન જમતી હતી. એ વખતે જે ચીજો વપરાતી હતી, તે બધી ગામને અને ગામના ધંધાને પોષક હતી; એટલે વરા થતા હતા, પણ તે નુકસાનકર્તા ન હતા; કેમ કે ધન બહાર જતું ન હતું.

ચોરી થાય ત્યારે

ગામમાં ચોરી થઈ હોય, ત્યારે જેને ત્યાં ચોરી થઈ હોય, તેણે મુખીને ખબર આપવાની રહેતી. મુખી રાત્રે ને રાત્રે ચોકિયાતને બોલાવે. અંધારું હોય તો પૂળો સળગાવીને અજવાળું કરે. પછી વાળંદ આવે એટલે મશાલ સળગાવે. પગીને બોલાવી, તેને પગલું શોધવા સાથે લઈ જાય. તે પગલું જ્યાં જાય, ત્યાં પાછળપાછળ જાય. તે પગલું બીજે ગામ પહોંચે; એટલે પેલા મુખી તે ગામના મુખીને બોલાવે અને કહે, કે અમારા ગામમાંથી ચોરી થઈ છે અને તેનું પગલું અહીં સુધી તમારા ગામમાં આવ્યું છે. હવે તમે આગળ પગલું મેળવી આપો અથવા મુદ્દામાલ આપો. સામો મુખી પોતાના પગીને બોલાવી પગલાને તપાસે અને ગામની ચારે બાજુ જુએ. તે વખતે પગી પગલું શોધવામાં બહુ હોશિયાર હતા.

જો ચારે બાજુ તપાસ કરતાં પગલું ગામ બહાર ન મળે, તો પગી પોતાના મુખીને કહે, કે માલ ગામમાં આવ્યો છે; અને તેની તપાસ કરી, માલ મેળવી, પેલા મુખીને સોંપે; નહિ તો ગામ પર ચોરીનો માલ રાખ્યાનો આરોપ આવ્યો સમજે અને ગામની પ્રતિષ્ઠા ઓછી થવા જેવું લાગે. આમ ચોરીના કિસ્સા બનતા ત્યારે તેનો ઉકેલ કરતા.

આ રીતે જીવનના દરેક ક્ષેત્રમાં ગામમાં બધા ભાઈ-ભાઈની જેમ રહેતા અને પડોશી ગામો સાથે પણ મીઠો સંબંધ રહેતો અને સૌ એકબીજાને મદદ કરવા તૈયાર રહેતા.

૪ : કેળવણી

પચાસ વર્ષ પહેલાંની સ્થિતિ આજથી જુદા પ્રકારની હતી. તે વખતે કોઈને ય હરકત કર્યા સિવાય જીવવા તરફ બધાનું મોં હતું. મહેનત કરીને જીવવા તરફ લક્ષ્ય હતું. બેઠેબેઠે ખાવામાં શરમ મનાતી હતી; એટલે મહેનત કરવાની ટેવ નાનપણથી જ પાડતા હતા. અક્ષરજ્ઞાન વિશેષ-જ્ઞાન તરીકે અપાતું. તે ધ્યેય ન હતું. બધા માણસો તે લેતા પણ નહિ. જેને જરૂર હતી એવા બ્રાહ્મણ, વાણિયા અને થોડા ખેડૂતો શિક્ષણ લેતા હતા. એ વખતે શિક્ષકોમાં, વિદ્યાર્થીઓમાં કે કેળવણીની રીતમાં ખામીઓ નહોતી એમ નહિ, પણ દૃષ્ટિ આજની જેમ લૂંટવા તરફ ન હતી.

તે વખતે છોકરાઓને નિશાળમાં મોકલતા હતા; પણ છોકરીઓને ભાગ્યે જ કોઈ નિશાળે મોકલતા.

આ ઉપરથી એમ નથી માનવાનું, કે છોકરીઓને કેળવણી મળતી જ ન હતી; પરંતુ શાળાનું શિક્ષણ મળતું ન હતું; અથવા કહો કે અક્ષરજ્ઞાન મળતું ન હતું—એ સાચું.

છોકરીઓની કેળવણી

તેમને નિશાળે મોકલતા ન હતા, એ આપણે જાણ્યું; પણ તેમને ઘેર મા તેમને કેળવણી આપતી. સારી રીતે મહેનત કરી જીવનારા માણસો પાસેથી મહેનત કરવાની

કેળવણી જ મળે એ સ્વાભાવિક છે.

ગૃહકાર્ય

ઘેર ઢોર હોય, તેનું છાણવાસીદું કાઢવું, આંગણું સવારના પહોરમાં ચોખ્ખું કરવું, ઢોર માટે દાણ તૈયાર કરવું, ઘર સાફ કરવું, વાસણ માંજવાં વગેરે ઘરનાં નાનાં-મોટાં બધાં જ કામોમાં માને મદદ કરનાર છોકરી જ હોય; એટલે તે કામ કરતાં શીખી જાય.

બાળઉછેર

છોકરી મોટી થાય અને તેને નાનો ભાઈ કે બહેન હોય, ત્યારે તે માને મદદરૂપ થાય. બાળકે બગાડ્યું હોય અને સાફ કરવાનું હોય, રડતું હોય તે છાનું રાખવાનું હોય, દૂધ પાવાનું હોય કે ખાવાનું આપવાનું હોય, તે બધાં કામ મા છોકરીને સોંપે. તે બરાબર થાય છે કે નહિ, તે જુએ. આ બધું સ્વાભાવિક થાય, એટલે બાળઉછેરનું શિક્ષણ તેને મળે. દવા પાવાની હોય, તો કઈ દવા પાવાની છે, ક્યારેક્યારે પાવાની છે, તે બધું તે જાણી લે. આમ તેનું જીવન-ઉપયોગી જ્ઞાન વધે.

અતિથિ-સત્કાર

ઘેર મહેમાન હોય ત્યારે તેમનો સત્કાર કેમ કરવો, તેમને જમાડવા કેમ, પથારીઓ કેમ કરવી વગેરે નાનાં-મોટાં બધાં કામ ક્રમ પ્રમાણે થાય, તે બધું જોવાનું અને કરવાનું આવે જ.

માંદાંની માવજત

ઘરમાં નાનું-મોટું કોઈ માંદું હોય કે માતા પોતે જ

બીમાર હોય, તો છોકરીને બધું કામ સૂતેસૂતે પણ બતાવે; અને માની મદદમાં છોકરી હોય, એટલે માંદાની માવજત કરવાનું જાણી લે.

ત્રેવડ

ઘરમાં અનાજ કેમ રાખવું, કયું અનાજ ક્યારે અને કેમ વાપરવું, રાંધ્યા પછી બહુ વધે નહિ અને વધે તો ફેંકી ન દેવાનું પણ અનુભવથી જ શીખવાનું મળે. મહેમાન હોય કે ઘરમાં બાળકો હોય, કોણ કેટલું ખાશે, તેની ખબર ન હોય; એટલે મા કંઈક વધુ રાંધે, એટલે વધે પણ ખરું. હવે એવી રીતે રોજ ફેંકી દેવાનું કે બીજાને આપી દેવાનું મન ન થાય, એટલે ટાઢું ખાવાનો રિવાજ પડી ગયો હશે; અને ટાઢું મા સિવાય કોણે ખાવાનું ? મા સાથે છોકરી હોય, એટલે તે પણ ટાઢું ખાતી થાય. દૂધ ઓછું હોય, તો કોણ ચલાવી લે? મા અને છોકરી.

કપડાં ફાટી જાય, એટલે તે ટુકડાઓની ગોદડીઓ બનાવવી; કાગળ અને આમલીના કચૂકા હોય, તો તેમાંથી ટોપલા-ટોપલી બનાવવાં, રાંધવું વગેરે પણ શીખવાનું મળે.

આમ માતામાં જેટલા પ્રમાણમાં જ્ઞાન અને કુશળતા હોય, તેટલા પ્રમાણમાં છોકરીમાં આવે. એ ઉપરથી તો કહેવત થઈ છે, કે 'ઘડો એવી ઠીકરી અને મા એવી દીકરી.'

ધાર્મિક શિક્ષણ

ગામમાં કોઈ સાધુ, સંત કે પુરાણી આવ્યા હોય, તો કથા થાય. તે સાંભળવા મોટે ભાગે સ્ત્રીઓ જાય. તેમની સાથે

છોકરીઓ પણ જાય. આમાં વ્રત અને ઉપવાસ પણ આવે. મા છોકરીઓ પાસે વ્રતો લેવરાવે અને બરાબર પાળે તે જુએ. ફળાહાર, ઉપવાસ અને એકટાણાં પણ કરે, તેમાં છોકરી સાથે હોય. આની પરંપરા ચાલ્યા કરે.

સામાન્ય વાર્તા-સાહિત્ય અથવા ગામની વાતો ડોશીઓ પાસેથી સાંભળવા મળે. તેમાં વ્રતો, પર્વો અને સુખદુઃખની વાતો આવે.

આજે જે જૂના કવિઓ અને ભક્તોનાં ભજનો સાંભળીએ છીએ, તેમાંનાં ઘણાખરાં સ્ત્રીઓએ સાચવેલાં છે.

જ્યારે અક્ષરજ્ઞાન ઓછું હતું, છાપખાનું ન હતું, ત્યારે ઘણું સાહિત્ય કંઠે રહેતું. હવે તે ચોપડીમાં રહેતું થયું છે. ભજનો અને ગીતો (મંગળ–અમંગળ પ્રસંગનાં) સ્ત્રીઓને આવડે જ. એમની પાસેથી છોકરીઓ શીખે.

ભજન ગાતાંગાતાં સ્ત્રીઓ દળે એ સ્વાભાવિક હતું. મૂંગે-મૂંગે દળવાનું કોઈ પસંદ ન કરે; અને તે વખતે તો બધાં એમ જ કહે: "બહેરો લોટ કોણ ખાય?" હજી પણ એ રિવાજ મહારાષ્ટ્રમાં છે.

ભજન કે ગીત શીખવા માટે છોકરી, ડોશી કે મોટી સ્ત્રી પાસે જાય અને એક બોલ લઈ આવે; અને બીજે દિવસે તે જઈને કહે, કે પેલો બોલ તમે આપેલો, તે પાછો લો અને બીજો આપો. એમ કહી પેલો બોલ ગાઈ બતાવે અને નવો બોલ લઈ જાય. એમ કરતાં–કરતાં ગીત કે ભજન કંઠે થઈ જાય. તે જ્યાં હોય ત્યાં પેલો બોલ યાદ કર્યા કરે. આમ જિંદગી સુધી કંઠે કરેલું ભૂલે નહિ.

આમ લોકગીતો, ભજનો, વાતો, અનુભવો, કરકસરના પાઠો, ગૃહકાર્ય, બાળઉછેર, સેવા–ચાકરી, અતિથિસત્કાર વગેરે બધું જીવન સાથે વણાઈ જતું.

છોકરાઓની કેળવણી

પહેલાં ૧૦–૧૧ વર્ષની ઉંમર થતાં સુધી છોકરાને કોઈ કોઈ નિશાળે મોકલતું નહિ. ત્યાર પછી જ તેને નિશાળે મોકલતા. એ દશ વર્ષની ઉંમર થતાં સુધી શું કરતો, તે જાણો છો? તે નાનો હોય, ત્યારે માની પાસેથી પક્ષીઓનાં નામ ઓળખતો અને તેનું નિરીક્ષણ કરતો. આકાશના તારાઓનું નિરીક્ષણ કરતો અને ગાડું, ડગલિયું, હરણાં (કૃતિકા,શુક્ર, મૃગશીર્ષ) વગેરેનું જ્ઞાન મેળવતો. તે ઢોરને ઓળખતો. પશુપક્ષીની બોલી પરથી તેને પારખી શકતો અને નકલ પણ કરતો. તે ઝાડ પર ચડતો અને બધાં ઝાડને ઓળખતો. આમ સૃષ્ટિજ્ઞાન મેળવતો.

તેને દફ્તા મારફત શિક્ષણ મળતું ન હતું; પણ તેને થોરિયો રોપવો હોય ત્યારે કેટલો મોટો, ઊંડો, પહોળો ખાડો કરવો, તેનો વિચાર કરવાનો હતો.

તે અનાજનાં તુલ-ડાંગર, બાજરી વગેરે બધાંને ઓળખતો. ખેતરમાં જાય ત્યારે વનસ્પતિને ઓળખતો, તેમાં દવામાં કામ આવે તેવી વનસ્પતિ જાણી લેતો.

તે તાકતાં, તરતાં શીખે. લાકડાં કાપી ઘેર લાવે. પૂળા ભાગી ઢોરને નાંખે. એમ તે સ્વાભાવિક રીતે શીખતો. ભારો લાવવાનો હોય, ત્યારે તે માપના મજબૂત વેલા શોધી

લાવીને ભારો બાંધતો અને વાળી લેતો. કૂદતાં અને દોડતાં પણ વખત આવ્યે શીખતો.

આ બધું શીખવાનું છે, એમ તે સમજતો નહિ; પણ જીવન જીવતાંજીવતાં શીખી લેતો. વળી તે એકએક ફળનો સ્વાદ ઓળખતો. ખોરાકમાં મર્યાદિત સ્વાદ હતા; પણ તેથી શરીર–વિકાસ સારો થતો. આજે ખર્ચ કરીને, જીવનમાં કામમાં ન આવે એવું શીખે છે. તે વખતે જીવનમાં કામ આવે એવું વિના ખર્ચે શીખતો અને ઉપયોગી થતો.

તેની રમતો મર્દાનગીવાળી હતી. નાનો હોય ત્યારે ચોકમાં રમે અને મોટો થાય ત્યારે ગામ બહાર રમવા જાય. તેની રમતોમાં આંબલી–પીંપળી, ગેડીદડો, મોઈદાંડિયા, લખોટીઓ, હુતૂતૂ, ખોખો, લંગડી, ફેરકુંડા, વેંતકુદામણી, ઘોડીઓ દાવ, કોરડો દાવ, ખીલવાડો, ઘાણી વગેરે હતી. એમાં લોહીલુહાણ થાય અને વાગે પણ ખરું; પણ તેમાં એક પૈસાનો ય ખર્ચ ન હતો અને તેમાં મોટા પણ રસ લેતા.

આમ દશ વર્ષની ઉંમરે નિશાળે જતાં પહેલાં, અક્ષરજ્ઞાન સિવાય ઘણું શીખી જતો.

આવો વિદ્યાર્થી ભણવા જતો, ત્યારે મહેતાજી કેવા હતા, તે જુઓ.

મહેતાજી કેવા હતા?

તે વખતે આજના જેવા ભાડૂતી મહેતાજીઓ ન હતા. આજે તો શિક્ષકો 'બિચારા--બાપડા' બની ગયા છે. ગુલામ અને ભૂખ્યા છે; પણ એમાં તેમનો શો દોષ?

તે વખતે કેળવણી સરકારના હાથમાં ન હતી, પણ પ્રજાના—ગામના હાથમાં હતી. મહેતાજી 'સાચા મહેતાજી' હતા. તે વિદ્યાર્થીઓને પોતાના છોકરાની જેમ ગણે. આપણે કવિતામાં ગુરુ સાંદીપનિ અને વિદ્યાર્થી કૃષ્ણ—સુદામાની કવિતા વાંચીએ છીએ; પણ તે જમાનો હજારો વર્ષ પૂર્વે હતો એમ નથી; તે આજ સુધી એટલે પચાસ વર્ષ પૂર્વે પણ હતો.

૮૦ વર્ષ પહેલાં મારા પિતા ૧૬ વર્ષની ઉંમરે શિક્ષક થયા હતા. તેમનો જન્મ સંવત ૧૯૦૩માં થયેલો. તે અંગ્રેજી બે ચોપડી ભણ્યા હતા. તેમને ફીમાં દરેક વિદ્યાર્થી દીઠ રોજ એક મુઠ્ઠી અનાજ અને મહિને એક સીધું મળતું. તે વખતે વાલી પોતાના છોકરાને નિશાળે મૂકવા આવે, ત્યારે કહેતા, કે આ છોકરો તમને સોંપ્યો. 'તેની ચામડી તમારી અને હાડકાં મારાં.' આમ વાલીને પણ શિક્ષકમાં વિશ્વાસ હતો, કે શિક્ષક મારા છોકરાને પોતાના છોકરાની જેમ રાખશે.

તે વખતે માસ્તરના ઘરનું બધું કામ વિદ્યાર્થીઓ કરતા. ઘર લીંપવું હોય કે તે માટે માટી લાવવી હોય, તો ય વિદ્યાર્થીઓ લાવે. ઘરમાં અનાજ પૂરતું છે કે ઓછું, ઘી છે કે નહિ, શાક કે દૂધની કેટલી જરૂર છે, તે બધું વિદ્યાર્થીઓ જાણતા અને જરૂરપૂરતું લાવતા.

એક વખત ભાવડા ગામમાં મારા પિતા માસ્તર હતા. તે વખતે વિદ્યાર્થીઓ નિશાળ લીંપવા માટે માટી લેવા ગયા.

ત્યાં ભેખડ પડી. હું તથા બીજા ભેખડ પડવાનો અવાજ સાંભળી અને ધૂળ ઊડતી જોઈ, 'હીરો દબાયો, હીરો દબાયો' કહેતા-કહેતા ગામ તરફ દોડવા લાગ્યા. હીરો વાણિયાનો છોકરો હતો અને તે ભેખડ નીચે હતો; એટલે તે દબાઈ ગયો હશે, એમ અમને લાગ્યું. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ પાણી ભરવા જાય કે એવે કામે જાય, ત્યારે મારા પિતા તેમની પાછળપાછળ જાય; અને તેમને કંઈ અકસ્માત ન નડે અને કામ પતાવી, બધા વેળાસર પાછા આવી જાય, એ જુએ; પણ આ પ્રસંગે તે સાથે ન હતા. તેમણે બૂમ સાંભળી, એટલે તે દોડ્યા અને ભેખડ નજીક જઈ જોયું, તો તે કેડ સુધી દટાયો હતો. તેને બહાર કાઢી, મારે ઘેર લઈ આવ્યા.

હીરાના પિતા પૈસાદાર અને માતા બહુ ધાર્મિક વૃત્તિવાળાં હતાં. તેનાં માબાપ હીરાને લેવા મારે ઘેર આવ્યાં, ત્યારે મારા પિતાએ કહ્યું: "તે સાજો થશે, એટલે ઘેર મોકલીશ. એ મારો છોકરો છે. એને મારી પાસે રાખીશ." પછી તેને મારે ઘેર રાખી દવા કરી. ખોરાકમાં રોજ શીરો કરી ખવડાવ્યો.

હીરાની માને થયું, કે માસ્તર રોજ શીરો ક્યાંથી ખવડાવી શકે! એટલે તે રોજ ઘી, ગોળ અને લોટ આપી જાય. મારા પિતાને તો એ વિચાર જ આવ્યો નહોતો.

પછી તે હીરો સાજો થયો, ત્યારે મારા પિતાના પગ ચાંપવા, રોજ મારે ઘેર આવતો.

આજે પણ તે હીરાલાલ મને મળે છે, ત્યારે સગા-ભાઈને મળતો હોય, એવી રીતે મને જોતાં જ ભેટી પડે છે.

પછી જ્યારે સરકારી નિશાળ થઈ અને બ્રાહ્મણ ઉપરાંત બીજા પણ શિક્ષણનું કામ કરવા લાગ્યા, ત્યારે પણ કેવા માસ્તરો હતા? મારા એક માસ્તર નાગરદાસ નડિયાદ કાકરખાડના મને યાદ આવે છે. તે રોજ સવારે વહેલા ઊઠે અને હુક્કો પીએ; પણ સવારે એક વખત હુક્કો પીધો તે પીધો. તે નિશાળે ભણાવવા જાય, ત્યારે વિદ્યાર્થીઓને ભણાવવા સિવાય બીજો કંઈ જ વિચાર કરે નહિ. તે વિદ્યાર્થીઓને પોતાના છોકરા જેવા ગણે. જે છોકરા વર્ગમાં કાચા લાગે, તેમને પોતાને ત્યાં રાત્રે બોલાવે અને કલાક ભણાવે. તે વૃદ્ધ હતા, પણ કોઈની સેવા લેતા નહિ. તે ઘેરથી નિશાળે જાય કે નિશાળેથી ઘેર જાય; પણ જમીન તરફથી દૃષ્ટિ ખસેડતા નહિ. આજે પણ તે યાદ આવે છે, ત્યારે સ્વાભાવિક રીતે જ મારું માથું તેમને નમે છે. આવા મહેતાજી પાસે રહે, એટલે કેળવણી મળે જ.

આવા મહેતાજીઓ પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા હતા; પણ એવા મહેતાજીઓનું સમાજમાં શું સ્થાન હતું અને તેમની આજીવિકા કેમ ચાલતી હતી, તે વિચારીએ.

મહેતાજીનું સ્થાન અને આજીવિકા

તે વખતે શિક્ષકો મોટે ભાગે બ્રાહ્મણો હતા. બ્રાહ્મણની શોભા તેના ચારિત્ર્યમાં અને ગરીબાઈમાં હતી. સમાજમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ ગણાતો; કેમ કે તે ચારિત્ર્યમાં શ્રેષ્ઠ રહેતો.

બ્રાહ્મણને પોતાને પણ પોતાના ચારિત્ર્ય માટે ભારે ચીવટ રહેતી. તેને માટે ગરીબાઈ સ્વાભાવિક ગણાતી હતી; એટલે ચારિત્ર્ય અને ગરીબાઈ તેની પ્રતિષ્ઠા હતાં. ગરીબાઈનો જ્ઞાનપૂર્વક સ્વીકાર કરે, તે જ ચારિત્ર્યવાન રહી શકે; બીજો નહિ. ક્ષત્રિયમાં ચારિત્ર્ય સાથે રક્ષણ–શક્તિ, એ તેની પ્રતિષ્ઠા હતી. વૈશ્ય યા વાણિયા પાસે ચારિત્ર્ય સાથે લક્ષ્મી, એ એની પ્રતિષ્ઠા હતી; અને ખેડૂત પાસે ચારિત્ર્ય સાથે જમીન, એ એની પ્રતિષ્ઠા હતી.

રક્ષણ કરવાની શક્તિ ન હોય, તો ક્ષત્રિયની કંઈ કિંમત નહિ. લોકોને ભીડને વખતે મદદ કરી શકે એવું ધન ન હોય, તો વાણિયાની કંઈ કિંમત નહિ અને ખેડૂત જમીન-વિનાનો હોય, તો તેની કંઈ પ્રતિષ્ઠા નહિ. તેમ બ્રાહ્મણમાં ગરીબાઈ અને ચારિત્ર્ય ન હોય, તો તેની કંઈ કિંમત નહિ.

એવા બ્રાહ્મણો લોકો આપે તે ખાઈને શીખવતા હતા. વિદ્યાર્થીનો પિતા તો મહેતાજીને રોજ એક મુઠી અનાજ અને મહિને એક સીધું આપતા હતા. દેવતા માટે છાણું, દીવો કે લાકડાં સળગાવવા શણિયું કે બોયું જોઈએ, વાળવા સાવરણી જોઈએ, આસન માટે ગોદડી જોઈએ, અનાજ ઉપરાંત ગોળ અને ઘી જોઈએ અને પૂજા માટે ઘીનો દીવો જોઈએ; તે બધાની ચિંતા વિદ્યાર્થીઓ રાખતા અને વિદ્યાર્થીઓ ઘેરથી માગી લાવી આપતા.

વિદ્યાર્થીઓ થોડા હોય અને મુઠ્ઠી અનાજથી પૂરું ન થાય એમ પણ બને, ત્યારે મહેતાજી શિક્ષણ ઉપરાંત ગામ-

લોકોની દવા પણ કરતા; જ્યોતિષ–કાર્ય પણ કરતા. ગામમાં કથાવાર્તા પણ કરતા. આમ દવા કરાવનાર, જ્યોતિષ પૂછનાર અને કથા સાંભળનાર દરેક મહેતાજીને અનાજ, ઘી વગેરે આપતા. શાકભાજીવાળા પાસેથી વિદ્યાર્થીઓ શાકભાજી લાવતા. શાકભાજીવાળો સમજતો, કે આ વિદ્યાર્થીઓનો ધડો છે અને તે આપવો જોઈએ. આમ આખા ગામ સાથે મહેતાજીનો સંબંધ રહેતો અને ગામ તેનું પોષણ કરતું.

પણ તેમની જરૂરિયાતો ટૂંકી હતી, એમ તે વખતની કહેવત ઉપરથી સમજાય છે: "ટૂંકું પોતિયું અને તુલસી-ક્યારો, એ નિશાનીએ બ્રાહ્મણવાડો."

તે બ્રાહ્મણ મહેતાજી ઓછા ખર્ચે જીવનારા હતા. તે પાણી ઠીકઠીક વાપરતા; અને એ તેમનો વૈભવ ગણવો હોય તો ગણી શકાય.

વિદ્યાર્થીઓ શું ભણતા?

વિદ્યાર્થી નિશાળમાં દાખલ થવા આવે, ત્યારે માબાપ છોકરાને ઘેર ચાંલ્લો કરે, નવાં કપડાં પહેરાવે, સારું ખાવાનું કરી જમાડે અને પછી પિતા છોકરાને નિશાળે લઈ જાય. તે વખતે બાપ નિશાળિયાઓને પતાસાં વહેંચે અને પોતાના છોકરાને મહેતાજીને સોંપે.

શરૂઆતમાં તેને સ્લેટ કે ચોપડી સામે જોવાનું ન હતું. તેને આંક શીખવતા, તેમાં એકડે એક, દાન, વીસા, ત્રીસા, ચાલીસા, સવાયાં, દોઢાં, અઢિયાં, ઊઠાં, અગિયારી અથવા રામ, પા, અર્ધો, પોણા અને સાડા સાતનો પા–એમ ચૌદ

આંક શીખવતા.

પછી લેખન માટે લાકડાની પાટી મંગાવે. તેના પર છાણ લગાવી, લાકડાની લેખણથી એકથી દશ સુધીના આંકડા ઘુંટાવે. જો એ દશ આંકડા સારા અક્ષરથી લખી શકે, તો હંમેશ તેના આંકડા સારા આવે.

પછી લાકડાની પાટી ઉપર ધૂળ નાખી, અક્ષરો ઘુંટાવતા. એની પાછળ ઠીકઠીક સમય આપતા. પરિણામે અક્ષર સારા થતા.

પછી આગળ વધે, ત્યારે રંગી અને ખડી મંગાવે. (અમે એ રીતે ૧૦ ગાઉ દૂરથી રંગી અને ખડી લાવેલા.) તેમાં ક–કાની કવિતા શીખવતા, જે કવિતામાં અર્થ હતો. પછી ક–કા–કિ–કી વગેરે પદ શીખવતા. આ સાથે ધર્મની વાતો વગેરે કહેતા હતા.

આટલું આવડ્યા પછી ચોપડી મંગાવે. ઇસપનીતિની વાતો અને એવી બીજી ચોપડી મંગાવતા હતા. મોટી ચોપડી આવે ત્યારે તે તૂટી ન જાય, એ માટે બહુ કાળજી રાખતા. પાન બહુ પહોળાં ન થાય, એ માટે દોરી બાંધતા. આમ એક ચોપડી ત્રણ–ચાર વર્ષ ચાલતી. આ ચોપડીના ભણતર સાથે કાગળ લખવાનું શીખવતા હતા. પછી ખત લખતાં શીખવતા. એ માટે કાવ્ય પણ હતું: 'ડાબા હાથે મતું અને જમણા હાથે સાખ' એ એનું છેલ્લું પદ હતું. બાદ, ગણિત, નામું, લેખાં, ઉખાણાં, કોયડા, કવિતા, ભજન, જમીન–માપણી વગેરે શીખવતા.

આમ ત્રણ–ચાર વર્ષમાં વિદ્યાર્થીનું ભણતર પૂરું થતું. જ્યારે વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરે, ત્યારે મહેતાજી વાલીને ખબર આપે; એટલે વાલી ગામના પ્રતિષ્ઠિત ભાઈઓને લઈ નિશાળે આવતો અને એ છોકરાની પરીક્ષા લે. એના જવાબો સંતોષકારક લાગે, તો માસ્તરને રાજી કરીને છોકરાને ઘેર લઈ જાય; નહિ તો થોડો વધુ સમય રાખે.

જીવનસંગીત

તે વખતના જીવનમાં એક પ્રકારનું સંગીત હતું. મન, હૃદય અને શરીરનો સુમેળ જામે, એનું નામ જીવનસંગીત. એ જીવનસંગીત આપોઆપ શિખવાતું.

તે વખતે સવારના પહોરમાં વહેલા ઊઠી કંઠ ખુલ્લો કરવાનો રિવાજ હતો. આરોગ્યની દૃષ્ટિએ એ જરૂરનું હતું; પણ કંઠ ખુલ્લો કરવો કેવી રીતે? એ માટે કર્ણપ્રિય, મધુર, કલ્યાણકારી અને આખા દિવસનાં કામોમાં માર્ગદર્શક થાય એવો અવાજ કાઢવો રહ્યો. એમાંથી પ્રભાતિયાં અને ભજન થયાં. આ રીતે પ્રથમ અવાજ સાથે આખા દિવસના કામનો મેળ રાખતા. એ પ્રભાતિયાં, મંત્રો અને ભજનોમાંથી પ્રેરણા મળતી. ગાયત્રી મંત્રની મહત્તા છે, તેનું કારણ પણ એ જ છે, કે તેમાંથી પ્રેરણા મળે છે. વળી તેને પોતાને જ પ્રેરણા મળે છે એમ નથી; પણ જે સાંભળે છે, તેને પણ મળે છે. એ રીતે સમાજને પણ તે ઉપકારક બને છે. આમ આરોગ્ય અને જ્ઞાન સમાજ–જીવનને પ્રેરણાદાયક થાય, એવી રીતે મેળવાતાં હતાં.

આજે બૌદ્ધિક કેળવણી શરીરને નુકસાન કરે છે; અને શારીરિક કેળવણી બુદ્ધિની આડે આવે છે. આજની કસરતો જડતા લાવે છે, મસલ્સ જુએ છે અને આત્મા ભૂલી જાય છે; કેમ કે જે બુદ્ધિ શરીર પાસે કામ લઈ શકતી નથી, પણ તે એકલી આગળ વધે છે તે નુકસાન કરે છે. યોગીની સ્થિતિએ પહોંચ્યા પછી નુકસાન ન કરે એમ બને. એવી રીતે બુદ્ધિ કરતાં શરીર વધુ આગળ વધી જાય, તો જડતા ઉત્પન્ન થાય અને હૃદય છોડી બુદ્ધિ આગળ વધે તો રાક્ષસ થાય; એટલે હૃદય, બુદ્ધિ અને શરીરનો મેળ થવો જોઈએ. તે 'ब्रह्मकर्म समाधिस्थ' થયો ગણાય. મહેનત કરી જીવવા માટે જ્ઞાન જોઈએ; અને એ જ્ઞાન માટે કેળવણી જોઈએ. આજે તો જ્ઞાન અને કર્મનો મેળ નથી રહ્યો.

પહેલાં બ્રાહ્મણોના હાથમાં કેળવણી હતી. તે સાદાઈથી સ્વાભાવિક રીતે જીવતા. તેમની જરૂરિયાતો ઓછી હતી; અને તે કથાવાર્તા, જોષ વગેરે બીજી રીતે પણ પૂરી કરી લેતા. સરકારી શાળાઓની શરૂઆત થઈ, ત્યારે પણ બ્રાહ્મણો જ મોટે ભાગે શિક્ષકો હતા, ત્યાં સુધી કેળવણીમાં કંઈ જ અડચણ આવી નહિ; પણ બ્રાહ્મણો ગયા; અને કેળવણીનું કામ સરકાર કરવા મંડી, એટલે તે બગડ્યું અને વણસી ગયું.

એ રીતે આજે જીવનમાં સંગીત નથી રહ્યું. એ બેસૂરું બની ગયું છે.

૫ : તહેવારો મારફત લોકકેળવણી

પ્રાસ્તાવિક—આ તહેવારો વિષે કહેવા બેસું; તો તેનો મૂળ હેતુ કહેવો જોઈએ; પછી તેમાં સડો કેવી રીતે દાખલ થયો; અને આજે એમાં શા સુધારા કરવા જોઈએ તે વિગતવાર જણાવવા જોઈએ. એમ કરવા જતાં તે ઘણો સમય લે; એટલે ૫૦ વર્ષ પહેલાં ગામડાંમાં તહેવારોની ઊજવણી કેવી રીતે થતી હતી, તેટલું જ જાણવું બસ થશે.

એ તહેવારોમાં બધાં સારાં તત્ત્વો જ હતાં એમ ન હતું; તેમાં ખામીઓ પણ હતી અને સારું પણ હતું.

આજે તો એ તહેવારોમાંથી ઘણા તો નામશેષ થઈ ગયા છે; અને ગાંધી–જયંતી, રાષ્ટ્રીય સપ્તાહ જેવા નવા પ્રજાકીય તહેવારો દાખલ થયા છે. સમાજમાં હમેશા એમ જ થાય. સમય બદલાયો તેમ તહેવારોનું સ્વરૂપ અને ભાવના પણ બદલાયાં.

વ્યક્તિગત કેળવણીનો વિચાર ઉપર કરી ગયા; પણ સમૂહજીવનની કેળવણી પણ હતી. તે માટે તહેવારોની યોજના હતી. આ યોજના કેવી સુંદર હતી! મનુષ્ય-જીવનના બધા સારા ભાવોનો વિકાસ થાય અને ખોટા ભાવો પર અંકુશ–સંયમ આવે, એવી એમાં ગોઠવણ હતી. એ માટે વ્રત અને ઉપવાસના પણ દિવસો હતા અને સારું-સારું ખાવાના પણ દિવસો હતા. રંગરાગ માટે પણ દિવસો

હતા અને સંયમ માટે પણ દિવસો હતા. બ્રાહ્મણ વગેરે ચારે વર્ણોનું સરખું મહત્ત્વ હતું; તેથી ચારેના ચાર મહત્ત્વના તહેવારો હતા; જેમ કે બ્રાહ્મણોનો મુખ્ય તહેવાર બળેવ ગણાય, ક્ષત્રિયનો દશેરા, વૈશ્યનો દિવાળી અને શૂદ્રનો હોળી; પણ તે તહેવારો તે તે વર્ણો જ ઊજવતી એમ ન હતું, પણ બધા ભાગ લેતા હતા. એ કેવી રીતે તેનો વિચાર કરીએ.

દિવાળીના દિવસો

(આસો વદ બારસથી અમાસ સુધી)

દિવાળીનો તહેવાર વૈશ્યનો ગણાય. વૈશ્ય એટલે ખેડૂત અને વાણિયા મુખ્યત્વે ગણાય; એટલે તે મોટા ભાગની પ્રજાનો તહેવાર થયો; અને તે મોટામાં મોટો તહેવાર ગણાયો.

વળી તેમાં બધા પૂરો ભાગ લેતા; કેમ કે દિવાળી આવે ત્યારે ઘરમાં અનાજ આવી ગયું હોય; એટલે ઘેરઘેર આનંદ હોય; વળી રવિપાક પણ નંખાઈ ગયો હોય.

આ તહેવાર એક દિવસનો ન હતો, પણ પાંચ દિવસનો હતો. આ તહેવારની ઊજવણી માટે પ્રાથમિક તૈયારીરૂપે બધા પોતાનાં ઘરો લીંપતા-ગૂંપતા. ચોમાસું ગયું હોય, એટલે આઠ માસ સુધી તે બગડવાનો ભય ન હતો.

પોતાનાં આંગણાં વાળીઝૂડી સાફ કરતા. વાસણકૂસણ પણ સાફ કરી ઘર શણગારતા.

આ તહેવારના દિવસોમાં કોઈથી ગાળ ન બોલાય, અપશબ્દો ન બોલાય, ઉઘરાણી ન કરાય અને બધા ભવિષ્ય માટે નચિંત હોય.

તે દિવસે પશુઓને નવરાવતા અને શણગારતા. શિંગડાં રંગતા, માથે ચાંલ્લો કરતા. પશુધનની એ રીતે પૂજા કરતા. લક્ષ્મી એટલે પૈસા–નાણું હોય તેને પણ ધોતા અને કંકુવાળા-શુકનવાળા કરતા. આમ ધનની પૂજા તે દિવસે થતી, એટલે **ધનતેરસ** બની. તહેવારનો આ પ્રથમ દિવસ હોવાથી ખોરાક પણ શુકનવાળો, કંસાર બનાવતા.

એ શુકનવાળો કેમ કહેવાય છે? તે પચવામાં અને બનાવવામાં સહેલો હોવાથી શુકનવાળો ગણાતો હશે, અથવા તહેવારોમાં ખોરાકની વિવિધતામાં આ રાષ્ટ્રીય તહેવારના પ્રથમ દિવસે અનાયાસે કંસાર થયો હશે. ગમે તેમ હો, પણ તે દિવસે સામાન્ય રીતે કંસાર જમવાનો રિવાજ છે. તે દિવસે લોકો સારાં કપડાં પહેરે, સ્ત્રી–પુરુષો દેવદર્શને જાય, દેવોની પૂજા થાય અને છોકરાંઓ આનંદમાં આવી ફટાકડા ફોડે.

કાળીચૌદશ

આ સેવકની પૂજાનો દિવસ છે. તે દિવસે લોકો હનુમાનને તેલ ચઢાવે છે. દુનિયામાં સાચા સેવકનો આદર્શ આપણી સામે હોય, તો તે હનુમાનનો છે. તેનું શરીર ખૂબ મજબૂત હતું. વૈભવમાં ન પડાય તે માટે લંગોટી જ રાખી હતી. તેણે બધી શક્તિ ભગવાનના કાર્ય માટે સમર્પણ કરી હતી. એ રીતે તેણે જ્ઞાનપૂર્વક શુદ્ધ સેવા કરી, તેથી તે વિશ્વવંદ્ય બન્યા. સેવક પણ પૂજ્ય છે, એ હિંદુ ધર્મની વિશેષ ભાવના છે. આવા જગતવંદ્ય હનુમાનની પૂજા તે દિવસે થાય છે, તેલથી તેમને નવરાવે છે અને શ્રીફળનો પ્રસાદ આપે

છે. એ રીતે સ્નેહ (તેલ), શક્તિ અને પ્રેમથી તેમને વધાવે છે.

આ ઉપરથી કદાચ તે દિવસે તેલની ચીજો વધારે ખાવાનો રિવાજ પડ્યો હશે. તલ પાક્યા જ હોય, એટલે તે દિવસે બધાં વડાં, પૂરી તથા ભજિયાં ખાય છે.

તે દિવસે કેટલાક માતાની સાધના કરે છે; જપ–મંત્ર કરે છે. ચોર લોકો પણ સાધના કરે છે અને તે દિવસે ચોરી કરવામાં સફળતા મળે, તો આખા વર્ષમાં સફળતા મળશે, એવી આશા બાંધે છે. આ દિવસ મુખ્યત્વે હનુમાનની પૂજાનો છે. આ દિવસે ગલકું ખાવાનો મહિમા વધારે છે.

દિવાળી

આ અમાવાસ્યાનો દિવસ છે. આખા વર્ષનો આ છેલ્લો દિવસ છે. આખા વર્ષની રમત પૂરી થઈ, તેનો આનંદ હોય છે. આખા વર્ષનો થાક ઉતારતા હોય, તેમ આ દિવસોમાં કશું કામ ન હોય.

લોકો સારાં કપડાં પહેરી ફરે, મંદિરે જાય; સારું–સારું ખાવાનું થાય. તેમાં તે દિવસે લાડુનું ભોજન સામાન્ય હોય. ગરીબ પણ તે દિવસે મિષ્ટાન્ન બનાવે.

ગામની આખી આર્થિક વ્યવસ્થા વાણિયા પાસે હતી. તે નવા વર્ષની તૈયારીરૂપે નવા ચોપડા તૈયાર કરે–તેની પૂજા કરે.

ચોપડાની કિંમત કાગળને હિસાબે કંઈ નહિ, પણ તેની પ્રતિષ્ઠા બ્રાહ્મણ પાસે કરાવે, એટલી તેની પ્રતિષ્ઠા હતી. ચોપડામાં લખેલું હોય તે ન્યાયદરબારમાં પણ સાચું મનાય.

જેમ પથ્થરની મૂર્તિની કિંમત પથ્થરની દૃષ્ટિએ કંઈ નહિ, તેમ ચોપડાની કિંમત કાગળને હિસાબે કશી જ નહિ; પણ સદાચારી બ્રાહ્મણને હાથે તેની પ્રતિષ્ઠા થતી. તે વખતે કલમ, ખડિયો, ચોપડો—ત્રણેની પ્રતિષ્ઠા થતી.

વાણિયો તે દિવસે પ્રતિજ્ઞા લેતો, કે આ કલમથી, આ શાહીથી, આ ચોપડામાં કદી ખોટો અક્ષર નહિ પાડું. જે સત્ય હશે તે જ આ કલમથી, આ શાહીથી લખાશે—આ પ્રતિષ્ઠા થઈ.

આ ચોપડા–પૂજનનો તહેવાર થયો; પણ તે દિવસે દીવા કેમ થાય છે, તે જાણો છો ? ઈશ્વર જ્યોતિસ્વરૂપ છે. જ્યોતિ કોણ આપે ? સૂર્ય, તેનો પ્રકાશ અગ્નિ; તેમાંથી દીવા કર્યા—આમ દિવાળીનું પર્વ પૂરું થયું.

બેસતું વર્ષ (કારતક સુદ ૧)

નવા વર્ષના આ પ્રથમ દિવસે બધા વહેલા ઊઠે, વર્ષ માટે સંકલ્પ કરે. બધા એકબીજાને સ્નેહથી હળે–મળે. જૂનું ઝેરવેર ભૂલી જાય અને હેતથી ભેટી હૃદયની એકતા સાધે. એ વખતે ભેટવામાં માત્ર હાથ અને છાતી જ ભેટે એવું નહિ, પણ અંતઃકરણની શુભ ભાવનાઓ પણ એમાં ભળો, એવો ભાવાર્થ રહેલો છે. એ વિષે એક મંત્ર પણ છે.

સવારે સબરસની લહાણી થાય, એકબીજાને મળે, ગળ્યું મોં કરાવે—આ બધી પ્રેમની બાહ્ય નિશાનીઓ છે; જે અંતરમાં છે તેનો પડઘો છે. તે દિવસે બધા દેવદર્શને જાય. સાંજના આખું ગામ ભેગું થાય, ત્યાં બ્રાહ્મણ સાર-

પત્રિકા વાંચે; તેમાં પાછળના વર્ષનો અનુભવ અને આવતા વર્ષની આગાહી હોય.

તે દિવસે કોઈ પણ તકરાર કે બોલાબોલી ન થાય. જૂનું વેર પણ ભુલાઈ જવાય. આમ આખો દિવસ નવી આશાથી ભરપૂર આનંદમાં વીતે. તે દિવસે નાનાં હોય તે મોટાંની સેવા કરે; એની પાછળ એવી ભાવના હતી, કે આજે કરશે તે આખું વર્ષ થશે. જે નિત્ય મોટાંની સેવા કરે છે, તેને આયુ, વિદ્યા, બળ, યશ વગેરે મળે છે. આમ નીતિ અને ધર્મ રોજના જીવન સાથે વણાયેલાં હતાં.

ભાઈબીજ (કારતક સુદ ૨)

આ તહેવારની ઉત્પત્તિ નીચે મુજબ થઈ કહેવાય છે. જગતમાં મનુષ્ય તરીકે જે પ્રથમ મરી ગયો, તેનું નામ 'યમ' પડ્યું. તે મૃત્યુનો ભોમિયો બન્યો. એ યમ યમીને (બહેનને) ત્યાં ગયો. તે ઉપરથી આ દિવસે ભાઈ બહેનને ત્યાં જાય, એવો રિવાજ શરૂ થયો. ભાઈ બહેનને ત્યાં જાય, એટલે બહેન ભાઈને કંસાર જમાડે અને કંઈક આપે. એવી જ રીતે ભાઈ મોટો હોય, તો બહેનને કંઈક આપે.

પણ ભાઈ–બહેનનો સ્નેહ એટલો અપૂર્વ હતો, કે આપણા સમાજ–જીવનમાં ઉત્સવરૂપે પણ તેણે સ્થાન મેળવ્યું છે.

દેવ-દિવાળી (કારતક સુદ ૧૫)

આજે આ તહેવારનું કંઈ જ મહત્ત્વ નથી રહ્યું. કારતક માસની પૂર્ણિમાથી જ્યારે વર્ષ શરૂ થતું હશે, ત્યારે આ તહેવારની ઉત્પત્તિ થઈ હશે.

ઉત્તરાયણ

આ તહેવાર મકરસંક્રાંતિને નામે ઓળખાય છે; અને તે પરથી તે દિવસે પુણ્યદાન લેવા માટે બ્રાહ્મણ ઘેરઘેર જાય છે અને કહે છે, કે 'મકરસંક્રાંતિ પુણ્યપર્વણી'.

દક્ષિણમાં સૂર્ય દૂરદૂર જતો જાય છે; એટલે લોકોને શંકા પડે છે, કે સૂર્ય પાછો આવશે કે નહિ ? પણ તે પાછો આવતો દેખાયો, એટલે લોકોએ તે નિમિત્તે આ પર્વની યોજના કરી હશે. દક્ષિણમાંથી સૂર્યનું ઉત્તર તરફ અયન-પ્રયાણ થાય, તે ઉપરથી તેને ઉત્તરાયણ પર્વ કહેવામાં આવે છે. સૂર્ય મકરરાશિમાં પ્રવેશ કરે, તેથી તેને મકરસંક્રાંતિ પણ કહેવામાં આવે છે.

શિયાળામાં કઠોળ પાક્યું હોય, એટલે ચોળાના પૂડા કરવાનો રિવાજ ચાલ્યો. વળી શેરડીનો ગોળ નવો જ આવ્યો હોય અને તલ પાક્યા હોય, એટલે લોકો તલગોળ ખાય અને બીજાને પ્રસાદીરૂપે વહેંચે. શિયાળામાં આરોગ્યની દૃષ્ટિએ કઠોળ અને તલ બહુ પોષક થઈ પડે, એ દૃષ્ટિ પણ આની પાછળ રહેલી જ હશે.

મહારાષ્ટ્રમાં તલ-ગોળની અનેક જુદીજુદી વાનગીઓ બનાવી સ્નેહીઓ તથા સગાંઓને વહેંચવાનો અને બ્રાહ્મણોને દાન આપવાનો રિવાજ આજે પણ ચાલુ છે.

તે દિવસે ગાયોનું પૂજન થાય; કેમ કે તે દેશનું અણમોલું ધન ગણાતું હતું; અને દરેક ઘેરથી બાજરી, જુવાર કે ઘઉંની ઘૂઘરી (બાફેલું અનાજ વગેરે) અને ગોળ ગાયને ચાંલ્લો કરી

ખવડાવે. આજે પણ તેના લિસોટા રહ્યા છે.

પતંગો ઉડાડવાનો રિવાજ તો પછીથી દાખલ થયો હોય એમ જણાય છે. વાયુ બદલાયો, એટલે તે જોવા માટે એ રિવાજ શરૂ થયો હશે. ઈશાન તરફનો વાયુ સૂકો હોય, એટલે તે 'કવા' એટલે નુકસાનકારક ગણાય. પશ્ચિમનો વધુ અને પૂર્વનો થોડો વાયુ આવે, તો દાણા ખૂબ પાકે; તેને સવા કહે છે. દક્ષિણ--પશ્ચિમનો વાયુ ભેજવાળો હોય છે.

મહીબીજ (મહા સુદ ૨)–રબારીઓનો તહેવાર

તે દિવસે કોઈ રબારી દૂધ મેળવે નહિ. દૂધ ખાઈ જાય અને વધે તો વહેંચી દે. આખો દિવસ ભજન કરે. અહીં અને ઉત્તર ગુજરાતમાં મહીબીજનો પાઠ પૂરે છે; એટલે ઘીનો અખંડ દીવો કરે છે અને ભજન કરે છે.

વસંતપંચમી (મહા સુદ ૫)

આ કુદરતનો ઉત્સવ ગણાય, એટલે તો એને 'ઋતુરાજ' કહેવામાં આવે છે. એ વખતે ફળઝાડને મોર આવે છે, કૂંપળો ફૂટે છે ને લોકો વસંત રમે છે, કેસૂડાંના રંગ અરસપરસ છાંટે છે, અને ભજન કરે છે. આપણે ત્યાં વૈષ્ણવ મંદિરોમાં આ ઉત્સવ વિશેષરૂપે ઉજવાય છે.

મહાશિવરાત્રી (મહા વદ ૧૪)

આ સમયમાં શકરિયાં, બટાટા વગેરે કંદમૂળ તૈયાર થયાં હોય છે, એટલે તે ખાવાનો રિવાજ છે. આ મહાદેવનો દિવસ છે. મહાદેવ તપસ્વી હતા, એટલે તે દિવસે બધા

ઉપવાસ કરે અને કંદ ખાઈ રહે. શિયાળામાં ખૂબ ખાધું હોય, એટલે ઉપવાસ ઉપયોગી પણ ખરો.

વળી આ વખતે ઋતુ બદલાતી હોય છે. ઠંડી 'શિવ-શિવ' કરતી ચાલી જાય છે અને ગરમીની શરૂઆત થાય છે.

તે રાત્રે મહાદેવની પૂજા થાય. આખી રાત્રિ બધા જાગે. મહાદેવ ભભૂતિવાળા ગણાય, એટલે બધા રાખનું નિશાન કરે. આખિ રાત્રિ બ્રાહ્મણને મહાદેવમાં બોલાવી રુદ્રી કરાવે.

હોળી (ફાગણ સુદ ૧૫)

આ તહેવારની ઉત્પત્તિ એમ થઈ છે, કે હિરણ્યકશિપુની બહેન હોલિકા પ્રહ્‌લાદને લઈ આગમાં બેઠી હતી, તે વખતે તે સળગી અને પ્રહ્‌લાદ બચી ગયો.

આ તહેવાર મુખ્યત્વે શૂદ્રનો છે, પણ આખી પ્રજા આ તહેવારમાં ભાગ લે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, નાનાં–મોટાં, સ્ત્રીઓ–પુરુષો અને બાળકો–બધાં આ તહેવાર ઊજવે છે.

આ તહેવાર ત્રણ દિવસનો હતો. આ ત્રણ દિવસ બધા મોટા–નાનાનો ભેદ અને સ્ત્રી–પુરુષની મર્યાદા છોડી દે છે; અને પોતાના બધા ભાવોને ખીલવી દે છે. ખરાબ ભાષા પણ બોલે, છતાં તે બે દિવસ નભાવી લે. આ રિવાજ સારો નથી અને તે કેમ થયો હશે, તે ખબર નથી, પણ એની મર્યાદા કોઈ ઓળંગતું ન હતું; અને એ જ સ્ત્રી–પુરુષ અને બાળક વચ્ચેની માન–મર્યાદા જળવાતી. જેમ નાટકમાં વેશ ભજવ્યા પછી જાણે હતા તેવા ને તેવા, એવી

રીતે આ રચના પણ હતી.

એ વખતે કહેવાતું, કે 'હોળી અને ધરોઆઠમના દિવસોના ઉપવાસો તો ભારે કઠણ ભાઈ!' કેમ કે હોળીને દિવસે ધાણી, ચણા, ખજૂર, ખાંડના હારડા, અને ધરોઆઠમના દિવસે ફણગા ફૂટાડેલા મગ અને મઠ તથા તે ઉપરાંત હોળીને દિવસે શેકેલા ચણા અને સાથવો ખાવાનો રિવાજ છે; પણ સાંજ સુધીમાં એ સિવાય બીજું કંઈ ખવાય નહિ. હોળીનું પૂજન પૂરું થયા પછી ઘઉંની સેવ ખાવાનો રિવાજ છે.

હોળી માટે થોડા દિવસ અગાઉથી તૈયારીઓ ચાલે. બનતા સુધી ગામની પૂર્વ દિશાએ હોળી કરે. ત્યાં લાકડાં, છેડાં વગેરેનો ઢગલો કરે. તે લાકડાં ગમે ત્યાંથી, ઉપયોગી હોય તો ય ઉપાડી લાવે અને તેમાં નાખે. મોટો ઢગલો કેમ થાય અને હોળી લાંબા વખત સુધી કેમ ચાલુ રહે, એની કાળજી ઘેરૈયા જુવાનિયા રાખે. તે દિવસોમાં જુવાનિયાઓ મોડી રાત સુધી ગેડીદડાની રમત રમે.

હોળી પ્રગટાવવાનો સમય સાંજનો હોય. તેનો સમય થવા આવે ત્યારે લોકો છાણાંના હાર, બીલીનાં ફળ, મહુડાં, કેરી, લીમડાનો મોર વગેરે હોળીમાં નાખે. ભંગી રણશિંગું વગાડે, એટલે લોકો હોળી પૂજવા ભેગા થાય.

દરેક જણ બાજરી કે જુવારનો પૂળો લઈ હોળી પૂજવા જાય. આમ બધા ભેગા થાય. હોળીના ઢગલા વચ્ચે ધજા રોપે. બ્રાહ્મણ પૂજન કરાવે. પ્રથમ પૂજા મુખી કરે. પૂજા પૂરી થયા પછી ઢોલી ઢોલ વગાડે અને ઢોલી સળગાવે.

તે વખતે લોકો લીમડાનાં પાન ખોસેલા પૂળા સળગાવતા ગોળ ફરે અને ચક્ર પૂરું કરી, બહાર નીકળી, પૂળો હોલવી નાખે, જેથી હોળી માતાના વરદાનથી કંઈ રોગ ન થાય, એવી માન્યતા હતી. આજે હવે એ વહેમ ઓછો થતો જાય છે.

હિરણ્યકશિપુ વગેરે રાક્ષસો તો હંમેશ ભગવાનના દુશ્મન અને તેઓએ એ દિવસે વેર વાળવાનો પ્રયત્ન કરેલો; એ પરથી વેર વાળવાનો દિવસ પણ હોળીનો ગણાય છે; એટલે કેટલાક તો વેર વાળવા ઘેરથી સેવ ખાઈ નીકળે; કેમ કે તેમાં વાગે ય ખરું અને મૃત્યુ પણ થાય; ત્યારે હોળી માતાનો પ્રસાદ લેવાનો રહી જાય, એ યોગ્ય નહિ એમ માનતા.

હોળી સળગે અને તેના ઉપરની ધજા કઈ બાજુ–કઈ દિશાએ પડે છે, તેના પરથી ઈશ્વરની કૃપા કે કોપની કલ્પના કરતા હતા.

પુરુષો જાય એટલે સ્ત્રીઓ પાણીના લોટા લઈ આવે. તે પણ અંદર ધાણી–ચણા નાખતાં જાય અને હોળી ફરતું પાણી રેડતાં જાય; એને હોળી ટાઢી પાડવાનું કહેતા.

કેટલેક ઠેકાણે એવો રિવાજ હતો, કે હોળીમાં પાણી ગરમ કરી તે પાણીથી સ્નાન કરવું. વળી તેનો દેવતા એ જગ્યાથી લઈ જવાય નહિ. હુક્કા માટે જોઈતો હોય, તો તે ત્યાં જ બેસી પીવો જોઈએ; અને જો એ દેવતા લઈ જવામાં આવે તો એ બીજી હોળી સુધી હોલવાવો ન જોઈએ અને તે બીજી હોળીમાં પહોંચાડવો જોઈએ.

કેટલેક ઠેકાણે આ તહેવાર ૫ દિવસ અને ૭ દિવસ

સુધી પણ ઉજવાય છે.

ધૂળેટી (ફાગણ વદ ૧)

પ્રહ્‌લાદ બચી ગયા, એટલે અસુરો રોષે ભરાયા અને માથે ધૂળ નાખી. વૈષ્ણવોએ આ દિવસ ઉત્સવ તરીકે ઊજવ્યો. એકબીજા પર સ્ત્રી–પુરુષના ભેદભાવ રાખ્યા વગર આનંદમાં આવી, રંગ છાંટ્યા. ગુલાલ અને કેસરિયો રંગ ઉડાડ્યો અને ઓચ્છવ, ભજન વગેરે કર્યું. આમ એ તહેવાર અને રિવાજ ચાલ્યો આવે છે. તે દિવસે શૂદ્ર અને બીજા બધા પણ આવી જ રીતે આનંદ કરે.

છોકરાઓ ગામમાં ગોઠ ઉઘરાવે. દુકાનેદુકાનેથી ખજૂર અને નાળિયેર ઉઘરાવે. પછી ઉઘરાવનાર બધા વહેંચી લે, છૂટા પડે અને નાહીધોઈ શાંત થઈ જાય.

ગોઠ ઉઘરાવવાનો હક મનાતો. એ સંબંધી દાહોદની કોર્ટમાં ધલાજી સામે કેસ ચાલેલો અને તેનો હક સાબિત થયેલો.

મારવાડમાં આ તહેવારનું મહત્ત્વ વધારે છે.

ચૈત્ર માસ

આ આખો માસ અલૂણો ખોરાક ખાવાનો રિવાજ હતો. જે બધા દિવસ અલૂણો ખોરાક ન લઈ શકે, તે પંદર, સાત, ત્રણ અથવા એક દિવસ પણ અલૂણો ખોરાક ખાય.

શાલિવાહન શક પ્રમાણે નવું વર્ષ ચૈત્રમાં શરૂ થાય, એટલે નવા વર્ષના દિવસો ગણાય. નવરાત્રિમાં જવારા વાવે, તરપંડી–ત્રિપિંડી–ત્રણ પિંડ–બ્રાહ્મણને જમાડવાનો રિવાજ હતો. વળી કોઈ ઠેકાણે સૌભાગ્યવતીઓને, તો કોઈ ઠેકાણે

કુમારિકાઓને જમાડવાનો રિવાજ પણ હતો. રામનવમીને દિવસે લોકો રામજીમંદિરમાં જાય. આમ આખો માસ ચાલતું.


અખાત્રીજ–અક્ષયતૃતીયા (વૈશાખ સુદ ૩)

આ ખેડૂતોનો તહેવાર છે. તે દિવસે જમીનનાં પાણી વળતાં થાય છે, એટલે પાણી નીચેથી ઉપર આવે છે. વાડના થોર જે પહેલાં નહોતા ફૂટતા, તે હવે ફૂટવા લાગે છે. ખેડૂત ખેતીની શરૂઆત તે દિવસથી કરે છે. પહેલાં સમૂહનું કંઈ પણ કાર્ય કરતાં પહેલાં વિધિ કરાતી. તે દિવસે ખેડૂત ખાતરનું ગાડું ખેતરમાં નાખી આવી શુકન કરે. વળી કોઈ ખેડૂત ખેતરની વાડે સૂડ કરવાની શરૂઆત પણ કરી આવે. આમ તે દિવસે મુહૂર્ત કરી આવે. ખેતરો સાંથે–ભાગે રાખવાનો સમય પણ અખાત્રીજથી શરૂ થાય. આ તિથિનો કદી ક્ષય હોતો નથી; તેથી તેને અક્ષયતૃતીયા પણ કહે છે.

વરસાદનો પ્રથમ દિવસ

જ્યારે વરસાદ પડે અને હળોતરાં કરવાનો દિવસ હોય, તે દિવસ સાર્વજનિક આનંદનો ગણાય. હળોતરાં કરવાનો દિવસ હોય, ત્યારે આખું ગામ વહેલું જાગે. પુરુષવર્ગ હળ, બળદ અને સાધનોની તૈયારી કરે. સ્ત્રી પણ વહેલી ઊઠે અને તેમને ખવડાવવા, પિવડાવવાની અને વિદાય કરવાની તૈયારી કરે. પછી હળ વગેરે સાધનોને અને બળદોને નાડાછડી બાંધે અને કંકુથી ચાંલ્લા કરે. ઘેરઘેર આ પ્રમાણે થાય. પછી શુકન જોઈ બળદ ચલાવે. જે રસ્તામાં મળે તેને સાથે લીધેલો ગોળ આપે. આમ ગામનાં બધાં હળ ભાગોળે ભેગાં

થાય. શુકન જુએ. ચાસ પક્ષી સામું મળે, તો જયજયકાર કરે; તે ન આવે તો બ્રાહ્મણ કે કુમારિકા સામે મળે, એટલે



વરસાદનો પ્રથમ દિવસ

શુકન થાય, ત્યારે નીકળે. એ શુકન વિષે એક દોહરો છેઃ—

આટો, ફૂટો કે ઘી ઘડો, છૂટા કેશે નાર,
વણ ટીલે જો વિપ્ર મળે, તો નિશ્ચે ખૂટ્યો કાળ.

અર્થ:—લોટ લઈ જનાર, લાકડાં લઈ જનાર, ઘી લઈ જનાર, છૂટા કેશની સ્ત્રી અથવા ટીલાવગરનો બ્રાહ્મણ મળે, તો અપશુકન થાય.

આમ શુકન જોઈ ખેતરમાં જાય, ત્યાં કોદાળીથી પાંચ ટચકા મારે, હળથી પાંચ ચાસ કાઢે અને ઘેર આવી કંસાર જમે. આમ ખેડૂતનો તહેવાર બહુ આનંદથી ઉજવાતો.

રથયાત્રા (અષાડ સુદ ૨)

આ તહેવાર આખા હિંદના વૈષ્ણવો ઉજવે છે.

જગન્નાથપુરીમાં ભગવાનની મૂર્તિને રથમાં બેસાડી સવારી કાઢવામાં આવે છે. આ રીતે બીજા સંપ્રદાયો પણ ભગવાનની મૂર્તિની સવારી કાઢે છે. આ દિવસે જાંબુ ખાવાનું માહાત્મ્ય છે અને ઉગાડેલા મગનો પ્રસાદ વહેંચાય છે.

દિવાસો (અષાડ વદ અમાસ)

'આવ્યો દિવાસો, પર્વોનો માસો.' ચોમાસાના તહેવારોની શરૂઆત દિવાસાથી થાય છે. આખા વર્ષમાં ચોમાસામાં ઘણા તહેવારો છે. તેનું કારણ એ લાગે છે, કે ચોમાસામાં કામ ખૂબ રહે; એટલે વચ્ચેવચ્ચે આનંદ અને આરામની જરૂર રહે. વળી કેટલાક દિવસ વરસાદની હેલીઓ હોય, એટલે કામ ન થાય. વળી રોગ ન થાય એ માટે એક ટાણાની જરૂર વગેરે કારણોને લીધે ચોમાસામાં કામ વધુ, વરસાદ વધુ અને તહેવારો પણ વધુ છે.

આ તહેવાર પર્વોનો માસો છે, એટલે પર્વોના મોખરાનો છે. આ દિવસે ખીર ખાવાનો રિવાજ છે અને તે વિષે કહેવત છે, કે ખીર ખાઈને જ માખો જશે; એટલે તે પહેલાં ખૂબ માખીઓ હોય છે, તે અદૃશ્ય થશે. વરસાદના સપાટામાં માખીઓ મરી જાય છે.

નાગપંચમી (શ્રાવણ સુદ ૫)

હિંદુ ધર્મની માન્યતા છે, કે ક્રૂરમાં ક્રૂર પ્રાણી પણ ભગવાનનું સ્વરૂપ છે. મહાદેવજી તો ડોકમાં નાગ રાખતા હતા. આમ એની પૂજાનો દિવસ પણ આપણા વાર્ષિક જીવનમાં રાખ્યો છે. તે દિવસે સાચો નાગ મળે, તો કેટલાક

પોતાને ભાગ્યશાળી ગણે અને તેને દૂધ પાય. તે માટે તેને શોધવા પણ જાય; પણ એવી રીતે બધા શોધી ન શકે, એટલે માટીના નાગ બનાવી બ્રાહ્મણો મંદિરમાં, નદીએ કે તળાવે બેસે. લોકો તેમને દાનદક્ષિણા આપે. બધા ઠંડા પાણીએ નાહાય. કાચું અને ટાઢું ખાય; કેમ કે ગરમ હોય, તો નાગની મૂછ દાઝે, એવી માન્યના છે.

આ પર્વ મોટે ભાગે સ્ત્રીઓ કરે છે. તેમાં બ્રાહ્મણો સાથે હોય છે. વર્ષનાં ઘણાં પર્વો સ્ત્રીઓ જ કરે છે. તપશ્ચર્યાના પર્વો તો ખાસ તે જ કરે છે; તેથી નાનાં બાળકોમાં તેના સંસ્કાર દૃઢ પડે છે.

બળેવ

શ્રાવણ માસની પૂર્ણિમાએ આવે છે; પણ આ તહેવાર તિથિ કરતાં નક્ષત્ર પર વધારે આધાર રાખે છે. જો શ્રવણ નક્ષત્રમાં ચંદ્ર ચૌદશે આવે, તો ચૌદશે બળેવ થાય.

બ્રાહ્મણોનો આ મોટામાં મોટો તહેવાર. બ્રાહ્મણને તપ એ જ ધન હોય છે; એટલે એ દિવસ તપશ્ચર્યાનો છે. આખા વર્ષમાં જે કંઈ પાપ થયાં હોય, તેના પ્રાયશ્ચિત્તનો આ દિવસ છે.

એ દિવસે તે અંઘેડીનું દાતણ કરે છે, ગાયનાં છાણ-મૂત્રથી શરીર ચોળે છે, ગોમૂત્ર પીએ છે અને પછી નદી કે તળાવના પાણીમાં વહેલા જઈ બેસે છે અને પોતાનાં પાપોનું સ્મરણ કરે છે. પછી નવો સંકલ્પ કરે છે અને ફરીથી એવાં પાપો કે દોષો ન થાય, એ માટે નિશ્ચય કરે છે; અને એનાં પ્રતીકરૂપે જનોઈ હૃદય સાથે રાખે છે. પછી બપોરે જમે છે.

યજ્ઞોપવીત યા જનોઈ

આ જનોઈની રચના પાછળ પણ વિચાર અને ભાવના છે.

જનોઈના ત્રણ તાર હોય છે. એ ત્રણ તાર ત્રણ જાતના ઋણની યાદ આપે છે. ૧. પિતૃઋણ, ૨. ઋષિઋણ, ૩. દેવઋણ.

પિતૃઋણ : પિતાએ મને જન્મ આપ્યો; વળી પિતાના પિતા, વળી તેમના પિતા, એમ અનેકના સંસ્કારોનો વારસો મળ્યો. તે ઋણ કેવી રીતે ફેડવું? તેમણે કીર્તિ, ધન વગેરે આપ્યું, તે કેમ વાળું? તેમની સેવા કરું. તેમણે જીવનમાં જે સારું આપ્યું છે, અથવા સારું ઇચ્છ્યું છે, તેનો નાશ નહિ થવા દઉં. તેમણે અપકીર્તિ આપી હોય તો તે ટાળવાનો, કીર્તિ આપી હોય તો તે વધારવાનો, દેવું આપ્યું હોય તો તે ફેડવાનો, સંપત્તિ આપી હોય તો તે સદ્‌માર્ગે ખર્ચવાનો સંકલ્પ કરું; અને તેમણે આપેલા સદાચારનો વંશ રાખવા માટે જ લગ્ન કરીશ, એમ નિશ્ચય કરું.

ઋષિઋણ : ઋષિ એટલે સમાજનાં શ્રેષ્ઠ માણસો અને એ સમાજ કે જેણે જીવન સરળ બનાવવામાં મને અને મનુષ્યજાતિને મદદ કરી છે, તે બધાંનું ઋણ કેવી રીતે ફેડું? એ માટે મારું જીવન સમાજને ઉપયોગી બનાવીશ.

દેવઋણ : સૂર્ય, ચંદ્ર, તારા વગેરે દેવોનાં પ્રતીક છે. તે ન હોય તો જીવન ન નભે. સૂર્ય ગંદકી દૂર કરે છે અને પ્રકાશ આપે છે. ચંદ્ર શીતળતા આપે છે; હું પણ તેમ કરીશ.

આ ત્રણ ઋણના ત્રણ તાર થયા. એ ત્રણ તાર એવી

રીતે ભેગા કરવા, કે જેથી તેમની એક ગાંઠ પડે તે બ્રહ્મગાંઠ કહેવાય છે; એટલે બ્રહ્મ સાથે ગાંઠ બંધાઈ એમ તે સૂચવે છે.

શિખાસૂત્ર : જ્યાં સુધી આ ત્રણે ઋણ છે, ત્યાં સુધી શિખા અને સૂત્ર (ચોટલી અને જનોઈ) રહે છે. એમાંથી મુક્તિ થાય, એટલે બંને–શિખા અને સૂત્ર–ને તે છોડી દે છે, ત્યારે તેણે સંન્યાસ કર્યો એમ કહેવાય. એ મુક્તિ ક્યારે મળે ? જ્યારે લોકૈષણા, વિત્તૈષણા અને પુત્રૈષણા જાય ત્યારે; એટલે કુટુંબની, ધનની કે કીર્તિની વાંછના ન રહે, ત્યારે–સંન્યાસ આવે–ત્યાં સુધી શિખાસૂત્ર રહે છે. દર વર્ષે સંકલ્પ ફરીફરી તાજો કરવામાં આવે છે અને જનોઈ બદલાય છે.

જનોઈમાં છ તાર : પરિણીત પુરુષો છ તારની જનોઈ ધારણ કરે છે. સ્ત્રીઓ જનોઈ નથી પહેરતી; કેમ કે સ્ત્રી પુરુષમાં સમાઈ જાય છે, એવી કલ્પના છે; તેથી તેનાં ઋણ પણ પુરુષ સાથે ભળી જાય છે. સામાન્ય રીતે પહેલાં એવી માન્યતા હતી, કે (અને તે સાચી લાગે છે) સ્ત્રીના કાર્યમાં પુરુષ નહિ, પણ પુરુષના કાર્યમાં સ્ત્રી ભળી જાય. સ્ત્રી પુરુષમાં સમાઈ જાય, એટલે સ્ત્રીની મહત્તા ઘટતી નથી. પુરુષ એની સલાહ વગર આગળ વધી શકતો નથી અને તે પ્રસંગ આવ્યે પુરુષને રોકી પણ શકે છે; છતાં છેલ્લો નિર્ણય કરવાનું કામ પુરુષનું હોય છે. આ હિંદમાં જ નથી, બધે જ છે. આ બંનેનાં ઋણ ફેડવાનો દિવસ તે આ બળેવ.

પ્રશ્ન–આ કંઠી શાથી બાંધતા હશે ?

ઉત્તર–કંઠી બાંધવાની નથી હોતી, કંઠીનો અર્થ કંઠે

કરવું તે. ગુરુ જે મંત્ર આપે, તે કંઠે રાખવો, જેથી ભુલાય નહિ. આ મંત્ર કંઠે રાખતા, તેની બાહ્ય નિશાની કંઠી બનાવી.

રક્ષાબંધન (શ્રાવણ સુદ ૧૫)

આ બળેવને દિવસે બ્રાહ્મણો લોકોને ચોમાસાના દિવસોમાં કેમ વર્તવું, જેથી નીરોગી રહી શકાય, એ સમજાવતા અને એ સમજાવીને શરીરરક્ષણની આવશ્યકતા યાદ રહે, એ માટે રક્ષા બાંધવાનો રિવાજ હતો.

નાળિયેરી પૂનમ (શ્રાવણ સુદ ૧૫)

આ જ દિવસે દરિયો ખેડનારા દરિયો શાંત થયો હોય, એટલે સમુદ્રયાત્રા શરૂ કરે. દરિયાકાંઠે નાળિયેર થાય, એટલે તે ફળ દરિયાદેવને અર્પણ કરી ખારવા લોકો દરિયા-દેવની પૂજા કરતા; કેમ કે તેમાંથી તે સુખી થયા હતા—નવું-નવું શીખ્યા હતા.

ગૌરીપૂજા

છોકરીઓનો આ તહેવાર છે, અથવા વ્રતદિવસો છે. આ તહેવારની ઉત્પત્તિની કથા અર્થપૂર્ણ છે. ગૌરીપૂજા એટલે ગૌરીની—પાર્વતીની પૂજા. આ પાર્વતીએ શું કરેલું ?

તે જ્યારે નાનાં હતાં, ત્યારે તેમનાં માતા—પિતાનું તેમના પર બહુ હેત હતું અને તેમને કેવો વર મળશે, એની ચિંતા તેઓ કરતાં હતાં. વળી પાર્વતી ખૂબ શક્તિશાળી હતાં, એટલે એમને લાયક વર કેવો મળશે, તેની પણ ચિંતા હતી.

એક વખત નારદજી તેમને ત્યાં ગયા. ત્યારે પાર્વતીના પિતાએ તેમને (પાર્વતીને) કેવો વર મળશે એમ પૂછ્યું.

નારદજીએ વિચાર કરી જવાબ આપ્યો: "છોકરી બહુ ભાગ્યશાળી છે. એને બહુ પવિત્ર અને શક્તિશાળી વર મળશે. તેણે ભભૂતિ લગાવી હશે, કોટે સાપની માળા ધારણ કરી હશે, પોઠિયા પર સવારી કરી હશે, સ્મશાનમાં પથારી રાખી હશે, હાથમાં ખોપરી રાખી હશે અને માથે જટા ધારણ કરી હશે. છોકરી બહુ ભાગ્યશાળી છે."

આ હકીકત જાણી માબાપ બહુ દુ:ખી થયાં. તેમને થયું, કે અહીં ઘેર આટલું બધું સુખ છે અને તેમાં અમારી છોકરી રહે છે, તેને માથે ભારે દુ:ખ આવશે. આ ચિંતા તેમને થઈ; પણ પાર્વતી દુ:ખી ન થયાં. તેમણે તો નિર્ણય કરી લીધો, કે હવે મારે તેવા વરને લાયક થવું; એટલે તેમણે તપશ્ચર્યા શરૂ કરી. તેમણે વૈભવ છોડ્યો, ઈશ્વરસ્તવન શરૂ કર્યું. આવાં પાર્વતીને છોકરીઓ યાદ રાખે, એ માટે આ તહેવારની યોજના છે.

સાસરે જતાં પહેલાં છોકરીને લાયક બનાવવાનું કામ માતાનું છે. માને માથે છોકરીનો બોજો હતો અને આજે ય છે; એટલે નવે ઘેર સારી રીતે નવા કુટુંબમાં એકરૂપ થઈ, છોકરી કેમ સારી રીતે જીવે, એની ચિંતા મા કરતી અને એવી તાલીમ આપતી. જો છોકરી સારી કે નરસી હોય, તો તેની મા વખણાય કે વગોવાય. પોતાનું કુટુંબ છોડી તદ્દન નવા જ માણસોને પોતાના બનાવી દેવા એ સહેલું નથી. ભારે સહનશક્તિ હોય તો જ એમાં સફળતા મળવા સંભવ છે.

વળી દક્ષિણમાં અને રજપૂતોમાં તો લગ્ન પછી કન્યાને

પિતાને ઘેર જવાનું હોતું જ નથી. આવા સંજોગોમાં ગોયરો એ લગ્ન પહેલાંની પૂર્વ તૈયારી છે. લગ્નની પૂર્વ તૈયારી-માં છોકરીઓના દાંત રંગવાનો રિવાજ હતો. તેમાં ખૂબ કષ્ટ ભોગવવાનું રહેતું, પણ તે આનંદથી ઉઠાવતી.



ગૌરીવ્રત

તે દિવસોમાં છોકરીઓમાં ઉપવાસાદિ કરવાનો રિવાજ હોય છે. માટીના વાસણમાં ગોરો (પંચધાન) વાવે છે. તેમાં વચ્ચે એક વાલનો દાણો નાખે છે. તે દિવસે લીલું કંઈ ન વપરાય, એટલે દાતણ પણ રાડાનું કરે છે. પછી બધી છોકરીઓ ગીત ગાતીગાતી નદી કે તળાવે નાહવા જાય. છોકરીઓ નાની હોય તો સાથે કેટલીક માતાઓ પણ જાય અને કેવી રીતે નાહવું, કેમ કરવું વગેરે બતાવે. નાહીને પાછા ફરતાં નાનું બેડું (કુલડીઓનું) પાણીથી ભરી લઈ ગીત ગાતી પાછી આવે. તે દિવસે ફળફળાદિ ખાય. ફળમાં રાયણની કોકડીઓ મુખ્યત્વે હોય.

એક વખત અલૂણું ખાવાની છૂટ હોય છે. (તે દિવસે ઊભાં થવાય નહિ; ઊભાં થાય એટલે ખાવાનું બંધ.) એક વખત ખાવા બેઠાં ત્યારે ખાઈ લે. ઊભાં થયા પછી ન ખવાય; એટલા માટે કેટલીક છોકરીઓ બિલકુલ ઊભી જ ન થાય અને ઓરડામાં કે બહાર ખસતીખસતી જાય. વળી તે દિવસે અસભ્ય અને જંગલી વર્તન પણ કરે. જેમ કે એકબીજાને અસભ્ય ગાળો દે, કૂટે, મારામારી કરે વગેરે. પંચધાન વાવ્યું હોય તે છેલ્લે દહાડે નદી કે તળાવમાં વિધિસર નાખી આવે.

જાગરણદિન : વળી એક દિવસ જાગરણદિન આવે છે, ત્યારે આખી રાત જાગવામાં આવે છે.

આવી ગોયરો નાની–મોટી બધી છોકરીઓ પરણીને સાસરે જાય ત્યાં સુધી કરે અને કેટલીક નાની હોય તે સાસરેથી આવીને પણ કરે.

વ્રત : તે દિવસોમાં છોકરીઓ કંઈ ને કંઈ વ્રત લે. કોઈ ગાયને ચાંલ્લો કરવાનું, કોઈ પાંચ સધવા કે કુમારિકાઓને ચાંલ્લો કરવાનું, કોઈ પીપળા કે તુલસીને પાણી પાવાનું, કોઈ 'રામ' કે એવું કોઈ ભગવાનનું નામ લઈને ખાવા-પીવાનું–એમ એક યા બીજા પ્રકારે વ્રત લે.

દર વર્ષે વ્રત બદલતી રહે. કોઈ બધાં વ્રત પૂરાં કરે.

ભાથાનો તહેવાર (તળાવડી ભરાઈ હોય ત્યારે)

ખેતીનું કામ શરૂ થયું હોય; તોપણ જ્યાં સુધી સીમની તળાવડીઓ ભરાઈ ન હોય; ત્યાં સુધી ખેડૂતને રોજ બપોરે

ઘેર આવવું પડે; કારણ કે બળદને પાણી પાવા માટે ગામના તળાવે આવવું પડે; પણ જ્યારે વરસાદ ધોધમાર પડી જાય અને સીમની તળાવડીઓ ભરાઈ જાય, ત્યારે ખેડૂતને બપોરે ઘેર આવવાનું ન રહે. ઘેર આવે તો કામ ઓછું થાય; એટલે તળાવડીઓ ભરાય એટલે બધા નક્કી કરે તે દિવસથી ભાત ખેતરમાં જાય. એનો પણ આનંદોત્સવ થનો. હજુ પણ ઉત્તર ગુજરાતમાં આ તહેવાર ચાલુ છે.

સ્ત્રીઓ તે દિવસે કંસાર કરે. નાહીધોઈ સારાં કપડાં પહેરી સાથે પૂળા અને કંસારનું ભાથું લઈ ગાતાંગાતાં એકસાથે નીકળે. એ બેની જોડ રહે ત્યાં સુધી ગાય. ભાત આપી પાછા ફરતાં પણ એ જ રીતે ગાતાંગાતાં ઘેર જાય.

આ અપૂર્વ આનંદ અને દૃશ્ય આજે ઓછાં થયાં છે.

રાંધણછઠ (શ્રાવણ વદ ૬)

કેટલાક આ તહેવાર સુદ છઠનો કરે છે. તે દિવસે બેવડું રાંધવાનું હોય છે. કેમ કે બીજે દિવસે શીતળા-સાતમ હોય છે. વળી બે દિવસ ખાવાનું હોવાથી પાણી ન હોય એવા ખોરાક બનાવે; એટલે તળેલી અનેક વાનીઓ બનાવે.

શીતળાસાતમ (શ્રાવણ સુદ–વદ ૭)

આ તહેવાર મુખ્યત્વે સ્ત્રીઓનો ગણી શકાય. તે દિવસે ક્યાં ય કોઈ ચૂલો સળગાવે જ નહિ. તેમાં સ્ત્રીઓને આરામ મળે એવી કલ્પના હશે અથવા વિવિધતાના કારણે હશે.

તે દિવસે સ્ત્રીઓ વહેલી ઊઠે. તે દિવસે તળાવ કે નદી

પર જઈ ઠંડા પાણીએ નાહાય. ત્યાં બ્રાહ્મણ માટીની શીતળાદેવીની મૂર્તિ બનાવે, તેની બધા પૂજા કરે. માતાને પાણીથી નવરાવે, પણ એ રીતે બધા નવરાવવા જાય તો માતા ઓગળી જાય; એટલે માતાને ફરતું પાણીનું કૂંડાળું કરે અને એ પાણી તળાવ કે નદીમાં ચાલ્યું જાય, એવો રસ્તો બનાવે.

આમ શીતળામાતાની પૂજા કરે, ગરબા ગાય અને આનંદ કરે.

જન્માષ્ટમી (શ્રાવણ વદ ૮)

આ તહેવાર બધે મોટા પાયા પર ઉજવાય છે. તે દિવસે ગામેગામ ખૂબ ધામધૂમ હોય છે. આગળના બે દિવસ તળેલું અને ટાઢું ખાધું હોય, એટલે આ દિવસે ઉપવાસ આવે છે. ઉપવાસનું બીજું કારણ એ પણ હોય, કે દેવકી માતા કષ્ટમાં હોય, તો ખવાય શી રીતે ? વળી ભગવાનના જન્મ પછી, જ્યારથી ઉત્સવની શરૂઆત થઈ હશે, ત્યારથી આ દિવસ અતિ આનંદનો હોવાથી, અનાજ ખાવાનું યાદ નહિ આવેલું; આ ઉપરથી ઉપવાસ થયો હશે. આપણા ઉપવાસોની ખૂબી જ એ છે, કે તેમાં અન્ન છોડ-વાનું નથી હોતું, પણ તે દિવસના પર્વના મહત્ત્વના આનંદમાં અન્ન સ્વાભાવિક રીતે ભુલાઈ જવાય છે અને તે જ ઉપવાસ કહેવાય છે; નહિ કે અન્ન છોડ્યું એટલે ઉપ-વાસ થયો કહેવાય. ઉપવાસનો શબ્દાર્થ જોઈએ, તોપણ ઉપ–વાસ=આનંદની પાસે વાસ કર્યો કહેવાય.

અને ભગવાનનો જન્મ થવાનો હોઈ બધા ભજન-કીર્તન કરે જ; એટલે આખો દિવસ રાસ-ભજન ચાલે જ. સવારે બધા મંદિરમાં જાય, ત્યારે પંચાજીરી મળે; તે ઉપવાસમાં ખાઈ શકાય છે. આ દિવસે વૈષ્ણવમંદિરો હોય, ત્યાં ઘણે ઠેકાણે મોટા મેળાઓ પણ ભરાય છે. ત્યાં બાર વાગે (રાત્રે) ભગવાનનો જન્મ થાય છે, ત્યાં સુધી ધામધૂમ થાય છે અને પછી શાંતિ થાય છે. આ દિવસે કેટલાક વૈષ્ણવો ભગવાનને નામે જુગાર વગેરે અયોગ્ય વર્તન પણ ચલાવે છે.

ભગવાનના જન્મસમયે, રાત્રે બાર વાગે, જો વરસાદ વરસે, તો ભગવાન પાણીએ નાહ્યા એમ કહેવાય અને એ વર્ષનું સારું લક્ષણ ગણાય. જો વરસાદ ન વરસે તો ભગવાન દૂધે નાહ્યા એમ કહેવાય અને તે વર્ષ કઠણ આવશે એવી માન્યતા તે વખતે હતી.

પારણાં (શ્રાવણ વદ ૯)

જન્માષ્ટમીનો ઉપવાસ હોય અને ભગવાનના જન્મનો આનંદ હોય, એટલે આ દિવસે વહેલી સવારે ઘેરઘેર મિષ્ટાન્ન થાય અને તે મંદિરમાં ભગવાનનાં દર્શન કરી આવી જમે.

શ્રાવણ માસ

આમ આ આખો માસ પર્વોનો ગણી શકાય. કેટલાક શ્રાવણ માસ કરે છે, એટલે આ આખો માસ એકટાણું કરે છે. આખો માસ ન કરે, તે દરેક સોમવાર કરે. વળી

કેટલાક તો ચાતુર્માસ—ચોમાસાના ચારે માસ એકટાણું કરે છે અને એકટાણું કરનારાઓમાં મોટે ભાગે સ્ત્રીઓ જ હોય છે. એ રીતે પુરુષો કરતાં સ્ત્રીઓ તપશ્ચર્યામાં ચઢી જાય છે.

આ માસમાં કામ ઓછું હોય. મહેમાન—પરોણા, લગ્નગાળો, યાત્રાઓ વગેરે બધું આ માસમાં બંધ હોય. વરસાદ ધોધમાર ન પડે, પણ ઝરમર—ઝરમર આવતો હોય —ભોંય ભીની રાખતો હોય.

આથી આખો માસ કામ ઓછું હોય, એટલે ધાર્મિક વૃત્તિ કેળવવાનો અવકાશ સારો રહે; તેથી સ્ત્રીઓ કથા-વાર્તા સાંભળવા મંદિરોમાં જાય અને સાધુસંતોનો સમાગમ મેળવે.

ધ્રોઆઠમ—દૂર્વાષ્ટમી (ભાદરવા સુદ ૮)

આ દિવસે ચૂલાને આરામ મળે; કારણ કે ખાવા કરવા-નું ન હોય. બાજરીનાં કુલેર અને ચોખાના લાડુ કરે; રાંધેલું અનાજ કે શાક નહિ. તે દિવસે ધરોનું પૂજન કરે. ઢોર માટે ચાર લાવે, તેમાં ધરો ન લાવે. એ દિવસે ક્યાંકક્યાંક મેળા પણ થતા....આમ આ પણ સ્ત્રીઓનો તહેવાર છે.

અખો નોમ (ભાદરવા સુદ ૯)

આ દિવસે સ્ત્રીનું વ્રત હોય છે, કે તેનાથી દળાય નહિ, ભગાય નહિ, ખંડાય નહિ, કપાય નહિ. એટલે દળવા, ખાંડવા કે ઘાસ કાપવા તો જાય નહિ, પણ ખાવા બેસે ત્યારે રોટલો ભાંગીને ખવાય નહિ, એટલે તે દિવસે પુરુષ

રોટલો ભાગી આપે.

આ બધાની પાછળ સ્ત્રીને આરામ આપવાની કલ્પના હશે. તે દિવસે ગરબા પણ ગવાય છે.

શ્રાદ્ધ (ભાદરવા સુદ ૧૫ થી વદ અમાસ સુધી)

આ દિવસોમાં પિતૃઓને યાદ કરવામાં આવે છે. તે વખતે અનાજ વગેરે પાકયું હોય અને નવી સંપત્તિ ઘરમાં આવી હોય, એટલે બાપદાદાઓ યાદ આવે. તેમની મહેનતનો પણ તેમાં હિસ્સો દેખાય; તેથી તેમનું શ્રાદ્ધ કરે. પહેલાં શ્રાદ્ધ સરાવવાનો રિવાજ હતો.

ડાંગર નવી થઈ હોય, એટલે તેના ચોખાની ખીર રાંધી ખાવાનો રિવાજ હતો. તેમાં પિતૃઓને અમૃત આપવાની ભાવના હતી.

વળી તે દિવસે પતિત, વાયસ, (કાગડો યા પક્ષીગણ), પાપી, રોગી અને શ્વાન-કૂતરાં એ બધાંને જમાડી જમવાનો સંકલ્પ, એ પિતૃઓનું તર્પણ છે.

યજ્ઞ, દાન અને તપ એ હિંદુ ધર્મના ત્રણ સ્તંભો છે. યજ્ઞ એટલે બીજા માટે ઘસાઈ છૂટવું, દાન એટલે બીજા માટે ખરચી નાખવું અને તપ એટલે તપશ્ચર્યા કરવી. (વૃત્તિઓને રોકવી.)

આપણા બધા તહેવારોમાં આ ત્રણે ગુંથાયેલાં હતાં. શ્રાદ્ધપક્ષમાં બ્રાહ્મણો યજમાનને ત્યાં શ્રાદ્ધક્રિયા પૂરી થતાં સુધી ખાતા નહિ. શ્રાદ્ધને દિવસે સંન્યાસીને કંઈ પણ ન આપવાનો રિવાજ હતો. તે જમાનામાં સ્ત્રીઓની પ્રતિષ્ઠા

ઓછી હશે, એટલે પિતૃઓના શ્રાદ્ધના દિવસો ઘણા રાખ્યા અને માતૃઓના શ્રાદ્ધ માટે ફક્ત એક દિવસ નોમનો રાખ્યો. એવી જ રીતે બાળકો (બાળાંભોળાં) માટે તેરશ, ધવાયેલાંઓની ચૌદશ અને ભૂલ્યાં–ચૂક્યાંની અમાસ રાખી; આમ સમાજમાં બધાનું શ્રાદ્ધ કરવામાં આવતું.

નવરાત્રિ (આસો સુદ ૧ થી ૯)

શ્રાદ્ધ પૂરાં થાય એટલે નવરાત્રિ શરૂ થાય. નવરાત્રિ એટલે નવા દિવસો: નવા દિવસોમાં થનગનાટ હોય જ. તેમાં શક્તિનો સંચાર થાય. આ દિવસો શક્તિવર્ધક છે.

આર્યો શક્તિના પૂજક હતા. શિવ અને શક્તિમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે, એમ આર્યો માનતા હતા. આ વખતે જવારા વવાય છે અને તે જેમ જલદી વધે છે, તેમ માણસમાં શક્તિ ખીલવી જોઈએ એવી પ્રેરણા જવારામાંથી મેળવાતી.

આ બધા દિવસોમાં સ્ત્રીઓ રાત્રે ગરબા રમે અને આનંદ કરે. ગરબાવખતે પ્રકાશ જોઈએ. તે વખતે વીજળીની બત્તીઓ ન હતી, એટલે વરસાદ કે પવન નુકસાન ન કરે અને પ્રકાશ મળે, એ માટે કાણાંવાળી માટલીઓમાં દીવો મૂકતા અને તેની ચોફેર સ્ત્રીઓ ગરબા લેતી.

દશેરા (આસો સુદ ૧૦)

નવરાત્રિ પૂરી થાય, એટલે દશેરા આવે. તેને નવરાત્રિનો છેલ્લો દિવસ ગણી શકાય. દશ–હરા–દશ માથાં રાવણનાં હરાયાં.

તે દિવસે રક્ષા કાઢી નાખવામાં આવે છે; કેમ કે રોગનો ભય ગયો હોય છે.

મહાભારતમાં, અર્જુને શમીવૃક્ષ પર હથિયાર બાંધેલાં તે, તે દિવસે ઉતાર્યાં, એવી વાત આવે છે; એટલે તે દિવસે સાંજના લોકો શમીવૃક્ષની પૂજા કરવા જાય છે.

રાજાઓ લડાઈની તૈયારીઓ કરે છે, તે માટે તે દિવસે ઘોડા, હાથી વગેરે દોડાવે છે. અને તેમની શક્તિ માપે છે. લશ્કરને પણ એ જ રીતે જુએ છે અને એ માટે સવારી કાઢે છે.


જ્યાં રાજાઓ છે, ત્યાં આજે પણ સવારી કાઢવામાં આવે છે; પણ હવે તો તે લડાઈની તૈયારી કરવા નહિ, પણ આડંબર માટે કઢાય છે.

જ્યાં સુધી રાજા છે ત્યાં સુધી પ્રજા છે. રૈયત એટલે અધીન પ્રજા. એક રાજા હાર્યો, એટલે આખી રૈયત હારી ગઈ; કેમ કે રૈયત રાજાને અધીન હતી; એટલે આજે ગાંધીજી રાજાને કાઢવા માગે છે. દરેક માણસ સ્વતંત્ર છે. કોઈ કોઈને અધીન નથી. બાળક અને સ્ત્રી પણ સ્વતંત્ર છે. કોઈને અધીન રહેવું એ ગુલામી છે. એ ગુલામી આખા સમાજમાંથી–બધાં અંગોમાંથી તે કાઢવા માગે છે.

શરદપૂનમ (આસો સુદ ૧૫)

ચોમાસાનો છેલ્લો અને દિવાળી પહેલાંનો આ તહેવાર છે. કુદરતી રીતે વરસાદ ગયો અને ધૂળ બેસી ગઈ, એટલે આકાશ સ્વચ્છ બન્યું; ઉત્તમમાં ઉત્તમ ચંદ્ર અને તારા

આ દિવસોમાં દેખાય. વળી શરદઋતુનો આ છેલ્લો દિવસ હોય છે, એટલે સૌંદર્યપાનનો આ છેલ્લો દિવસ ગણીએ



શરદપૂનમ

તો ચાલે.

આ રાત્રે દૂધ અને પૌંઆ ખાવાનો રિવાજ છે. નવી ડાંગરના પૌંઆ ખૂબ મીઠા હોય છે. તેમાં દૂધ, સાકર અને લીલું કોપરું આવે, એટલે તેમાં અમૃતની મીઠાશ આવે. શાંત, સુંદર અને અજવાળી રાત્રિમાં અમૃત જેવા દૂધ–પૌંઆ ખાવાનો પણ લહાવો હતો. ચોમાસામાં રાસ–ગરબાનો કાર્યક્રમ ઘણીવાર રહેતો. આ બધા તહેવારો ભક્તિભાવ-પૂર્વક ઉજવાતા. એ તહેવારોની રચના કરનારા જ્ઞાની હતા,

પણ ઉજવનારા જ્ઞાની ન હતા, પણ ભક્ત તો હતા જ. આ તહેવારો અને તેમાં ચાલ્યા આવતાં વ્રતો મારફત લોક–કેળવણી થતી.

આકાશદર્શન

તે વખતે બધાંના જીવનનો આધાર ખેતી અને તેમાં ય ચોમાસું પાક મુખ્ય હતો. પાક માટે જોઈતા વરસાદનું જ્ઞાન પણ તેઓને હતું. તે વખતે લોકો એમ માનતા હતા, કે વરસાદનાં વાદળાં સાત વખત આવી જાય, પછી વરસાદ પડે. કેરડાને બહુ ફૂલ આવે તો આ વર્ષે બહુ વરસાદ આવશે એમ મનાતું.

નક્ષત્રો અને વર્ષ

કુલ નક્ષત્રો ૨૭ છે અને વર્ષના દિવસ ૩૬૫ છે; એટલે આખા વર્ષમાં ૧૪–૧૪ દિવસનાં ૧૪ નક્ષત્રો અને ૧૩–૧૩ દિવસનાં ૧૩ નક્ષત્રો સૂર્ય સાથે ઊગે છે.

તે અનુક્રમે નીચે મુજબ છેઃ–

૧. અશ્વિની, ૨. ભરણી, ૩. કૃતિકા, ૪. રોહિણી, ૫. મૃગશીર્ષ, ૬. આર્દ્રા, ૭. પુનર્વસુ (કડવી પક્ષ), ૮. પુષ (મીઠી પક્ષ), ૯. અશ્લેષા, ૧૦. મઘા, ૧૧. પૂર્વાફાલ્ગુની, ૧૨. ઉત્તરાફાલ્ગુની, ૧૩. હસ્ત, ૧૪. ચિત્રા–પ્રથમનાં ૧૪. ૧૫. સ્વાતિ, ૧૬. વિશાખા, ૧૭. અનુરાધા, ૧૮. જ્યેષ્ઠા, ૧૯. મૂળ, ૨૦. પૂર્વાષાઢા, ૨૧. ઉત્તરાષાઢા, ૨૨. શ્રવણ, ૨૩. ધનિષ્ઠા, ૨૪. શતભિષા, ૨૫. પૂર્વાભાદ્રપદ, ૨૬. ઉત્તરાભાદ્રપદ, ૨૭. રેવતી–પછીનાં ૧૩.

ચોમાસાનાં નક્ષત્રો

ચોમાસામાં મુખ્યત્વે ૧૦ નક્ષત્રો હોય છેઃ—

૧. રોહિણી, ૨. મૃગશીર્ષ, ૩. આર્દ્રા, ૪. પુનર્વસુ (કડવી પક્ષ), ૫. પુષ (મીઠી પક્ષ), ૬. અશ્લેષા, ૭. મઘા, ૮. પૂર્વાફાલ્ગુની, ૯. ઉત્તરાફાલ્ગુની, ૧૦ હસ્ત.

રોહિણી નક્ષત્ર

ચોમાસાની શરૂઆતમાં રોહિણી નક્ષત્ર આવે છે. તે વખતે જો વરસાદના સાધારણ છાંટા પડી જાય, તો વરસ ખરાબ આવે અને વીજળી થઈ થોડા છાંટા આવે તો ૭૨ દિવસે વરસાદ આવશે (એને રોણબોતરા કહેતા.) અને રોણ રેલે (રેલો ચાલે—બળદને શિંગડે રેલો ઊતરે એટલું પાણી પડે) તો વરસ સારું પાકે, એમ માનતા. જ્યાં રોણ ઓછી રેલે, ત્યાં આખું ચોમાસું ઓછો વરસાદ અને વધુ રેલે ત્યાં વધુ વરસાદ થાય એમ ગણતરી કરતા.

અષાડ સુદ ૫

અષાડ સુદ પાંચમે વીજળી થાય તો દાણા પાકે, એમ કહેવાય છે. તેનો દોહરો આ છેઃ—

અષાડ સુદ પંચમી, જો ઝબૂકે વીજ;
દાણા વેચી ધન કરો, રાખો બળદ ને બીજ.

જો તે દિવસે વીજળી થાય તો દાણો સંઘરવાની જરૂર નથી. બળદ રાખો અને બીજ તૈયાર કરો; કેમ કે વર્ષ સારું આવશે. વળી બીજો પણ દોહરો છેઃ—

અષાડ માસમેં દો દિન સારા, આઠમ—પૂનમ—ઘોર અંધારા;

ભડળી કહે મેં જાણ્યો ભેદ, જેટલો વાદળ તેટલો મેહ.

અષાડ સુદ ૮ ને ૧૫—બંને દિવસે આકાશ વાદળાંથી છવાઈ જાય તો જાણવું, કે વરસાદ તૂટી પડશે.

રોહિણીના વરસાદમાં બાજરી થાય, મૃગશીર્ષના વરસાદમાં કાતરા પડે અને આર્દ્રાના વરસાદમાં સારી ખેતી થાય.

પુનર્વસુ (કડવી પક્ષ) અને પુષ (મીઠી પક્ષ) બંને પક્ષ કહેવાતા. આર્દ્રા કરતાં પક્ષમાં વાવેલી બાજરી સારી અને ખૂબ થતી. કહેવત છે, કે 'આર્દ્રાની ઉંડોળ અને પક્ષનો પૂળો' એટલે આર્દ્રાના ઉંડોળમાંથી જેટલી બાજરી પાકે, તેટલી પક્ષના એક પૂળામાંથી થાય. હાલ એવું નથી હોતું. કડવી પક્ષનું પાણી કડવું, એટલે તે ખેતીને નુકસાન કરે; બાજરી કે બીજા રોપ ફીકા પડી જાય. મીઠી પક્ષમાં ખેતી સારી થાય છે. પીળા પડી ગયેલા છોડ પણ લીલા થઈ જાય. એ બન્ને વાદીલાં છે, એમ મનાતું, પણ હવે એમ નથી જણાતું.

અશ્લેષા

અશ્લેષાનું પાણી બહુ વજનદાર ગણાય. તે પાણી પડે એટલે સીધું જમીનમાં ઊતરી જાય અને કૂવામાં પાણી વધે. એ વિષે એવું કહેવાય છે, કે પાણી સોનાનો ઘડો ફોડીને પણ પાર ઊતરી ગયું હતું. એનો અર્થ એ, કે તે નક્ષત્રનું પાણી ઊંડે સુધી જાય છે. એ નક્ષત્રમાં પાણી ન પડે તો ઝરણાંનાં પાણી ઓછાં થઈ જાય. 'જો ન વરસે અશ્લેષા, તો ક્યા

મસલેગા?' એમ કહેવત છે, એટલે અશ્લેષા ન વરસે તો ખાય શું?

મઘાનું પાણી—અમૃતજળ

મઘા વરસે તો લોકો ટાંકામાં પાણી ભરી લેતા. આજે પણ જ્યાં બારે માસ ટાંકાનું પાણી પીવાનું હોય છે, ત્યાં તે પાણી સંઘરી રાખે છે. તે પાણી ઉત્તમ ગણાય છે, બગડતું જ નથી. 'જો વરસે મઘા તો કુંડહાંના ઢગા'—એટલે મઘા વરસે તો કુંડહાં બહુ થાય; એટલે અનાજ બહુ પાકે. તે વરસે ત્યારે બાજરીને દાણા આવી જાય છે.

પૂર્વાફાલ્ગુની

'જો વરસે પૂર્વા, તો કણબી બેસે ઝૂરવા.' તે નક્ષત્રનું પાણી ખરાબ હોય છે. છોડ ફીકા પડી જાય છે. ખેતરના કરસણમાં હળ-લાકડું ફેરવાય નહિ. જો તલ હોય અને ફૂલ બેસતાં હોય, તો તે બંધ થઈ જાય.

ઉત્તરાફાલ્ગુની

'જો વરસે ઉત્તરા તો ધાન ન ખાય કૂતરાં.' બાજરી વગેરે પાક તૈયાર થવા આવ્યો હોય અને તે વરસે એટલે પાક બગાડે અને કહોવાઈ જાય; તેથી તે બાજરી કૂતરાં ય ન ખાય.

હસ્ત

હાથીઓ સૂંઢ ફેરવી જાય. હસ્તને બધા હાથીઓ કહેતા. 'જો વરસે હસ્ત તો ધાન પાકે સર્વસ્વ.' જો હસ્ત

વરસે તો શિયાળુ કઠોળ અને રવિનો પાક સારો થાય. હરત પછી જો વરસાદ આવે તો તે માવઠું કહેવાય.

શરૂઆતમાં વરસાદ ન આવે તો

વરસાદની તાણ હોય તો લોકો યજ્ઞ–હવન કરે છે. 'यज्ञात् भवति पर्जन्यः' એમ ગીતાજીમાં છે. વળી કેટલાક લોકો મેવલો કાઢે છે. માટીનું એક પૂતળું પાટલા પર મૂકી, તે લઈ બધે ઘેરઘેર ફરે. તેના પર બધા પાણી રેડે અને ફરનારને કંઈક આપે.

વળી કેટલાક લોકો મહાદેવના લિંગને પાણીમાં ડુબાડી દેવને ગભરાવે છે, જેથી દેવ ગભરાઈને વરસાદ મોકલે.

આવીઆવી અજ્ઞાનસૂચક માન્યતાઓ પણ હતી.

શ્રાવણ માસમાં વરસાદ ખૂબ હોય છે. ખૂબ એટલે ધોધમાર નહિ, પણ થોડોથોડો પડ્યા કરે. એને શ્રાવણનાં સરવડાં કહે છે, એટલે સરવર–સરવર પડે છે; કોરું ન કાઢે, એને 'હેલી' કહે છે. તે વખત રોપવાનો સમય ગણાય. બધાં ધરુ તે માસમાં રોપાય છે. તે દિવસોમાં દૂધવાળાં સાર્વજનિક ઝાડો રોપવાનો રિવાજ હતો. તે બહુ પુણ્યનું કામ ગણાતું. વળી એક એવી માન્યતા હતી, કે પીપર ઝાડ રોપીએ તો મૃત્યુ વહેલું થાય.

૬ : આચારવિચાર

બ્રાહ્મણ

વસવાટ: ગામના ગમે તે ભાગમાં બ્રાહ્મણો રહેતા. વચ્ચે નહિ, નીચાણમાં નહિ, પણ ગામના ઊંચાણવાળા ભાગમાં સમૂહમાં રહેતા; એટલે બ્રાહ્મણવાડો જુદો પડતો. એને કેટલાક બ્રહ્મપોળ પણ કહેતા. એ સ્થળ ઓળખવા માટે કહેવત હતી, કે "ટૂંકું પોતિયું ને તુલસીક્યારો, એ જ્યાં હોય તે બ્રાહ્મણવાડો." સૂકવેલું ટૂંકું પોતિયું અને તુલસીક્યારો હોય, તે બ્રાહ્મણનો વાડો એ સંજ્ઞા હતી.

ધંધો

બ્રાહ્મણોના બે વર્ગ હતા. અભણ અને ભણેલા. અભણ બ્રાહ્મણો મોટે ભાગે ખેતી કરતા. કોઈ કોઈ ગોરપદું કરતા, પણ તેમનું જીવન મુખ્યત્વે ખેતી પર હતું. ભણેલા બ્રાહ્મણોમાં પણ બે વર્ગ હતા—ગામડાંના બ્રાહ્મણોને સામાન્ય નિશાળોમાં જે ભણતર મળે, તેથી વધુ ભણવું હોય, તો તેઓ સંસ્કૃત ભણતા; કારણ કે તે આજીવિકાનું સાધન હતું. શહેરના અથવા મોટા ગામના બ્રાહ્મણો વધુ ભણવું હોય તો અંગ્રેજી ભણે અને પછી નોકરી કરે.

ગામડાંના ભણેલા વર્ગમાં એક વર્ગ શિક્ષકનો હતો. લોકોની ઇચ્છાથી તે વર્ગના શિક્ષકો બાળકોના શિક્ષણનું કામ કરતા અને લોકો તેમનું જીવન નભાવતા. તે ૮ માસ નિશાળનું અને ૪ માસ ખેતીનું કામ કરતા.

બીજા વર્ગમાં પુરોહિતો અને યાજ્ઞિકો હતા. પુરોહિત તો ગામના સલાહકાર જેવા. દરેક પોતાના કામની શરૂઆત કરવી હોય તો પ્રથમ પુરોહિતને બોલાવે અને પૂછે. યાજ્ઞિકો એટલે હોમ, હવન વગેરે યજ્ઞકાર્યો કરાવે તે. જ્યોતિષ પણ તે જાણતા. કેટલાક ખગોળ પણ જાણતા. કેટલાક સંસ્કૃત સાહિત્યના અભ્યાસીઓ પણ હતા. જે લોકોને શાસ્ત્રજ્ઞાન આપતા, તે શાસ્ત્રી કહેવાયા. વળી કેટલાક પુરાણ ભણી કથાવાર્તા કહેતા, તે પુરાણી થયા.

યજમાનવૃત્તિ બધા ભણેલા બ્રાહ્મણો કરતા. તેઓમાં લેખકો અને કવિઓ પણ હતા.

આ ભણેલા વર્ગનું પણ આજીવિકાનું સાધન તો ભિક્ષાવૃત્તિ જ હતું. કેટલાક વૈદો થયા. તે વનસ્પતિ અને ધાતુઓની ભસ્મો વગેરે વડે દવા કરતા અને તેમાંથી પણ આજીવિકા મેળવી લેતા. ટીપણું બધા બ્રાહ્મણો રાખતા.

ધાર્મિક વૃત્તિ

બધા બ્રાહ્મણો ઘેર દેવમૂર્તિઓ રાખતા અને દેવસેવા કરતા. અભણ બ્રાહ્મણો પણ માળા ફેરવ્યા સિવાય ભોજન લેતા નહિ.

વ્યસન

બ્રાહ્મણોમાં બીડી જેવું કોઈ વ્યસન હતું નહિ. ચાહ નો ત્યારે ન હતી, પણ પુરુષો તમાકુ ખાતા અને સ્ત્રીઓ તમાકુ સૂંઘતી. કોઈક બ્રાહ્મણ અફીણ ખાતા, પણ એ તો અપવાદરૂપ ગણાય.

પુરુષોનો પોશાક

સાદાઈ સ્વાભાવિક હતી. પુરુષો જમતી વખતે ટૂંકું, શણનું, ઊનનું કે રેશમનું કપડું રાખતા અને તેને અબોટિયું કહેતા. સ્થિતિ સારી હોય તો તે રેશમનું રાખે, નહિ તો શણનું રાખે. શણના કપડાને શણિયું કહેતા. રાત્રે પહેરવા માટે પણ એક સુતરાઉ ટૂંકું ધોતિયું રાખતા. એ એટલું ટૂંકું હોય, કે માંડ કાછડી ખોસાય. આ સિવાય ઘરમાં કે ગામમાં પહેરવાના પોશાકમાં એક નાનું પહેરણ અને ટૂંકું ધોતિયું રાખતા. ગામ–પરગામ જવાનું હોય ત્યારે લાંબી બાંયનું અંગરખું રાખતા. તેની કસ છાતી નીચે વચ્ચોવચ્ચ બાંધવામાં આવતી. તે પગના ઢીંચણ સુધીનું, ખુલ્લું, નીચું રહેતું. તેની નીચે નાનું પહેરણ હોય, જેથી અંગરખું ઝટ મેલું ન થાય. ધોતિયું બન્ને બાજુએ પાટલીથી પહેરાય એવું હોય છે. ખભે ખેસ, માથે પાઘડી અને હાથમાં લાકડી હોય. પુરોહિતો ગોળ પાઘડી રાખતા અને ટીપણું પાઘડીમાં ખોસતા: આ તેમનો પ્રતિષ્ઠિત પોશાક હતો.

સ્ત્રીઓનો પોશાક

સારી સ્થિતિવાળા ઘરની સ્ત્રીઓનો પણ પોશાક સાદો હતો, પણ તેઓ બહાર જાય ત્યારે કે બીજે જમવા જાય ત્યારે રેશમી સાડીઓ પહેરતી. કોઈ કોઈ અંબર કે બાંટ જેવાં કિંમતી વસ્ત્રો પહેરતી.

ઘરેણાં

જે બ્રાહ્મણો પોતાનું જીવન ગરીબાઈથી અને ભિક્ષાવૃત્તિ-

થી ગાળતા હોય, તેમને ત્યાં ઘરેણાં ક્યાંથી હોય, એમ પ્રશ્ન થાય; પણ 'ભીખની હાંલ્લી શીંકે' એવી એક કહેવત છે. બધા થોડું થોડું આપે; તે ભેગું થાય એટલે કશાની તાણ ન પડે. વળી સ્ત્રીઓમાં અને પુરુષોમાં કરકસર અને સાદાઈના ગુણો સારા પ્રમાણમાં ખીલેલા હતા.

એમનું ભોજન તદ્દન સાદું હશે. પણ જમવા માટે વ્યવસ્થિત આસન મૂકી, વ્યવસ્થિત બેસી, મંત્ર બોલીને શાંતિથી તેઓ જમતા.

'ત્રેવડ ત્રીજો ભાઈ' એ કહેવત પ્રમાણે ઘરમાં ત્રેવડ હોય, એટલે નજીવી આવકમાંથી પણ તેઓ બચત કરે અને તેમાંથી ઘરેણાં કરાવે. તે સમયે ઘરેણાં પહેરવાનો રિવાજ હતો અને શક્તિ મુજબ વત્તાં–ઓછાં પણ બધાં જ (સ્ત્રીઓ, પુરુષો, બાળકો) ઘરેણાં પહેરતાં. પુરુષોનાં ઘરેણાંમાં કોટમાં ઝીણા મણકા સાથેની રુદ્રાક્ષની માળા, કાનમાં સોનાની વાળી અને હાથમાં વીંટી હોય. વારતહેવારે ગામપરગામ જવું હોય તો ત્રણ, પાંચ કે સાત સેરનો દોરો ગળામાં નાખતા.

બાળકોને હાથમાં (કાંડાએ) સોનાની કલ્લીઓ, પગમાં ઝાંઝર યા તોડીઓ, કેડે કંદોરો, કોણી પર સોનાનું કડું અને કાને મરચીઓ હોય.

સ્ત્રીઓને કોટમાં ઉસી, હાથે બેરખી, પગે સાંકળાં અને કલ્લાં, કોણી પર વાંક, ગળે દોરો, કાનમાં વેલ્લા અને લોળિયું, નાકે કાંટો (મોતીવાળો મોટો), આંગળીએ

વીંટી, વેઢ અને ચાંદીના છલ્લા, પગની આંગળીએ અંગૂઠીઓ, જોટવાં, કરડા, વીંછીઓ—આટલા દાગીના હતા.

સ્નાન–પૂજા

બ્રાહ્મણો સ્નાન અને પૂજા કર્યા વિના જમતા નહિ. તેઓ હજામત નિયમિત અમુક દિવસે કરાવે, ત્યારે માથે ચોટલી રાખે; બાકી બધા વાળ અસ્ત્રાથી કઢાવી નાખે. પછી માથામાં તેલ નાખે, એટલે માથું સુંવાળું થાય અને મેલ ન રહે.

ચોખ્ખાઈ એવી, કે હજામત કરાવતા પહેલાં, વાળંદની વાટકી ઘસાવી સાફ કરાવે, હાથ ધોવરાવે; પછી અસ્ત્રો પથરી પર અને ચામડાં પર ઘસાવી તૈયાર કરાવે. વાળંદ પણ એવી સ્વચ્છતાથી ટેવાઈ ગયેલા. બ્રાહ્મણોનું માન તે વખતે હતું, એટલે એ સ્વચ્છતાની કાળજી રાખતા.

(વતું) હજામત કરાવ્યા પછી કે જાજરૂ જઈ આવ્યા પછી બ્રાહ્મણો સ્નાન કરતા. જાજરૂ જઈ આવ્યા પછી માટીથી (પહેલો ડાબો હાથ, પછી જમણો હાથ, પછી બન્ને હાથ—એમ ત્રણવાર) અથવા સાતવાર હાથ ધુએ, પગ ધુએ. જમતી વખતે કપડું બદલે જ. તેમનાં કપડાં પણ સ્વચ્છ રહેતાં. તે વખતે સાબુ ન હતો. ધોબીને કપડાં આપવામાં ન આવતાં, છતાં કપડાં મેલાં રાખે જ નહિ; એટલે તેમનાં કપડાંમાં પણ સાદાઈ, સ્વચ્છતા અને સુઘડતા રહેતાં.

બીજી કેટલીક ખાસિયતો—દરેક બ્રાહ્મણમાં લોકોમાં ભળી જવાની આવડત હતી. ભણેલા દરેકને ટીપણું જોતાં

આવડતું. અભણ–ભણેલા દરેકને રસોઈ કરતાં આવડતી; કેમ કે ક્યાંકક્યાંક બહાર ગયા હોય, ત્યાં બ્રાહ્મણ સિવાયના બીજા હોય તો તે સીધું લાવે, એટલે તે રસોઈ બનાવી લે. સ્રીઓ બોલવા–ચાલવામાં કુશળ હતી. તે ખડતલ હતી; વેવલી ન હતી. બધા બ્રાહ્મણો ઘેર ઓરશિયો અને સુખડ રાખે અને રોજ સુખડ–ચંદનનો ચાંલ્લો કરે. સ્રીઓ વ્રત-ઉપવાસ ઠીક પ્રમાણમાં કરતી. બ્રાહ્મણને ત્યાં બ્રાહ્મણ સિવાયનો જમવા આવે અને જમે, તો તે બ્રાહ્મણને કંઈક આપે. જેમ દીકરીને ઘેર ન જમાય, તેમ બ્રાહ્મણને ઘેર પણ ન જમાય અને તે જમે તો કંઈક વધુ આપે જ.

બ્રાહ્મણને ત્યાં જે કંઈ હોય તે ગામમાંથી મળેલું હોય; એટલે તે પણ સાર્વજનિક ગણાય. ગામના સાર્વજનિક કામ માટે લખણી થાય, તો તેમાં બ્રાહ્મણોને બાતલ રાખવામાં આવતા. જ્યાં બ્રાહ્મણોની જ વસ્તી બહુ મોટી હોય, ત્યાં બ્રાહ્મણો લખણીમાં આપતા.

ખેતીવાળા બ્રાહ્મણોને ત્યાં બળદ, ભેંસ હતાં; પણ તે સિવાય પોતાને ત્યાં તેઓ ગાય રાખતા, જેથી દૂધ–ઘી મળે અને તે પૂજાના કામમાં પણ આવે. બધા બ્રાહ્મણો ગાયો રાખતા નહિ.

બ્રાહ્મણનો છોકરો આઠ વર્ષનો થાય, એટલે તેને ઉપ-વીત આપતા. ત્યારે તે ખર્ચ કરે અને કુટુંબ વગેરેને જમાડે. લગ્ન જેવો મોટો અવસર તે ગણાતો. તે વખતે બ્રાહ્મણ સિવાયનાને પણ નોતરું આપે અને પેલા જાય અને

જમીને ચાંલ્લો કરે.

વાણિયા

વસવાટ: સામાન્ય રીતે વાણિયાનાં ઘર ગામની વચ્ચે હોય અને ઘર તથા દુકાન એકસાથે પણ હોય. તે ગામની વચ્ચે રહેતા, એનું કારણ એ લાગે છે, કે બધા લોકોને માલ લેવા–આપવાની સરળતા થાય; એટલે બધાની સગવડ ખાતર તેમને ગામની વચ્ચે રાખ્યા હશે.

તે ગામની વચ્ચે રહે, તેથી ચોર, લૂંટારા વગેરેની ધાસ્તી ન હોવાને પરિણામે જ તેમનામાં હિંમતનો અભાવ હશે. તે લડવાના પ્રસંગે ઘેર રહે, બહાર ન નીકળે; પણ ઘેર રહી સલાહ આપે ખરા.

પોશાક અને ઘરેણાં

પોશાક અને ઘરેણામાં બ્રાહ્મણ–વાણિયામાં ખાસ ફેર નથી. વાણિયા ઢીલી કાછડીના ગણાય છે. તેનું કારણ એ, કે તેમને દુકાને બેસવાનું હોય છે. બેસવામાં ધોતિયું ઢીલું હોય એ સ્વાભાવિક છે. જેને કામ કરવાનું છે કે ફરવાનું છે, તેને તે ઢીલું હોય એ ન ચાલે.

વાણિયાને ત્યાં પૈસા બહુ હોય, પણ તે કોઈ જાણે નહિ. તેમનો પૈસો બહાર દેખાય નહિ; કેમ કે તેની રહેણી-કરણીમાં કંઈ ફેર ન પડે. એ માટે એક કહેવત છે, કે–
'ખાણ જીરવે ભેંસ અને ધન જીરવે વાણિયો.'

ખોરાકમાં કરકસર ખરી, પણ બ્રાહ્મણો કરતાં તેમનો ખોરાક કંઈક સારો હતો.

ખાસિયત

એક કહેવત છે, કે 'ગાંડીના ડાહ્યા અને ડાહીના ગાંડા.' વાણિયાની સ્ત્રીઓ કરકસર કરવામાં કુશળ; પણ બોલવા–ચાલવામાં કુશળ નહિ, પણ વેવલી; પણ તેમના દીકરા વાણિયા ડાહ્યા હોય; પણ રજપૂતની સ્ત્રીઓ બોલવા–ચાલવામાં, વ્યવહારમાં કુશળ હોય, ત્યારે તેમના દીકરા 'માર બૂધું ને કર સીધું' એવા હોય.

વાણિયા સ્ત્રી–પુરુષોમાં કરકસરનો ગુણ વિશેષ કેળવાયો છે. વાણિયો કોઈ ગામમાં જ્યારે જાય, ત્યારે પાસે કાંઈ ન હોય. તે નાનીસરખી દુકાન કરે, તેમાંથી પાઈપાઈ બચાવી આગળ વધે અને થોડાં વર્ષમાં તે પૈસાવાળો થઈ જાય. તે સૂતળીની દોરીનો કટકો કે કાગળનો ટુકડો પણ ફેંકી ન દે, પણ સાચવીને ચોક્કસ જગ્યાએ મૂકે અને જરૂર પડ્યે તે કાઢે.

તેમની સ્ત્રીઓમાં પણ એ જ ગુણ હોય છે. મારા અનુભવનો એક દાખલો છેઃ

મારા ગામના વેપારીનો છોકરો નાનપણમાં મારો મિત્ર હતો. તે કમાવા નીકળ્યો. એક દિવસ તેમને ત્યાં હું ગયો. ત્યાં તેની સ્ત્રીએ મને રસોઈ કરવા અનાજ, વાસણ અને લાકડાં આપ્યાં. જયારે મેં મૂકેલો ભાત ચઢી જવા આવ્યો, ત્યારે પેલી સ્ત્રી કહેઃ ભાઈ! હવે પેલું લાકડું હોલવી નાખો; આવો ભાત તો ચૂલાની ગરમીથી પણ ચઢી જાય. વળી કહેઃ હું લાકડાં બાવળનાં અને સારાં લાવું છું, પણ તમારા ભાઈને

તેનો ખર્ચ કરવો પડતો નથી. તેમાંથી બાળ્યા પછી જે કોલસા પડે, તે વેચીને લાકડાંનાં પૈસા વાળી આપું છું. એમ કહી, તેણે લાકડાં હોલવી નંખાવ્યાં અને કોલસા પણ ઠારવા જણાવ્યું. આ સાચી કરકસર છે. જ્યાં આ ગુણ છે ત્યાં દુઃખના દિવસ આવે, તોય જીવતાં આવડે.

પાટીદાર કે એવી બીજી કોમોની સ્ત્રીઓમાં કરકસર હોય છે, પણ તે જુદી જાતની હોય છે—તે સાચી નથી.

પાટીદારની સ્ત્રી ઘરમાં સારી સ્થિતિ હશે, તોય ભેંસની આવકની બચત કરવા કાંધું કરશે અને ભેંસ ઉપર અમુક રૂપિયા લાવશે. તે રૂપિયા લાવી સંઘરી મૂકશે. પોતાના રૂપિયા છે એવો સંતોષ થશે, પણ ૧૦૦–૧૧૦ના હપ્તેથી ભરશે. તેની માન્યતા એવી છે, કે દૂધની આવક કટકે-કટકે વધે તે વપરાઈ જાય; તેના કરતાં કાંધું કર્યું હોય, તો ત્યાં ભરી દઈએ અને એમ બચત થઈ જાય. આમ તેઓ બચત કરે છે, પણ વધારે રકમ આપીને કરે છે.

ધંધો

તેમનો મુખ્ય ધંધો ક્રય–વિક્રયનો છે; એટલે માલ લાવવો–વેચવો વગેરે. તે ઉપરાંત તે ધીરધાર પણ કરે. કોઈ કોઈ આગળ ભણી નોકરી કરે, પણ એવા બહુ થોડા હતા. આ ઉપરાંત પરબડી, સદાવ્રત, અન્નક્ષેત્રનો વહીવટ વગેરે સાર્વજનિક કામોની વ્યવસ્થા કરતા. માલની લેવડદેવડમાં તે અમુક નફો લેતા. ધીરધારમાં વ્યાજ લે, પણ ખેડૂત ચુસાઈ ન જાય અને તેનું ઘર ચાલે એ પણ જુએ.

કોઈ ખેડૂતની સ્થિતિ નબળી હોય અને એ પાછું વાળી શકે એમ ન લાગે, તો ય તેને મદદ કરે. એની પાછળ જાણ્યે-અજાણ્યે પણ એ જ્ઞાન હતું, કે ખેડૂતની સ્થિતિ સારી હશે, તો તેની પણ તેવી રહેશે. તે ખેડૂતને પોતાના ઘરાક માનતો; તેથી તેની મુશ્કેલીમાં મદદ કરતો અને તેની આર્થિક સ્થિતિની ચિંતા કરતો અને પ્રસંગ આવ્યે સામો જઈ મદદ કરતો.

કાંધું કરવાનો રિવાજ હતો અને તેમાંથી 'કાંધાં-પાંજરાં' શબ્દ થયો. જેમ ગાડા ઉપર પાંજરાં હોય છે, તેમ રૂપિયા અથવા કાંધા ઉપર વ્યાજ હતું. એની રીત જુદી હતી. કાંધું વીસુ ઉપર ગણાતું; એટલે વીસ રૂપિયા ઉપાડે તો તેને બાર મહિને ૨૧-૨૨ રૂપિયા આપવા પડે. ઓછામાં ઓછા એકવીસ અને વધુમાં વધુ બાવીસ હોય; તે મહિને-મહિને હપ્તાથી ભરવામાં આવે.

વળી આ ઉપાડ કરનાર મોટે ભાગે ભેંસ પર ઉપાડ કરતા. એક ભેંસ લાવે ત્યારે કાંધેથી પૈસા લાવી, ભેંસના પૈસા ચૂકવે. પછી દૂધ-ઘીની માસિક આવકમાંથી તે હપ્તા ભરે. ખેડૂતને ઘી વેચવાનું હોય, તો તે માટેનો પ્રથમ હક્ક વાણિયાને રહેતો; અને વાણિયો તેમાંથી નફો કરે.

જો તેમાં ખેડૂતની ચૂક થાય અને બાર મહિને વસૂલ ન કરી શકે, તો તેનું વ્યાજ એકવીસુ હોય તો એક દોકડા લેખે અને બાવીસુ હોય તો બે દોકડા ગણે. પછી વ્યાજનું વ્યાજ વર્ષેવર્ષે લે. એ રીતે વ્યાજ હતું. અને તે વધુ પણ

હતું; છતાં ખેડૂતને લેવડદેવડ માટે તેમની જ મદદ હતી. વ્યાજની આવક સતત રહે, એક મિનિટ પણ વ્યાજ બંધ ન રહે; એટલે વ્યાજ તો વધ્યા જ કરતું અને થોડાં વર્ષોમાં ત્રાજૂડી લઈ આવેલો વાણિયો નાના દુકાનદારમાંથી ધીરધાર કરતો થઈ જતો. એક રૂપિયાનું એક દોકડા લેખે ૧૦૦ વર્ષે એક લાખ રૂપિયા વ્યાજ થાય; આ એની કમાણી. આમ છતાં તે પૈસા માટે જૂઠું ન બોલતો. તેની પ્રમાણિકતાની શાખ હતી; તેથી તે 'શાહ' કહેવાતા. જો કે આવા ગણ્યાગાંઠ્યા જ હતા. તેના ચોપડા ન્યાયમંદિરમાં સાચા સાથીનું કામ આપતા, એટલી તેના ચોપડાની પ્રતિષ્ઠા હતી.

ધારો કે તેણે કોઈને પાંચસો રૂપિયા ઉધાર આપ્યા છે. હવે પેલો માણસ રૂ. ૨૦૦) અંગત ખાતે જમા કરવા આપી જાય, તો પેલો આપેલા રૂપિયા પેટે જમા ન કરે, પણ સામો ઇચ્છે એ રીતે જમા રાખે. હવે એમાં પેલા માણસની આર્થિક સ્થિતિ બગડી અને રૂ. ૫૦૦) ન આપી શકે, તો પેલા રૂ. ૨૦૦) તે જ્યારે માગે ત્યારે મળે. વાણિયો કહે, કે દેવાળું પેલાએ કાઢ્યું છે; એટલે તેને આપેલા મારા રૂપિયા ગયા. મેં દેવાળું કાઢ્યું નથી, તેથી તેણે જમા મૂકેલા રૂપિયા મારે આપવા જોઈએ. પેલો જમા કરાવવા આવે ત્યારે પણ પૂછે, કે માગતા પેટે જમા કરું કે તમારા જમા છે તે ખાતે જમા કરું?

આમ વ્યવહારમાં બહુ જ પ્રમાણિકતા હતી; તેથી જ તેને ત્યાં રહેલી થાપણ, એટલે કાળી રાત્રે માગવા આવે

ત્યારે આપવાની, અથવા સાંકળ ખખડાવે ત્યારે આપવાની એમ ગણાતું.

તે જેમ ઘરાકો સાથે વર્તતો, તેમ ગામ આખાને પણ ઘરાક માનતો અને ગામના આર્થિક હિતની ચિંતા કરતો. ગામના આર્થિક હિતને નુકસાન કરે એવું પોતે ન કરે; એટલું જ નહિ, પણ આર્થિક હિત માટે પોતે ઘસાતો પણ ખરો. તે પોતાની આવકમાંથી અમુક રકમ ધર્માદામાં કાઢતો. ગામની ભાંજગડના કામમાં તે ભાગ લેતો, પણ લડાઈમાં તે પાછળ રહેતો. શરૂઆતમાં એ જરૂરનું હશે. આર્થિક રચનાનું અને વ્યવહારનું કામ પણ લડતવખતે કરનારા જોઈએ જ; એટલે તે તેમણે જ કરવાનું હોય. આમ તેમને પાછળની રચના માટે સહજ રીતે લડાઈમાં જવાનું હતું નહિ, પણ પરોક્ષ મદદ કરવાની રહેતી અને તે કરતો.

ખેડૂત–પાટીદાર

જે પોતાની ખેતીમાં તલ્લીન હોય તે ખેડૂત અને ખેતીવાળાને જમીન હોય, એટલે તે પાટીદાર થયા. આમ જ્યાંજ્યાં પાટીદારો છે, ત્યાંત્યાં ખેતી સારી છે. ખેડૂત-પાટીદાર બહુ ભણતા નહિ. તેમને ગામના વ્યવહારની કે દુનિયાની બહુ પડી નહોતી. તે ભલો અને તેની ખેતી ભલી, એવી સ્થિતિ હતી; એટલે તે ખેતીમાં સારી આવક કરતો. તેની જમીન દૂરથી જોતાં, હસતી હોય, એવી રળિયામણી લાગતી. જ્યારે પાટીદાર સિવાયનાની જમીન ઓશિયાળી જેવી લાગતી. તેમાં ઝાઝો દમ ન હોય.

પાટીદારની જમીન સારી, તેમ તેનાં ઢોર પણ સારાં. પોતે ઘસાઈને પણ તેને ખવડાવે; તેને ભૂખે ન મારે. બળદને ખવડાવે, પાણી પાય અને પછી જ પોતે ખાવા જાય. ઢોર પ્રત્યે આવું તેનું મમત્વ હતું. તે જમીન અને ઢોર માટે લડે–ઝગડે; કેમ કે તેનું જીવન તે હતું.

રીતભાત

તેની રીતભાત જાડી ગણાય. તેનાં દૂધ–ઘી જાડાં, તેના રોટલા જાડા, તેનાં કપડાં જાડાં, તેમનાં ઘરેણાં પણ એવાં અને ભાષા પણ એવી. તેની ભાષા સીધી, પણ એક ઘાના બે કટકા કરે તેવી.

એક વખત એક ગામમાં થઈ હું જતો હતો અને તળાવ આગળ પહોંચ્યો, ત્યારે ઊંટનું એક ટોળું તળાવ તરફ આવતું એક પાટીદાર સ્ત્રીએ જોયું. તેની ભેંસ ભડકી નાસી જશે, એ બીક હશે કે પાણી બગડી જશે અને ભેંસને ડહોળું પાણી પીવું પડશે, એ બીક હશે; પણ તેણે પેલા ઊંટવાળાને ખૂબ ગાળો દીધી. પછી તે ઊંટવાળો પાસે આવ્યો અને ઊંટ તળાવ નજીક આવ્યાં, ત્યારે તે જ સ્ત્રી કહેવા લાગીઃ "આ રડ્યા, તારું ઊંટ પાણીમાં કળી જશે, જોજે." આમ ગાળો આપી અને જરૂરી સૂચના પણ આપી. આવી રીતે પાટીદાર આપવામાં જ સમજેલો. તે કોઈ ઘરાક ખળાંમાં અનાજ લેવા આવે, ત્યારે બે ગાળો દે, બે કડવા બોલ કહે, પણ આપવામાં ઓછું ન આપે.

ગામમાં તે વખતે પાટીદાર ઉપર જ જીવવાનું હતું; તેથી તેની પ્રતિષ્ઠા હતી. ગામમાં લખણી આવે તો તેને ત્યાં જ જાય. ગામનો મહેમાન હોય, તો જમવાની વ્યવસ્થા તેને ત્યાં થાય. આમ ઘસાવાનું કે ગોદ વેઠવાનું એને મુખ્યત્વે હતું અને તે ઘસાય પણ ખરો; તેથી જ તેના સ્વભાવમાં ઉદારતા છે. તેના હાથ સારા, પણ જીભ ખોટી; અનુભવની વાત હતી.

તે બીજા શું કરે છે એની પરવા ન કરતો. પોતે આપી છૂટતો. તેને ભાગ્યે જ પાપ કરવાનું હોય. તે જગતનું પોષણ કરે છે; તેથી જ કવિતા થઈ: "રે ખેડૂત ! તું ખરે જગતનો તાત ગણાયો...."

પોશાક

તેનાં કપડાં મજબૂત હોય અને તેવાં જોઈએ પણ ખરાં. તે કપડાં ખરીદ કરે, ત્યારે હાથમાં લઈ તોલ કરે; પરીક્ષા કરે. તે વધારે ટકે અને પૂરું રક્ષણ આપે, એવાં કપડાં શોધે. તેનું લૂગડું એવું હોય, કે ઝાડ પરથી પડી જાય અને જો લૂગડું ભરાય, તો તે વચ્ચે ઝિલાઈ રહે; આવું મજબૂત કપડું પહેરે. તે ગામમાં ધોતિયું અને કેડિયું પહેરે. માથે ફાળિયું રાખે. એ ફાળિયું સિવિલિયન જેવું હોય. તે ખેતરમાં જાય ત્યારે તે ધોતિયાને બદલે પહેરે. પછી ઘેર આવતાં ચાર બાંધી લાવે. બપોરે ઝાડ નીચે પાથરવું હોય, તો તે પાથરે. નાહાવું હોય તો તે બદલીને નાહાય. શાક બાંધવું હોય તો એક છેડે બાંધે. એમ બધાં કામમાં

તે આવે. તે પરગામ જાય, ત્યારે માથે પાઘડી અને ખભે ખેસ રાખે. તેની પાઘડી મોટી હોય અને મજબૂત બાંધેલી હોય. પાઘડી બાંધવાની પણ કળા હતી. વાણિયા-બ્રાહ્મણની અને પાટીદારની પાઘડી જુદી પડતી.

ઘરેણાં

એમનાં ઘરેણાં પણ વજનદાર—ઘણાં નક્કર. સ્ત્રીઓ હાથે હાથીદાંતના મોટા ચૂડા (સોનાની ચીપોવાળા) પહેરતી. તેનું વજન ૦॥ શેર જેટલું હોય. તેનાં સાંકળાં અને કલ્લાંનું વજન ૧૦૦–૧૦૦ ભાર હોય; એટલે એક પગે ૧૦૦–૧૦૦ તોલા—૨॥ શેર વજન રાખે અને ઝપાટામાં ચાલે. તે પગે વાગે અને ઘસાય; એ માટે નીચે કપડાંની પટ્ટી બાંધે. બ્રાહ્મણની સ્ત્રીઓનાં કલ્લાં મોટાં હતાં, પણ પોલાં હતાં. તેનું વજન ૫૦–૬૦ ભાર હોય. એ એટલાં મોટાં હોય કે પગે ચાલતાં અથડાય નહિ, એ માટે પહોળા પગે ચાલવું પડે. ગળે હાંસડી પણ વજનદાર હોય. ચાંદીની હાંસડી પર સોનાનો ઢોળ હોય.

પુરુષો હાથે સોનાનો વેઢ, ઘોડો પહેરતા. બાળકોને હાથે સોનાની કલ્લીઓ, કડું, ગળે સોનાનો દોરો અને પગે તોડીઓ પહેરાવતા. સ્ત્રીઓ પણ બ્રાહ્મણ–વાણિયાની જેમ દાગીના પહેરતી, પણ તે બધા ભારે હતા.

ખોરાક

તેના પ્રમાણમાં ઘી–દૂધનું પ્રમાણ ખૂબ હતું; કેમ કે ઘેર દૂઝણું હોય. મહેમાન આવે ત્યારે વાઢીથી જ ઘી

પીરસે અને તાંસળીમાં દૂધ આપે. ખોરાક સાદો, પણ પૌષ્ટિક હતો. પુરુષ કરતાં સ્ત્રી વધારે મહેનત કરનારી હતી; કેમ કે ખેડૂત-જીવનમાં એ સ્વાભાવિક હતું. સ્ત્રીઓ ઢોર પાલવે, રેંટિયો ચલાવે, બાળકો ઉછેરે અને દળી-ઘડીને બધાંને ખવડાવે; ઉપરાંત ખેતીમાં મદદ કરે.

શક્તિમર્યાદા

તેને ગામનું રક્ષણ કરવાનું આવતું; છતાં ક્ષત્રિયની પેઠે મરી છૂટે નહિ, તે સ્વભાવે વૈશ્ય છે.

વ્યાજની પદ્ધતિ

કોણ જાણે કેમ, પણ હિંદુ શાસ્ત્રોમાં વ્યાજનો નિષેધ નથી; એટલું જ નહિ, પણ વ્યાજ લેવાની આજ્ઞા પણ ક્યાંક-ક્યાંક છે. વળી આ પદ્ધતિ છેક મહાભારતકાળમાં પણ હતી; પરંતુ ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મમાં વ્યાજની નિંદા છે. તેમાં વ્યાજ લેનાર માણસને હલકો અને નિંદ્ય ગણ્યો છે.

સાચું જોતાં, વ્યાજ લેવાની પદ્ધતિ યોગ્ય નથી લાગતી. એ પ્રથાનાં દુષ્પરિણામો તો આપણે અનુભવીએ છીએ. કંઈ પણ મહેનત કર્યા સિવાય ધનને ઓથે બેઠેબેઠે માણસ ખાય, એ ઈશ્વરી કાયદાનો ભંગ છે; છતાં તે સમાજમાં પ્રતિષ્ઠિત મનાય છે. આ સ્થિતિ ન હોવી જોઈએ.

ગરાસિયા-રજપૂતો

ગામમાં બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર પછી રજપૂતોની વસ્તી હોય છે. એ રજપૂતાના તરફથી આવ્યા હશે, એટલે રજપૂત કહેવાતા હશે એમ લાગે છે.

ઉત્તર ગુજરાત તરફ ઠાકરડા લોકોની વસ્તી છે, તે શબ્દ 'ઠાકોર' પરથી થયો લાગે છે.

બહાર રહેલા—નિયમિત બહાર રહેલા ઉપરથી બારૈયા થયા હશે!

પાટણ તરફથી આવેલા તે પાટણવાડિયા કહેવાયા.

વટ—કાનૂન બહાર ગયેલાઓ બહારવટિયા કહેવાયા.

એવી જ રીતે 'ધારાળા' શબ્દ ત્રણ અર્થનો સૂચક છે. ધારવાળા એટલે ધારિયાવાળા, ધરાવાળા એટલે જમીન-વાળા અને ધારાવાળા એટલે કાયદાવાળા.

આ અર્થો જોતાં 'ધારાળા'—'પાટણવાડિયા' શબ્દો ખરાબ નથી, પણ આજે તેઓ હલકા ગણાય છે. આજે તો તેઓ ગરાસિયા કે રજપૂત કહેવડાવવામાં ગૌરવ માને છે; પણ 'ગરાસિયા'ની ઉત્પત્તિનો ઇતિહાસ એટલો ગૌરવપ્રદ નથી.

જેને ગરાસ મળે તે ગરાસિયા. એ ગરાસ કોણ આપે છે? અંગ્રેજ સરકાર. કેમ આપે છે? સરકારે ગરાસની જમીન લઈ લોકોને સોંપી દીધી અને મહેસૂલ સીધું લોકો પાસેથી વસૂલ કરવાનું રાખ્યું. તેમાંથી અમુક રકમ આ લોકોને આપી.

હકીકત એવી છે, કે જ્યારે ગરાસિયા લોકો અહીં ઊતરી આવેલા, ત્યારે તેઓ ગામો લૂંટતા; છોકરાઓ બાનાંમાં લઈ જતા અને પૈસા આપતા ત્યારે પાછા આપતા; ઢોરોને નિર્દય-તાથી રિબાવતા. આ ત્રાસથી ગામના લોકોએ તેમને અમુક રકમ આપવાનું નક્કી કરેલું. એ રકમ લોકોએ ત્રાસથી

આપેલી, એટલે એની પાછળ પ્રજાના શાપ હતા. જ્યારે અંગ્રેજ સરકારનું રાજ્ય શરૂ થયું, ત્યારે સરકારે ગરાસિયાઓને કહ્યું, કે તમને જે ગરાસ મળે છે, તે લેવા તમારે ગામમાં ન જવું, પણ અમારી પાસેથી ગરાસ લેવો. લોકોને આથી શાંતિ થઈ; કેમ કે ગરાસ મળવા છતાં લોકો પર ભયનું સામ્રાજ્ય ચાલુ હતું અને તેથી પજવણી પણ થતી. સરકારે એ ગરાસની રકમ આપવાની કરતાં, ખેડૂતો પાસેથી સીધું મહેસૂલ લેવાનું ઠરાવ્યું અને કાયમની આવક વધારી; એટલે વ્યવસ્થિત આર્થિક લૂંટ શરૂ થઈ અને ગરાસિયાઓને ગરાસ મળવા લાગ્યો. આ ગરાસ આજે પણ ચાલુ છે, પણ આ ગરાસ સરકાર તરફથી મળવા માંડ્યો, એટલે કંઈ કામ રહ્યું નહિ; તેથી તેમણે ખેતી કરવાનું શરૂ કર્યું; પણ સ્થિર બેસી કામ કરવાનો સ્વભાવ નહિ, એટલે તેમની ખેતીમાં ઝાઝી બરકત આવતી નહિ. પાટીદારની ખેતી અને ગરાસિયા–બારૈયાની ખેતી નજીક–નજીક હોય તો ચોખ્ખો ફરક દેખાઈ આવતો. પાટીદારની જમીન હસતી લાગે, ત્યારે આ વર્ગની જમીન ઓશિયાળી લાગે.

આવતી કાલે શું કામ કરવાનું છે, મોસમમાં શું કરવાનું છે, તેની ચિંતા પાટીદાર આગળથી કરે અને નક્કી કરી, તે પ્રમાણે તૈયારી કરે; જ્યારે બારૈયા વગેરે ચોમાસું આવે ત્યારે કાં તો ઘર સંચારવાનું બાકી હોય, બી લાવવાનું બાકી હોય કે હળ સુધારવાનું બાકી હોય;

પણ તેની તૈયારી તો થઈજ ન હોય. વળી કેટલાક તો વરસાદ હોય ત્યારે લગ્ન કાઢે કે ભૂત, ભૂવા માટે દોડે અને મોસમ ગુમાવે. પાટીદાર ખેતીની મોસમ જવા જ ન દે. હવે જો કે આ સ્થિતિમાં સુધારો થતો જાય છે.

વ્યવસ્થાનો અભાવ

બારૈયાના જીવનમાં વ્યવસ્થા ન હતી. તેઓ જેમ તેમ જીવે. ઉદારતા ખૂબ હતી. કોઈ રસ્તે જતો હોય, તેને ય સમ આપી રોકે અને ખવરાવે. પોતાનું કામ ખોઈને ય તેની સાથે બેસી રહે. આ ઉડાઉ ઉદારતા હતી. કોઈને ય 'રક્ષણ કરીશ' એવું વચન આપ્યું હોય, તો મરી ફીટે, પણ વચન ન જવા દે. એવા ટેકીલા પણ ખરા, પણ વ્યવસ્થા નહિ.

સૂવામાં—જ્યાં સૂતા હોય ત્યાં ચાલે. વ્યવસ્થિત સૂવાનો વિચાર ન આવે. અરે, ઉપર ચૂવો થતો હોય, તો તે સુધારે નહિ, પણ પથારી સહેજ ખસેડી સૂએ. માથે તાપ આવતો હોય, તો ય સહેજ—સહેજ ખસે, પણ જગ્યા બદલે નહિ. ખાવામાં પણ ઊભા પગે બેસી, ઝટપટ ખાઈ લે. નાહવામાં પણ એમ જ. ટૂંકમાં બધી ક્રિયા ઝટપટ આટોપે.

આવી જ રીતે બાળકોના ઉછેર વિષે. તેની પણ કદી ચિંતા ન કરે. એ તો એની મેળે પડતાં—આખડતાં મોટાં થશે. ભણીને ક્યાં નોકરી કરવી છે? એની સંભાળ પણ ભગવાન રાખે છે.

વસવાટ

તેઓ ગામની ભાગોળે ગોતરફ રહે; ગામ વચ્ચે ન રહે.

એમાં એમનો બંધનમુક્ત અથવા નિર્બંધ સ્વભાવ અને રક્ષણ કરવાના કામનું કારણ હશે.

રીતભાત

સ્ત્રીઓ ઘરેણાં પહેરે. ગળે ચાંદીની હાંસડી હોય, બીજાં ઘરેણાં પણ ચાંદીનાં હોય; સોનાનાં જવલ્લે જ હોય.

તેઓ નીતિનાં ચોખ્ખાં ગણાય. કેટલાંક કુટુંબોમાં વિધવાઓ ફરી લગ્ન ન કરે.

પોશાક

તે સુરવાળ પહેરતા. ઢીંચણ સુધી પહોળો અને નીચે બરાબર બેસે તેવો. આજકાલના લેંઘા જેવો નાગો નહિ. તે ઉપર બંડી પહેરતા, પણ કેડ ઉપર ભેટ ન બાંધે, તો તે નાગો ગણાતો. એ ભેટમાં કટાર ખોસતા. માથે ફેંટો બાંધતા. તે રક્ષણની દષ્ટિએ હતો. જ્યાં જેવો પ્રદેશ અને જેવી જરૂરિયાત, ત્યાં તેવો પોશાક હશે.

આર્થિક સ્થિતિ

તેઓ ખાવા-પીવા જેટલું મેળવી લેતા. પાસે ઝાઝું ન હોય, પણ તાણ રહ્યા કરે અને પૈસો આવે તો ય ટકે નહિ. ત્રેવડ નહિ હોવાથી પૈસો અને અનાજ જેમતેમ વેડફાઈ જતો.

હરિજન કોમો-વણકર

ગામને અતિ ઉપયોગી એવી ત્રણ કોમો-વણકર, ચમાર, ભંગી અસ્પૃશ્ય ગણાઈ છે. ખરું જોતાં તે કોમો ન હોય, તો ગ્રામજીવન ન ચાલે. જો કે પહેલાં એ કોમો અસ્પૃશ્ય

હતી; છતાં તેમની પ્રત્યે તિરસ્કાર ન હતો, પણ મીઠો સંબંધ હતો.

વણકરો એમ માને છે, કે પહેલાં એ રજપૂત હતા; પણ એકવાર યુદ્ધમાં ગયેલા અને હાર્યા એટલે પાછા નાઠા; એટલે તે વખતથી તે પાછળ રહ્યા અને ધંધો બદલાવ્યો. કુંભાર પોતે પહેલાં બ્રાહ્મણ હતા એમ માને છે.

તે વખતે ગામમાં કણકર (ખેડૂત) અને વણકરની પ્રતિષ્ઠા હતી; કેમકે બંનેની અનિવાર્ય જરૂર હતી. વણકર કોમ મજૂરી કરે, પણ તે હિસાબવાળી પ્રજા ગણાય; કેમકે તેમને આંટીના–તારના હિસાબ કરવાના હોય છે. તે આખો દિવસ મહેનત કરે, આળસ ન કરે. તેનું કામ એવું, કે તેમાં નાનાં–મોટાં બધાં કામમાં આવે–જેમ ખેતીમાં નાનાં-મોટાં બધાં કામમાં આવે છે તેમ.

વળી તેમનામાં સંપ બહુ; ઝગડા નહિ. એમનું કામ જ એવું, કે જેમાં એકબીજાના સહકારની જરૂર પડે. પવાયત કરવી હોય, ત્યારે પડોશીની મદદની જરૂર પડે. પડોશી કોઈ કોઈ વાર બોલે–ચાલે, પણ તેમાં દ્વેષ ન હોય; પણ એ લોકો કચકચ બહુ કરે, તેથી જ્યારે નકામી બોલાચાલી થતી હોય, ત્યારે 'ઢેઢકચ' મૂકો, એમ કહે છે; એટલે એમની બોલાબોલીમાં ઝાઝો દમ ન હોય. બોલીને શાંત થઈ જાય.

સ્ત્રી–પુરુષની તકરાર પણ ઘડીવાર જ રહે; કેમકે વણતી વખતે તાર સાંધવામાં સ્ત્રી મદદ કરનારી હોય; એટલે તેમની

તકરારમાં અબોલા ન ચાલે.

તેમને વણવાનું કામ, એટલે ઘરનું જ કામ; બહાર જવાનું હોય નહિ; તેથી ઢેડને ઘેર તાળું નહિ એમ કહે છે.

આજીવિકા

તેમનો વ્યવહાર પૈસાનો નહિ, પણ અનાજનો હતો. કપડાં સાથે અનાજની લેવડદેવડ હતી. પાટીદારની સ્ત્રી ઢેડને છાશ કે કાંજી માટે ભળકું આપે, ત્યારે ઢેડની સ્ત્રી પાટીદારને સાંધવાના દોરા જરૂર પડ્યે આપે. આમ પરસ્પર લેવડદેવડ હતી.

સહકાર

ગામને તેમની જરૂર હતી, એટલે સંબંધ હતો. જ્યાં એકબીજાની જરૂર હોય છે, ત્યાં પ્રેમ હોય છે. આભડ-છેટ હતી, પણ સહકારની ભાવના ય હતી. સ્વતંત્ર હોવા છતાં સહકાર હતો. તેમનાં વચનની પ્રતિષ્ઠા હતી. ઢેડ કોઈ દેવાદાર નહિ.

આર્થિક સ્થિતિ

આર્થિક સ્થિતિ પ્રમાણમાં સારી હતી. તેઓ ખાધેપીધે સુખી હતા.

અસ્પૃશ્ય કેમ ?

તેઓ ચમાર સાથે ઢોરનું ચામડું ઉકેલવામાં મદદ આપવા જવા લાગ્યા. ત્યારે ચમારની જેમ તે પણ મુડદાલ માંસ ખાતાં શીખ્યા અને માંસ ખાનાર હલકા ગણાવા લાગ્યા; તેમના ધંધામાં સ્વચ્છતા ઓછી રહેતી. એથી તેમને

અડકવાનું કોઈ પસંદ ન કરે. એમ કરતાં તેઓ અલગ થઈ ગયા; એટલે તેમને રહેવાનો વાસ પણ જુદો—ગામથી અલગ થયો.

ચમાર

તેમનો ધંધો અલગ જ છે, પણ ઉપયોગી છે. ગામનાં મરેલાં ઢોરનો નિકાલ કરવાનું કામ તેમનું છે. તે વખતે જે ચામડું તૈયાર થતું, તે ગામના ઉપયોગમાં આવતું.

રિવાજ એવો હતો, કે જેનું ઢોર મરી જાય, તેને ચમાર એક જોડાનું ચામડું તૈયાર કરી આપે. તેને 'દલવાડું' કહેતા. પછી બાકીનાં ચામડાંમાંથી બળદ માટે જોતર, નાડી, રાશ વગેરે બનાવી પૈસા લઈ તે વેચતા.

તેમનું કામ

તેમને ઢોરનું ચામડું ઉકેલવા માટે દૂર નક્કી કરેલી જગ્યાએ જવાનું રહેતું, જેથી ગંધ ન નડે. ચામડું ઉકેલી તેને ચૂનામાં અગર આકડાના દૂધમાં પલાળી રાખે, જેથી તેના ઉપરના વાળ ખરી જાય. પછી આવળ—બાવળની છાલમાં પકવે. એ માટે કુંડ બનાવતા. તે બનતા સુધી ગામની પૂર્વ દિશાએ રાખે. જો પૂર્વ દિશા અનુકૂળ ન જ હોય તો ઉત્તર દિશામાં રાખે, પણ દક્ષિણ—પશ્ચિમ તરફ તો ન જ રાખે; કેમ કે તે તરફથી હંમેશ પવન આવવાનો હોય.

પોશાક

તેમનો પોશાક ટૂંકું ધોતિયું અને ટૂંકું કેડિયું હતો. માથે ફાળિયું વીંટતા. ધંધા પ્રમાણે પોશાક હતો. તે વખતે

જે જોડા બનતા તેનું વજન ૨–૨ાા શેર થતું. સ્ત્રીઓની જોડી થતી, તે પણ મજબૂત હતી.

વસવાટ

તેમના કામ પ્રમાણે તેમને માટે અલગ વસવાટ હતો. તે મુડદાલ માંસ ખાવા ટેવાયા એટલે જુદા પડ્યા; પણ તેમ છતાં તેમના પ્રત્યે કોઇને દ્વેષ ન હતો.

ભંગી



ભંગી (ઢોલવાળો)

તેઓ પોતાને વાલ્મીકિ વંશના માને છે, એટલે ઋષિ

કોમના ગણાવે છે. તેમનાં ઘર ગામથી તદ્દન છેલ્લે હોય છે.

તમોગુણ અને સત્ત્વગુણ

તમોગુણ અને સત્ત્વગુણના બાહ્ય દેખાવો સરખા હોય છે. બ્રાહ્મણ અને ભંગીનું પણ એવું જ છે. બ્રાહ્મણ સવારે ભિક્ષા માગે છે, ભંગી રાત્રે માગે છે. બ્રાહ્મણ સવારે ભક્તિ કરે છે, ભંગી રાત્રે ભજન કરે છે.

બ્રાહ્મણને રસોઈ કરતા પહેલાં સીધું આપવામાં આવે છે. ભંગીને રસોઈ થઈ ગયા પછી, વધેલું આપવામાં આવે છે. જીવન જોડતી વખતે (લગ્નસમયે) બ્રાહ્મણની જરૂર પડે છે. જીવન છૂટું પડતી વખતે સ્મશાનમાં ભંગીની જરૂર પડે છે. આમ બંનેમાં બે છેડાની સમાનતા દેખાય છે.

તેમને ભજન ખૂબ આવડે. તેમની ભજનમંડળી આખી રાત ચાલે. તેમનું જીવન માગી ખાવું, આપે તે પહેરવું અને રહેવા દે ત્યાં રહેવું, એવી પદ્ધતિ પડી ગઈ છે. તેમને જોઈએ ત્યારે આપણને એવું લાગે, કે તેમનામાં નવું કરવાનો ઉત્સાહ જ નથી; કેમ કે તેમનામાં અજ્ઞાન ભર્યું છે. તે નવરા રહ્યા એટલે પ્રમાદી બન્યા અને લોકોના હુકમથી કામ કરવાનું હોવાથી, પોતાના સંકલ્પથી કામ કરવાનું હતું નહિ, તેથી પ્રમાદી થયા હશે. પ્રસંગોપાત ચમાર તેમને ઢોર ઉકેલવા લઈ જાય, એટલે માંસ ખાતા થયા અને અસ્પૃશ્ય બન્યા હશે. ખેડૂતને ત્યાં લગ્નપ્રસંગે તતૂડું વગાડવાનું કામ કરે અને તે દિવસે મેદાનમાં બેસી તેને જમવાનું મળે. વળી ગામમાં અકસ્માત કામ હોય, તો

રણશિંગું વગાડી ભેગા કરવાનું કામ તેનું અને ગામની સભા કરવી હોય, તો ફળિયેફળિયે ખબર આપવાનું કામ પણ તેનું જ હોય છે.

ધંધો

તે ગામ આખાની સફાઈ કરે. ગામમાં કૂતરું, બિલાડું મરી ગયું હોય તો તે લઈ જાય. આમ, ગામ સાફ રાખવાનું મહત્ત્વનું કામ તે કરે છે, એટલે તે પણ સમાજને, ગામને ઉપયોગી હતા ને છે. તે નિર્દોષ ખરા; ગુનો કરે જ નહિ. ગુનો કરવાની તક નથી. હું આટલાં વર્ષો જેલમાં ગયો; મેં બધી જાતના લોકોને જેલમાં જોયા, પણ ભંગીને ક્યાં ય જોયા નથી. તેનામાં ગુનો કરવાની હિંમત જ નથી હોતી. એમને એટલા ચગદી નાખવામાં આવ્યા હતા, કે અન્યાય સામે થવાનું એમનું સત્ત્વ જ હણાઈ ગયું હતું. લોકો તેમનો તિરસ્કાર કરતા ન હતા, પણ તેમના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ સેવતા. લોકો નિર્દય ન હતા, પણ ટેવથી તેમને ઉધાડું—વધેલું આપતા.

આ ત્રણે ય કોમો ઉપરનાં કારણોએ સંસ્કારી હિંદુઓથી વિખૂટી પડી ગઈ છે. સમાજને અતિ ઉપયોગી હોવા છતાં અસહિષ્ણુ અને સાચા કાર્ય વિષે અજ્ઞાન હોવાથી, તેમનો સમાજના ઉપલા વર્ગ સાથેનો સંબંધ તૂટી ગયો, જેના કારણે એમને ધાર્મિક બાબત જેવાં કે કથાવાર્તા, દેવદર્શન કે મેળા વગેરેનો લાભ ન મળ્યો. કોઈ સદાચારી સાધુસંન્યાસીનો લાભ પણ ન મળ્યો; છતાં પણ આવા

વિકટ કામમાં ય તેમણે હિંદુ ધર્મના નિયમો પાળી, ઈશ્વર-ભજન કરી, આસ્તિક બુદ્ધિથી હિંદુ ધર્મની સેવા જ કરી છે, એથી એમને ધન્યવાદ ઘટે છે. એમનામાં પુરોહિત તરીકે બ્રાહ્મણોને સ્થાને ગરોડા ('ગુરુ' ઉપરથી) ધાર્મિક ક્રિયાઓ કરાવે છે. એ લોકો જનોઈ પહેરે છે અને ભિક્ષા-વૃત્તિથી આજીવિકા ચલાવે છે. ટીપણું રાખે છે અને જોષ પણ જુએ છે અને ચમાર તથા વણકર લોકોમાંથી પોતાની આજીવિકા ચલાવી લે છે. એમની સ્ત્રીઓ પ્રમાણમાં રહે છે; જો કે તેઓ ઢેડ, ચમારને ત્યાં જમે છે ખરા, પણ મુડદાલ માંસ ખાતા નથી. ઘર કંઈક વધુ સ્વચ્છ હોય છે. શારીરિક શ્રમ કંઈ નથી કરતા, પણ તે બ્રાહ્મણવૃત્તિથી રહે છે. તે લગ્નક્રિયા વગેરે બધું કરાવે છે.

તે ઉપરાંત સાધુઓનો એક વર્ગ હોય છે, તે તંબૂરો લઈ ભજન કરે છે અને વણકર અને ચમારને ત્યાં જાય છે અને જમે છે; પણ મુડદાલ માંસ ખાતા નથી. તેઓ એક ગામથી બીજે ગામ જાય, ત્યારે તેમનો સામાન ઢેડ લોકો વારાફરતી લઈ જાય છે. આ એક ધાર્મિક વેઠ છે. ઢેડને માથે ગામની પણ વેઠ હોય છે. આ મુજબ વારા પ્રમાણે ગામના મુખીઓની અને સરકારી અમલદારોની વેઠ તો કાયમની હોય છે.

ભંગી આ બન્ને કોમોથી અસ્પૃશ્ય ગણાય છે. ગરોડા અને સાધુઓ પણ તેમને ત્યાં જતા નથી. તેમનામાં સાધુ-ઓને બદલે 'ભગત' હોય છે. એમની લગ્નવિધિ એ ભગત

કરાવે છે. ઢેડ અને ચમાર એઠું ન ખાય, પણ ભંગી ખાય ખરા. ધાર્મિક વૃત્તિવાળા હોવા છતાં, ખોરાકની બાબતમાં તે માણસ માત્રનું ખાય છે. ઢેડ અને ચમાર એવી રીતે બધાનું ખાતા નથી.

કારીગર વર્ગ–લુહાર

ગામમાં લુહાર, સુથાર અને વાળંદ–એ ત્રણે વર્ગ પોતપોતાના ઉપયોગી ધંધા સાથે ઢોર રાખતા. જમીન એકાદ બે વીઘાં હોય, પણ ઢોર રાખે. ઢોર માટે ઘાસ પોતાની જમીનમાંથી મળી રહે; ઉપરાંત ખેડૂતો પાસેથી સાકણ-સાયા અમુક પૂળા મળે.

વસવાટ

તેઓ ગામની બહાર ન રહેતાં વચ્ચે રહે.

ધંધો

ધંધો કરનાર લુહારને મૂડી જોઈએ. એ વિષે કહેવત છે, કે 'દરજીની ઘરવખરી અને લુહારની કોઢ સરખાં.' દરજીના સાધનમાં સોય, દોરો, કાતર, ગજપટી અને અંગૂઠી અથવા નખલી; જ્યારે લુહારની કોઢ માટે તો ધમણ, એરણ, હથોડા અને બીજાં નાનાંનાનાં સાધનો જોઈએ.

ધંધાની પ્રતિષ્ઠા

લુહારને બીજાની જેમ પોતાના ધંધા પ્રત્યે ભક્તિ હતી. જો કોઇને લોઢું પાઈ આપ્યું હોય અને કામ ન આપે, તો તે શરમિંદો બનતો અને ધંધાની પ્રતિષ્ઠાને હાનિ થયાનું માનતો.

તે પોતાની કોઢને દર અઠવાડિયે લીંપતો, ચાંલ્લો કરતો; કેમ કે તેને માટે તે જીવનનું–આજીવિકાનું સાધન હતું. તે વખતે તેને 'ધંધો' કહેતા ન હતા, પણ 'ધર્મ' કહેતા હતા. અમારો 'ધર્મ' લુહારી કામનો છે, એમ બોલાતું; એટલે કાર્ય અને ધર્મ તેને એકરૂપ હતાં. તે વખતે ઉદ્યોગનો અર્થ ઉત્–યોગ=ઊંચી વસ્તુ સાથે જોડાણ એવો હતો.

ઉપયોગ શબ્દનો અર્થ પણ ઉપ–યોગ=આત્માની સમીપ જોડાણ થાય, એવી ક્રિયા થાય, ત્યારે તેનો ઉપયોગ થયો ગણાતો. આમ ધંધો–ધર્મ અને ઉદ્યોગના અર્થો હતા અને એ અર્થો પ્રમાણે જીવન ગોઠવાયાં હતાં.

ધંધો

લુહાર પાસે કામ કરાવવું હોય, જેમ કે કોશ ટિપાવવી હોય કે દાતરડું કાકરવાનું હોય, ત્યારે કોશ સાથે લાકડું પણ બાળવા માટે લુહાર પાસે લઈ જાય. ભઠ્ઠો ચેતે એટલા માટે ખેડૂત ધમણ ચલાવવામાં મદદ કરે અને કામ કરાવી જાય.

કોશ ટિપાવવા જાય અને ટિપાય ત્યારે જુએ, કે શેવી છે કે ચરાર. ખેડતી વખતે ઉપર રહે તો શેવી અને સીધી ઊભી રહે તો ચરાર; બંને ખામી ગણાય; જેમ ગાડામાં ઉલાળ અને ધરાળ હોય, તો તે બરાબર ન ગણાય તેમ.

વળી સાધારણ લોઢાનાં હથિયાર જેવાં કે કુહાડા–કોદાળ પર સારું લોઢું ચઢાવવાનું હોય, તો તેને ખણું દેવડાવ્યું

કહેવાય. પછી પાણી પાતા, એટલે લોખંડ વળી ન જાય તે માટે ગરમ કરી પાણીમાં મૂકતા. જો તે પાણી પાયા પછી ધાર પર મોરનાં પીંછાં જેવા રંગ દેખાય, તો તે પાણી સારું પાયું ગણાય.

તે વખતે લુહાર ગરમી પાસે રહી ખૂબ મહેનત કરતા. ચોમાસામાં અમુક દિવસ તો તે સવારે વહેલો ઊઠી કામે ચડે, તે રાત્રે પરવારે; પણ કોઈ ઘરાકને ચોમાસામાં મુશ્કેલી ન પડે એ જુએ.

જ્યારે લોઢું ગરમ થાય અને ટીપવા યોગ્ય થાય, ત્યારે 'તા' આવ્યો છે એમ કહેવાય; એટલે 'તા' ની પળ લુહાર ન જવા દે; કેટકેટલી મહેનતે તે પળ આવી હોય!

ગરમ લોઢા સાથે તેને કામ કરવાનું, એટલે કેટલીક વખત તો તે પગના ઢીંચણે ચામડું લપેટે, જેથી લોખંડના તણખા ઊડીને ન ચોંટે. એ ઉપરથી કહેવત છે, કે 'સુથારનો ભાઈબંધ આંખે કાણો અને લુહારનો ભાઈબંધ કમડે કાણો.' સુથાર પાસે ઊભો રહે, એટલે લાકડાની કરચ ઊડી આંખે વાગે એમ બને; એવી જ રીતે લુહાર પાસે રહે, તો તણખા ઊડી કપડાં પર પડે તો તે કપડાં બાળે.

આજીવિકા

જૂનું સાધન સુધારી આપવાનું હોય, તો લુહાર પૈસો ન લે; પણ તે ઘરાકીનું કામ થયું, તે માટે તેને બાર મહિને અનાજ મળે.

તે ઘંટી ટાંકી આપે, ત્યારે તેને તુવેરની દાળ આપે.

વારતહેવારે કે લગ્ન—મરણ—પ્રસંગે જમવાનું મળે. મહેમાન હોય તો તેને માટે પણ પૂરતું મળે. તેના મહેમાનની પણ ખેડૂત જોગવાઈ રાખે અને મહેમાન ક્યાં છે, એમ કહી તેને માટે તો સારું ખાવાનું આપે જ.

ઘી—દૂધ માટે ભેંસ હોય. રોકડ લેવડદેવડ ઓછી હોય. કોઈ નવી ચીજ લોખંડની લઈ જાય, તો તેની કિંમત ઉપરાંત 'દાપું' આપે. કોઈ રૂપિયો આપે, તો કોઈ કંઈ વધુ આપે; તે પેટે તેને કામ કરવાનું એ હતું, કે એક રામણદીવો તેણે તૈયાર કરી આપવો પડે.

રામણદીવો પતરાંની ચીપોનો બનાવેલો હોય. તેમાં દીવો રહે એવું નીચે ચાડું રખાય. વર પરણીને જાય, ત્યારે તેને વળાવવા જતી વખતે પ્રકાશ જોઈએ, તે માટે રામણદીવો (આનંદનો દીવો) લઈ સાસુ તેને વળાવવા જાય. દિવસે પ્રકાશ હોય, તોપણ એ દીવો સાથે હોય.

વળી દીવા સાથે જુવાર કે બાજરીની સળીઓનો મોડમુગટ બનાવે. સ્ત્રી તે માથા પર મૂકે.

તે વખતે બળદની કિંમત બહુ હતી. બળદની પ્રતિષ્ઠા પણ હતી, એટલે તેને 'ઋષભ' કહેતા. 'ઋષભ'નો અર્થ શ્રેષ્ઠ થાય છે. પુરુષો શ્રેષ્ઠ હોય તે પુરુષર્ષભ.

એ મોડ મૂકે, ત્યારે સાંઢના મોં જેવું માથું દેખાય; એ 'ઋષભરાણી'—'શ્રેષ્ઠ સ્ત્રી' ગણાય.

એટલે માથે મોડ મૂકી અને રામણદીવો લઈ, સ્ત્રી વર તથા જાનને વળાવવા જાય. તે વખતે તેણે કિંમતી

વસ્ત્રો પહેર્યાં હોય, એક હાથમાં કંકુની થાળી હોય અને બીજા હાથમાં દીવો હોય. સારા પોશાકો પહેરેલી બીજી પણ સ્ત્રીઓ હોય.

સુથાર

જેમ લુહારનો સંબંધ ગામલોકો સાથે હતો, તેમ સુથારનો પણ હતો. બન્નેનો સરખો સંબંધ હતો. લુહાર જેમ લોઢાનું બધું કામ કરે, તેમ સુથાર લાકડાં અંગેનું બધું કામ કરે. તેની મહેનત બહુ સખત.

તે બે પગની ઘોડી પર બેસી ઊભોઊભો કુહાડાથી લાકડાંને ડોળિયું કરે; પછી જ તેને વાંસલાથી સુધારે. એ કુહાડાનું વજન ૫–૬ શેર હોય. તે એક હાથે પકડી ઘા કરે.

તેઓ ચોમાસાના અમુક દિવસો તો સતત કામ કરે; એટલું કામ કરવાની આજે તો કલ્પના આવવી પણ મુશ્કેલ છે.

ત્યારે એમનો ખોરાક પણ કેવો ? એ કોઈને ઘેર ઘડવા જાય, ત્યારે તેને દિવસમાં ૦। શેર ઘી અને સીધું આપે. સવારે તે નવટાંક ઘી, નવટાંક ગોળ અને ૦। શેર લોટની કુલેરનો નાસ્તો કરે; બપોરે અને સાંજે થઈ નવટાંક ઘી અને નવટાંક ગોળ ખાય. આવો તેનો ખોરાક હતો. આટલી મહેનત કરનારના હાથ કેટલા મજબૂત હોય ! તેથી કહેવત થઈ છેઃ–

'સુથારની મુક્કી અને દરજીની ચપટી.'

સુથારની મુક્કી વાગે તો બેવડ વાળી દે અને દરજી

ચૂંટી ખણે તો ઊંચો કરી દે. દરજીને આખો દિવસ બે આંગળીની ચપટીનો ઉપયોગ કરવાનો હોય, એટલે તે બરાબર ચપટી લઈ શકે.

પોશાક

તે ટૂંકું ધોતિયું ને નાની બંડી પહેરે. બહાર જાય ત્યારે પહેરણ, ધોતિયું અને ખેસ પહેરે. સ્ત્રીઓના દાગીના બ્રાહ્મણ–વાણિયાના જેવા જ હોય.

આજીવિકા

તે જંતુ સુધારવાના કામમાં કોઈ પાસેથી પૈસા ન લે. કોઈને ચવડું કે એવું કંઈ કામ કરવાનું હોય તો લાકડું લઈ જાય, પણ ગાડું કે ઘર કરાવવાનું હોય તો તેના પૈસા લે.

સુધારવાના કામ પેટે ઘરાકોમાં તેને બાર મહિને ઘર-દીઠ એક મણ અનાજ મળે. વારતહેવારે કે લગ્ન–પ્રસંગે તેને જમવાનું હોય. તેને ઘેરઘેર સંબંધ હતો; કારણ કે નાનું સરખું કામ હોય, ઘંટીનાં ખીલ–માંકડાં કરવાનાં હોય કે ચણિયારું સુધારવાનું હોય, ત્યારે સ્ત્રીઓ સુથારને બોલાવે. આમ ઘરનાં મોટાં બધાં સાથે તેનો સંબંધ હતો. એને આવા કામપ્રસંગે દાળ આપે.


પાટીદારના લગ્ન–પ્રસંગે

ખેડૂતને ત્યાં લગ્ન હોય ત્યારે સુથારનું કામ વર માટે બાજઠ અને કન્યા માટે નાની માંચી તૈયાર કરવાનું હતું. તે બન્ને ચીજો ઘેર આપી આવે, એટલે તેનું પણ દાપું

હતું. તેને તે પ્રસંગે બેથી પાંચ રૂપિયા આપતા. કન્યાનો પિતા વરપક્ષ પાસેથી સુથારનું દાપું લેતો.

વાળંદ

આ વર્ગ સાચા અર્થમાં શૂદ્ર કહેવાય. વધુમાં વધુ નિમકહલાલ સેવકવર્ગ હોય તો તે આ વર્ગ છે.



વાળંદ

તેઓ વિશ્વાસપાત્ર એવા કે છોકરીઓ કે નાની સ્ત્રીઓ પણ ઘરના ઓરડા સુધી જઈ શકે.

આખો દિવસ સવારથી સાંજ સુધી ગામમાં ફરે—ઘેર-ઘેર જાય, હજામત કરે. વારા-ફરતી અડવાડિયે પહોંચી જાય.

આમ તેનો આખા ગામ સાથે, નાનાંથી મોટાં—બધાં સાથે સંબંધ હતો. તે બધાં-ની વાતો જાણે, એટલે આખા ગામનું જીવતું છાપું ગણાય. દરેકને એકબીજાની વાત કહે.

તે ગામની છોકરીઓને સાસરે મૂકી આવે અને ગામની વહુઓને પિયરથી

તેડી લાવે. તે માટલી લઈને જાય—સંદેશા લઇને જાય, એટલે તેનો સંબંધ ગામ સાથે જ નહિ, પણ તેમનાં સગાં સાથે પણ ખરો અને ફલાણાના સગાની કેવી સ્થિતિ છે, કેવો વ્યવહાર છે, તે બધું તે જાણે.

આજીવિકા

તેમની આજીવિકાનાં સાધનોમાં એક અસ્તરો, કાતર, નરેણી, ચીપિયો વાટકી, પથરી, ચામડાનો કટકો અને તે રાખવા માટે એક ચામડાની કોથળી—એટલું હોય છે.

તે વતું કરવાના પૈસા ન લે, પણ તે માટે તેને બાર મહિને ઘરદીઠ માણસના પ્રમાણમાં અનાજ મળે.

ઘેર ભેંસ રાખી હોય, તેમાંથી દૂધ-ઘી મળે.

ધંધો

હજામત ઉપરાંત ભેંસો મૂંડવાનું કામ પણ તેને કરવાનું હતું. ઢોર દીઠ ૦ાા શેર ઘી આપતા. ઢોર મૂંડી રહ્યા પછી તેને તેલ ઘસે તો તે ફાયદાકારક ગણાય છે.

આ ઉપરાંત તે વૈદું અને વાઢકાપ કરે. કોઇનો પગ ઊતરી ગયો હોય તો તે ચઢાવે. કાંટો લાગ્યો હોય કે ઝામરો થયો હોય, તો તે કાઢવાનું—કાપવાનું કામ કરે અને તે મટાડી દે. વાઢકાપમાં તેનું હથિયાર નરેણી હોય.

તેમની સ્ત્રીઓ ગામની સ્ત્રીઓનાં માથાં ઓળે, ચોળે અને કપડાં ધોઈ લાવે. વળી પ્રસૂતિ કરાવવાનું કામ પણ તેમનું જ. તે ગામની નર્સ હોય. તે પ્રસૂતિ પછી દશ દિવસ સુધી સ્ત્રીને તથા બાળકને નવરાવે, ધોવરાવે અને બધું

કામ કરે. નાના બાળકના સુંદર ઘાટ ઘડવાનું કામ તેનું હતું. આ સુવાવડ કરે ત્યારે તેને એક જોડ કપડાં અને એક રૂપિયો મળે.

આમ સ્ત્રીપુરુષ બંને આખા ગામના ઘરેઘરનાં ભોમિયાં રહેતાં. સારેનરસે પ્રસંગે વાળંદણને સારું ખાવાનું મળે; અથવા કંઈ નવી વાનગી બનાવી હોય તો તેની વાટકી રાખી મૂકે.

વળી ઘેર કોઈ મહેમાન હોય કે માંદું હોય તો વાળંદ તેના પગ ચાંપવા જાય. તેને હુક્કો ભરી આપે અને તેની ચાકરી કરે.

લગ્નપ્રસંગે

ખેડૂતને ત્યાં વિવાહ હોય, ત્યારે મહિના અગાઉથી તેમનું (ધણી–ધણિયાણીનું) કામ શરૂ થાય. કન્યા જોવી, કંકોત્રી લઈ જવી વગેરે કામ તેમને હોય. ઘરની સ્ત્રીઓ વાળંદ મારફત કન્યા કેવી છે, તે જાણે.

વાળંદણને પણ વડી, પાપડ વણવાના સંદેશા લઈ જવાનું કામ હોય. બધાંને ભેળાં કરવાનું કામ તેનું હતું. આજે ય છે. રસોઈનાં વાસણ સાફ કરવાનું કામ તેનું હતું. તે આજે ય છે.

જાનમાં વાળંદને મશાલ કરવાનું કામ હતું. તે માટે ચામડાની કૂપી હોય તેમાં તેલ ભરે. અને કપડાની લાંબી લાકડી બનાવી તે પર પતરાની બરાબર બંધવાળી ભૂંગળી પહેરાવી દે. એટલે કપડાંની ગળી ઊકલે જ નહીં. તે પર

તેલ નાખે અને સળગાવે. એ કૂપીમાં તેલ વધે, તે તેને ઘેર દીવો બાળવાના કામમાં આવે.

આ લગ્નમાં તેને સારી આવક હતી. તેને ૧૦–૨૫ રૂપિયા મળતા. તે જમાનામાં એ રકમ ઘણી સારી ગણાય.

પીઠી ચોળે ત્યારે પહેરેલું ધોતિયું કે કન્યા હોય તો પહેરેલી સાડી તેને મળતી. છોકરી પરણીને સાસરે આવે ત્યારે ઘેરથી વાળંદણ માટે સાલ્લો આવેલો જ હોય.

આમ કપડાં, ખાવાનું, પૈસા–બધું તેમને મળતું અને તે ખાધેપીધે સુખી રહેતા.

પોશાક

તેનો પોશાક મેલોઘેલો રહેતો, તેને કામ પણ એ જાતનાં હતાં. એને આખો દિવસ કામ હોય. તે બહાર જાય, ત્યારે પાઘડી પહેરે, તેનો ઘાટ પાટીદારની પાઘડી જેવો હતો પણ પાઘડી સુંથિયા જેવી હતી.

પુરુષો દાગીના ન પહેરે. પણ સ્ત્રીઓ સોનાના દાગીના પહેરે, તે બધા પાટીદારના જેવા હોય.

આમ, તે ગામનો અતિ ઉપયોગી, નિમકહલાલ અને વિશ્વાસુ સેવક હતો, તેનું માન પણ સારું હતું.

તેને બધા માનવાચક શબ્દોમાં બોલાવતા.

કુંભાર–પવિત્ર સેવક

જ્યારેજ્યારે હું કુંભારને અને તેની સ્ત્રીને જોઉં છું ત્યારે ત્યારે મને તેમનામાં પવિત્રતા છલકાતી જણાય છે તેમને જોઈને મારામાં પ્રેમ ઉત્પન્ન થઈ આવે છે. તેમના

જેવા નિષ્પાપી બહુ ઓછા છે, તેમની પવિત્રતા ઊંચા પ્રકારની લાગે છે, તે પવિત્ર સેવક છે.

એટલે જ એક વખત કહેવાતું કે 'બાર મહિનામાં એકવાર પણ બ્રાહ્મણને કુંભારને ત્યાં જવાનું મળે, તો ધનભાગ્ય ગણાય.' કેમ કે તેથી તેઓ પવિત્ર અન્ન જમવાની તક મળી માનતા.

આવા પવિત્ર સેવક જે ગામમાં ન હોય તે ગામ કુગ્રામ જ ગણાય; કેમ કે વસવાયોગ્ય–વસવાયાંમાં કુંભારનું સ્થાન મુખ્ય છે જ. જે ગામમાં કુંભાર ન હોય, ત્યાંના લોકોને જીવનની જરૂરિયાતનાં વાસણ માટે બહાર જવું પડે અને એટલી ગામની ઊણપ કહેવાય.

કુંભાર નહિ હોય ત્યારે


જ્યારે કુંભાર ન હતા, ત્યારે લોકો શું કરતા હશે? પહેલાં પાણી પીવાની જરૂર પડી હશે, ત્યારે લોકો પોશ મોં આગળ ધરીને પાણી પીતા હશે. પછી પાણીના સંગ્રહની જરૂર પડી હશે, ત્યારે પહેલી શોધ કુલડીથી થઈ હશે. એ કુલડી પ્રથમવાર બની હશે, ત્યાર પહેલાં એવું સાધન બનાવવાના કેટલા ય પ્રયત્ન થયા હશે. એમાં કેટલા ય સુધારા થયા હશે. ત્યારપછી આજે એવી કુલડી બની, કે જે લાંબો વખત ટકી શકે અને પાણી ઠંડું રહી શકે.

ચક્રની શોધ

એ કુલડી બનાવવામાંથી ચક્રની શોધ થઈ હશે. એ પછી સંઘેડો અને એવાં બીજાં અનેક ચક્રો થયાં. અને

એનો વિકાસ થતાં આજે મહાન વૈજ્ઞાનિક શોધો થઈ. પણ મૂળ તો આ ચક્ર થયું હશે.

એ ચક્ર કેવું છે? તદ્દન સાદું, તેની નીચે મરૂડના મજબૂત લાકડાનો ખીલો અને ઉપરની ખાચણી પણ તે જ લાકડાની; એ ચક્ર ભારે હોય તો વધું વેગવાળું બની શકે એ માટે લાકડું જાડું નહિ રાખતાં તેના પર ચીકણી માટીનો થર ચઢાવ્યો.



કુંભાર-ચક્ર

આમ તદ્દન સાદું ચક્ર બનાવ્યું અને તેમાંથી અનેક ઘાટો ઉતાર્યા. અને જીવનની જરૂરિયાતનાં વાસણો એક પછી એક બનાવતા ગયા. જેમ કે કુલડી જેવાં પીવાનાં વાસણ, વલોણાંની ગોળીઓ, દહીં ખાવા માટે ગોરસાં, ખાવા બનાવવાની હાંલ્લીઓ, ખાવા માટે કથીરા અને અનાજ રાખવા માટે કોઠીઓ વગેરે--કુલડીથી માંડી કોઠીઓ સુધીનાં વાસણો બનાવ્યાં.

ઘર બાંધવા માટે ઈંટો બનાવી અને તેના પર છાપરાં

માટે નળિયાં બનાવ્યાં. આમ માટીમાંથી જે બને તે બધું બનાવ્યું.

તે બનાવવા માટે સાધનો કેવાં વાપર્યાં ?

ઈશ્વરે માટી અને પાણી પૂરતા પ્રમાણમાં આપ્યાં છે ક્યાં ય તેની ખોટ નથી. એટલે એમણે માટી અને પાણીનો ઉપયોગ કર્યો.

તેમણે વાસણ પકવવા માટે નકામાં ઝરડાં વાડોથી મેળવ્યાં, કાંટા ભેગા કર્યા, અને તેનો નિભાડો બનાવ્યો. ધૂળમાંથી ધાન પેદા કરે, એવી રીતે નકામી અને વધારાની પડેલી ચીજોમાંથી જીવનને અતિ ઉપયોગી વસ્તુઓ તેમણે જગતને આપી.

પ્રજાપતિ

તેને બધા પ્રજાપતિ કહે છે. ગીતાજીમાં પણ શ્લોક છેઃ

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यंत्रारूढानि मायया ॥

(અ. ૧૮, શ્લો. ૬૧)

જેવી રીતે બ્રહ્માએ સૃષ્ટિ સર્જી, તેવી રીતે કુંભારે ચાક પર આરૂઢ થયેલા માટીના પીંડામાંથી જનતાને ઉપયોગી સુંદર વાસણ ઘડ્યાં.

આજીવિકા

તેની આજીવિકા માટે તે દરેકને વાસણ આપે. અને લોકો તેને અનાજ આપે—એવી વ્યવસ્થા હતી. વારતહેવારે

કે લગ્નપ્રસંગે તેને જમવાનું હોય.

વળી તેની પાસે ગધેડાં હોય, તે માટી લાવવાના કામમાં આવે. ઉપરાંત ગામમાં કંઈ લાવવા—લઈ જવાનું હોય, તો કેટલીક વાર તે કામ આપે છે. ખાસ કરીને વરસાદના દિવસોમાં તે ખાસ કામ આપે છે. લોકો પાસે ગાડાં—બળદ હતાં, પણ ચોમાસામાં તે ચાલે નહીં, ત્યારે ગધેડાં માલ લાવવામાં બહુ કામ આવતાં. સન ૧૯૨૮ના રેલ-સંકટમાં જ્યારે ગાડાંનો ઉપયોગ થઈ શક્યો નહિ, ત્યારે લોકોને અનાજ પહોંચાડવામાં ગધેડાં ખૂબ કામમાં આવ્યાં હતાં. વળી ગાડામાં માલ લઈ જઈએ, તો ય ગાડું અમુક હદ સુધી જાય. પછી ત્યાંથી અનાજ ઘરમાં કોંચથી જવું પડે. પણ ગધેડાંને તો જ્યાં ઇચ્છો ત્યાં લઈ જઈ શકો. તે તો ઠેઠ ઘરના ખૂણામાં માલ નાખી આપે.

વળી ગુણો બનાવવાની કુંભારની કળા એવી કે તે પાણીમાં પડી જાય, તો ય માલ તરત પલળે નહીં. થોડો વરસાદ હોય, તો અનાજ બિલકુલ પલળે નહીં.

આ ગધેડાંની મહેનતમાંથી કુંભારને થોડા પૈસા મળતા. વળી ગધેડાં મજબૂત એવાં કે તે ચાર મણની ગુણ વહી જાય અને આખો દિવસ કામ કરે. તેના વિશે કહેવત છે, કે 'કૂતરાની અડફેટ અને ગધેડાનો ધક્કો' એટલે બે કૂતરાં લડતાં હોય અને તેની અડફેટમાં કોઈ માણસ આવી જાય તો પડી જાય, તેમ ગધેડાનો ધક્કો લાગે, તો ય માણસ પડી જાય.

આવાં ઉપકારી ગધેડાંને ખોરાક પણ કેવો? જે મળે તે ચરી ખાય. આવી રીતે કુંભાર જગતને પોષણ આપનારી ચીજ પેદા કરી આજીવિકા મેળવતો. એ ચીજ બનાવતાં તે ગામની મિલકતમાંથી કંઈ લેતો નથી.

વસવાટ

તે ગામની પડખે રહે. પાટણમાં કુંભારનાં ઘર વચ્ચે છે અને કંસારાનાં ઘર છેડે છે. આ સંબંધી એક દંતકથા છે, કે કંસારા લોકોએ રાજાને ફરિયાદ કરી, કે અમને ગામ બહાર રહેવામાં બહુ જોખમ છે. અમે તાંબાપિત્તળનાં વાસણ બનાવીએ, તે જો બહાર મૂકીએ તો કોઈ ઉઠાવી જાય; અને આ કુંભાર ગામની વચ્ચે છે, તેમને કંઈ જોખમ નહિ. તેમનાં વાસણની કિંમત કેટલી? એટલે અમારે સ્થાને તે રહે અને તેમના સ્થાને અમે રહીએ, એવું કરી આપો. રાજાને આ વાત યોગ્ય લાગી, એટલે કુંભારને બોલાવ્યા. તેમણે રાજાને કહ્યું, કે અમે શા માટે બહાર જઈએ? અમારાં વાસણ કંઈ ઓછાં કિંમતી છે? તમને એમ લાગતું હોય તો કરો પરીક્ષા. અમારું વાસણ અને તેમનું વાસણ કોટ પરથી નીચે ફેંકો; જેનું તૂટે તેનું ખરું. રાજાએ પરીક્ષા કરી જોયું, કે કુંભારનું વાસણ ન ફૂટ્યું અને તાંબાના વાસણને ગોબો પડ્યો.

આ દંતકથા સાચી હો કે ન હો, પણ કુંભારનાં વાસણોની મજબૂતી તો સારી હોય છે જ. એ માટીનાં વાસણો હતાં, ત્યારે કેટલાંક વાસણો તો વરસો સુધી ચાલે અને બીજી

પેઢીને તેમનો વારસો મળે, એવી તે સાચવવાની આવડત હતી. આજે એ સાચવવાની કળા આપણે ગુમાવી બેઠા છીએ.

કુંભારો સામાન્ય રીતે ગામની બહાર રહે, એનું કારણ એ છે, કે ગામ વચ્ચે તેમને જગ્યાની મોકળાશ ન મળે. તેમને પોતાનાં ઘર સાથે જ નિભાડો રાખવો જોઈએ. એ નિભાડા માટે ઝરડાં કે કાંટાવાળાં લાકડાં પણ ગામ બહાર રાખવાની અનુકૂળતા પડે; એટલે તે ગામને પડખે જ રહે, એ સ્વાભાવિક થયું. એ કાંટાનાં ઝરડાં હોય, ત્યાં કુંભારનું ઘર છે એવી, ગામમાં જનારને તરત ખબર પડી જાય.

અતિથિઘર

વળી તેનું ઘર અતિથિનો ઉતારો ગણાય. મહાભારતમાં અર્જુન વગેરે પાંડવો કુંભારને ત્યાં ઊતર્યા હતા અને ત્યાંથી દ્રૌપદીના સ્વયંવરમાં ગયા હતા, એવી કથા છે.

એનું ઘર અતિથિના ઉતારા માટે એક રીતે સગવડ-ભર્યું ગણાય; કેમ કે અજાણ્યો માણસ ગામમાં જાય, ત્યારે વાસણની પ્રથમ જરૂર પડે, તે તેને ત્યાં મળી રહે. આવી રીતે કોઈ અટવાઈ પડેલો અતિથિ કુંભારને ત્યાં ઊતરે, તો કુંભાર તેનો આદરસત્કાર કરે અને તે ત્યાંથી જાય, ત્યારે 'આવજો' કહે, પણ આગ્રહ કરી રાખે નહિ. અંગત મહેમાન હોય તો આગ્રહ કરે. આ ઉપરથી 'કુંભારવાસો કર્યો' એટલે 'રાત રોકાઈ નીકળી પડ્યા' એમ કહેવાય છે.

ગામ સાથેનો સંબંધ

ખેડૂતને ત્યાં લગ્ન હોય, ત્યારે તેનો હિસ્સો ખરો.

ખેડૂતને ત્યાં લગ્ન એટલે બધાને આનંદનો લહાવો મળે.

લગ્નવખતે ગોતરડાં ભરવાનો રિવાજ હોય છે. ત્યારે સ્ત્રીઓ સારાંસારાં કપડાં અને દાગીનાં પહેરે અને ઢોલવાળાની સાથે ગીત ગાતી કુંભારને ત્યાં જાય. ત્યાં કુંભારને તથા કુંભારણને ચાંલ્લો કરે, શેરેક ગોળ અને ઘઉં આપે. તેના બદલામાં કુંભાર બે માટલી આપે. તે માટલી બેડાની જેમ કપડામાં લે અને ગાતીગાતી પાછી આવે. કુંભારને આમંત્રણ આપવાની આ રીત.

પછી કુંભાર લગ્નને માંડવે ચોરી કરવાની હોય, તે ચોકને ચાર છેડે સાત રંગભાતવાળાં માટલાં એકબીજા પર ગોઠવાય એવાં મૂકે. તેને ચાર છોડ રોપ્યા, એમ કહેવામાં આવે છે. લગ્ન પૂરું થયે ત્રણ છોડનાં માટલાં કુંભાર લઈ જાય અને એક છોડનાં સાત માટલાં ઘરધણીને આપે. આ રિવાજ હતો. ગુજરાં–ગોરમટીનો રિવાજ આજે પણ છે. તે વખતે સ્ત્રીઓ ફરીથી કુંભારને ત્યાં જાય. તે દિવસે કુંભારને લગ્નને માંડવે જમવાનું હોય. તેનું 'દાપું' પણ હોય છે. આવા પરસ્પર પ્રેમના અને લેવડદેવડના સંબંધો હતા. આ સંબંધો આપણી સમાજ–રચનાનાં સુપરિણામરૂપે નીપજ્યા હતા.

આજે તો આવા કુંભારોને ગામની અને સરકારી અમલદારોની વેઠ કરવાની હોય છે અને વેઠમાં બધું કામ તેઓ કરે છે. પહેલાં ગામનો લાભ તેમને અને તેમનો લાભ ગામને હતો. આજે અમલદારોથી તેમને કંઈ લાભ તો

નહિ જ, પણ પોતાનું કામ બગાડીને પણ વેઠ માટે ખડે પગે ઊભા રહેવાનું હોય છે. આવી નિંદ્ય સ્થિતિ આવી છે.

દરજી

આ દરજીનો ધંધો જીવનની જરૂરિયાતનો નથી, પણ શોખમાંથી ઉત્પન્ન થયેલો છે. સીવ્યા સિવાય અંગ ઢાંકી શકાય, એ સાચું; પણ જીવનમાં પરિગ્રહ વધતા ગયા, તેમ-તેમ કરકસર વધતી ગઈ અને તેમાંથી આખા વાપરવા કરતાં જોઈતા માપનાં કપડાં કાપીને પહેરવાનો રિવાજ દાખલ થયો હશે. પછી દિવસે-દિવસે નવીનવી ફેશન માટે સીવવાની આવશ્યક્તા ઊભી થતી ગઈ. આજે તો એવું બન્યું છે, કે બીજી નવી ફેશન શરૂ થાય, તે પહેલાં કપડું પહેરી લેવાની ઉતાવળ હોય છે અને તેથી કપડાં જલદી ફાટે અને નવાં-નવી ફેશનનાં-લેવાની સરળતા થાય એ માટે એવાં કપડા વધુ પસંદ કરે છે અને ભોગજોગે કપડું જલદી ન ફાટે, તો તેને માટે દુઃખી થનારા અને ફાડવાના પ્રયત્ન કરનારા પણ આ જમાનામાં મળી આવે.

આ ફેશન વિષે એક એવી વાત ચાલે છે, કે ફ્રાંસના પાટનગર પેરિસમાં એક માણસ સીવેલું કપડું લઈ દોડતો હતો. તેને કોઈએ પૂછ્યું, કે તું કેમ દોડે છે? પેલાએ જવાબ આપ્યો, કે હમણાં હું ઉતાવળમાં છું. આ નવી ફેશનનું કપડું મારી સ્ત્રીએ કરાવ્યું છે, તે લઈ જઉં છું અને જો દોડતો ન જઉં, તો કદાચ તેટલા સમયમાં બીજી નવી ફેશન નીકળે, તો આ કપડું નકામું થઈ જાય.

આ વાત સાચી હો કે ન હો, પણ તે આપણી આજની ફેશન પાછળની ઘેલછા દર્શાવે છે, એમાં શંકા નથી. વળી કેટલાક તેને કળાનું નામ પણ આપી દે છે; પણ સાચી કળા તો એ, કે જેનાથી પ્રજામાં નિશ્ચિંતતા આવે. સને ૧૯૧૭-૧૮માં ખેડા જિલ્લામાં સ્વદેશી કાપડનો ભંડાર શરૂ કર્યો, ત્યારે તેના ઉદ્દઘાટનપ્રસંગે ગાંધીજીએ કહ્યું હતું, કે માણસને લલચાવવા માટે જાતજાતનાં કાપડ વેચશો નહિ. એથી માલ ખપે, પણ પ્રજાને-લેનારને નુકસાન થાય.

આ બાબત દરજીનો ધંધો કરનારને વિશેષ લાગુ પડે છે; પણ જ્યાં સુધી સીવવાના સંચા ન હતા, ત્યાં સુધી સીવવાની મર્યાદા હતી. તે વખતે અમુક પ્રકારનું જ સિવાતું. દેશમાં સીવવાના સંચા શરૂ થયા, ત્યારથી તે ધંધાએ દરજીની પ્રતિષ્ઠા વધારી નથી.

પણ તે પહેલાં, ગામમાં દરજીનું સ્થાન હતું અને તે પણ ગામને આવશ્યક હતો. પચાસ વર્ષ પહેલાં સીવવાના સંચા શહેરમાં આવેલા, પણ ગામડાંમાં તો હાથે જ સીવતા.

તેનો ધંધો જ એવો, કે તેને ઘરેઘરનાં બધાં ઓળખે. દરજીની સ્ત્રી પણ તેના કામમાં મદદ કરે. તે સ્ત્રીઓનાં કપડાં સીવવામાં મદદ કરે. ગાજ-બટન કરે, દોરા ઠરડે વગેરે કામ કરે.

તેને આખો દિવસ બેઠેબેઠે સીવવાનું કામ કરવાનું હોય, એટલે તે વાંકો વળેલો હોય. બિચારાને આખો દિવસ

સોય ધકેલવામાં બહુ મહેનત પડે, એટલે 'છાતીએ બહુ જોર પડે છે,' એમ કહી મશ્કરીમાં તેને બધા ખોંખારા ખાઈ પજવે.

જેમ સુથાર વાંસલો ખભે નાખીને જાય, તેમ દરજી ગજ લઈ બધે ફરે. તેનું હથિયાર પણ તે જ. કોઈને મારવું હોય, તો તે ગજ લઈ દોડે.

પોશાક

તે માથે પાઘડી પહેરે; કસવાળું પહેરણ અને ધોતિયું.

તે જમાનામાં પાઘડીવગરના હોય તો તે ફક્ત કડવા પાટીદારો. બાકી બધા પાટીદારના જેવી પાઘડી પહેરે. વણકર અને ચમાર ફેંટો પહેરે. તે વખતે ઘરડાઓ જાતે પાઘડી બાંધે અને જુવાનિયા બીજા પાસે બંધાવે. પાઘડી બાંધવાની પણ કળા ગણાતી.

ગામ સાથે સંબંધ

કેટલાંક સુખી કુટુંબો, ફાટેલાં કપડાં સીવવાનાં હોય કે ફાટેલાં કપડાંની ગોદડીઓ સીવવાની હોય, તો તે કામ દરજીને સોંપે અને દરજી તે કરે. તે માટે તેને બાર મહિને મણ–સવામણ અનાજ આપે. લગ્નપ્રસંગે તેનું દાપું હોય. જમવાનું તો હોય જ અને ઘર પ્રમાણે તેને બે–પાંચ રૂપિયા રોકડા મળે. લગ્નવખતે તેની પણ જરૂર પડે. ગામના દરેક વર્ગનો ખેડૂતના ઘરના લગ્નમાં હિસ્સો રાખ્યો હતો. કંઈ કામ ન હોય તો સંબંધ ટકે નહિ, એટલે દરેક માટે કંઈક ને કંઈક કામ કરવાની યોજના ઘડેલી,

એ આપણે આગળ જોઈ ગયા.

એવી રીતે દરજીને ભૂંગળ વગાડવાનું કામ સોંપ્યું હતું. લગ્ન અંગે જે દિવસે થાંભલી નાખે એ દિવસથી તેનું કામ શરૂ થાય. તેની સાથે ઢોલી પણ હોય. એમનું કામ પાંચ દિવસ ચાલે. તે દિવસોમાં તેને રોજ જમવાનું મળે.

લગ્નપ્રસંગે ઘેર દરજી બેસાડે અને બધાં કપડાં ઘેર સિવડાવે. પહેલે દિવસે તેને મિષ્ટાન્ન જમાડે. તેને બેસવા માટે ગોદડી આપે.

ગાભાના ગરાસિયા

દરજીને કેટલાક લોકો મશ્કરીમાં ગાભાના ગરાસિયા કહેતા; કારણ કે તે કપડાં સીવે, ત્યારે તેને ગાભા મળે.

ખાસિયત

દરજી હંમેશ વાયદા કરવાની ટેવ માટે જાણીતો છે; એટલે એ પરથી કહેવત પડી, કે 'સઈની સાંજ અને મોચીની સવાર.' 'સઈ' શબ્દ 'સોય' પરથી થયો હશે. કેટલાક તેને 'મેરેઈ' પણ કહે છે.

ધોબી

આ ધંધો જીવનની જરૂરિયાતનો નહિ, પણ શોખનો છે, હતો; પણ પહેલાં એવા લોકો હતા, જે ધોબી પાસે કપડાં ધોવરાવતા. તેવા લોકો ધોબીને એ માટે બાર મહિને ૦ાા મણ દાણા આપતા હતા. જ્યારે કોઈને ત્યાં જમણવાર હોય, ત્યારે ધોબી ભાત પર ઢાંકવા પોતાની ચાદરો ધોઈને આપતા અને બદલામાં તેમને જમવાનું મળતું.

આ ધંધો હલકો મનાતો હતો, પ્રતિષ્ઠિત નહિ; કેમ કે જેમ ભંગી ગામનો કચરો કાઢે છે, તેમ ધોબી કપડાંનો મેલ કાઢે; એટલે તેને પણ શૂદ્ર ગણ્યો અને કેટલાક ભાગમાં અસ્પૃશ્ય ગણ્યો; એટલે કેટલાક બ્રાહ્મણો ધોબી કપડાં ધોઈ લાવે, ત્યારે તેને પલાળી–સૂકવીને વાપરે.

તે વખતે ઊંચા ગણાતા બ્રાહ્મણો વગેરે ગળી કે ખેર વાપરવા દેતા ન હતા. તે વાપરનારની પ્રતિષ્ઠા ન હતી.

મોચી

આ વર્ગ ચમાર જેટલો તદ્દન અસ્પૃશ્ય ગણાતો ન હતો. ગામને તેની જરૂર હતી. તે કોઈનો ફાટેલો જોડો સીવી આપે તો તેને દાણા મળે અને નવો કરી આપે તો પૈસા મળે. તેને ત્યાં જઈ આવીએ તો નાહવું પડે.

મોચી વાયદા કરવાથી ટેવાઈ ગયેલો હોય, તેમ તેની બીજી ખાસિયત એ, કે તે લીધેલું માપ વારંવાર ભૂલી જાય. આજે માપ લીધું અને વાયદો કર્યો અને ફરી વાયદા પ્રમાણે જોડા લેવા જાય, ત્યારે માપનું પણ ઠેકાણું ન હોય; તેથી કહેવત પડી છે, કે 'ચતુર ચિતારો ને મૂરખ મોચી.' ચિતારાને એક વખત બતાવ્યું હોય, તો તે ભૂલે નહિ અને તે આખું ચિત્ર ખ્યાલમાં રાખે, જ્યારે મોચીને ત્રણ વખત પગ આપ્યો હોય, તો ય માપ ભૂલી જાય.

ઘાંચી

આ વર્ગ સમાજને ઓછો ઉપયોગી નથી. તેનાં સાધનોમાં ઘાણી અને બળદ એ જ હોય છે. તેના આંગણામાં ઘાણી

હોય છે. એવું કહેવાય છે, કે જેણે અતિશય પાપ કર્યાં હોય, તે બીજે જન્મે ઘાંચીને ઘેર બળદ થઈ જન્મે. એનું કારણ એ, કે આંખે ડાબલા બાંધી, બળદને આખો દિવસ ગોળ-ગોળ ફર્યા કરવાનું હોય છે. આ ધંધો હિંદુ અને મુસલમાન બંને કોમો કરતી હોય છે. જે ગામમાં ઘાંચી ન હોય, તો ખેડૂતને તલ પિલાવવા બીજે ગામ જવું પડે; એટલે એ ગામ કુગ્રામ કહેવાય; કેમ કે એ ગામના ખેડૂતને માથે ઘાંચીના અભાવનું દુઃખ હોય છે.

પરસ્પર સંબંધ

ગામના ઘાંચી પાસે ખેડૂત તલ પિલાવવા જાય, ત્યારે અનેક જાતની વાતો કરે. ઘરની, બાળકોની, ખેતીની, બધી વાતો બંને જણ કરે. વચ્ચે ગીત પણ ગાય. ખેડૂત તલ સાફ કરી લઈ જાય. તલમાં પાણી નાખવા માટે થોડું પાણી પણ લઈ જાય. પાછા ફરતાં તેલ લઈ આવે અને ટોપલામાં ખોળ લઈ આવે.

તેલ કાઢતાં–કાઢતાં તેમાંથી થોડું કચરિયું બળદને ખવરાવે. ઘણી થોડું ખવરાવવા પણ દે. વધુ ખવરાવે તો લડે પણ ખરો. તેલ સાથે થોડી સાની પણ કઢાવે, જે ખાવા માટે છોકરાં રાહ જોઈ રહ્યાં હોય. તેલ તૈયાર થાય ત્યાં સુધી ખેડૂત અથવા તેના ઘરનું કોઈ ત્યાં બેસી રહે. પછી તેલ, ખોળ તૈયાર થાય, ત્યારે ઘાંચી પોતે ખેડૂતને ત્યાં જાય અથવા છોકરાને મોકલે; એટલે ખેડૂત ઘાંચીને શેરેક તુવેરની દાળ અને અથાણું કે પાપડ જેવું કંઈક

આપે. ઘાંચી હિંદુ હોય કે મુસલમાન, તેનો કાંઈ ભેદ ન હતો. આમ પરસ્પરનો સંબંધ રહેતો હતો. ખેડૂત ઘેર સાની લઈ ગયો હોય, તેમાં ગોળ ભેળવે અને તે ફળિયાંનાં છોકરાંને વહેંચે અને ઘરમાં બધાં ખાય. શિયાળામાં તેલની કુલેર કરીને અથવા તલસાંકળી કરીને ખાય. તે ઋતુમાં તેલ વધુ ખાવાનું માહાત્મ્ય હતું. ઘાંચી પોતાને મજબૂત ગણતો અને મજબૂત હતો પણ ખરો; કેમ કે તેને દિવસમાં અનેકવાર વજનદાર ઘાણીની લાટ બહાર કાઢવાની અને અંદર ગોઠવવાની હતી. હવે ઘાણીમાં સુધારો થયો છે, એટલે લાટ બહાર કાઢવા સિવાય પણ ખોળ અને તેલ કાઢી શકાય છે.

અંગ્રેજ સરકાર અને ઘાંચી

પણ આ ઘાંચી યાદ આવે છે, ત્યારે મારી સામે અંગ્રેજ સરકારનું રાજ્ય ખડું થતું જણાય છે. તેનામાં અને આ સરકારમાં બહુ સામ્ય છે.

હિંદ એક ઘાણી છે અને અંગ્રેજ ઘાંચી છે. આમ-જનતા તેલી પદાર્થ છે. કાયદો લાટ છે. સરકારી નોકરો બળદ છે. વફાદારીના સોગંદ એ ડાબલા છે. સરકારી ખાતાં ધૂંસરી છે અને હોદ્દો એ જોતર છે.

ઘાંચી બળદને હુકમ કરે અને મલકાતોમલકાતો બળદ ચાલે, એમ અંગ્રેજ સરકારના હુકમ પ્રમાણે સરકારી અમલદારો આનંદથી વર્તે છે.

ઘાંચી બળદને ડચકારતો જાય, તલ સંકોરતો જાય

અને હાથ ખંખેરતો જાય. એનો અર્થ એ, કે તલરૂપી પ્રજા સરકારી કાયદારૂપી લાટથી પિલાય છે. બળદને એટલે સરકારી નોકરોને ઉત્તેજન મળે, એટલે તે લાટ ફેરવે. તેમાં એને કંઈ લેવાદેવા નથી લાગતી.

બળદે તો ડાબલા પહેર્યા હોય છે, એટલે તેને ખબર નથી પડતી, કે તલ પિલાય છે, તેમ સરકારી અમલદારોએ વફાદારીના સોગંદ લીધા હોય, એટલે એમને ભાન નથી રહેતું કે પ્રજા કચડાય છે.

બળદ જરા ધીમો પડે છે, અને તેને હાથ વડે થાબડે છે, એટલે તે ઝડપથી ચાલે છે. તેમ કરતાંય બરાબર ન ચાલે, તો ખોળનું ઢેફું આપે અને ચલાવે અને પછી પણ ઢીલો પડે, તો પરોણીની આર મારે; એમ અંગ્રેજો અમલદારોનાં વખાણ કરે, ઢેફારૂપી પ્રમોશન આપે અને છેવટે સજાનો ડર દેખાડે, પણ કામ લે!

લાટ પોતાની ધરી ઉપર ગોળગોળ ફરે છે અને તે ઊંધી ફરે છે. એવી રીતે અમલદારો માને છે કે કાયદો અમારી પાછળ છે; પણ તે ઊલટો ચાલે છે. તેની ગતિ જુદી હોય છે. વળી આ લાટને દબાવે તો તલ પિલાય, એટલા માટે તેની જોડે વજન રાખ્યું હોય છે, તે બળદની પાછળપાછળ રાખે છે અને તેની ખબર ન પડે, એ માટે તે પાછળ રાખે છે. તે બળદની પાછળપાછળ ફરે છે; તેમ કાયદો પણ અમલદારોની પાછળપાછળ ઊલટી ગતિએ ચાલે છે. તેની મારફત પ્રજાને દબાવે છે, પણ

તેની તેને ખબર નથી પડતી.

વળી ઘાણીમાં તલ કોણ નાખે છે? આ કાયદામાં સપડાવવાનું કોણ કરે છે? તે માટે વકીલો અને દલાલો તૈયાર હોય છે. તે ખેડૂતને આમતેમ સમજાવી કાયદાની ચુંગલમાં લાવે છે અને તેને તેમાં ફસાવે છે; પણ ઘાણીમાં જેમ ઘાંચીનો હાથ દબાવવાનો થાય, ત્યારે પેલું વજન આગળ ધરી દે છે, તેમ સરકારી અમલદાર કાયદાની ચુંગલમાં ફસાવાનો થાય, ત્યારે તેના રક્ષણનો કાયદો આગળ ધરી દે છે.

બળદ ઘરડો થાય, એટલે તેનાં જોતર અને ધૂંસરી કાઢી નાખે છે અને તેને થોડુંથોડું ખાવાનું આપે છે; નહિ તો એ બળદનો ત્રાસ જોઈ, બીજો બળદ કોઈ આપે નહિ; એવી રીતે અમલદારો ઘરડા થાય, ત્યારે તેમને નોકરી-માંથી મુક્ત કરે છે અને અર્ધો પગાર પેન્શન તરીકે આપે છે.

એવા બળદને જેમ ધૂંસરી રાખતા નથી, પણ નાથ રહેવા દે છે, તેમ અમલદારોને પણ પેન્શનરૂપી નાથ રાખે છે, જેથી તે મરજી મુજબ વર્તી ન શકે, પણ ધણીના હુકમ પ્રમાણે રહે.

આમ આજની પ્રજાની અને સરકારી સ્થિતિનો વિચાર કરતાં ઘાંચીનું ચિત્ર ખડું થાય છે.

ઇતર વર્ગ—રબારી

આ વર્ગ ગાયો રાખે, સારા સાંઢ રાખે અને ગાયને સારા વાછરડા આપે; એ રીતે તે ખેડૂત–જીવનમાં અતિ

ઉપયોગી રહ્યો છે.

રહેણીકરણી

તેની રહેણી બહુ સાદી. તેને વર્ષમાં ૮ માસ સ્થિર રહેવાનું હોય. પછી વરસાદ થાય એટલે ગાયો લઈ



રબારી

નીકળે. જેમ કે વરસાદ આવે, ત્યારે બધી જમીન ખેડાઈ જાય એટલે ગાયોને ચરવાની જગ્યા ઓછી પડે. ગામમાં ગોચર હોય, પણ ગામનાં ઢોર ત્યાં ચરવાનાં હોય, એટલે ગાયોને પૂરું ન પડે.

વરસાદનો વખત થતો, ત્યારે ખેડા જિલ્લામાં તો કપડવણજ, ઠાસરા અને માતર તરફના ભાલ પ્રદેશમાં રબારી લોકો જતા. ત્યાં અણખેડાઉ જમીન ઘણી હતી, તેથી ઉત્તર તરફના રબારીઓ પણ ત્યાં ભેગા થતા.

વરસાદ ખૂબ પડે ત્યારે તેઓ એક ટેકરી પર જાય. ત્યાં થોર લાવીને ઊંચી ગાદી બનાવે. તેના પર આળ બિછાવે,

તેના પર સૂઈ જાય અને ઊનનો કામળો ઓઢે. તેની આસપાસ ગાયો બેસે. આવી ગાદી હોવાથી, પાણી ખૂબ પડે તોય નીચેથી વહી જાય. કામળો ઓઢવાની રીત એવી, કે તેના પર પાણી પડે તે નીચે પડી જાય.

વળી કોઈ વખત ઊભોઊભો લાકડીને ટેકે ઘૂંઘી (ઊનની બનાવટની) ઓઢી ઊંઘી જાય.

ખોરાક

તે દૂધ ખાવા પૂરતું કાઢે. બાકીનું બધું વાછરડાને ધવરાવી દે. ઘી પણ ગાયનું જ વાપરે. તેમના બધા જ વ્યવહારમાં ઘી વપરાય. દીવેલને સ્થાને ઘી વપરાય. માથામાં પણ ઘી નાખે. દરેક ઘેર બે–ત્રણ મણ ઘી સિલકમાં હોય. આમ દૂધ અને ઘી ખાનાર મજબૂત હોય જ.

ઢોરની ઓલાદ

તે લોકો દૂધ પરથી ગાયની કિંમત આંકે નહિ; કેમ કે દૂધ તો જોઈતું જ કાઢે; પણ તેના વાછરડા કેવા થાય છે, તેના પર તેની કિંમત અંકાય. આ તો ફલાણા વાડાનો વાછરડો છે એટલે સારો હોય જ, એમ કહેવાતું અને દરેક રબારી ગાયના ધણ સાથે સુંદર ખૂંટ–સાંઢ રાખે. તે તેની આવકનું અને પ્રતિષ્ઠાનું સાધન હતું. તેની ગાયો પણ કેવી ? તે વાઘની પણ સામે થાય. ગાયોની વચ્ચે ધણી સૂતો હોય, તો કોઈ તેને મારી શકે નહિ, એવી તે જબરી હતી.

ગાયો સાથે ઊંટ પણ કેટલાક રાખતા. તેઓ બકરાં–ઘેટાં થોડાં વર્ષથી રાખતા થયા છે.

વાછરડાઓને ખસી કરવાનું કામ તેઓ પોતે વાઘરી પાસે કરાવતા.

આવક

સારા વાછરડા થાય તે ગામલોકોને આપે. તેમાંથી તેમનું ગુજરાન ચાલે; પણ જો વાછરડો નાનો હોય, ત્યારે તેને ખેડૂત લઈ જાય, ત્યારે તેને સધાવણો રાખવા સારુ રબારી તેની સાથે ગાય પણ આપે. એ ગાયનું દૂધ ખેડૂત વાપરે નહિ, પણ વાછરડાનેજ બધું પાઈ દે. વસૂકી જાય, ત્યારે રબારી તે ગાય પાછી લઈ જાય. આવી રીતે વાછરડાની કાળજી રાખવામાં આવતી હતી.

આતિથ્ય

તે એકબીજાને ત્યાં જાય, ત્યારે સાધારણ રીતે જે હોય તેનાથી સત્કાર કરે. ગમે તેવો અજાણ્યો રબારી હોય, પણ તે સુખેથી તેને ત્યાં રહે. અતિથિ જમવાનો છે કે નહિ, તે જાણવા માટે નિશાની એ હતી, કે જો રબારી તેની લાકડી ઊભી મૂકે, તો ઘરધણી જાણે કે તે તરત પાછો જવાનો છે, એટલે નાસ્તા જેવું કરાવે; અને લાકડી હેઠે પછાડતી મૂકે, તો સમજે કે તે જમવાનો છે.

રબારી રોટલો બાંધીને ન જાય, એ તેની એક ખાસિયત હતી.

બધાને મુસાફરી કરવાની હોય, એટલે એકબીજાને જમાડે, એ સ્વાભાવિક બની ગયું અને એકબીજાને ત્યાં જવામાં સંકોચ પણ ન રહ્યો. જ્યારે કેટલાક ઊંચા ગણાતા

બ્રાહ્મણાદિ વર્ગોમાં એકબીજાને ત્યાં ઝટપટ જાય નહિ અને જાય, ત્યારે તેનું આતિથ્ય પણ થાય એવી અપેક્ષા રાખે.

પાટણવાડિયા વગેરે વર્ગમાં પંદર મહેમાન હોય તો ય, જે જુએ તે બોલાવી જાય. મહેમાનો જેને ત્યાં ગયા હોય, એને ત્યાં જ જમે, એવું નહિ. તેને ત્યાં કદાચ કોઈ પણ ન જમે. મહેમાનોને જુએ, એટલે ફળિયાના ભાઈઓ આવીને, કોઈ એક, કોઈ બે, એમ સગવડ પ્રમાણે જમવા બોલાવી જાય. પેલો માણસ કોઈને ત્યાં મોકલે નહિ, પણ બધા ફરજ સમજી બોલાવી જાય. આથી કોઈ પર બોજો ન પડે, વળી જે હોય તે સાથે બેસી જમે. આ ઉત્તમ રિવાજ હતો.

હું એક વખત કપડવણજ તરફના ભાલ પ્રદેશમાં ગયો હતો, તે વખતે હું બ્રાહ્મણ સિવાય કોઈને ત્યાં જમતો નહિ. જે ગામમાં ગયો હતો, તે ગામમાં ૭ રબારી કુટુંબોની વસ્તી હતી. ત્યાં મારા ગામના એક બ્રાહ્મણ હતા. તેમણે મારા સંબંધી વાતો કરી હશે, એટલે રબારી ભાઈઓ આગ્રહ કરી મને તેમને ત્યાં લઈ ગયા.

તે દિવસે તેમણે હવન કરવાનું નક્કી કર્યું હતું. ૭ ઘર હતાં, એટલે હવન તો નાનો હોય, પણ તે માટે તેમણે ઘર દીઠ ૧। શેર પ્રમાણે ૮॥। શેર ઘી ભેગું કર્યું હતું.

તે પોતાનાં છોકરાંને ભણાવવા માસ્તર રાખતા હતા. તેમને રોજ જોઈએ તેટલું દૂધ—ઘી અને વર્ષે દહાડે એક વાછરડો આપતા હતા.

મહેમાનને પીરસે ત્યારે ઘી ચમચાથી ન પીરસે, પણ બાચકો ભરી રોટલા પર મૂકે.

મહેમાનને જમવા બોલાવે ત્યારે 'છાશ પીવા ચાલો' એમ કહે. જેમ કેટલાકમાં 'ઊઠો રોટલા ખાવા' કહેવાનો રિવાજ હોય છે, પણ જમવામાં રોટલા ન હોય; તેમ છાશ પણ ન હોય, પણ તાંસળી ભરી દૂધ આપે અને રોટલા પર ઘીનો લચકો મૂકે.

આ પ્રસંગ પછી પંદરેક વર્ષે હું ફરી ભાલમાં ગયો, ત્યારે આંખમાં આંસુ આવે, એવી કરુણાજનક સ્થિતિ નિહાળી. આજે તો એથી ય ભૂંડી થઈ છે.

લગ્નપ્રસંગે

(ખાસિયત) લગ્નમાં ઘણા ભેગા થાય, પણ બધા ખાટલા પર બેસે, એટલે ખાટલા ઘણા ભેગા કરવા પડે. કોઈ કોઈ વખત તો સો જેટલા ખાટલા ભેગા કરવાના થાય. કોઈ હેઠે ન બેસે. એનું કારણ એ પણ હશે, કે ગાયો આસપાસ બેસતી હોય, એટલે છાણ જ્યાંત્યાં હોય, તેથી ઊંચે બેસવાની આવશ્યક્તા ઊભી થઈ હશે.

મોટો તહેવાર

તેમનો મોટો તહેવાર 'મહીબીજ'નો ગણાય. તે દિવસે કોઈ રબારી દૂધ વેચે નહિ. વધુ હોય તો મફત આપે.

ભરવાડ

જેમ રબારીનો ધંધો ગાયો પાળવાનો, તેમ ભરવાડનો ઘેટાં પાળવાનો છે; તેઓ ઊંટ પણ પાળે.

આ વર્ગ એવો છે, કે તે સમાજ પાસેથી ઓછામાં ઓછું લે અને વધુમાં વધુ આપે.

તે સમાજને દૂધ, ઘી, ઊન, ખાતર, ચામડું આપે, જ્યારે બદલામાં તે થોડું અનાજ લે. તે જ્યાં બેસે, ત્યાં સમાજને લાભ કરતો જાય. તે નકામો ક્યાંય ન બેસે. તે સમાજના પોષણમાં ઉપયોગી છે.

અસ્થિર વાસ

તેમને ક્યાંય સ્થિર રહેવાનું ન હોય. જો સ્થિર રહે, તો ઘેટાંનો ચારો પૂરો ન થાય; એટલે તેને આકાશ નીચે રહેવાનું, એટલે તે ટાઢ, તાપ અને વરસાદથી ટેવાઈ ગયા હોય છે. તે જંગલમાં રહે છે અને ભારે તપશ્ચર્યા કરે છે. તેઓ સમાજને ઉપયોગી છે અને ઉપકારક પણ છે; છતાં તેની તેને ખબર નથી. ખબર રાખવાની ચિંતા યે નથી. આ સ્થિતિ સારી નથી, પણ સહજપણે ચાલી આવી છે. આજે તો પડતર જમીનો ન હોવાથી અને ખેતરોમાં ભેલાણ થતું હોવાથી આ વર્ગ બોજારૂપ થઈ પડ્યો છે. એની સ્થિતિ પણ વિષમ બની છે.

સંસ્કૃતિના રક્ષકો

દુનિયાના બીજા બધા પ્રાચીન ધર્મો નાશ પામી ગયા, પણ હિંદુ ધર્મ જે અનેક વાવાઝોડાં વચ્ચે હજી પણ ઊભો રહ્યો છે, તેનું કારણ એ છે, કે સમાજમાં હજુ એવા વર્ગો પડ્યા છે, કે જે પ્રતિષ્ઠાનો ય લાભ લીધા વિના સમાજના કલ્યાણ માટે કામ કર્યા કરે છે. શરૂઆતમાં તે જ્ઞાનપૂર્વક

થયું હશે, પણ પછી તો રૂઢિથી ચાલતું રહ્યું છે.

મુસલમાન લોકોએ હિંદને તલવારના જોરે વશ કરવા ઇચ્છેલું, પણ તે ફાવ્યા નહિ.

અંગ્રેજોએ બુદ્ધિ, પૈસો અને તલવાર—ત્રણેના બળથી હિંદને ઉખાડવા પ્રયત્ન કર્યો છે, પણ તેમની ય સામે હિંદ આજ સુધી ટકી રહ્યું છે, તેના કારણમાં તેની સમાજ—રચના છે. જે દેશોમાં અંગ્રેજો ગયા, તે સમાજરચનાને અભાવે તેમની સામે ટકી શક્યા નહિ અને ધર્મવિહીન બની ગયા. આમ દુનિયાને ધર્મવિહીન કરી મૂકવાનું બીડું ઝડપ્યું હોય, એવું તેમણે આજ સુધી કર્યું છે.

અહીં પણ આ સમાજ—રચનામાં મોટાં ગાબડાં પડ્યાં છે અને તે તૂટવાનો ભય ઊભો થયો હતો; પણ ગાંધીજી જેવા સમર્થ પુરુષ, આપણે સદ્ભાગ્યે થયા છે, જેમણે હિંદનું મોં સીધી દિશામાં ફેરવ્યું છે.

પોશાક

ઘેટાંમાંથી ઊન તૈયાર થાય, તે સાફ કરે, તેમાંથી પૂણી બનાવે અને તે લઈને ફરે. જ્યાં ઘેટાં ચરતાં હોય, ત્યાં ઊભાઊભા તકલી પર કાંતે. આમ ઊન તૈયાર થાય, તે વણકરો પાસે વણાવી લે. તે કાળે 'કાંતણ' ગૃહ—ઉદ્યોગ હતો. જેમ રસોઈ કરવાની હતી, તેમ કાંતવાનું હતું. વણાટ એ સ્વતંત્ર ધંધો હતો. તેમનું ઓઢવા—પાથરવાનું બધું જાડું; સૂતરાઉ કાપડનું ધોતિયું, પછેડી અને ફેંટો હોય, તે જાડા ચોતારા સૂતરનાં હાથસાળ પર વણેલાં હોય.

સ્ત્રીઓ પણ પહેરવામાં ઊનનું જાડું કાપડ રાખે. તેમનો પોશાક તદ્દન સાદો હતો.

પુરુષ હાથમાં મજબૂત ડાંગ રાખે અને તે જ એનું હથિયાર હોય છે.

લગ્નની પદ્ધતિ

જેમને બારે માસ અસ્થિર સ્થિતિમાં રહેવાનું હોય છે, તેમના લગ્નની પદ્ધતિ અનોખી હોય તે સમજાય તેમ છે. તે કારણે તેમનામાં બાળલગ્ન થાય છે, એ સામાજિક દૃષ્ટિએ અયોગ્ય છે; પણ તેમનો એ કાયદો ઉકેલાવો મુશ્કેલ છે.

જો તે સ્થિર જીવન જીવે, તો ઘેટાં વગેરેનું પાલન કરવું તેમને માટે મુશ્કેલ બની જાય અને તેથી સમાજને નુકસાન થાય; એટલે તેમની તપશ્ચર્યા પોતાને ભોગે સમાજને પોષણ આપે છે.

આ ભરવાડોની વસ્તી રાધનપુર, વઢિયાર તરફ ખૂબ છે. લગ્નપ્રસંગ આવે, ત્યારે તેમના બધા પટેલિયા ભેગા થાય અને તેમની નાતની જેટલી નાની-મોટી છોકરીઓ છે, તેમની ગણતરી કરે અને તે દરેક માટે વર પણ નક્કી કરે.

એ બધી છોકરીઓને એકસાથે પરણાવવાની હોય છે, પણ તે પરણાવવાનો બોજો કોણ ઉઠાવે? તે બોજો ઉઠાવવા હરીફાઈ થાય અને જે ઓછામાં ઓછા પૈસા લઈ બધી છોકરીઓને પરણાવવાનું માથે રાખે, તેને ત્યાં બધી છોકરીઓને ભેગી કરવાનું રાખે. આ રકમ જે લે,

તે ખર્ચના હિસાબે નથી લેતો, પણ નામની જ હોય છે. તે લગભગ રૂપિયા ૧૦૦) ની આસપાસ હોય. પણ તેને ખર્ચ તો ઘણો કરવો પડે છે.

પેલા ધણીને ત્યાં બધી છોકરીઓને ભેગી થતાં ઘણો વખત લાગે; કેમ કે જેમજેમ ખબર પડતી જાય, તેમતેમ બધા ભરવાડો તેને ત્યાં આવતા જાય. જે આવે તેને રોજ શીરો જમાડે. રોજ સવારે શીરો કરી રાખે અને તે મોટા વાસણમાં—ગોળીમાં રાખી મૂકે. સાથે રામપાત્ર (માટીનાં વાસણ) પડ્યાં હોય. ભરવાડ પુરુષો આવે, તે સીધા રામપાત્ર લઈ શીરામાં ખોસે અને ભરીને ઊભાઊભા ખાય. વધુ જોઈએ તો બીજા રામપાત્ર વડે લઈ લે અને ખાઈને ફરતો ફરે.

સ્ત્રીઓ હોય તો ગાતીગાતી આવે. તેમનો સ્વર ઊંચો એટલે બહુ દૂર સુધી સંભળાય. બે જણ હોય તો ય ખુલ્લે કંઠે ગાય. તેઓ ગાતાંગાતાં આવે અને હારબંધ બેસી શીરો ખાય.

એમ દશ–પંદર દિવસમાં બધા ભેગા થઈ રહે; એટલે નક્કી કરેલે સમયે છોકરીઓની હાર કરે અને સામે છોકરાઓની હાર કરે. એક બ્રાહ્મણને બોલાવી લે અને બધાંને એકસાથે પરણાવી દે; પછી બધા વેરાઈ જાય.

રાવળિયા

આ વર્ગને કેટલેક ઠેકાણે જોગી કહે છે. તે 'રાવળ-યોગી' પરથી 'રાવળજોગી' થયો અને તેમાંથી 'જોગી' અપ-

ભ્રંશ થયો. આ વર્ગ ભિક્ષા પર નભે છે. ઉપરાંત તે બકરાં રાખે છે, તેમાંથી દૂધ, ઘી અને વાળ મળે. એ વાળના કામળા બને. આમ તે ત્રણે ચીજ ઉપયોગી હોય છે. તેમાંથી તેમનું થોડુંક પોષણ થાય છે. જ્યારે શ્રાદ્ધ હોય, ત્યારે 'રાવળયોગી'નું તુંબડું—પાત્ર ભરાય નહિ, ત્યાં સુધી શ્રાદ્ધ પૂરું થયું ન ગણાય. એને પાતર પૂરવાનું કહે છે. આમ તેમનો ભિક્ષાનો અધિકાર ગણાય છે.

ધંધો

તે બકરાં ઉપરાંત ગધેડાં પણ રાખે છે. બકરાં તથા ગધેડાંને ખાવા માટે ઘાસ આપવાનું નથી હોતું. બકરાં તો થોરિયાનાં પાન પણ ખાય. ગધેડાં પણ એવી જ રીતે જે મળે તે ખાઈ લે. તે ગમે ત્યાં ચરે. ગધેડાં માલ લાવવા—લઈ જવાના કામમાં આવે છે.

લગ્નપ્રસંગે

તે વખતે આધુનિક વાદ્યો ન હતાં. ત્યારે રાવળ ઢોલ, પિપૂડી, રામઢોલ અને તાછાં તડતડિયાં રાખતા અને લગ્નવખતે વગાડવા જતા. તે ઢોલ વગાડતા એટલું જ નહિ, પણ નૃત્ય પણ કરતા અને મનરંજન કરતા.

સામા ગામથી જાન આવે ત્યારે તેમનું સ્વાગત કરવા લોકો જાય, (સામૈયું-સામાજયું કરવા જતા,) ત્યારે ઢોલી સાથે હોય તે સ્ત્રીનો પોષાક પહેરી, ઢોલ વગાડતો જાય અને નૃત્ય કરતો જાય. એવી રીતે જાનવાળો ઢોલી પણ નૃત્ય સાથે ઢોલ વગાડે. પછી અમુક પ્રકારે ઢોલ

વગાડે, એટલે ગામનો ઢોલી સમજે કે ગામને પડકાર કર્યો. એટલે બન્નેની હરીફાઈ જામે.

બંને બરાબર ફરતા જાય; નૃત્ય–તાલ સાથે ઢોલ વગાડતા જાય. આ વખતે બન્ને પક્ષના જાનવાળાને પણ તાન ચઢે. પોતાનો ઢોલી ન હારે, એ તેઓ જુએ. તેને બરાબર ઉત્તેજન આપે. તેમાં જો ઠાકોરોની જાન હોય તો કોઈ વખત બંને પક્ષો સામસામા લડી પડે, પણ પછી શાંત થઈ જાય.

આમ આ વર્ગનું પણ ગામમાં સ્થાન હતું.

બારોટ

આ લોકોનો ધંધો ક્ષત્રિયોની પડખે રહી તેમને તેજસ્વી રાખવાનો હતો.

પહેલાં તો બારોટની પ્રતિષ્ઠા હતી. લડાઈ જીતવાની હોય તો બારોટ જોઈએ જ. તે રાજાનાં વખાણ કરે. અરે, તેને મોટો બનાવે; એટલું જ નહિ, પણ પ્રસંગ આવ્યે રાજા નબળો પડે, ત્યારે તેને મેણું પણ મારે અને તેની જાતનું ભાન કરાવે. આ રીતે તેને નબળાઈમાંથી બચાવે.

ચંદ બારોટની ખ્યાતિ તો આજે પણ છે. પણ હાલ તે વર્ગ ખુશામતિયો બની ગયો છે. તે હોશિયાર ખૂબ હતા અને શીઘ્ર કવિ પણ ખરા. રાજાઓ તેમને પોષતા; અર્થાત્ તે પ્રજાને સીધો ઉપયોગી વર્ગ ન હતો.

તેમાંના કેટલાક ગઢ પર રહેવા ગયા, એટલે તેઓ ગઢવી કહેવાયા.

મુસલમાન બાદશાહો થયા, ત્યારે કેટલાક વટલાઈ ગયા. તે લોકો મીર થયા.

રાજાઓ પોતાની આવકમાંથી દશમો ભાગ કાઢતા અને તેમાં તેમનો હક રહેતો હતો; એટલે તે દસૂંદી–બારોટ ગણાવા લાગ્યા.

બારોટ કદી લડાઈમાં પડતો નહિ, પણ તે મોતથી બીતો નહિ. તે વિષ્ટિકાર પણ બનતો અને તેમાં સામા રાજાને ખોટું લાગે તેવું કહેતાં પણ ડરતો નહિ; જેમ રાવણ પાસે અંગદ ગયો હતો અને તેણે રાવણને સંભળાવ્યું હતું. આને માટે બહાદુરી તો જોઈએ જ.

મહીકાંઠાના ઠાકોરોની વાત છે. તે ઠાકોર લોકો પાસે ઘોડી અને તલવાર હતાં. તેમની ઘરવખરીમાં બીજું કંઈ ન હોય, પણ તેઓ ઘોડી અને તલવાર પર જીવે.

પેશ્વાઈ સરકારના રાજ્યની શરૂઆત થઈ, તે વખતે પેશ્વાઈ લશ્કર ચોથાઈ લેવા આવે, ત્યારે ઠાકોર ચોથાઈ આપે નહિ અને પેશ્વાઈ લશ્કર લડવા આવે, ત્યારે ઘોડી પર બેસી નદીપાર ચાલ્યા જાય. તે વખતે તેમના વતી આ બારોટ લોકો ચોથાઈની રકમ આપી સુલેહ કરે. તે રકમ ધીમે-ધીમે ઠાકોર તેમને આપી દે. એકસાથે આપવાની તો શક્તિ જ ન હોય. આમ આ બારોટ તે વખતે તેમને બચાવતા.

આ વર્ગ આજે તો નાબૂદ થતો જાય છે. જે છે તેનામાં હોશિયારી અને શીઘ્ર કવિના અંશો પડેલા છે.

તે પ્રસંગ આવ્યે ટેક ખાતર માથું આપે. 'હારાકારી' કરી મોતને ભેટે. પોતાના છોકરાને કે સ્ત્રીને પણ ઠાર કરે, પણ તે નમતું ન આપે.

બારોટનું બીજું કામ વહી વાંચવાનું હતું. તે કુટુંબો અને ગામોની વંશાવળીના ચોપડા રાખતા અને ગામેગામ ફરતા રહી, નવીનવી પેઢીઓનાં નામ લખતા. આમ તેમણે સારી રીતે ઇતિહાસ સાચવ્યો છે. આવી રીતે ગામમાં જાય, ત્યારે લોકો તેમને જમાડતા.

તે વહી વાંચે, ત્યારે લોકો પોતાના કુટુંબની વહી સાંભળવા ભેગા થાય, તે વખતે તેઓ પોતાનાં નવાં નામ નોંધાવતા અને એકએક રૂપિયો આપતા. લગ્નપ્રસંગે પણ તેમને એકએક રૂપિયો મળે.

હાલ તે વર્ગ વાતોડિયો અને ખુશામતિઓ બની, પ્રમાદ, વ્યસન અને અફીણની લતમાં પડી, નાબૂદ થવા બેઠો છે.

ગોસાઈ

પહેલાં ગામલોકોને થાક ઉતારવાનું તથા શાંતિ મેળવવાનું જાહેર સ્થાન મંદિર કે મહાદેવ હતું. તે ગામની બહાર હતું. તેમાં મહાદેવની પૂજા ગોસાઈ કે તપોધન કરે. તે સ્થળ સ્વચ્છ રાખે અને તેની પૂરતી વ્યવસ્થા રાખે. ત્યાં તેઓ રહે, ઢોર રાખે, મંદિર ખાતે અલગ રાખેલી જમીન ખેડે અને ખૂટે તો ગામ આપે. આમ તે અર્ધ-પરાશ્રયી હતા. તે લગ્ન પણ કરતા હતા અને ગૃહસ્થ તરીકે રહેતા હતા. તે ઉપદેશ કે કથાવાર્તા કરતા ન હતા.

સાધુબાવા

વૈષ્ણવ મંદિરોમાં સાધુબાવા રહેતા હતા, તે લગ્ન કરતા ન હતા. વળી તે મંદિરની સ્વચ્છતા રાખવા ઉપરાંત કથા-વાર્તા કરતા, તુલસીરામાયણ કે મહાભારત વાંચતા હતા. તેમને મોટે ભાગે ખેડૂતો પોષતા હતા. તેઓ પરાશ્રયી હતા.

વૈદ્ય

વૈદ્યનો સ્વતંત્ર ધંધો કરનાર વર્ગ પણ હતો. વૈદ્ય ધાતુઓની માત્રાઓ બનાવતો, અર્ક કાઢતો અને વનસ્પતિની દવા કરતો. તેની આજીવિકા સ્વતંત્ર રીતે ધંધામાંથી ચાલતી હતી. તે આજના ડૉક્ટર કરતાં વધારે ઉપયોગી હતો. તે વખતે વૈદ્યો બહુ ઓછા હતા. કોઈ માંદો પડે કે તરત દવા ન કરે, પણ તેઓ રોગને પાકવા દેતા; એટલે કે દરદીએ કુદરત વિરુદ્ધ વર્તીને, પોતાના શરીરમાં જે વિક્રિયા ઉત્પન્ન કરી છે, તેને ઉપવાસાદિ ઉપચારો કરાવ્યા પછી દવા આપે. પછી રોગ રહે જ શાનો ? રોગ પણ કલ્યાણ ખાતર હોય છે. માણસ ભૂલ કરે, એટલે તરત તેને કુદરત ચેતવણી આપે છે. એ કુદરતી શિક્ષા છે. તેનો પ્રતિકાર કરીએ, તો પાપ થાય. કુદરતના કાયદાનો ભંગ કરનારને કુદરત શિક્ષા કરે જ. એ રીતે માંદા પડવું એ ગુનો છે. એ ગુનાની શિક્ષામાંથી બચવા માટે કુદરતમય જીવન ગાળવું જોઈએ; એટલે એની રહેણીકરણી, ખાનપાન વગેરે બધું સ્વાભાવિક જ હોવું ઘટે.

મનુ મહારાજે એક ઠેકાણે કહ્યું છે, કે વૈદ અને સોનીની

દર વર્ષે સંભાળ રાખવી, જેથી તે કોઈને છેતરે નહિ. આમ પહેલાં વૈદની પ્રતિષ્ઠા બહુ સારી ન હતી.

માળી

આ વર્ગનો ધંધો પ્રજાપોષક નથી. અતિ ઉપયોગી પણ ન ગણાય. એ લોકો ફક્ત ધનવાનને અને દેવને કામમાં આવે; છતાં તેનું સ્થાન છે ખરું. તે ફૂલવાડી કરે અને ઘેરઘેર ફૂલ આપે. લગ્નપ્રસંગે કે એવા શુભ પ્રસંગે હાર વગેરે કરે. પહેલાં પ્રજામાં ફૂલનો શોખ હશે. મુસલમાન બાદશાહો આવ્યા પછી તે વધ્યો. બગીચો શબ્દ ફારસી છેઃ એ બતાવે છે, કે એનો વિકાસ પાછળથી થયેલો છે.



માલણ

પહેલાં સુગંધી દ્રવ્યોથી સ્નાન કરવાની વાતો આવે છે, પણ અત્તર વગેરેના શોખ પાછળથી થયેલા જણાય છે. હકીમની દવાઓમાં પણ

સુગંધી પદાર્થો નંખાતા હોવાથી તે દવાઓ સુગંધવાળી બને છે.

ફૂલના સુંદર હારો, તેની ચાદર વગેરે સુંદર બનાવવાની કળા માળીઓ જાણતા હતા.

તેમની સ્ત્રીઓ લાવવા–લઈ જવાનું કામ કરતી હતી. લોકવાર્તાઓમાં માળણ બહુ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

કંસારો

જ્યારે ધાતુની શોધ થઈ ન હતી, તે વખતે માટીનાં વાસણ કુંભારે જગતને આપ્યાં.

પછી ધાતુની શોધ થઈ, એટલે કંસારાની ઉત્પત્તિ થઈ. ધાતુ પણ એક પ્રકારની માટીજ છે, પણ તે મજબૂત હોવાથી વધુ ટકે, એટલે તેનાં વાસણ બન્યાં. આ જગતમાં વિશ્વકર્માના પાંચ પુત્રો ગણાય છે. એ ઉપરથી પંચાલ નામ પડ્યું. ભાગવતમાં એની રચના નીચે મુજબ બતાવી છે:

માટી	પર	ઘાટ	ઘડનારા	કુંભાર
લાકડાં	,,	,,	,,	સુથાર
પથ્થર	,,	,,	,,	સલાટ
તાંબાપિત્તળ	,,	,,	,,	કંસારા
લોખંડ	,,	,,	,,	લુહાર

કેટલાક કુંભારને બદલે સોનીને પંચાલ ગણે છે, પણ સોની કુંભારમાં સમાય છે અને કડિયા સલાટમાં સમાઈ

જાય છે. પહેલાં આ બધી ધાતુઓ અહીં મળતી અને તેમના ઘાટ પણ અહીં જ ઘડાતા હતા; પણ હવે યંત્રોની શોધ થઈ, એટલે એ ઘાટ ઘડવાનું કામ પણ લગભગ નાશ પામ્યું. તૈયાર ચળકીનાં વાસણ આવવા લાગ્યાં.

લુહાર, સોની અને કંસારા—એમ ત્રણ પાસે એરણ હોય છે. કંસારાની એરણ બહુ કિંમતી હોય. તેને ત્યાં અવાજ એટલો થાય કે બીજું કંઈ સંભળાય નહિ. એ ઉપરથી કહેવત પડી છે, કે કંસારાના ઘરનો ઉંદરડો થાબોટા પાડ્યે નાસી ન જાય.

આ જગતમાંથી દરજી, ધોબી, માળી અને સોની એકદમ અદશ્ય થઈ જાય, તો જગતનું યંત્ર અટકી ન પડે. એમના વિના અડ્યું ન રહે, પણ પંચાલ ન હોય તો ન ચાલે.

ભવૈયા અને મલ

ભવાઈ કરનારો ભવૈયો કહેવાય છે. અત્યારે તો ભવાઈ અને ભવૈયા શબ્દો હલકા અર્થવાળા બની ગયા છે, પણ ભવ+વાહીમાંથી ભવાઈ શબ્દની ઉત્પત્તિ થઈ છે. ભવ એટલે આ સંસાર. આ સંસારના ચિત્રની રજૂઆત એટલે ભવાઈ. સંસારમાં સારું અને ખોટું—એમ બન્ને ચાલે છે. ખોટાને ખોટું સમજી ત્યાગ કરી શકીએ અને સારાને સારું સમજી સ્વીકારી શકીએ, એવી પ્રેરણા જગાવવાનું કામ ભવાઈનું છે. આ ઉદ્દેશ કેટલો બધો ઊંચો છે? આમ

પહેલાંના જમાનામાં ભવાઈ લોક–કેળવણીનું એક સાધન હતું, એમ માનવા કારણ છે.

ખેડૂત રાત–દિવસ શ્રમ કરે, એટલે કોઈ કોઈ વખત મનરંજનની જરૂર પણ રહે. એ જરૂરિયાતમાંથી ભવૈયા અને મલની ઉત્પત્તિ થઈ હશે, એમ લાગે છે. ભવૈયા પહેલાં મનરંજન કરતા, પણ નુકસાનકારક ન હતા. તે રમે, ત્યારે આખું ગામ જોવા જતું. તેમાં સ્ત્રીઓ અને બાળકો પણ જતાં.

પણ આપણી અધોગતિ થતી ગઈ, તેમતેમ, તેમનામાં પણ એવી અસરો આવી અને તેમની ભવાઈ નુકસાનકારક બની; છતાં ય તે હાલનાં નાટક, સિનેમા કરતાં ઘણી સાદી હતી.

એવી જ રીતે મલવિદ્યા પણ પહેલાં ખૂબ ખીલેલી હતી. બે જણ કુસ્તી કરે, તે જોવા આખું ગામ ઊલટે. તેમની ઉત્પત્તિ ઉત્તર ગુજરાતમાં મોઢેરામાંથી થઈ. મોઢેરા તૂટ્યા પછી તે લોકો નિઝામ–હૈદ્રાબાદ ગયા. તેમાં મોઢ બ્રાહ્મણ, મોઢ ઘાંચી, મોઢ વાણિયા, મોઢ સુથાર છે અને જેઠી મલ એટલે શ્રેષ્ઠ મલ્લ જે કહેવાય છે, તે પણ મૂળ મોઢેરાથી નીકળેલા હતા; અને ત્યાંથી ગુજરાતમાં, વડોદરા રાજ્યના આશ્રયે પાછા આવ્યા હોય એમ લાગે છે. તે ખંડેરાવના વખતથી અહીં આવ્યા છે. તે લોકો મલકુસ્તી કરે અને રાજ્ય તેમને પોષે. કુસ્તી કરતી વખતે, પોતાના માણસની જોડે લડતાં-લડતાં મરણનો ભય ઊભો થાય; તોપણ પાછી પાની કરીને

તેઓ ખેલને નીરસ બનવા દેતા નહિ. એ 'જેઠીમલ' તરીકે ઓળખાય છે. જ્યેષ્ટ ભાઈ પરથી જેઠીમલ નામ થયું હશે.

પરચુરણ કોમો

આ ઉપરાંત ભોઈ, વાઘરી, માછી, બજાણિયા વગેરે મજૂરી કરતી કોમો છે.

લગ્નમાં વર પરણવા જાય, ત્યારે પાલખી ઊંચકવાનું કામ ભોઈ અને વાઘરી કરતા હતા અને કરે છે.

માછી હોડી હંકારવાનું કામ કરે છે. તેઓ નદી કે સમુદ્રને કાંઠે રહે છે. સમુદ્રકાંઠે રહેનારા માછીઓ વહાણો પણ ચલાવતા. તેઓ બહુ કુશળ નાવિકો હતા.

બજાણિયા દોરી અને વાંસ પર ચાલે અને એ રીતે ખેલો કરી મનરંજન કરવાનું કામ કરે.

૭ : ગામ માત્ર ખેડૂત

હાથથી કામ કરે તે ગામડાનો માણસ અને માત્ર બુદ્ધિથી કામ કરે તે શહેરનો માણસ; આ ધંધાવાળા લોકો ગણાયા. તે બધા ભેગા થયા, ત્યારે ગામ વસ્યું અને જ્યાં કૂવાની કે નદીની એટલે કે ચોખ્ખા પાણીની અને સ્વચ્છ હવાની અનુકૂળતા હતી, ત્યાં ગામ વસ્યું.

આ ગામમાં બધા કારીગરો હતા. તેઓ પોતપોતાનું કામ કરતા; છતાં ગામ માત્ર ખેડૂત ગણાતું; એટલે કે બધા ખેતી પર જીવનારા ગણાતા હતા.

દાળ બનાવવી હોય તો તેમાં ફક્ત દાળ જ નથી હોતી. તેમાં મસાલા પ્રમાણસર નાખ્યા હોય, તો તે દાળ કહેવાય છે. એ મસાલા દાળમાં સમાઈ જાય. વળી મસાલા વિના દાળ પૂર્ણ ન થાય, તેથી દાળ પૂર્ણ બનાવવા માટે મસાલાની આવશ્યકતા ગણાઈ. મીઠું ભૂલી ગયા હોય, તો ય દાળ અપૂર્ણ કહેવાય.

તેવી રીતે ગામ માત્ર ખેડૂત ગણાય. તેમાં બધા સમાઈ જાય અને ખેડૂતો પણ તેઓને પોતાનામાં સમાવી દે અને પોતાનો ધર્મ સાચવી લે.

ખેડૂત અન્ન પકવી બધાને અર્પણ કરે. દરેકને હિસ્સો પહોંચ્યા પછી, વધેલું ખેડૂત લઈ જાય. એવી રીતે બધા ધંધાવાળા પોતાની શક્તિ ખેડૂતને અર્પણ કરતા

અને એ રીતે અર્પણ થયા વિના કોઈ તંત્ર સુવ્યવસ્થિત ચાલે નહિ. તેમાં બધાને આધીન રાખનાર મોટો નથી, તે સમૂહપૈકીનો જ છે; છતાં સમૂહ તેને આધીન થાય, તો જ કામ થાય. આ બધા લોકોને એકબીજાની ગરજ હતી; તેથી એકબીજાની મૈત્રી રહેતી. ગરજ વિના મૈત્રી હોતી નથી.

આજીવિકાની નિર્ભયતા

તે વખતે કોઈને 'હું શું કરીશ?' એ પ્રશ્ન જ ન હતો. હું મારું બાળપણ યાદ કરું છું, ત્યારે મને કોઈ દિવસ એવો પ્રશ્ન થયાનું યાદ નથી. એ પ્રશ્ન અસ્વાભાવિક હતો. તે વખતે 'બાપનો ધંધો કરીશ અને જીવીશ' એ સ્વાભાવિક હતું.

આનું નામ વર્ણવ્યવસ્થા

વર્ણ એટલે ધંધો. દરેક પોતાનો ધંધો કરે—એ વર્ણવ્યવસ્થા. આખી દુનિયામાં, હિંદુસ્તાનમાં જ—આ વ્યવસ્થા હતી. ખેડૂતનો છોકરો ખેતી કરે, સુથારનો છોકરો સુથારી કામ કરે; અને એ યોગ્ય પણ હતું; કેમ કે તેના લોહીમાં જ તે સંસ્કાર હોય, એટલે તે સહેલાઈથી આવડે. તેમાં તે જલદી કુશળતા મેળવી શકે. એમાં કોઈક અપવાદ હોય. આ હિંદુ ધર્મની વિશેષતા હતી.

તે વખતે કોઈ બીજા ધંધામાં માથું મારે ખરો, પણ પોતાનો ધંધો છોડીને નહિ. તેઓ આજીવિકા પોતાના ધંધામાંથી મેળવતા અને સંપત્તિની વહેંચણી એવી સુંદર હતી, કે દરેકને પૂરતું મળી રહેતું અને લગભગ બધા સરખી

સ્થિતિના ગણાતા. આમ વર્ણવ્યવસ્થાથી મધ્યમ વર્ગ રચાયો, આબાદ થયો અને આપણી સંસ્કૃતિ તેના પર નિર્ભર રહી.

ત્યારે સમાજવાદ હતો.

ઉપર જણાવ્યું એ મુજબ સંપત્તિની વહેંચણી સમાન ધોરણે થતી, પણ એકલી બાહ્ય સંપત્તિની સમાન વહેંચણી હોય, તો પરસ્પરનો સંબંધ લૂખો હોય, તેમાં મીઠાશ ન હોય, તેનો અર્થ એ નહિ, કે ગામમાં ઝગડા થતા ન હતા.

ન્યાય નહિ, પણ સમાધાન હતું.

ઝગડા થતા ત્યારે તેનો નિકાલ ગામમાં જ થતો અને એ ઝગડાની પતાવટ પછી ઝેરવેર વધતાં નહિ, પણ અટકી જતાં. તે વખતે ન્યાયને નામે લૂંટતા નહિ. ન્યાય શું હશે, તે તો પ્રભુ જાણે; એટલે તકરાર થાય તેમાં ગામના પંચો સમાધાન કરતા. બે હાથે તાળી પડે, તેમ સંપ કરવો હોય તો બે જણ જોઈએ. સંપની આવશ્યક્તા બે જણ હોય તો જ ઊભી થાય અને સંપ થાય; તેમ કુસંપ પણ એક જણ ઇચ્છે તો ન થાય. બંનેનો દોષ હોય તો કુસંપ ટકે. એકનો દોષ નીકળી જાય, તો બીજાનો કુસંપ ઝાઝો વખત ટકે નહિ, એટલે જ સમાધાન થતું. સમાધાન કરાવનાર, આજના વકીલોની જેમ જુદો વર્ગ ન હતો. કોર્ટ ન હતી, પણ કજિયો થયો, એટલે ભાંજગડ કરનારાઓને બન્ને પક્ષ બોલાવે. ભાંજગડ કરનારા ભાંજગડ કરે, તેનો પૈસો લેતા નહિ. વળી ગામના જ માણસો ભાંજગડ કરનારા હોય અને એકબીજાને સારી રીતે ઓળખતા હોય, એટલે જૂઠાણા-

ને બહુ અવકાશ રહેતો ન હતો.

તે વખતે ગુના પ્રમાણે સજા થતી. બહુ મોટો ગુનેગાર હોય તેને નાત બહાર મૂકે, ગામ બહાર મૂકે, તેનો દીવોદિવતા બંધ કરે; એટલે સામાજિક અસહકાર કરી, તેને પોતાની ભૂલ સુધરાવતા. આવું સમાધાન ઓછામાં ઓછે ખર્ચે થતું હોવાથી બન્ને પક્ષને તેથી સંતોષ થતો. સમાધાનનો અર્થ પણ સરખી રીતે મૂકવું, ગોઠવવું—બંનેનાં મનને સરખી રીતે ગોઠવવું, તેનું નામ સમાધાન.

સુખ એ હતું, કે તે વખતે કજિયા—દલાલો ન હતા, તેથી કજિયા થતા પણ વધતા નહિ. આજે તો વકીલો કજિયા વધારવાનું કામ કરે છે. એમની હસ્તી જ કજિયા વધારવા પર રહી છે અને જેમ વકીલો વધતા જાય છે, તેમ કજિયા પણ વધતા જ જાય છે. પહેલાં વકીલના ધંધા તરીકે કોઈ જુદો વર્ગ જ ન હતો, પણ એ વર્ગ તો અંગ્રેજી રાજ્યની પેદાશ છે.

દવા કરવાનો પૈસો નહિ.

તે વખતે દરેક રોગ માટે જુદાજુદા ડૉક્ટર ન હતા. કોઈ કોઈ ઠેકાણે વૈદ્ય હતા અને દવા કરતા; પણ મોટાં સ્ત્રી—પુરુષો પોતપોતાનું સંભાળી લેતાં, એટલી તેમનામાં આવડત હતી. લોકો કુદરતી રીતે જીવતા, એટલે રોગો ઓછા થતા અને થતા તે પણ આસપાસની વનસ્પતિની દવાઓ કરી મટાડતા. તે વખતે વૈદોની સંખ્યા આજની જેમ વધતી નહિ, પણ મર્યાદિત રહેતી; તેથી રોગનું પ્રમાણ મર્યાદિત

રહેતું. આજે તો જેમજેમ ડૉક્ટરો વધતા જાય છે, તેમ-તેમ રોગો પણ વધતા જાય છે. સાચા ડૉક્ટરો વધે તો રોગ નાબૂદ થવા જોઈએ, પણ એવું નથી થયું, એ આપણે અનુભવીએ છીએ.

તે વખતે હાડકું ઊતરી ગયું હોય તો તે વાળંદ ચઢાવતો, ઘા થયો હોય, તો ય તે દવા આપતો અને તેથી ઘા રૂઝાઈ જતો; પણ તે કામ માટે પાઈ પણ લેતો નહિ. તે પોતાની વિશેષ શક્તિનો ઉપયોગ સમાજ–હિતાર્થે કરતો અને આજી-વિકા માટે પોતાનો ધંધો કરતો. ઢોરોની દવા કરનારા પણ હતા અને કોઈ બોલાવે તો તે તરત જતા. તે માટે કંઈ લેતા નહિ; લેવામાં નાનમ ગણાતી.

અમારા ગામમાં એક વખત એક જણનો પગ ભાગી ગયો. ચોમાસાનો દિવસ હતો અને નદી બે કાંઠે હતી. સામે પાર હલધરવાસમાં પગ ચડાવનાર રહેતા હતા, તેને બોલાવવા માણસ મોકલ્યો. તે નદી પાર કરી આવ્યો, પગ ચડાવ્યો, પણ કંઈ લીધું નહિ અને તરત પાછો ગયો. પાણી પણ ન પીધું. તે જમાનાની આ ખૂબી હતી.

એક વખત હું પાટડી ગયો હતો. ત્યાંના ગામના ઘણાખરા વણકર લોકો યુરોપિયનોને ત્યાં બબરચી તરીકે કે એવા બીજા ધંધાર્થે મુંબઈ રહે છે. તેમને પત્ર લખવો હોય, તો સ્ત્રી વાણિયા પાસે જાય. વાણિયો કાગળ લખવાનો પૈસો લે. મને આ જોઈ બહુ દુ:ખ થયેલું. મેં એક બાઈને કહ્યું: "લાવ, હું લખી આપું." ત્યારે તેણે કહ્યું:

"તમારી પાસે મારા ધણીનું સરનામું છે?" આમ સરનામું વાણિયો રાખે અને તેના પણ ઘરાક થઈ ગયા હોય.

અમે એક વખત એક વિદ્યાર્થીને મુંબઈ ભણવા મોકલવાનો વિચાર કર્યો. તે માટે મેં મુંબઈ કાગળ લખ્યો, તેના જવાબમાં અરજીપત્ર ભરી મોકલવા માટે આવ્યું; પણ તે અંગ્રેજીમાં આવ્યું, એટલે હું હલધરવાસ એક ડૉક્ટર પાસે ગયો અને તેને અરજીપત્ર ભરી આપવા જણાવ્યું. તેણે મારી પાસે એક રૂપિયો માગ્યો. મેં રૂપિયો ન આપ્યો અને ૭ ગાઉ દૂર મહેમદાવાદ જઈ અરજીપત્ર ભરાવ્યું.

પણ આ ડૉક્ટરને અરજીપત્ર રૂપિયો લઈને ભરી આપવાની વૃત્તિ થઈ, તે અંગ્રેજી ભણતરથી આવી; કેમ કે પહેલાં કોઈ એવી રીતે પૈસા માગે, તો તેની નિંદા થતી.

છોકરાંને ગામ ઉછેરતું

તે વખતે વ્યક્તિ પોતે સ્વતંત્ર હોવા છતાં ગામને તે આધીન હતી. શરીરનો એટલે બાહ્ય મોજશોખ હલકો ગણાતો. કોઈ ઢેકે કાછડી ખોસી ફરે કે વરણાગી કરે, તો ગામનાં મોટેરાંઓ તેમને તરત જ ટોકે. કોઈનો છોકરો દ્વેષ કરે તો ગામનો માણસ ટોકે. એ ટોકવા પાછળ ઈર્ષ્યા કે ખુન્નસ ન હતાં, પણ ભક્તિભાવ હતો અને તેમાં તેને ખોટું કરતો અટકાવવાની ઇચ્છા રહેતી હતી.

તે વખતે છોકરો માબાપની અને ગામની આંખ નીચે ઊછરતો; પણ આજે તો તે ઘેર ઊછરે છે તો ય આંખ નીચે નથી રહ્યો. તેના વિકાસમાં આડે ન આવવું જોઈએ, પણ તે

ખોટું કરે, તો તેને તેમ કરતાં અટકાવવો જોઈએ. આજે તો તે સ્વતંત્ર નહિ, પણ સ્વચ્છંદી રહ્યો છે.

પહેલાં તો કોઈને માથે દેવું હોય અને જો તેનો છોકરો દાગીના પહેરવા જાય, તો તેને કહેનારો મળે, કે "તારો બાપ તો............વાણિયાની મજૂસમાં પડ્યો છે ને તું દાગીના પહેરવા નીકળ્યો? પહેલાં એ દેવું આપ અને પછી દાગીના પહેરજે."

કોઈ બાપની જમીન વેચી વધારેપડતો ખર્ચ કરવા તૈયાર થાય, તો તેને રોકતા. તે વખતે નોકર શેઠને રોકતો અને નોકર શેઠનું કહ્યું કરીને તેના પ્રત્યે અદબથી વર્તતો.

એવો એક પ્રસંગ મને યાદ આવે છે: એક વખત હું પારડી તાલુકાના પરીઆ ગામે ગયો હતો. ત્યાં એક શેઠનો દીકરો મને ઓળખતો હતો, તે મને પોતાને ત્યાં લઈ ગયો. ત્યાં ગાદી પર એક ડોસા ચોપડો લઈ બેઠા હતા, તેમને પેલા શેઠના દીકરાએ પ્રણામ કર્યા અને મારી ઓળખાણ આપી. ડોસાએ મને ગાદી પર બેસાડ્યો અને થોડી વાતો કરી.

પછી પેલો શેઠનો દીકરો મને રસોડામાં લઈ ગયો. ત્યાં મેં તેમને વાત કરતાં કહ્યું: 'તમારા પિતા બહુ હોશિયાર અને સમજુ લાગે છે.' તેણે કહ્યું: 'મારા પિતા તો ગુજરી ગયા છે. એ બેઠા છે તે મારા ગુમાસ્તા છે.'

પ્રશ્ન—ત્યારે તમે તેમને પગે લાગ્યા, એટલે હું સમજ્યો, કે તે તમારા પિતા હશે.

ઉત્તર–તે પિતા નથી, પણ પિતા જેવા જ છે. મારા પિતા ગુજરી ગયા, ત્યારે હું નાનો હતો અને ત્યારથી આ ડોસાએ ઘરનો વહીવટ ચલાવ્યો. તેમણે અમને, અમારી સંપત્તિ વધારીને આ સ્થિતિએ મૂક્યા છે; એટલે એમના પ્રત્યે અમને માન કેમ ન હોય ?

રાજા–પ્રજાનો સંબંધ

તે વખતે રાજા રાજ્યની શોભારૂપ હતા. તે પ્રજાને શા કામમાં આવે ? ગામનાં સાર્વજનિક કાર્યો–જેવાં કે ન્યાય, વેપાર, શિક્ષણ વગેરેમાં તેમની જરૂર ન હતી. આજે તો કંઈ પણ સાર્વજનિક કામ કરવું હોય, તો લોકલબોર્ડ કે સરકાર સામે તાકી રહેવું પડે છે. તળાવની પાળ તૂટી ગઈ હોય, તોય લોકલબોર્ડ કરે, તો જ થાય એવી સ્થિતિ આવી છે.

રાજાઓ તો બહારનાઓથી રક્ષણ કરવાના કામમાં આવતા. તેટલા પૂરતા તેમને કર આપતા અને સંતોષ માનતા. રાજા પણ પ્રજાના રોજના કામમાં માથું મારતા નહિ. તેમને પ્રજા કર આપતી, ત્યારે તે કરમાંથી થોડો ભાગ પ્રજાને પાછો આપતા. કૂવા, ધર્મશાળા, રસ્તા, સરોવર વગેરે જેની પ્રજાને જરૂર જણાતી, તે કરાવી આપતા; પણ લોકોને તેની પડી નહોતી.

ગામના લોકો તો પોતપોતાના ગામને ઉપયોગી ધંધા કરતા અને એકબીજાને મદદ કરી જીવતા.

૮ : દિનચર્યા

સ્ત્રીઓ

સામાન્ય રીતે સ્ત્રીઓ હંમેશાં વહેલી ઊઠતી જ. તે જમાનામાં ઘડિયાળ ન હતાં, એટલે ઊઠવા માટે તારાઓ જોતાં. તેમનાં ઘડિયાળ તરીકે ચાર તારાઓનો ઉપયોગ થતો: ૧. હરણાં-મૃગશીર્ષ, ૨. ડગલિયું–શુક્ર, તેને કેટલાંક 'છોકરાં ધીબણિયું' કહેતાં; કેમ કે તે તારો જોઈ સ્ત્રી ઊઠે અને તે વખતે બાળક રડવા લાગે, ત્યારે મા તેને મારી સુવાડી દે, તે પરથી તે નામ પડ્યું હશે. ૩. કૃત્તિકા-કેટલાક તેને 'ખાટલી' કહે છે અને કેટલાક 'ગોવાળિયાનું ટોળું' કહે છે. ૪. જોડકાના તારા–ચિત્રા, સ્વાતિ. આ ઉપરાંત તેમને વીંછુડાની, ધ્રુવ જેવા તારાઓની ખબર હતી અને તેમને ઓળખતાં. રાત્રે સૂવાનું મોડું થયું હોય, તો ય સ્ત્રીઓને વહેલું ઊઠવાનું તો હોય જ અને સૂર્યોદય પહેલાં હમેશ, બધી સ્ત્રીઓ નીચેનાં કામોમાંથી પરવારી જતી:

ઘંટી

દળવાનું કામ સ્ત્રીઓ કદી દિવસે કરતી નહિ. ઊઠીને પહેલું કામ એ જ હોય. જે દિવસે વલોણું હોય, તે દિવસે ઘંટીકામ ન હોય અને વલોણાના દિવસનું દળવાનું આગલે દિવસે દળી લે, જેથી લોટ વગર રહેવું ન પડે. આ ઘંટી

તથા વલોણાનો અવાજ કેટલો મધુર હોય છે, એનો તો જેને અનુભવ થયો હશે તે જ સમજી શકશે. એનો અવાજ બહુ જ મધુર હોય છે. એ મીઠો અવાજ સાંભળતાં–સાંભળતાં છોકરાં ઊંઘી જાય. વળી ઘંટી સાથે સ્ત્રીઓ ગાતી પણ હોય. એ ગીતોમાં મુખ્યત્વે ભજનો હોય. એક ગીત પૂરું થયે વચ્ચે વિસામો. ગાયા સિવાય દળેલો લોટ 'બહેરો' ગણાતો અને 'બહેરો' લોટ મીઠાશવિનાનો મનાતો. વળી દળતી વખતે દીવો ન હોય; હોય તો બહુ નાનો હોય, પણ સ્ત્રીઓ અંધારે દળવા ટેવાઈ જતી અને દાણો વેર્યા સિવાય ઝીણો અને જોઈએ તેવો લોટ દળી લેતી, એ તેમની કુશળતા હતી.

વલોણું

વલોણા વાર એટલે આનંદનો વાર. તે દિવસે સ્ત્રી વહેલી ઊઠી વલોણા માટે ગરમ પાણી કરે અને વલોણાની તૈયારી કરે. વલોણા માટે મોટી ગોળીઓ હતી, જે મોટે ભાગે માટીની વપરાતી. કેટલાકને ત્યાં અંદરથી કલાઈવાળી પિત્તળની ગોળી હોય. વલોણામાં જો કોઈને મદદ મળે તેમ ન હોય, તો સામે થાંભલે નેતરાં બાંધીને પણ સ્ત્રી વલોણું ચલાવે. ફક્ત એમાં જોર વધુ પડે. વળી ઘંટી અને વલોણામાં ઉપરનો ભાગ પકડનારને ઓછું જોર આવે અને ઓછી કુશળતા હોય, તો ય ચાલી શકે; પણ નીચેનો ભાગ પકડનાર મજબૂત અને કુશળ જોઈએ. એ કામમાં પુરુષ જો મદદ કરતો તો ઉપરનું નેતરું લે. વાંસમાં જે દોરડું ભરાવીને ખેંચવામાં આવે છે, તેને નેતરું કહે છે. એનું માપ પણ

ચોક્કસ હોય છે. 'જોતર, નેતર અને નાથ—એ ત્રણે સાડા ત્રણ હાથ,' એમ કહેવત છે. ગાડામાં વપરાતું જોતર, બળદની નાથ અને વલોણાના નેતરની લંબાઈ સાડા ત્રણ હાથ રાખવામાં આવે છે. જેમ ઘંટીમાં ભારે હળવી કરવાની, ઝીણો જાડો લોટ દળવાની કુશળતાની જરૂર પડે છે, તેમ વલોણામાં પણ કુશળતાની જરૂર છે; નહીં તો 'છાશમાં માખણ જાય અને સ્ત્રી ફૂવડ કહેવાય,' એમ બને; એટલે સ્ત્રી જો કુશળ હોય, તો માખણ પૂરેપૂરું નીકળે. એમાં કઈ ઋતુમાં ક્યારે, કેટલું, ઠંડું કે ગરમ પાણી નાખવું, કેટલો વખત વલોવવું, ક્યારે ઝાટકા આપવા વગેરે જ્ઞાનની જરૂર હોય છે.

વલોણાને દિવસે બાળકોને વહેલાં ઉઠાડે; કેમ કે પથારી વગેરે લઈ લીધાં હોય, તો છાશ લેવા આવનારને સગવડ થાય. આ ઘંટી કે વલોણાનો અવાજ સાંભળી ખેતરમાં કે ગામપરગામ જનારા લોકો સવાર થવાને હવે કેટલી વાર છે, તે જાણી શકતા અને તે પ્રમાણે ઊઠતા.

વલોણું પતી જાય, ત્યારે માખણ કાઢી ઘી તાવે. થોડું માખણ છોકરાંને ખાવા જુદું કાઢી લે. રોજ ખાવા માટે બીજા વલોણા સુધી ચાલે તેટલું ઘી ઘોલીઆમાં, વાઢીમાં કે પાટૂડીમાં કાઢી લે અને વધારાનું માણીઆમાં (માટીનું ઘીથી રીઢું થયેલું ૧૦–૧૫ શેર ઘી સમાય તેટલું વાસણ) ભરે. એ માણીઓ અકબંધ ભરી રાખે. ભેંસ વસૂકી જાય, ત્યારે તેમાંથી ઘી કાઢે. જો વચ્ચે તાણ પડે, તો ઘી સિવાય પણ ચલાવી લે. નાછૂટકે માણીઓ

તોડે, જેમ નછૂટકે રૂપિયો વટાવે તેમ.

ઘી ગાળી લીધા પછી, બગરું વગેરે ભાગ નીચે રહે, તેમાં ગોળ નાખી બાજરીનો લોટ બાકે અને એ લોટ (ઘીતાવણીનો લોટ કહેતા.) ખાવા છોકરાં તૈયાર જ બેઠાં હોય; અને એ ખાવાનો રિવાજ હતો. વળી તે દિવસે છાશ અને ફોદા હોય, એટલે દાળ--શાક ન કરે.

મને લાગે છે, કે તે જમાનામાં છાશ ચોથા ભાગનો ખોરાક બચાવતી હશે અને ગામડાંમાં કદી છાશ વેચવાની કલ્પના ન હતી.

દરેક કુટુંબનો માણસ એ છાશની દોણી ભરી જાય અને ગામનો મજૂર પણ મોટાં હાંડલાં લઈ છાશ લેવા જાય અને તેમને પણ હોય તે પ્રમાણમાં છાશ આપે.

એ જમાનામાં દાંતનું પાયરિયાનું દરદ હતું નહિ. આ છાશ ગઈ, તેથી પાયરિયા આવ્યો હોય એમ કેમ ન બને? તે વખતે છાશ લેવા જવામાં શરમ મનાતી ન હતી, પણ પરસ્પર લેવાઆપવાનો રિવાજ હતો; એટલે પૈસાદાર ગરીબને ત્યાંથી પણ છાશ લાવતા. એમાંથી જ કહેવત થઈ કે, 'છાશ લેવા જવી અને દોણી શી સંતાડવી?' વળી જેને ત્યાં ભેંસ હોય, તેને ત્યાં દૂધ, દહીં, છાશ, ઘી, માખણ- એ પંચામૃતમાંથી કોઈ પણ એકાદ વસ્તુ તો જોવાની મળે જ. તે પરથી કહેવત થઈ હતીઃ "જેને ઘેર કાળી, એને ઘેર રોજ દિવાળી."


વાસીદું વાળવું

દળવા, વલોવવા ઉપરાંત રોજ ઢોરનું વાસીદું ભેગું કરી ઉકરડે લઈ જવાનું હોય. છાણ, મૂતર સાથે બરાબર રગદોળે અને પછી ટોપલો ભરે. એ ટોપલાનું વજન ૨--૨ાા મણ થાય. શિયાળાની ઠંડી હોય કે ચોમાસાનો વરસાદ હોય, આ કામ વહેલું કરી લે.

ઇતર

આ ઉપરાંત દાતણપાણી, બાજરૂ જઈ આવવું, પથારીઓ લેવી, છોકરાંઓને રાજી કરવાં અને ઘરમાંથી પૂંજો કાઢવો-- આ બધાં તો કામમાં ગણાતાં નહિ, પણ આ બધાં પતાવવાનાં હતાં જ. આ બધું વહેલી સવારે પતાવી દેતાં.

પાણી ભરવું



(પનિહારી)

પછી આનંદદાયક કામ પાણી ભરવાનું હતું. ઘરમાં નાની વહુઓ કે છોકરીઓ હોય, તેઓ બેડાં (માટીનાં કે

તાંબા–પિત્તળનાં) લઈ, પાણી ભરવા જાય. ત્યાં સરખેસરખાં મળે, તો ઘરની અને પોતપોતાની વાતો કરે. પાણી ભરવા જતી વખતે સારાં કપડાં પહેરે અને દાગીના પહેરે. અંગનો જે ભાગ ઉઘાડો રહેતો હોય, તેના પર વધુ દાગીના પહેરે. દિવસમાં સારામાં સારાં કપડાં અને ઘરેણાં પહેરવાનો સમય આ હતો.

એમને પાણીનું બેડું અદ્ધર રાખવાનું સહજસાધ્ય હતું. વળી જો તે તાંબા–પિત્તળનું હોય, તો તે છાશથી ઘસી ચકચકિત રાખે. જો તેના પર ડાઘા હોય તો તે ફૂવડ ગણાય. આવી રીતે પાણીનાં ૫–૧૫ બેડાં ભરવાનાં હોય.

કપડાં ધોવાં

પાણીનું કામ પતી જાય એટલે કપડાં ધોવાનાં હોય. ત્યાં તળાવે કે નદીએ વાસણ પણ માંજી લાવે અને કપડાં પણ ધોઈ લાવે.

રસોઈ

તે જમાનામાં રસોઈનું કામ ઘરની આધેડ સ્ત્રીઓ યા ડોશીઓને હસ્તક રહેતું. નવી વહુઓને એ જવાબદારી સોંપવામાં આવતી ન હતી અને જો તેમની પાસે રસોઈ કરાવવાની હોય, તો શું ખાવા કરવું અને કેટલું ખાવા કરવું, તે બધું સાસુ કહે તે પ્રમાણે વહુએ કરવાનું રહેતું. સીધું પણ સાસુ કાઢી:આપતી.

વહુના હાથમાં ચૂલો કે ઘરની મજૂસની ચાવી આવે,

ત્યારે તેના હાથમાં ઘરનો કારભાર આવ્યો એમ મનાતું અને એ જવાબદારી મળે, એ પ્રતિષ્ઠાનો વિષય હતો.

ખાવાકરવામાં પણ ખેડૂતને ત્યાં બપોરે રોટલા–દાળ કે રોટલા–શાક હોય. એથી ઊલટું વાણિયા વગેરેને ત્યાં બપોરે રાંધેલું અને સાંજે રોટલા હોય. એનું કારણ સ્પષ્ટ છે. ખેડૂતને બપોરે જમ્યા પછી કામ કરવાનું હોય અને રાંધેલું ખાધા પછી સહેજે પ્રમાદ થાય અને વળી ભૂખ જલદી લાગે. વાણિયાને બપોરે જમ્યા પછી આરામ લેવાનો હોય, એટલે તેને રાંધેલું ચાલે; અને ખેડૂતના એ રોટલા પણ કેવા ? એક શેરના બે થાય.

ખેડા જિલ્લામાં બાજરીના અને મઠબાવટાના રોટલા કરે. કોદરાના રોટલા અતિ ગરીબ લોકો કરે, પણ તેમાં ય મઠ નાખે. કઢી સામાન્ય થાય. વલોણાને દિવસે થયેલી છાશ છાશરૂપે જ ખવાય. દાળ અઠવાડિયામાં એકાદ બેવાર થાય. ઘઉંનો ઉપયોગ વારતહેવારે થાય.

ખેતીકામ

સ્ત્રીઓને ચોમાસા અને શિયાળાના મળી સાતેક મહિના ઢોર માટે ઘાસ લાવવાનું કામ પણ રહેતું હતું.

સફાઈ

આટલું કામ હોય, ત્યાં અંગસફાઈ કે કપડાંસફાઈમાં કેટલો વખત આપી શકાય ? સારા ઘરની સ્ત્રીઓ હોય, તે અઠવાડિયામાં બે વખત માથું ઓળે. તેમનો અંબોડો

એટલો બધો કઠણ હોય, કે તે ઝટ છૂટે જ નહિ. નવી વહુઓ-નાં માથાં વાળંદણ ઓળી જાય અને બીજી સ્ત્રીઓ પરસ્પર માથાં ઓળે. માથામાં લીખ, જૂ થાય, ત્યારે છાશથી માથું ચોળે. ગરીબ લોકો માથામાં કણજિયું તેલ નાખતા. બીજા લોકો ધુપેલ ગાળી વાપરતા. પુરુષોને તો કંઈ જોઈએ જ નહિ. આજે તો દરેક જુવાનના ગજવામાં કાંસકી હોય છે. તે જમાનામાં કોઈને ઘેર દર્પણ પણ ન મળે. છીંકણીની ડાબલી પર કાચ હોય, તે દર્પણનું કામ આપતો.


મુહૂર્ત

વાળ ઓળવા જેવા સામાન્ય કામમાં પણ મુહૂર્ત હતાં. અમુક દિવસે માથું ન ધોવાય, અંબોડો ન છોડાય; એટલે માથું ન ઓળાય, એમ મનાતું. ધુપેલ ગાળવાનું હોય, ત્યારે પણ કોઈનો છાંયો ન પડે, એ ખાસ ધ્યાનમાં રાખે અને મુહૂર્ત જોવડાવી કામ શરૂ કરવાનો રિવાજ હતો. વળી ઘણાં જણ મળી ધુપેલ ગાળે અને પછી વહેંચી લે. જેને ધુપેલ ગાળવાની આવડત હતી, તે પોતાનું કામ છોડીને પણ કોઈને જરૂર હોય, તો ધુપેલ ગાળી આપે. ધુપેલ ગળાયા પછી જે પાણી બાકી રહે, તે વડે છોકરાંને નવરાવે. તેનાં—ધુપેલનાં બળેલાં લાકડાં હોય, તેમનો ભૂકો કરી રાખે અને ખસ થઈ હોય, તેને કણજિયામાં કાલવી તે ચોપડે.

આરામનો સમય

મોટે ભાગે આધેડ વયની સ્ત્રીઓ બપોરે ઘડીવાર બેસે,

ત્યારે છીંકણી સૂંઘે અને ગામ-ગપાટા મારે. તેમાં મોટે ભાગે કૂથલી હોય. રાત્રે પણ વાળુ કરી બેસે, ત્યારે કપાસ ફોલવાનો હોય કે શાક સુધારવાનું હોય. તે કામ બધાં લઈને ભેગાં મળી બેસે અને અલકમલકની વાતો કરે. તેમાં ડોશીઓ હોય, તેમની આસપાસ છોકરાં ફરી વળે, એટલે તેઓ તેમને વાર્તાઓ સંભળાવે. ઉપરાંત કેટલાંક કાંતે પણ ખરાં, પણ તે માટે દીવો ન કરે; કેમ કે 'દીવો મેલી કાંત્યું, દીવો મેલી દળ્યું-એમાં શું રળ્યું?' એટલે



રેંટિયો

કાંતવાનું કામ અજવાળી રાત્રે થાય. તે વખતે ૪-૬ આંકનું સૂતર કંતાતું અને રોજ ૦।-૦।। શેર કંતાતું.

પુરુષો

સ્ત્રીઓ જેટલું પુરુષો કામ કરતા ન હતા. સ્ત્રીઓ કામ કરતી હોય ત્યારે પુરુષો તડાકા મારતા હોય. સ્ત્રીઓ પાસે ઘરકામ, બાળઉછેર અને પશુપાલન–એમ ત્રણ કામ હોય. ઉપરાંત તેઓ ખેતીકામમાં પણ મદદ કરે; એટલે સ્ત્રીને ઘણું કામ રહેતું. તે આખો દિવસ કામમાં જ હોય. તે વખતે વિશેષ કરીને સ્ત્રીઓમાં કામ ન કરનારની નિંદા થતી અને કામ કરનારની પ્રતિષ્ઠા હતી. પુરુષોમાં પણ તેમ હતું. તે પરથી કહેવત પડી હતી, કે 'નવરો બેઠો નખોદ વાળે.' ખરબચડા હાથ શોભાવાળા ગણાતા હતા. પુરુષવર્ગ ચોમાસામાં ખેતીકામમાં રોકાયેલો હોય. શિયાળો પૂરો થતાં હોળી આવે, એટલે તેનું કામ પૂરું થાય. ઉનાળામાં તેને નવરાશ મળે, તે વખતે સવાર–સાંજ થોડુંથોડું કામ હોય; કેમ કે અખાત્રીજ આવે એટલે વાડવળગણી સાફ કરે, ખાતર કાઢે. તે વખતે ઉનાળાના તાપમાં તે ખાટલાનું વાણ ભાગે. ખેડૂતો ખેતરમાં શેરિયાં વાવે. તેમાંથી શેરિયાં લઈ અને તેમના પૂળા બાંધે, તે તળાવડીમાં કહોવડાવે; એટલે તેમાંથી ભીંડી જુદી પડે અને શણિયાં જુદાં પડે. શણિયાં પોચાં હોય, એટલે ચૂલો ચેતવવામાં તે બહુ ઉપયોગી થાય. તેની છાલ ભીંડી કહેવાય. એ ભીંડીમાંથી દોરડી–દોરડાં થાય. તે બનાવવાનો સમય ઉનાળાનો જ હોય. તેમાંથી ખાટલો ભરવાનું વહાણ તૈયાર કરે, પાણી ભરવા માટે દોરડાં બનાવે. બળદ માટે રાશ, ગાડાંના દોર, સમાળીઉં, મોયડાં

વગેરે ચીજો તેમાંથી બનાવે.

દોરડાં ભાગવાનું કામ તો કુશળતાવાળું ગણાય અને એમાં જે કુશળ હોય, તેને લોકો એ વખતે બોલાવે. પેલા માણસને પોતાનું કામ હોય, તોપણ જવું પડે; ના પડાય નહિ. તે ભાગેડુ કહેવાય. ભાગેડુ થાય, તે નવરો નહિ; કેમ કે બધા તેને બોલાવે અને તે જાય.

જો કોઈ કારીગર હોય અને કંઈ કામ કરવાની ના પાડે, તો તેની નિંદા થતી અને એમાંથી કહેવત નીકળી, કે 'ઢેઢવાડાની આમલી ગળી હોય તો ય શું ને ખાટી હોય તો ય શું?' ઢેડવાડામાં આમલી હોય તે આભડછેટને કારણે કોઈ લે નહિ અને સારી હોય, તોપણ કોઈ લે નહિ; તેવી જ રીતે કોઈની કારીગરી ખપમાં ન આવે, ત્યારે તે શા કામની? એથી એવી કહેવત પડી.

૯ : ગામડાંનું પ્રભાત

તે સમયે પ્રભાતમાં જ્યારે માણસ ઊઠે, ત્યારે મધુર સંગીત સાંભળતો ઊઠતો. તે વખતે ઘંટી–વલોણાંનો અને પ્રભાતિયાંનો અવાજ સંભળાતો. શિયાળામાં ટહેલિયો ગામમાં ફરી તુલસીદાસના દોહરા સંભળાવતો. આ મધુર અવાજો બધાને જગાડવાનું કામ કરતા. કોઈ મુસાફર ગામ બહાર નીકળતો તો તેને કોસના મધુર અવાજ સાંભળવા મળતા. એ અવાજ સાથે કોસિયાનું સંગીત પણ હોય. એ અવાજ રસ્તો શોધવામાં મદદ કરતો. પ્રભાતિયાં મોટે ભાગે નરસિંહ મહેતાનાં ગવાતાં હતાં અને એ બધાં પ્રચલિત હતાં. આજે આ બધાંમાંથી એક અવાજ સાંભળવા મળતો નથી; કેમ કે સ્ત્રીઓ અને પુરુષો મોડાં ઊઠવામાં મોટાઈ માને છે. તે વખતે તો કહેવત હતી, કે 'ઘંટી, ઘાણી અને ઉઘરાણી, એ સવારે શોભે.'

ગામડાંમાં શું હતું ?

ગામડાંની રચના એ કુદરતી રચના છે. જ્યારે શહેર માનવકૃત છે, એટલે તે ગમે તેટલી સારી અને સુંદર હોવા છતાં કુદરતને પહોંચી ન શકે; તેથી એની સરખામણી થઈ શકે જ નહિ.

ગામડાંમાં જોવાનું શું હોય ?

પનઘટ પર પાણી ભરનારી સ્ત્રીઓ,

પાવો વગાડતો રબારી અને

ઘેલાં દેખાતાં નરનારીઓના પ્રેમાળ સ્વભાવ.

સમૂહમાં સ્ત્રીઓ માટીના ઘડા ફૂટે નહિ અને પાણી ઢોળાય નહિ, એવી કળામય રીતે પાણી ખેંચતી હોય. માથા પર અધ્ધર બેડાં ભરી, પ્રેમથી અરસપરસ વાતો કરતી જતી હોય. આ દૃશ્ય શહેરમાં જોવા મળે ખરું કે? સ્વાભાવિક ઉલ્લાસથી પાવો વગાડતા–વગાડતા જુવાનિયા ગામને પાદરે આનંદ કરતા જતા હોય–એ દૃશ્ય કેવું આહ્લાદક હોય છે!

સવારના પહોરમાં પ્રભાતિયાં, ગીતો, વલોણાંના મધુર રણકાર અને ઘંટીનો મીઠો અવાજ સાંભળવા મળે.

ફરવા માટે–લીલાં હરિયાળાં ખેતરો.

રમવામાં–ગેંડીદડા, ભમરડા તથા આંબલી–પીપળી વગેરે ઝાડ પરની રમતો.

અંગ કેવું?–ખડતલ, કસાયેલું અને તાંબાના રંગનું–લાલઘૂમ.

પહેરવેશ કેવો?–સાદો, આવશ્યક હોય તેટલો, અંગઢાંકતો.

રહેવાનું–ઘર, ઝૂંપડું જેમાં હવા અને અજવાળું હોય.

ખાવાનું–જુવાર, બાજરીનો મીઠો રોટલો, અમૃત જેવી છાશ, દૂધ અને ઘી.

પીવાનું–કૂવાનું નિર્મળ પાણી.

આતિથ્યભાવના–નિખાલસ અને હેતભરી.

માંદગીમાં–સેવા અને સહકારથી ભરેલી અને ઉમળકાભરી, ઉમદા માવજત.

દવામાં–અનુભવસિદ્ધ ઓસડિયાં.

ભાવના–પરસ્પરનો સહકાર, સહાય અને સમાનતા.

ધ્યેય–મહેનત કરી રોટલો ખાવો.

કેટલીક મર્યાદાઓ–તે વખતે મોટી ઉંમરના પુરુષ પાસે નાની ઉંમરનો માણસ વિનય–વિવેક જાળવતો. તે એક આસન પર ન બેસે. તે કંઈક કહે, તે સાંભળી લે; બોલે તો મર્યાદા રાખી બોલે.

ડોશી પાસે છોકરાંવાળી સ્ત્રી હોય, તો ય વિનયથી વાત કરે અને ગમે તેમ જવાબ ન આપે, પણ વિવેક જાળવે.

દેવમંદિરમાં, ગુરુ પાસે કે પંચમાં કોઈ પણ પુરુષ કેડ બાંધી ન બેસે. બીજે સ્થળે કેડ બાંધી બેસે ખરા.

કેટલાક પ્રશ્નો

જેમ આવું ગામ બંધાતાં હજારો વર્ષ વીતી ગયાં, તેમ તૂટવાનું એકસાથે નથી થયું, પણ વર્ષોથી ચાલુ છે.

આપણે હિંદુસ્તાન દેશની દૃષ્ટિએ વિચાર કરીએ, તો છેલ્લાં ૩૦૦–૪૦૦ વર્ષ અંધકારયુગનાં ગયાં હોય એમ લાગે છે.

ગામડાંમાં લોકો કુદરતી રીતે જીવતા હતા. ઉપરના બધા ધંધા ચાલતા હતા અને લોકો સુખી હતા, પણ એ જીવન પાછળ ધંધાની વહેંચણીનું અને સુખની ભાવનાનું જ્ઞાન ન હતું.

પ્રશ્ન—આજે જેમ ખેડૂતોનાં, મજૂરોનાં, ગુમાસ્તાઓનાં મંડળો છે, એવાં મંડળો હતાં ખરાં, જે લોકહિત સાચવે?

ઉત્તર—આ બધી જ્ઞાતિઓ થઈ, તે મંડળો જ છે. પહેલાં કોઈ કુંભારને અન્યાય થતો હોય અને તે રિસાઈને ગામનું કામ ન કરે, તો લુહાર કે બીજા ધંધાવાળા પણ કામ ન કરે અને પેલાનો ખુલાસો થયા પછી બધા કામે ચઢે. તે એટલું સમજતા, કે આજે તેનો વારો છે, તો કાલે આપણો આવશે. એ સમજ સ્વાભાવિક તેમનામાં હતી; તેથી બધા ભેગા થઈ જતા.

પ્રશ્ન—આવો ઝઘડો ઊભો થાય, તો તેનો નિકાલ કેમ થતો?

ઉત્તર–તે સમયે કોર્ટો ન હતી. આજે તો કૉર્ટમાં જુબાની આપતાં પહેલાં તેને કહેવાનું હોય છે, કે હું ઈશ્વરને માથે રાખી બોલીશ; એનો અર્થ એવો થયેલો અનુભવીએ છીએ, કે ઈશ્વરને હૃદયમાંથી કાઢી માથે મૂક્યો; જેમ કોઈ ધોતિયું માથે મૂકે, તો તેને નાગો કહીએ, તેમ ઈશ્વરને માથે મૂકે, તેને શું કહીએ? અને આવી રીતે પદ્ધતિસર ઈશ્વરને ઊંચો મૂકવાનું ચાલે છે.

તે જમાનામાં ઝગડો થાય, ત્યારે ગામનું પંચ ભરાય; ત્યાં અજાણ્યા ન હોય. ગુનો થયો હોય, તે કોઈથી છૂપો ન હોય; એટલે જૂઠ અને અન્યાયને અવકાશ ન હતો.

જીવનનો એક પ્રસંગ

આ વખતે મારા જીવનનો એક પ્રસંગ યાદ આવે

છે. સં. ૧૯૭૪ની સાલની વાત છે. હું તે વખતે મારા ગામમાં સસ્તા અનાજની દુકાન ચલાવતો હતો. ગામમાં એક માણસ તોફાની અને દારૂડિયો હતો; તેથી ગામને બહુ ત્રાસ હતો અને લોકો તેને કેમ કરી ઠેકાણે લાવવો, એનો લાગ શોધતા હતા. મને તેના પ્રત્યે કંઈ દ્વેષ કે ખરાબ લાગણી ન હતી. એવામાં તેણે એક વખત ભાગોળે મોર માર્યો, તે ગામમાં આવી પડ્યો અને તરફડી મરી ગયો; ત્યારે બ્રાહ્મણો ભેગા મળ્યા અને તેમણે તેનો બહિષ્કાર કર્યો અને મને પણ તેમ કરવા જણાવ્યું, પણ હું તેમાં ભળ્યો નહિ.

એક દિવસ પેલો ભાઈ દારૂ પીને જતો હતો. તે વખતે રસ્તા પર દુકાનમાં એકબે ભાઈ બેઠેલા, તેમની સાથે તે ઝઘડી પડ્યો. હું ત્યાં હતો. મેં તેને રોકવાનો પ્રયત્ન કર્યો અને તે વખતે તે ધારિયું લઈ દોડ્યો. હું વચ્ચે પડ્યો, એટલે તે મારી સામે થયો. મારામાં બળ ઠીક પ્રમાણમાં હતું, એટલે મેં તેને દબાવ્યો અને નીચે પાડ્યો. એટલામાં લોકો ભેગા થઈ ગયા અને ઠીક તક મળી છે, એમ કહી બધા લોકોએ તેને ખૂબ માર્યો. પછી લોકોએ મને કહ્યું, કે તમે કેસ કરો. આખા ગામને તે હેરાન કરે છે અને તમે તેને જવા દો એ ઠીક નહિ. મેં કંઈ તેવું વલણ ન દાખવ્યું, એટલે લોકોએ ફરિયાદ કરી. અમે કોર્ટમાં ગયા, ત્યાં મેજિસ્ટ્રેટ ભલો હતો. તેણે કહ્યું: "તમને આ કેસ કરવાથી શો ફાયદો થશે? ઊલટાં ઝેરવેર વધશે." મેં કહ્યું:

"મારે કેસ કરવો નથી, પણ લોકો તેના ત્રાસથી હેરાન થઈ ગયા છે; એટલે બધા ઇચ્છે છે, કે તેને સજા થવી જોઈએ. એ જેલમાં જશે એટલે ઠેકાણે આવશે."

મૅજિસ્ટ્રેટે અમને બન્નેને સમાધાન પર આવી જવા કહ્યું અને પેલાને કહ્યું: "તેં આ મહારાજ સાથે ઝગડો કર્યો હતો?"

ઉત્તર—હા સાહેબ.

પ્રશ્ન—તેં ગુનો કર્યો છે, તે તું જાણે છે?

ઉત્તર—હા સાહેબ, થતાં થઈ ગયું.

પ્રશ્ન—તારે જેલમાં જવું પડશે, તે તું જાણે છે?

ઉત્તર—જેલમાં જવું પડશે, તેની ફિકર નથી; પણ મારે ઘેર બે નાનાં છોકરાં છે; તેમની મા હમણાં જ મરી ગઈ છે, તેની ફિકર છે.

પ્રશ્ન—(મારા પ્રત્યે) તમે એને સજા કરાવવા ઇચ્છો છો?

ઉત્તર—કાયદાની દૃષ્ટિએ તેને સજા થઈ શકતી હોય તો કરો; તેનાં છોકરાંને હું પાળવીશ.

પેલો બોલી ઊઠ્યો: 'સાહેબ, એ મહારાજ કહે છે એ સાચું. એ બોલ્યું પાળે એવા છે; પણ બેમાંથી એક મોટો છે, તેને તો તે પાળવે; પણ એક નાનો છે, તે બે વર્ષની ઉંમરનો છે, તેને તે શી રીતે પાળવે? તે ઝાડે ફરે ત્યારે કોણ વાળે અને ધૂએ? બાકી તે બોલ્યું પાળે એવા છે.'

મૅજિસ્ટ્રેટે કહ્યું: 'જાઓ, સમાધાન કરી આવો.'

મને તો તેના પ્રત્યે કંઈ દ્વેષ ન હતો, પણ લોકોએ તેનો રૂ. ૩૦) દંડ કરી જવા દીધો.

આમ ગામડાંના ન્યાયમાં સાચું બોલવું પડતું; કેમ કે જૂઠું બોલવાનું શીખવનાર મળતા ન હતા.

એ જમાનામાં ગોદડાં કે ગોદડી પર કોઈ પગ ન મૂકે. રૂએલ ગોદડાં તો સારા પૈસાપાત્રને ઘેર જ વપરાય. સામાન્ય માણસને ત્યાં મહેમાન–પરોણા માટે થોડાંક હોય; બાકી તો ગોદડીઓ જ હોય.

તેનો સૂવા સિવાય કંઈ ઉપયોગ ન થતો. તે વારંવાર ધોવાય નહિ, એટલે સૂઈને ઊઠે કે તરત ગોદડું કે ગોદડી વાળી મૂકી દે. હાલમાં તો પાથરેલાં ગોદડાં ઉપર બૂટ પહેરી ફરનારા પણ પડ્યા છે.

*　　*　　*　　*

તે વખતે ગામડાંમાં સાબુ દેખવાનો ય ન મળે.

સ્વચ્છતાની કલ્પના પણ આજનાથી તે વખતે નોખી હતી. પરસેવાનો મેલ નીકળી જાય, તે કપડું સ્વચ્છ ગણાતું. આજે તો ઊજળું સફેદ કરવા માટે સાબુ અને ગળી વપરાય છે.

*　　*　　*　　*

તે વખતે ગળી વાપરવામાં મોટાઈનો ભાવ ન હતો, પણ તે હલકું મનાતું.

૧૦ : ઊણપો

દેશના સંગઠનનો અભાવ અને અજ્ઞાનતા

ગામમાં દરેક પોતાનો ધંધો કરતા હતા, પણ પોતાનો ધંધો પ્રતિષ્ઠિત છે એવું તેને ભાન ન હતું. ચાલતા આવતા રિવાજથી આખા ગામનું તંત્ર ચાલતું હતું; એટલે દરેક અગાઉ જણાવેલ પોતાનું કામ કરતા, પરસ્પર મેળથી ચાલતા, પણ તેની પાછળ જ્ઞાન ન હતું; તેથી તેમાં ફાચર વાગી કે તરત તે તંત્ર તૂટી પડતું. પોતાનો ચાલુ આવતો ધંધો કરીએ નહિ તો જીવન ચાલે નહિ, એ વિચારથી લોકો ધંધો કરતા હતા; બલ્કે નછૂટકે કરતા હતા. આ ધંધા તો ચાલતા હતા, પણ ગામને ભાન ન હતું, કે આ બધા ધંધા ગામના રક્ષણ માટે છે. તેમણે જડતાથી ક્રિયા કરી; પણ જ્ઞાનપૂર્વક ન કરી; તેથી બીજા ધંધામાં થોડો વધુ નફો દેખાયો, કે તરત જ તેમણે પોતાનો ધંધો છોડી દીધો અને તેઓ ફાવતા ધંધા તરફ દોડ્યા અને ગામડું તૂટ્યું.

એક ગામ સાથે બીજા ગામનો સંબંધ ન હતો અથવા બહુ ઓછો હતો. પરસ્પર માલની લેવડદેવડ ગામલોકો કરતા હતા, પણ બીજું ગામ તૂટે તો પોતાના ગામને નુકસાન થાય એવું તેમને ભાન ન હતું; તેથી જ

મહમુદ કાસમ જેવો જુવાનિયો પરદેશથી થોડા માણસ લઈ ચઢી આવ્યો અને સિંધ જીતી ગયો.

સિકંદર ઠેઠ ગ્રીસથી આવ્યો અને તેણે હિંદ જીત્યું, તેમાં અહીંના લોકોએ તેને મદદ પણ કરી; કેમ કે 'તે પરદેશી છે અને આપણા દેશને નુકસાન કરશે,' એવું ભાન તેમને ન હતું, અથવા હતું તો લોકો સ્વાર્થમાં આંધળા બન્યા હતા.

વાસ્કો ડી ગામા કોચીન ઊતર્યો, બજાર લૂંટ્યું અને કતલ કરી. મુલક કબજે કરી તે રહ્યો. કોચીનમાં તો રક્ષણ કરનાર ઝામોરીન રાજા હતો, ત્યારે આમ કેમ બન્યું? કેમ કે સંગઠનની પ્રતિષ્ઠા ન હતી. એ તો રાજાનું કામ ગણાતું અને લોકો બાવરા બની નાસી ગયા.

રાજા લડાઈમાં મરી જાય; કેમ કે રાજાની વ્યક્તિની પ્રતિષ્ઠા હતી, સમાજની નહિ.

તે વખતે બધા લોકો વ્યક્તિગત એકબીજાને મદદ કરતા, એ માટે મરી છૂટતા; પણ એ મદદથી સમાજનું સંગઠન ટકે છે અને સમાજનું કાર્ય થાય છે, એવું જ્ઞાન ન હતું. એક વ્યક્તિની સેવામાં આખા ગામનું કલ્યાણ સમાયેલું છે, એવી સમજ ન હતી.

વ્યક્તિની સેવા સમાજની ભક્તિથી કરાય. સમાજની ભક્તિ વિના વ્યક્તિની સેવા કલ્યાણકારક નથી. તે વખતે સંગઠન હતું, તે ફક્ત ગામપૂરતું જ હતું; તેથી એક ગામ લુટાતું, તેની પડોશી ગામને ચિંતા ન હતી. આ

ભારે દોષ યા દુર્ગુણ હતો.

અંગ્રેજો આવ્યા ત્યારે

આપણી આવી સ્થિતિ હતી, તે વખતે અંગ્રેજો આવ્યા. તેમણે અહીં આવીને શુંશું કર્યું, તે જોઈએ.

તેઓ અહીં વેપારને કારણે આવેલા; તેથી તેમણે જે કામ કર્યું, તેમાં તેમનો વેપાર કેમ વધે તે વિચાર મુખ્ય હતો.

એક અંગ્રેજ ડૉક્ટરે બાદશાહ જહાંગીરની દવા કરી અને રાજાને મટી ગયું; એટલે તેણે પેલા ડૉક્ટરને ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી. ડૉક્ટરે તેમના રાજ્યમાં વેપાર કરવાની રજા માગી. આમ તેમનું લક્ષ્ય વેપાર હતું. તેણે પોતાનું હિત ન ઇચ્છ્યું, પણ પોતાના દેશનું હિત જોયું અને વેપારનો પરવાનો માગ્યો.

તેમનો વેપાર પણ કયો? ૧૫૦ વર્ષ પર યંત્રની શોધ થઈ અને ઇંગ્લૅંડમાં કાપડ બનાવવાના સંચા શોધાયા, ત્યારે ત્યાં કાપડનાં કારખાનાં શરૂ થયાં; એટલે તેમણે પ્રથમ હિંદમાંથી જે કાપડ ઇંગ્લૅંડ જતું હતું તે બંધ કર્યું; પણ યંત્રથી તો જોઈએ તેના કરતાં વિશેષ કાપડ ઉત્પન્ન થવા લાગ્યું; એટલે તેમણે બહાર બીજા દેશો તરફ દૃષ્ટિ કરવા માંડી અને તેઓ હિંદ આવ્યા; કેમ કે હિંદ સાથે તો તેમને કાપડનો વ્યવહાર હતો જ.

તેમણે પ્રથમ તો વણકરોને ખુશ કર્યા અને ત્યાંની મિલોનું સૂતર તેમને વણવા માટે આપવા લાગ્યા. વણકરોને વણવાનું સહેલું લાગ્યું, એટલે તેમણે હાથસૂતર કરતાં

મિલનું સૂતર વણવાનું વધુ પસંદ કર્યું. લોકો તે સૂતરને 'દાક્તરી સૂતર' કહેતા. 'દાક્તરી સૂતર' નામ કેમ પડ્યું હશે તેની ખબર નથી.

આમ હાથસૂતર ઓછું થયું, એટલે રેંટિયા બંધ થવા લાગ્યા. પછી ઇંગ્લૅંડમાં, કારખાનામાં પણ જેમજેમ વણાટકામ વધવા લાગ્યું, તેમતેમ સૂતરને બદલે તૈયાર કપડું અહીં આવવા લાગ્યું.

પછી અહીં એવી મિલો ઊભી થઈ. પહેલાં સૂતર ઉત્પન્ન કરનારી મિલો થઈ. પછી વણાટકામ પણ થવા લાગ્યું અને વણકરોના ધંધા પણ પડી ભાગ્યા. પહેલાં રેંટિયા તોડ્યા, પછી શાળ તોડી. અત્યારે પણ વણકરોને મિલમાં પણ કાંતવાનું જ હોય છે, વણવાનું નહિ; એટલે એ વણવાનું ભૂલે જ. નીચે મુજબનું શબ્દચિત્ર આ ઘટનાનો ઠીક ખ્યાલ આપશે: તે વખતે કેટલાક ડાહ્યા માણસો કહેવા લાગ્યા: "અહીં અમારી પાસે આવો; તમને ધંધો નથી મળતો, સૂતર નથી મળતું, શાળ બંધ પડી છે? કાંઈ વાંધો નહિ, ચિંતા ન કરશો. અહીં અમે જે કામ સોંપીએ તે કરો અને તે માટે અમે તમને પગાર આપીશું." બંનેએ કરાર કર્યા. આમ 'ડાહ્યા' માણસોએ પેલાઓને ખરીદી લીધા અને મજૂર–લશ્કર ઊભું કર્યું. કુદરત, મૂડી, મજૂર અને યોજક—એ અર્થશાસ્ત્રના ચાર પાયા. એ ચારે અંગો પહેલાં જુદાંજુદાં ન હતાં, પણ ખેડૂતમાં જ બધાં અંગો સમાઈ જતાં હતાં. ખેડૂત જે પેદા કરતો, તેમાં

બધાનો હિસ્સો હતો અને બધાને તેની પેદાશમાં હિસ્સો મળતો હતો. મૂડી બધે વહેંચાયેલી હતી. અંગ્રેજી રાજ્ય આવ્યું એટલે મૂડી, જમીન, મજૂરો અને એ ત્રણેનો યોજક- એમ ચારે જુદા થયા.

પ્રથમ યોજક પાસે મૂડી ન હતી; તેથી તેણે શેર કાઢ્યા અને શેરવાળાને વ્યાજ આપ્યું અને મૂડી ભેગી કરી. તેના પર તેનો કાબૂ રહ્યો; એટલે યોજક અને મૂડી સાથે થયાં, તેમાંથી તેણે મજૂરો ખરીદ્યા. મહેનતનો કાન્ટ્રાક્ટ રાખ્યો અને ધંધો શરૂ કર્યો. તેમાંથી નફો થાય, જેમાંથી મજૂરને તથા મૂડીવાળાને—શેરવાળાને હિસ્સો આપ્યો. બાકી બધું યોજક ખાઈ ગયો. તે ઉદ્યોગપતિ કહેવાવા લાગ્યો અને તેની પ્રતિષ્ઠા મનાવા લાગી. ખરી રીતે જેણે ઉદ્યોગોને તોડી નાખ્યા, તે ઉદ્યોગપતિ શાનો કહેવાય ? તે ઉદ્યોગપતિ મજૂર–લશ્કરને કહે છે: 'ચાલો, રેંટિયા તોડવા છે, ચાલો, શાળો તોડવી છે.' મજૂર–લશ્કર કામ કરવા મંડે છે અને રેંટિયા ને શાળો તૂટી પડે છે. આવી રીતે સુથારના, લુહારના, ઘાંચીના—બધાના ધંધા તૂટી પડ્યા.

આ આજનું અર્થશાસ્ત્ર છે. અર્થશાસ્ત્રની આજની વ્યાખ્યા એવી છે, કે જેની પાસે અર્થ–પૈસો છે, તે વધારવાનું શાસ્ત્ર.

તેમાં મજૂરો અજ્ઞાનતાથી શિકારી કૂતરા બન્યા; તેઓ લોકોના નાશનું કારણ બન્યા. ગામડાંને ભાન ન હતું; તેથી લોકોએ પોતાના ધંધાને છોડી દીધો. એને પરિણામે

તેમણે શરીર, મન અને હૃદય અર્થાત્ આરોગ્ય, બુદ્ધિ અને નીતિ–ત્રણે ગુમાવ્યાં.

વ્યસનો

બ્રાહ્મણો તે જમાનામાં બીડી પીતા ન હતા, પણ તમાકુ તો ખાતા જ હતા; એટલે તે પણ વ્યસન રહિત ન હતા. સારા ખેડૂતો, ગરાસિયાઓ વગેરે હુક્કો પીતા. બીજા બધા ચલમ પીતા, પણ બીડી ન હતી.

અફીણ દરેક વર્ણમાં હતું, પણ મોટે ભાગે રજપૂતોમાં તેનો વપરાશ વધુ હતો. બીજાઓમાં તો મહેમાન–પરોણા આવે, ત્યારે તેનો કસૂંબો કાઢતા. બ્રાહ્મણોમાં પણ કસૂંબો કરતા; પરંતુ ખાવાનો રિવાજ રજપૂતોમાં અને બારોટ વર્ગમાં હતો.

દારૂ હતો, પણ આટલો બધો ન હતો. દારૂ પીનારની પ્રતિષ્ઠા ન હતી. આજે તો દારૂને ભારે સગવડ મળી છે. એથી ખૂબ નુકસાન થયું છે અને દેશની બરબાદી કરવામાં એ મોટો ભાગ ભજવે છે.

દારૂની શોધ ઈરાનમાં થઈ. અહીં પણ તે ઘણા પુરાતન કાળમાં હતો ખરો.

આજે હિંદમાં જણ દીઠ સરેરાશ ૨ા રૂપિયાનો દારૂ વપરાય છે. પહેલાં કોઈકોઈ ઘેર ગાળીને પીતા, પણ આજની જેમ દુકાનો ન હતી; એટલે આટલો પ્રચાર પહેલાં ન હતો.

તમાકુ ખાવા–પીવા અને સૂંઘવામાં વપરાતી હતી.

ભાંગ સાધુ–બાવાઓ પીતા. સારા માણસો અમુક પ્રસંગે પીતા. શિવરાત્રિને દિવસે મહાદેવમાં બનાવી પૂજારી તથા બીજા પીતા.

ગાંજો બાવાઓ અને તેમના ભક્તો પીતા, પણ તેમની પ્રતિષ્ઠા ન હતી. ચરસ અને કોકીનને તો કોઈ ઓળખતું જ નહિ.

સ્વચ્છતાની ઊણપો

તે વખતે સ્વચ્છતાના ખ્યાલો આજે છે તેવા ન હતા, પણ આજના જેવી ગંદકી ન હતી. તે વખતે ચીજોનો દુર્વ્યય ન હતો, એટલે ગંદકી પણ ઓછી હતી અને ગંદકીમાં પણ ફેર હતો. આજે ગૃહસ્થના ઘરના ગંદવાડ ગંધ મારે, ત્યારે ગરીબોની ગંદકીમાં પૂંજો, કચરો અને રાખ હોય; એટલે ગંદકી હતી, પણ આજના જેટલી દુર્ગંધી તેમાં ન હતી.

તે વખતે પોતાનું છોકરું ગમે ત્યાં જાજરૂ જાય, તેની કોઈ ચિંતા કરતું નહિ. રસ્તા વચ્ચે બેઠું હોય, તો કોઈ ગાળ દે. કૂતરું, બિલાડું મરી જાય, ત્યારે ગામ બહાર ફેંકી દે એટલે ચાલે. કોઈ તેને દાટે નહિ. તેને ગીધ, સમડી અને કાગડા ખાઈ જાય. એ ત્રણે ગંદકી સાફ કરવામાં ખૂબ મદદ કરે છે. ગીધની આંખમાં બહુ તેજ હોય છે. બહુ ઊંચે સુધી ઊડે અને દૂરથી મુડદું દેખાય, એટલે ત્યાં પહોંચી જાય.

ઘરઆંગણાની ગંદકી દૂર કરવામાં મરઘાં બહુ ઉપ-

યોગી થાય. તે કચળ, કીડા, જુઆ, વીંછી, કાનખજૂરા વગેરે બધું ખાઈ જાય. જો જૂઓ નાની વયનાં બાળકોની દૂંટી પર કરડે, તો તે મરી જાય એમ કહે છે. ઢોર ઘર-આંગણે હોય એટલે કથીરા તથા જુઆ તો હોય જ. નાક સાફ કરવું હોય કે હાથ લૂછવા હોય, તો રૂમાલ કોઈ વાપરતા નહિ. પણ જ્યાંત્યાં લૂછી નાખતા. તે માટે ભીંત, થાંભલા અને પહેરેલાં લૂગડાંનો ઉપયોગ કરતા. ત્યારે કહેવત પડી હતી, કે ધૂળમાં સૂવું અને ધુપેલના સ્વાદ શા? વૈતરો વરણાગિયો ન હોય. વરણાગી કરવાનો અવકાશ જ ન હતો; અને પુરુષો માથામાં ધુપેલ નાખે એ જરૂરનું ગણાતું ન હતું; કેમ કે તેમને ધૂળ સાથે કામ કરવાનું હતું.

પ્રશ્નોત્તરી

પ્રશ્ન—કેટલાક મુડદાંને બાળે છે, કેટલાક દાટે છે. એમ કેમ? એમાં સારું શું?

ઉત્તર—મુડદાંનો નિકાલ બાળીને, દાટીને અને પાણીમાં નાખીને—એમ ત્રણ રીતે લોકો કરે છે. છેવટે બધાં પંચતત્ત્વમાં જાય છે. મુસલમાનો તથા ખ્રિસ્તીઓ મુડદાંને દાટે છે; હિંદુઓમાં સંન્યાસીઓને દાટે છે પણ ખરા. દાટવામાં જગ્યા વધારે રોકાય છે. બાળવામાં જગ્યા ઓછી રોકાય, એટલે એ દૃષ્ટિએ એ રીત સારી છે. કેટલાક સંન્યાસીઓ પોતાના દેહને પાણીમાં વિસર્જન કરવાનું પસંદ કરે છે; તેથી માછલાં વગેરેને ખોરાક મળે અને લોકોને ગંધ

ન આવે એવી દષ્ટિ હોય છે. પારસીઓ શબને કૂવામાં મૂકે છે, જેથી ગીધ વગેરેને ખોરાક મળે. એની પાછળ મરીને પણ ખપમાં લાગવાની કલ્પના છે.

પ્રશ્ન—મરણવખતે રડવા-કૂટવાનું હતું?

ઉત્તર—રડવાકૂટવાનું ઘણું હતું. છેક શરૂઆતમાં લાગણીથી કોઈને રડવું આવ્યું હશે. પછી રડવાની રૂઢિ થઈ ગઈ. પછી પદ્ધતિસર રડવાકૂટવાની પ્રથા શરૂ થઈ. કોઈ જુવાન મરી જાય, ત્યારે બારોટણ રાજિયા ગવડાવતી. તે સાંભળીને કેટલાયની આંખમાં આંસુ આવતાં. તે એવી રીતે ગાતી, સામાના દિલમાં કરુણતા આવતી.

પ્રશ્ન—તે વખતે સ્વચ્છતાના ખ્યાલ કેવા હતા?

ઉત્તર—તે વખતે ગંદકી હતી, પણ ગંદકીથી બધા ટેવાઈ ગયા હતા. તેની દુર્ગંધ લાગતી ન હતી. ગ્વાલિયર રાજ્યમાં ખાતર નાખવાનો રિવાજ નથી; તેથી ગાય-ભેંસનું છાણ આખા ગામમાં પડ્યું હોય. કોઈ તેમને ખેતરમાં નાખવાનું જણાવે તો કહે, કે ખેતરમાં છાણ નાખીએ તો ઊધઈ થાય. એમ બધા છાણમૂતરની ગંદકીથી ટેવાઈ ગયેલા.

ચમારને કુંડની ગંધ નથી લાગતી. ભંગી તો આખા ગામનું મેલું પોતાના ઘર આગળ એકઠું કરે છે.

આ બધું કરે છે; કારણ કે તેમને સ્વચ્છતાનું જ્ઞાન નથી. એ જ્ઞાન થશે, ત્યારે કચરો અને ગંદકી રહેવાનાં નથી.

સ્ત્રીઓમાં પેઠેલી કુટેવો-નિંદા-કૂથલી

સ્ત્રીઓ જ્યારે અને જ્યાં ભેગી મળે, ત્યારે અને ત્યાં બીજી

સ્ત્રીઓની વાતો—નિંદા કરે અને તેમની ખામીઓની ચર્ચા કરે. એકની એક વાતો અનેક વખત કરે. તે વખતે તેમને નવરાશનો ઉપયોગ અભ્યાસમાં કરવાનો હતો નહિ; કેમ કે કોઈ ભણેલું હોય નહિ. એ વાતોમાં રડવાની, કૂટવાની, ખાવાની, કપડાં પહેરવા—ઓઢવાની વાતો હતી. વાતમાં કંઈ માલ ન હોય. એકની એક વાત અનેક વખત અનેક સાથે કરે. એકની નિંદા બીજી સાથે, અને બીજીની ત્રીજી સાથે કરે. કોઈને કૂટતાં ન આવડે, તો તેની ટીકા થતી. રડવામાં પણ કેવી રીતે રડવું, કોનાંકોનાં નામ વચ્ચે દેવાં, એમ એમાં પણ નિયમો હતા. વળી છાતીએ વાગે નહિ અને કૂટે, એ કુશળ ગણાય. કૂટવા માટે દશ—પંદર ગાઉ જવાનું હોય તો ય જાય.

આ રિવાજ દુનિયાના બધા ભાગોમાં છે. કોઈ માણસ મરી જાય એટલે તેના પ્રત્યેની મમતાને કારણે દુઃખ થઈ આવે છે અને એ દુઃખથી રહેવાતું નથી, ત્યારે કંઈક ને કંઈક ક્રિયા કરી નાખે છે. કોઈ રડે, કોઈ માથું કૂટે, કોઈ હાથ ઘસે, કોઈ માથાના વાળ પીંખી નાખે, કોઈ છાતી પર હાથ પછાડે, એમ અનેક રીતે દુઃખનો ઊભરો કાઢે છે. એમાં કાંઈ બૂરું નથી, પણ જ્યારે એ પદ્ધતિસર બને છે, ન રડવું હોય તો ય રડવું પડે, ન કૂટવું હોય તો ય કૂટવું પડે, ત્યારે તે કુચાલ—કુરિવાજ બની જાય છે.

૧૧ : હિંદી સંસ્કૃતિનું દષ્ટાંત

લોકો સ્વાભાવિક જીવન જીવતા હતા. તે વખતે વેરઝેર હતાં, પણ તે ઊંડાં ન હતાં. હમેશ અબોલા હોય, તો ય લગ્ન કે મૃત્યુ પ્રસંગે હાજર થઈ જતા. કુટુંબનું–ગામનું લૂણ ખાધું છે, એટલે તેને હરામ ન થવાય, એવી ભાવના હતી. કોઈ સાથે દુશ્મનાવટ હોય, પણ એનાં બાળકો કે સ્ત્રી પર ત્રીજો કોઈ અન્યાય કે અત્યાચાર થાય, તો તે તરત સામો થાય, એવી ભાવના હતી.

સંસ્કૃતિનો અર્થ એ, કે કોઈ બળાત્કારે કંઈ ન કરે, સ્વેચ્છાએ કરે.

ગુરુ ગોવિંદસિંહના દીકરાઓને ઔરંગઝેબે મુસલમાન થવા જણાવ્યું. તેમણે મુસલમાન થવાની ના પાડી, એટલે તેમને ભીંતમાં ચણી લીધા. એકેક ઇંટ મૂકતા જાય અને પૂછતા જાય, પણ છેલ્લી ઇંટ મૂકતી વખતે પણ તેમણે કહ્યું: 'મરી જઈશું, પણ મુસલમાન નહિ થઈએ.' આ આપણી સંસ્કૃતિ.

ગુજરાતમાં પણ મહમદ બેગડાએ જૂનાગઢ અને પાવાગઢના રાજાઓને હરાવ્યા પછી તેમને કહ્યું: 'તમે જો મુસલમાન થાઓ તો ગઢ પર રહો, નહિ તો મોતને શરણે થાઓ.' જૂનાગઢનો રજપૂત ડરી ગયો અને મુસલમાન

થયો; પણ પાવાગઢના પતઈ રાવળે મુસલમાન થવાની ના પાડી; તેથી તે અને તેનો વજીર મોતને ભેટ્યા. આમ માણસમાં મરવાની શક્તિ તો છે, પણ તેનું તેને જ્ઞાન થવું જોઈએ.

તે વખતે કોઈ વચન આપે તો તે માટે ખુવાર થવાનું અને મરી ફીટવાનું તે પસંદ કરતો, પણ વચન તોડતો નહિ. શિવાજી મહારાજ ઔરંગઝેબના હિંદુ સેનાપતિ જયસિંહને મળ્યા, ત્યારે તેમને હિંદુ સંસ્કૃતિની વાત કરી અને ઔરંગઝેબની સામે થવા જણાવ્યું, ત્યારે જયસિંહે કહ્યું: 'તમે હિંદુઓ માટે લડો છો, તેથી મારું મસ્તક તમને નમે છે; પણ મેં ઔરંગઝેબને વચન આપ્યું છે, તે હું નહિ તોડું–વિશ્વાસઘાત નહિ કરું. વળી તમે બહાદુર છો, નિર્ભય છો અને લોકસેવાર્થે કાર્ય કરો છો, તેથી આનંદ થાય છે; પણ છળકપટથી, દગો કરીને લડો છો, તેટલો તમારા કાર્યનો પાયો કાચો છે.'

માણસ ગમે તે સ્થાન પર હોય, પણ સચ્ચાઈ, એક વચન, એક ટેકનો આગ્રહ રાખવામાં આવતો, આ સંસ્કૃતિ. આપણી સંસ્કૃતિ આવી હતી.

૧૨ : આ સંસ્કૃતિ કેમ તૂટી?

હિંદની ત્રણ બાજુ દરિયો છે અને એક બાજુ હિમાલય છે; એટલે હજારો વર્ષો સુધી હિંદ પર પરદેશી હુમલા થયા ન હતા. પરિણામે આપણી સંસ્કૃતિ અખંડ રહી, પણ તે ખવાતી જતી હતી. દોરડી બળી જાય, પણ તેનો વળ ન જાય; પણ એ બળેલી દોરડીને સહેજ ટકોરો પડે તો તે રાખ હોવાથી પડી જાય છે. પેટ્રોમેક્સ બત્તીમાં મેન્ટલ હોય છે, તે બળેલી હોય છે અને કામ પણ આપે છે; પણ સહેજ ટકોરો લાગે તો તે ખરી પડે છે. એવી રીતે આપણી સંસ્કૃતિ ધીમેધીમે ખવાતી જતી હતી. આપણે આપણી સંસ્કૃતિને લીધે જીવીએ છીએ, એ જ્ઞાન ભૂલતા જતા હતા; પણ અંગ્રેજો આવ્યા અને એ સંસ્કૃતિને ધક્કો માર્યો અને એ ખવાઈ ગયેલી સંસ્કૃતિ તૂટી પડી. એ લોકો આપણા દેશમાં આવ્યા, ત્યારે રજવાડાંઓમાં ક્યાંય સંપ ન હતો. વેરઝેર હતાં. ઠગપીંઢારાનું જોર હતું. દરેક રાજા પોતાની સલામતી શોધતો હતો. પડોશીની ચિંતા કોઈ કરતું ન હતું, એટલે અરસપરસનો સહકાર ન હતો. ઉત્તરને દુઃખ આવે, તેની દક્ષિણને પડી ન હતી. સિંધ પર ચઢાઈ આવે, તેની ગુજરાતને પડી ન હતી અને ગુજરાત પર ચઢાઈ આવે તો તેની મહારાષ્ટ્ર કે પંજાબને કશી ફિકર ન હતી.

આખા દેશમાં અવ્યવસ્થા અને અંધાધૂંધી વ્યાપી

ગયાં હતાં. નાનાનાના સુબાઓ રાજા બની બેઠા હતા. પ્રજા પર ત્રાસ હતો. પોતાની મિલકતનો ઉપયોગ આવતી કાલે થઈ શકશે, તેની કોઈને ખાતરી ન હતી. વળી તે વખતે રાજાઓ પ્રજાને મિલકત ગણતા હતા. એ વખતે કાંતનારનો ધંધો તૂટે છે, તેની વણકરોને ખબર ન હતી; અને ધંધાવાળા ભાગી પડશે એટલે રાજ્યની પાયમાલી થશે, એનું રાજાઓને ભાન ન હતું.

એનું કારણ એ હતું, કે ઔરંગઝેબે આખા દેશમાં સામ્રાજ્ય સ્થાપ્યું, પણ તે તેની વ્યવસ્થા કરી શક્યો નહિ. અને પાછળથી અંધાધૂંધી વધી અને જ્યાં હોય ત્યાંના સુબાઓ રાજા થવા મંડ્યા. તે વખતે પ્રજામાં લૂંટફાટ વગેરે થયાં અને પ્રજા ત્રાસી ગઈ. આમ અજ્ઞાન—અંધારયુગ પ્રવર્તતો હતો, એ વખતે અંગ્રેજો આવ્યા.

તેમણે આપણી દુર્વૃત્તિઓને પોષી; કેમ કે તેઓ ધન, સત્તા, ધર્મ—એમ ત્રણે પ્રકારના લોભી હતા. એવા ત્રણે પ્રકારના લોભી દુનિયામાં ઓછા જ છે.

તેમણે એક રાજાને મોટો બનાવવાની લાલચ આપી, બીજા સામે લડાવ્યો. અંદરઅંદર ભય, લાલચ, વેરઝેર, ઈર્ષા વધાર્યાં. આપણે અજ્ઞાન હતા, એટલે આપણે માન્યું, કે આ આપણું ભલું કરવાના છે. તેમણે અંધાધૂંધી—અવ્યવસ્થા કાઢયાં અને લોકોને શાંતિ મળી; એટલે અંગ્રેજી રાજ્ય આવ્યું, તેને લોકો ઈશ્વરના આશીર્વાદ સમું માનવા લાગ્યા. અંગ્રેજો ઉસ્તાદ અને પાવરધા હતા. ઇંગ્લેંડથી—

પાંચ હજાર માઈલ છેટેથી આવનારા ઉસ્તાદ હોય એ સ્વાભાવિક છે. તેમણે એકદમ દેશમાં ફેરફાર ન કર્યા, પણ ધીમેધીમે કર્યા. શરૂઆતમાં લોકોને શોખની ચીજો આપી. લોકો એ ચીજો જોઈ ખુશ થઈ ગયા. તેના બદલામાં તેમને કપાસ, તેલબિયાં જોઈએ, તે આપણે આપ્યાં અને આપણે કપડાં લીધાં.

તે ધીમેધીમે રજવાડાંઓમાં દાખલ થયા અને એક પછી એક રાજ્ય તોડવા લાગ્યા. આપણને 'ભારતમાં અંગ્રેજી રાજ્ય' પુસ્તકમાંથી આ બધી માહિતી મળી શકશે. તેમાં આપણું અધઃપતન ક્યાં સુધી થયું, તે વાંચતાં દુઃખ થાય છે. આપણે કાવાદાવાઓથી, વેરઝેરથી, પરસ્પર સંપના અભાવથી ફસાઈ પડ્યા હતા. તેમણે ધીમેધીમે એક પછી એક રાજ્ય લઈને દેશમાં સત્તા જમાવી. દેશનાં નાનામાં નાનાં ગામડાંમાંથી પણ ધન ચુસાઈને ઇંગ્લૅંડ પહોંચી શકે, એવું તંત્ર ઊભું કર્યું. ધર્મ પણ એવી રીતે ફેલાવવાનું યોજ્યું, કે લોકોને ધર્મ બદલવામાં ઉપકાર થયો છે એમ લાગે. આ બધું ભય અથવા લાલચ આપીને કર્યું. વળી તે આપણા માણસો મારફત જ કર્યું. આ એમની ઉસ્તાદી.

તે વખતે દરેકે દરેક અંગ્રેજ પોતાના દેશનાં વેપાર, સત્તા અને પ્રતિષ્ઠા કેમ વધે, એ રીતે વિચારતો—વર્તતો. એક વખત ફ્રાન્સના દરબારમાં ડુપ્લેને પૂછ્યું, આપણી મોટી મૂડી એટલે દૂર રોકાય તેનું જોખમ વિચારવું જોઈએ, ત્યારે તેણે જવાબ આપ્યોઃ હિંદમાં મેં એક મોટી શોધ

કરી છે, કે પૈસા આપીએ તો રક્ષણ કરનાર માણસ મળે છે. અને તે પણ કેવા? ત્રણ ફ્રેન્ચ બરાબર એક હિંદી.

એમની પાસે સંસ્કૃતિ જેવી ચીજ ન હતી. સંસ્કૃતિમાં કહેવાય, તો એટલી ચીજ હતી, કે અમારા સિવાય કોઈની પાસે ધન ન હોવું જોઈએ. તેમણે લૂંટવાની ક્રિયાને ઓપ ચડાવ્યો છે. તેમણે જ્યાં મુલક દીઠો, ત્યાં પોતાનો ઝંડો રોપ્યો. જે બેટ પર ઊતર્યા તે 'મારો છે' કહી, ત્યાં પોતાનો અડ્ડો જમાવ્યો. એ માટે તેમણે અપાર દુઃખો વેઠ્યાં છે, તેમાં શંકા નથી, પણ એ તો રાવણની તપશ્ચર્યા થઈ.


એ અહીં પણ લૂંટવા માટે આવ્યા, તેમણે આપણા દેશના માણસોને પગાર આપીને લૂંટમાં મદદ કરવા રાખ્યા. આપણે પગાર લઈને લૂંટમાં મદદ કરવા નીકળ્યા અને નિમકહલાલ ગણાયા. જેમણે તે લૂંટનો વિરોધ કર્યો, તે નિમકહરામ ગણાયા—રાજદ્રોહી કહેવાયા. આપણે નિમક-હલાલ—પછી નિમક ભલે દુશ્મનનું હોય; આવી આપણી મૂર્ખાઈ છે અને હતી. એ બેભાન અવસ્થા હતી.

આપણો ઇતિહાસ, પુસ્તકો, રિવાજો વગેરેમાં નક્કરતા હતી તે ગઈ. આપણી ભાષા ગઈ, રિવાજો ગયા, ઉદ્યોગો ગયા અને તેથી સંસ્કૃતિ પણ ગઈ. આજે આપણને બેગમ સીતા સાંભળતાં દુઃખ થાય છે, પણ આપણે 'મધર સીતા' કહેતાં લજવાતા નથી. આપણે 'મારી મધર', 'મારા ફાધર' અને 'મારી વાઈફ' કહેતાં લજવાતા નથી; ગૌરવ લઈએ છીએ. 'મા' કે 'બા' બોલતાં આપણાં દિલમાં જે

લાગણી થઈ આવે છે, તે 'મધર' બોલતાં થઈ આવે છે ખરી? જરા પણ નહિ; પણ માતાની પાછળનો ભાવ ગયો, એટલે 'પિતા'ને ઠેકાણે 'ફાધર' આવ્યા.

એવી જ રીતે રેંટિયા પાછળનો ભાવ ગયો, એટલે રેંટિયા ગયા.

આજે અંગ્રેજોએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર— એમ ચારે વર્ણનું કામ લઈ લીધું છે. એ કહે છે, કે તમારે શું ભણવું, તેની ચિંતા તમે ન કરશો. તમારે કયો ખોરાક



અંગ્રેજોએ ચારે વર્ણનું કામ ઉપાડી લીધું.

જોઈશે, તેની ચિંતા ન કરશો. અમે શીખવીએ તે શીખો, અમે રક્ષણ આપીએ તે લો અને કહીએ તે પ્રમાણે અનાજ

વાવો અને વેચો. તમારે મજૂરી કરવાની જરૂર નથી; અમે તે માટે યંત્રો દાખલ કર્યાં છે.

આમ ચારે વર્ણોનું કામ તેમણે ઉપાડી લીધું; બાકી ગુલામીનું કામ રહ્યું, એટલે આજે આખો દેશ ગુલામ બન્યો છે. આજે દરેક વર્ણ ધંધો કરે છે, પણ મજૂરી અને નોકરી (કિંકર શું કરું?—એ પૂછે તે) કરીને કહે છે. આજે નોકરી કરે, તે સારો માણસ ગણાય છે. શિક્ષણના કાર્યમાં, ખેતી વગેરે કામોમાં અને શૂદ્રના કામમાં, નોકરો બનવામાં આપણે ગૌરવ લેવા લાગ્યા. આમ આર્ય સંસ્કૃતિની એક વસ્તુ આપણામાં રહી નથી. આજે કોઈ વિદ્યાર્થી હિંદુ શાસ્ત્રનો અભ્યાસી માલૂમ પડતો નથી.

આપણું આવું અધઃપતન થયું હતું. કેટલાકને આવું પતન દેખાયું હતું અને તેઓ તેનો ઉપાય કરવા ઇચ્છતા હતા. કોઈ બોલીને, કોઈ લખીને, તો કોઈ બોંબ મારીને આ સ્થિતિ પલટવા માગતા હતા; પણ આપણા દેશને શારીરિક, માનસિક અને હાર્દિક પલટાની જરૂર હતી, એટલે યુગ-પલટાની જરૂર હતી. ગીતાજીમાં ભગવાને કહ્યું છેઃ—

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

૧૩ : ગાંધીજી આવ્યા

આ નાશ ચાલી રહ્યો હતો, એમાંથી ઉગારનાર કોઈ દેખાતો ન હતો. કેટલાયને થતું હતું, કે આ પ્રવાહ નાશ લાવનારો છે, છતાં કોઈ બચાવી શકતું ન હતું. એવે વખતે ગાંધીજી આવ્યા. તેમણે રોગ પારખ્યો અને તેનો ઉપાય પણ બતાવ્યો.

તેમણે જોયું, કે ખેડૂત બળદ સાથે રહીને બળદ જેવો બની ગયો છે. રેંટિયો કાંતનાર કે લાકડું ઘડનાર જડ સાથે રહીને જડ જેવો થઈ બેઠો છે. માળા ફેરવનાર બ્રાહ્મણ માળાના મણકા જેવો જડ બન્યો છે.

તેમણે એકએક ક્રિયા જ્ઞાનપૂર્વક કરતાં શીખવ્યું. તેમણે દેશના ધંધાની તૂટેલી પ્રતિષ્ઠા કરવા માંડી અને ગામની સંકુચિતતામાંથી લોકોને બહાર કાઢી, દેશની એકતાનું અને જગત સાથેના સંબંધનું ભાન કરાવ્યું. તેમણે એક પ્રશ્નમાં આખા દેશને એક સાંકળે બાંધી લીધો. તેમણે રૉલેટ ઍક્ટ અને ખિલાફતના અન્યાયનો આખો દેશ વિરોધ કરે, એવું બધાને શીખવ્યું અને જગતે ન જોયેલી એવી હડતાલ પડાવી. આમ દેશની એકતા સાધવાની શરૂઆત કરી.

એમણે કહ્યું: 'વ્યક્તિ એ સમાજનું અંગ છે અને સમાજના હિત માટે તેની સેવા કરવી જોઈએ.' એમ

સમજી તેની સેવા કરો. જો વ્યક્તિની સેવામાં સમાજનું અહિત થતું હોય, તો તે છોડો.

જો હું ગુરુના પગ ચાંપું તો તે પગ તરફ ભક્તિ છે, તે માટે નહિ, પણ ગુરુ તરફ ભક્તિભાવ છે, માટે ચાંપું છું. એવી રીતે હું ગામના કોઈને મદદ કરું, તો તે વ્યક્તિની દૃષ્ટિએ નહિ, પણ સમાજના હિતની દૃષ્ટિએ જરૂરનું છે એમ સમજીને કરું. જેમ શરીરના કોઈ ભાગમાં કાંટો વાગે છે, ત્યારે શરીરમાં દુશ્મન દાખલ થયો એમ સમજી બધેથી લોહી દોડી આવે છે. તે વખતે એ કાંટાને બહાર કાઢતાં કેટલાં ય લોહીનાં રજકણો મરી જાય છે, જે પરુરૂપે બહાર નીકળે છે; પણ આખા કાંટાને બહાર કાઢે છે, ત્યારે જ તે જંપે છે; તેવી જ રીતે સમાજરૂપી શરીરમાં જે દોષો પેસી ગયા છે, તે બહાર કાઢવા માટે લોહીના રજકણોરૂપી લોકોએ પુરુષાર્થ કરવો જોઈએ અને એ દોષો દૂર કરીને જ જંપવું જોઈએ.

ગાંધીજીએ આ દોષો—રોગો જોયા છે અને તેના ઉપાય તરીકે તેમણે રચનાત્મક કાર્યક્રમ બતાવ્યો છે.

આ દોષો દૂર કરીને સમગ્ર ગામની—દેશની સેવા કરવી તેને અહિંસક સમાજ-રચના પણ કહેવામાં છે. એ માટે એના પર ભક્તિ અને તેની જ્ઞાનપૂર્વક અભિવૃદ્ધિ થાય, એવી તાલીમની જરૂર છે અને એવી તાલીમ લેવા જે પ્રયત્ન થાય, એ સમગ્ર ગ્રામસેવાની તાલીમનો વર્ગ થયો.

૧૪ : ખરી કેળવણી

જીવન જીવવા માટે જે વસ્તુઓની જરૂર પડે છે, તેનો ઉપયોગ કરતાં આવડે, તો ખરી કેળવણી મળી કહેવાય.

આવી કેળવણી બધા આપી શકતા નથી. જે એ રીતે જીવે, તે આપી શકે. કેટલાક તે જ્ઞાનપૂર્વક આપે છે અને બીજા વ્યવહારથી આપે છે.

જેમ એક એંજિનિયર મકાન બાંધવા ઇચ્છે, તો પ્રથમ તેનો નકશો બનાવશે અને એ નકશા મુજબ ગણતરી કરી સામાન ભેગો કરશે. એવી રીતે ગણતરી કરી માણસો રોકશે. તેમાં કેટલો સમય લાગશે, તે વિચારશે અને પછી મકાન બાંધશે. તેનું મકાન શાસ્ત્રીય ગણાશે; કેમ કે તેમાં કેટલી ઇંટો જોઈશે, કેટલાં માણસો જોઈશે વગેરેની તેને પ્રથમથી જ ખબર પડે છે; અને હોશિયાર હોય, તો તેની ગણતરીમાં ભૂલ બહુ ઓછી જ થાય છે.

હવે મકાન તો બધાને જોઈએ છે અને બધા એંજિનિયર હોતા નથી, પણ અનુભવી મકાનો બાંધે છે, એમાં પોતાને જોઈતી સગવડો રાખે છે અને તે મકાન પણ સારું થાય છે. પણ એ મકાન બાંધવાનો નકશો નહિ કરી શકે. તેમાં કેટલો ખર્ચ થશે, કેટલો સામાન વપરાશે વગેરે પ્રથમથી નહિ

કહી શકે. જેમ વણકર હોય, તે સુંદર વણી શકશે ખરો, પણ બીજાને તે શીખવી નહિ શકે. બીજો વણાટ–શિક્ષક હશે, તે સારું વણશે અને બીજાને શીખવી પણ શકશે–એ ગણતરી કરીને કરશે; પેલો મહાવરાથી કરશે; આમ કેટલાક શાસ્ત્રીય રીતે જીવે છે.

આ સિવાય ત્રીજો એક વર્ગ છે, જે બહુ મોટો છે, તે એમ ને એમ વિચાર કર્યા વિના જીવન જીવ્યે જાય છે. કેળવણી તો જેવી આપવા ઇચ્છે તેવી આપી શકાય છે. દ્રુપદ રાજાએ દ્રોણાચાર્યનું વેર લેવા ધૃષ્ટદ્યુમ્નને ઉત્પન્ન કર્યો અને એ લક્ષ રાખીને ઉછેર્યો અને દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખવા મોકલ્યો. આમ નાનપણથી જ બાળક ગર્ભમાં હોય છે, ત્યારથી જ તેના સંસ્કાર શરૂ થાય છે. યશોદાએ પોતાના પેટે પ્રભુ જન્મે એવો વર માગેલો, એટલે કૃષ્ણને ઉછેર્યા એવી વાત ભાગવતમાં છે; એટલે આપણે જે જાતનો બાળક ઇચ્છીએ, તેવા જ સંસ્કાર તેને તે વખતથી મળવા જોઈએ, એ કેળવણી પ્રાણપોષક બનશે. જે ક્રિયા નાનપણમાં કરવામાં આવે છે, તેનું તત્ત્વ તેની પાસે ટકી રહે છે. તે આખી જિંદગી કામમાં આવે છે. આજે આપણને પરદેશી સત્તા જે કેળવણી આપે છે, તે કોના જેવી છે? જેવી રીતે મદારી માંકડાંને કેળવે છે અને સરકસ-વાળો ઘોડાને કેળવણી આપે છે, તેના જેવી છે. માંકડું અને ઘોડો કેળવાય છે, પણ તેથી બીજાને શો લાભ? તેથી માંકડાને

કંઈ લાભ થાય છે ખરો? એને કેળવનારા તો પોતાના લાભ ખાતર તેને કેળવે છે. આજે પરદેશીઓએ જે કેળવણી આપી છે, તે જીવન જીવવાના કામમાં આવતી નથી. લોભ, લાલચ અને અસત્યને લાત મારવાનું જોર આ કેળવણીથી પ્રાપ્ત નથી થતું.

મહાભારતમાં સહદેવ પાસે કૌરવો જાય છે અને પાંડવોને હરાવવાનું મુહૂર્ત માગે છે. સહદેવ જાણે છે, કે પોતાના જ નાશનું મુહૂર્ત તે માગે છે; છતાં તે સાચું જ બોલે છે. કૌરવોને પણ ખાતરી હતી, કે સહદેવ પોતાને ભોગે પણ જૂઠું નહિ બોલે. આજે તો વિરોધી પક્ષનો માણસ પોતાનું નુકસાન વેઠીને પણ સાચું બોલે,એ કલ્પના જ કરવી મુશ્કેલ છે: અથવા એ વાત અશક્ય બની ગઈ છે. ઇંદ્ર કર્ણ પાસે બખ્તર અને કુંડળની માગણી કરે છે, કર્ણ જાણે છે, કે એ તો પોતાનું મોત જ માગે છે; તોપણ તે સહર્ષ આપે છે; કેમ કે તેની પ્રતિષ્ઠા દાનેશ્વરીની હતી, તે સાચવવાનું તેને યોગ્ય લાગ્યું. આવી કેળવણી એ ખરી કેળવણી—મનુષ્યત્વની કેળવણી હતી. માણસ બનવા માટે તેનામાં રહેલી ઉદારતા, પવિત્રતા, ધૈર્ય અને સાહસ વગેરે ગુણો કેળવવા જોઈએ. પ્રથમ તે ગુણો વિચારવામાં આવે અને આચારમાં તે ઊતરે તો કેળવણી થાય. જે શરીરના સુખ સામે ન જુએ અને તેના સુખ માટે આત્માને ન વેચે, પણ આત્માના સુખ માટે પ્રસંગ આવે દેહ ફેંકી દે,

તે કેળવણી પામ્યો ગણાય.

તે જમાનામાં વ્યવહારમાં આત્મા તરફ જોનારી કેળવણી હતી; વળી નીરક્ષીરન્યાય આવડે એટલે સાચું-ખોટું પારખતાં આવડે અને સાચું લાગે તેને જ વળગી રહેવાની શક્તિ તે જ સાચી કેળવણી.

આપણે જીવીએ તેમાં જગત જીવે; એટલે આપણા જીવનની એકએક ક્રિયામાં જગતનું ભલું જ થતું હોય, તો તે ખરી કેળવણી ગણાય. કોઈનું જીવન નષ્ટ કરીને જીવવું તે ખરી કેળવણી નથી. જેમાં જગતનું જીવન સમાયેલું છે, એવું જીવન જીવવાને યોગ્ય બનવાની તાલીમ લેવી, તે સાચી કેળવણી છે.

૧૫ : આજે આપણે ક્યાં છીએ?

આજે નાનાં બાળકોથી માંડી વૃદ્ધ સુધીનાં તમામ સ્ત્રી–પુરુષોનાં જીવન જોઈએ, તો મોટે ભાગે શરીર તરફ મોં રાખીને જ તેઓ જીવનારાં માલૂમ પડશે. પહેલાંના જમાનાની જરૂરિયાતો ઓછી હતી અને આજે વધુ થઈ છે એમ કહેવાય છે; પણ 'જરૂરિયાતો' કોને કહેવી, એ જ એક સવાલ છે. જેનાથી સારી રીતે જીવી શકીએ, તે જરૂરિયાત.

પહેલાં બધા એકબીજાના સહકાર વડે જીવતા હતા અને મહેનત એ જીવવાનું સાધન હતું. એ મહેનત પણ એવી કે કોઈને નુકસાન ન કરે. બધા નવું ઉત્પન્ન કરીને ભોગવતા હતા. કોઈનું પડાવી લેવાની વૃત્તિ ન હતી. પહેલાંના જમાનામાં ઓછી જરૂરિયાત હતી, એટલે શું? તેઓને પૂરતું અનાજ મળતું ન હતું? શું તેમને દૂધ–ઘી મળતાં જ ન હતાં? શું તેઓની તંદુરસ્તી ખરાબ હતી? તેઓ ઓછું ખાતા હતા? શું તેઓને ટાઢે મરવું પડતું હતું? ના, એ બધું તો પૂરતા પ્રમાણમાં હતું; એટલે તે વખતે ઓછી જરૂરિયાત હતી, એમ નહિ પણ સરસ રીતે જીવી શકે એવી જરૂરિયાતો હતી, તે વખતે ઉદ્વેગ અને ચિંતા સિવાય સારી રીતે બધા વ્યવહાર કરતા હતા. તે વખતે નવું ઉત્પન્ન કરવામાં કોઈને દુઃખ ન પડે, એની ચિંતા રહેતી. એનો અર્થ એમ નહિ, કે બધા જ્ઞાની હતા; પણ જીવવાની રીત જ એવી હતી, કે તેને ખોટું કરતાં

આંચકો લાગતો અને તે અટકતો.

આજે જરૂરિયાતો વધી, એટલે કે જે જરૂરિયાતોમાં જીવનને નભાવવાની શક્તિ નથી અને જે વાપરવા જેવી પણ નથી, તે આપણે વાપરતા થયા. આજે આપણું લક્ષ્ય આત્મા તરફ રહ્યું નથી, પણ શરીર તરફ ગયું છે. જેમ રૂપિયા તરફ મોં રાખનારો મરી જશે, પણ રૂપિયો તેનાથી નહિ છૂટે, શરીરને કષ્ટ પડશે, તો દવા માટે ય રૂપિયો ખરચતાં તેને ટાઢ ચઢશે. એ પરથી તો કહેવત પડી છેઃ 'ચમડી તૂટે, પણ દમડી ન છૂટે.' એમ શરીર તરફ મોં રાખનારો આત્માને મારી નાખશે, પણ શરીર સાચવવા પ્રયત્ન કરશે. તે પૈસો સાચવવા પ્રયત્ન કરશે. લખ ચોરાશી જે કહે છે, તે આ છે. ચોરાશી એટલે શરીર. આપણું શરીર પોતાનાં ૮૪ આંગળ એટલે ૩ા હાથ લાંબું છે. એ લખ ચોરાશી ક્યારે છૂટે? જ્યારે આપણું મોં આત્મા તરફ જાય ત્યારે. આજે તો શરીર સુંવાળું અને છેલછબીલું કેમ દેખાય, એનો જ વિચાર આપણે કરીએ છીએ અને એ રીતે જ આપણે ખાઈએ–પીએ છીએ, બેસીએ–ઊઠીએ છીએ અને ભણીએ છીએ. આજે તો કપડાં રક્ષણ માટે પહેરવામાં નથી આવતાં, પણ દેખાવ માટે પહેરાય છે.

આજે ખોરાક પણ શરીરને જરૂર છે, તે માટે લેવામાં નથી આવતો, પણ સ્વાદિષ્ટ છે તેથી અને મોજશોખ માટે તે લેવાય છે. આજે વંચાય છે તે જ્ઞાન મેળવવા નહિ, પણ વખત કાઢવા તથા વિષયો પોષવા. આમ બધું

શરીર માટે કરવામાં આવે છે.

તેથી પરિણામ એ આવ્યું, કે તે બીજાને કામ આવતો નથી, પણ બીજાને ભારરૂપ બને છે. ખરી રીતે તો ઓછામાં ઓછું લે અને વધુમાં વધુ આપે એ જ સારો.

ગાંધીજી કપડાંમાં જરૂરપૂરતું જ કપડું વાપરે છે. અને ખોરાકમાં ય ફક્ત પાંચ ચીજો લે છે. તે કહે છે, કે આ પાંચ ચીજો શરીર ટકાવવા પૂરતી લઉં છું; તેથી બીજી બધી ચીજો મારાથી નિર્ભય બની ગઈ છે. આ પાંચ ચીજો લઈને શરીર ટકાવીને તેનો સદુપયોગ કરવો છે. દરેક વિચારે, કે આ શરીર તો હિંસાનું પૂતળું છે, છતાં તે નાખી દેવું યોગ્ય નથી, તેથી તેને વિંઢાળું છું અને તેનો આત્માના કલ્યાણમાં ઉપયોગ કરું છું, જો આત્માનું કલ્યાણ સાધવામાં ન આવે, તો તે બોજારૂપ નીવડે; એટલે તે ઈશ્વરે આપણને આપેલું સંપેતરું છે, તેની મમતા શાને હોય? મને જેવા ભાવથી ઈશ્વરે આપ્યું છે, તેવા ભાવથી મારે તેને સોંપવાનું છે. હરખ–શોક સિવાય માનપૂર્વક જેમ માગ્યું છે, તેમ પાછું સોંપવાનું છે. શરીર એ સાધન છે. આત્માના સુખ માટે તે વપરાવું જોઈએ અને તે માટે તેને ફેંકી પણ દઈએ. આવી કેળવણીને અભાવે ગામડાં આજે ફિક્કાં પડી ગયાં છે.

આજે ઉડાઉપણું અને કંજૂસાઈ આવ્યાં, પણ કરકસર એને ઠેકાણે ન રહી. એક રૂપિયાની જરૂર હોય, તેને ઠેકાણે બે રૂપિયા વાપરવા. એક કપડાની જરૂર હોય ત્યાં

બે પહેરવાં; અર્ધો શેર અનાજની જરૂર હોય ત્યાં શેર ખરચવું; ડોલ પાણીની જરૂર હોય ત્યાં દશ ડોલ વાપરવું; આ ઉડાઉપણું છે. કંજૂસાઈ એ, કે એક રૂપિયાની જરૂર હોય ત્યાં પોણો રૂપિયો વાપરે અને દોઢું નુકસાન કરે. શેર રાંધવાની જરૂર હોય, ત્યાં પોણો શેર રાંધે અને ખૂટે ત્યારે ફરી શેર રાંધે. ઓછે ચાલશે એમ માની થોડું લાવે અને પછી ખૂટે ત્યારે મેળવગરનું વધુ લાવવું પડે. માણસ માંદો પડે ત્યારે શરૂઆતમાં પૈસો ન ખરચવાની ઇચ્છાએ દવા ન કરે અને પછી એ જ દવા માટે રૂપિયો ખરચે; આ કંજૂસપણું થયું.

પણ કરકસર એ, કે રૂપિયાની જરૂર હોય ત્યાં એક રૂપિયો જ વાપરે અને દોઢ રૂપિયો વાપર્યો હોય તેમ દેખાય; કેમ કે તેમાં જ્ઞાનપૂર્વક ગણતરી હોય છે. આજે આવી કરકસરની ટેવ ગઈ છે; તેથી થોડાક કંજૂસ થયા અને બાકીના ઉડાઉ બન્યા.

એક જમાનો એવો હતો, કે જ્યારે કોઈને દુનિયાની પડી ન હતી. ભૂખ લાગે ત્યારે ફળ મળે, તે ખાઈ લેતો હશે અથવા માંસ ખાતો હશે, પણ એ ખાધા પછી જગતને કે કુદરતને એ કંઈ જ હાનિ કરતો નહિ. બીજા જમાનામાં જરૂરિયાતો વધી, કપડાં અને ખોરાક આવ્યાં. તે કપડાં વીંટીને ફરવા લાગ્યો હશે અને ખોરાક જોઈતો પકવી લેતો હશે; એમ જરૂરિયાતો વધતી ગઈ.

પ્રથમ નિશાનીઓથી એકબીજા સાથે વ્યવહાર કરતા

હશે, પછી બોલવાની ભાષા થઈ હશે, પછી અક્ષર-લખાણ આવ્યું હશે. (અક્ષરો પણ સંજ્ઞાઓ જ છે.)

ત્રણ પ્રકારની કેળવણી

પહેલાં પ્રાથમિક કેળવણી બધાને મળતી. તેમાં પોતાના ધંધાનું સામાન્ય જ્ઞાન અને થોડું અક્ષરજ્ઞાન હતું.

માધ્યમિક કેળવણીમાં માણસો ધંધાનું થોડું શાસ્ત્ર શીખતા; તેમાં સમાજમાં ભેગાં મળીને જીવવાની કેળવણી મળતી હતી.

ઊંચી કેળવણીમાં સમાજથી પર જઈને આત્મા શું? હું શા માટે જન્મ્યો? મારી ફરજ શી? હું ક્યાં જવાનો છું? વગેરે જ્ઞાનનો સમાવેશ થતો હતો. જે આ ત્રણે પ્રકારમાંથી કાંઈ પણ જાતની કેળવણી ન લે, તે અસંસ્કારી ગણાતો. જ્ઞાન લેવાની રીતો ત્રણ હતી: એક સેવા કરીને-જ્ઞાન પ્રાપ્ત કરીને; બીજું પોતાનું જ્ઞાન આપીને-બીજા પાસેથી જ્ઞાન લઈને; ત્રીજું ધનને બદલે જ્ઞાન લઈને; આ ત્રીજી રીત કનિષ્ઠ ગણાતી.

વળી ઊંચી કેળવણી તો નિઃસ્વાર્થી પાસેથી મળી શકે. એવા ગુરુઓ પણ હતા, કે જે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ કહેવાતા. શ્રોત્રિય એટલે સાંભળેલું બરાબર કહી બતાવે; એટલે કે જે સમજ્યા છે, તે બરાબર રીતે બીજાને સમજાવી શકે, અને બ્રહ્મનિષ્ઠ એટલે જે જ્ઞાન સાથે ઈશ્વરમાં, આત્મામાં તલ્લીન થયો હોય. આવા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ

પાસેથી ઉચ્ચ જ્ઞાન મેળવવા માટે શિષ્ય નમ્ર ભાવે હાથમાં સમિધ લઈને જતો. ગુરુ પવિત્ર જીવન જીવનારા હતા. અને તેમનામાં જ્ઞાન આપવાની આવડત પણ હતી.

બીજા વર્ગની કેળવણી—માધ્યમિક જ્ઞાન એટલે, કે સેવા લે અને જ્ઞાન આપે. જેમ ઋતુપર્ણ રાજાને ત્યાં નળરાજા બાહુકવેશે રહ્યા હતા. ત્યાં એક વખત ઋતુપર્ણને સ્વયંવરમાં જવાનું હતું અને અમુક સમયમાં જ પહોંચવાનું હતું, ત્યારે તેનો રથ હાંકનાર બાહુક સિવાય બીજો કોઈ ન હતો. બાહુક અશ્વવિદ્યામાં કુશળ છે, તેની રાજાને ખબર નહિ, પણ નિરૂપાયે તેણે તેને લીધો. તેણે માંદલા ઘોડા લીધા. રાજા અકળાયો, પણ ઉપાય ન હતો.

નળરાજાએ બાહોશીથી પવનવેગે રથ હાંક્યો; તેથી રાજા બહુ ખુશ થયો અને તેથી તેની અશ્વવિદ્યા વિષે તેને ખૂબ માન થયું. વચ્ચે એક ઠેકાણે તે વિસામો લેવા થોભે છે; ત્યાં રાજાએ નળને કહ્યું, આ ઝાડ પર કેટલાં પાંદડાં હશે? નળ કહે, એ કંઈ ગણી શકાય ખરાં? રાજાએ પાન ગણીને કહ્યાં; એટલે નળને થયું, કે હું માનતો હતો, કે રાજાને કંઈ આવડતું નથી, પણ આ તો બહુ હોશિયાર છે. તેણે પૂછ્યું, કે તમે શી રીતે ગણ્યાં તે મને શીખવો. રાજાએ કહ્યું, કે આ માંદલા ઘોડાથી તેં રથ કેવી રીતે પવનવેગે હાંક્યો, તે તું મને શીખવ. આમ બંને અરસપરસ શીખવે છે.

એવી રીતે જે પોતાનું જ્ઞાન બીજાઓને આપે અને બીજા પાસેનું જ્ઞાન પોતે મેળવે, તે મધ્યમ પ્રકારનું જ્ઞાન થયું.

ત્રીજા પ્રકારનું, એટલે કનિષ્ઠ પ્રકારનું જ્ઞાન એ કે દામ આપીને તે લે; પણ અંદરથી—હૃદયના ઊંડાણમાંથી પ્રેમનો ઊભરો આવે અને શિષ્યને તે વખતે ભણાવે, તેવું ભણતર મેળવનાર ભાગ્યશાળી ગણાય.

આજે ઉચ્ચ કેળવણી તો ગઈ જ. મધ્યમ પ્રકારની કેળવણી પણ નહિ જેવી જ રહી છે; અને બધે કનિષ્ઠ પ્રકારની કેળવણી રહી ગઈ છે; એટલે સ્થૂળ કેળવણી રહી છે.

જ્ઞાન મેળવવાનું ખરું સ્થાન હૃદયના ભાવ હોય છે. આજે એવા હૃદયના ભાવનું ભણતર ખોળ્યું મળતું નથી.

ટાંકાનું જ્ઞાન

કૂવાનું પાણી હોય છે, તે કાઢ્યે ખૂટતું નથી. જેમ તેમાંથી પાણી કાઢો, તેમ વધુ નિર્મળ પાણી પૂરજોસથી બહાર આવે; કેમ કે તે પાણી પાતાળમાંથી આવે છે. પણ ટાંકું ભરી રાખ્યું હોય, તેમાંથી પાણી ન વપરાય, તો બગડી જાય અને વપરાય તો ખૂટી જાય.

આજનું શિક્ષણ ટાંકાના પાણી જેવું છે. આ વખતે હમણાં શિક્ષકોએ હડતાલ પાડી અને તે લગભગ ૧॥ મહિનો ચાલી; તોપણ માબાપોનું રૂંવાડું પણ હાલ્યું નહિ. મારો છોકરો જ્ઞાનવગરનો રહી જશે, એવી લાગણી કોઈને થઈ નથી.

ટાંકાની આવી કેળવણીને કારણે સદાચારી માણસોનો પાક અટકી ગયો. હિંદને એ બહુ ભારે નુકસાન થયું છે.

સદાચારના જ્ઞાનથી વંચિત રહ્યા, તેની આપણને ભારે ખોટ પડી. આવી મોંઘી કેળવણી લેવા માટે પૈસા પણ ખૂબ વાપરવા પડે છે અને જેની પાસે એટલા પૈસા ન હોય, તે એ ન લઈ શકે. એ રીતે બહુ જ થોડા એવી કેળવણી લઈ શકે છે. આ પણ આપણને આશીર્વાદરૂપ થઈ પડ્યું છે.

આજની કેળવણી પામેલાએ શું કર્યું?

આમ ખૂબ ધન ખર્ચીને કેળવણી લીધી, એટલે કુદરતને વધારેમાં વધારે ઉડાઉપણાથી વાપરવાની તાલીમ મળી અને તેથી કુદરતનો દુરુપયોગ કર્યો. બધાંનું મોં ઉડાઉપણા તરફ વળ્યું. આપણે કોઈ ઉડાઉને સ્થિર અને શાંત જોયો છે ખરો? એવા ઉડાઉ પાસે બાપદાદાની જૂની મિલકત હોય, તોય તે કેટલો સમય રહે? પહેલાં જરૂર હતી તેટલું વાવતા. નકામી જમીનને કોણ રિબાવે? એવી ભાવના હતી. ૧૦ વીઘાંની જરૂર હોય તો ૧૧ વીઘાં ન વાવે, પણ વધુ જમીન હોય તો વાસલ જમીન રાખે, જે બીજે વર્ષે વપરાય.

પાળજના એક ધર્મદાસ પટેલ હતા. તે અભણ હતા. નાગપુર ઝંડા સત્યાગ્રહની લડત શરૂ થઈ અને ગુજરાતના સ્વયંસેવકોને સરદાર સાહેબે અમુક દિવસે અમુક ઠેકાણે જવાની હાકલ કરી. ધર્મદાસે આ હાકલ સાંભળી. તેમને થયું, કે દેશના કામ માટે જ્યારે હાકલ પડે ત્યારે મારાથી બેસી કેમ રહેવાય? તેમને ચારપાંચ વર્ષની નાની છોકરી હતી, તે રમવા ગઈ હતી. તેની સંભાળ લેવાનું પડોશીને કહીને તે ચાલી નીકળ્યા. તે મારી સાથે નાગપુર જેલમાં હતા. ત્યાં

મેં તેમને પૂછ્યું, કે 'તમારી દીકરીની શી વ્યવસ્થા કરી છે?' તેમણે કહ્યું: 'ઈશ્વરને સોંપીને આવ્યો છું.'

લડત પૂરી થયા પછી એક વખત હું તેમને ત્યાં ગયો, ત્યારે વાત નીકળતાં જાણ્યું, કે તેમણે તે વર્ષે જમીન ખેડી નથી, પણ રહેવા દીધી છે.

મેં પૂછ્યું:—કેમ આ વર્ષે જમીન બિલકુલ ખેડી નથી?

ઉત્તર—મારી પાસે બાજરી વગેરે આ વર્ષે ચાલે તેટલું છે; એટલે મારા ભાઈને મેં કહ્યું હતું, કે તું મારી થોડી જમીન ખેડ અને બાકીની રહેવા દે. કામ સિવાય આપણાથી જમીનને દુઃખ કેમ દેવાય?

આ ધર્મદાસ બેત્રણ વર્ષ પર ગુજરી ગયા. કુદરત પર તેમના હૃદયમાં આવો પવિત્ર ભાવ હતો. તેઓ કુદરતને ખપ સિવાય લૂંટતા ન હતા. જોઈએ તેટલો જ કુદરતનો ઉપયોગ કરતા હતા અને બાકીનું તેની પાસે જ રહેવા દેતા અને 'જ્યારે જોઈશે ત્યારે મળશે, કુદરત ક્યાં ના પાડવાની છે?' એવો વિશ્વાસ હતો.

કુદરત વેડફાય છે.

આજે એથી ઊલટું, જમીન ખૂબ ખેડાવા લાગી છે. તેની જૂની હજારો વર્ષોની ઉત્પાદક શક્તિ પણ લઈ લીધી છે અને તેને પાછું કંઈ આપતા નથી. દાખલા તરીકે આપણે પંપ લાવ્યા. ત્રણત્રણ પાક લઈએ. એ પાક લોકો માટે નહિ, પણ નફા માટે લઈએ છીએ. એ પાક-

માંથી બે ભાગ પેટ્રોલ, એંજિન, ક્રુડ વગેરે મારફત બહાર રવાના કરીએ છીએ. ત્રીજા ભાગની આવક જ અહીં રહે છે. એવી રીતે પ્રથમ કરોડો રૂપિયાનું કાપડ લાવ્યા અને અહીંનું ધન બહાર મોકલ્યું. કાપડ લાવવાનું બંધ કર્યું, ત્યારે શોખની ચીજો ઢગલાબંધ લાવવા માંડી છે અને દર વર્ષે અબજો રૂપિયાનો ધોધ બહાર વહેવડાવીએ છીએ. એ મિલકત ક્યાંથી આવી? જમીન, ઝાડ, ઢોરો અને ખાણોમાંથી. દરિયાની આવક તો બહુ ઓછી છે, પણ ઉપરની ચારે ચીજોમાંથી મોટો ભાગ આજે બહાર જતો રહે છે. આપણને અનાજ, દૂધ, ઘી કે ફળ ખાવાનાં કેટલાં મળે છે? આપણે કપડેલત્તે પણ ચીંથરેહાલ છીએ; છતાં આ પોષક સાધનો વેચીવેચીને બહારની બીનજરૂરી ચીજો લાવીએ છીએ. મોટર, રેડિયો, રેલ્વે અને દેશનાં ગામડાંના ધંધા નાશ કરનાર યંત્રો લાવ્યા. એ સાધનો ન હતાં, ત્યારે શું આપણે દુઃખી હતા? એમના વિના જિવાય નહિ શું?

પહેલાં લેવડદેવડમાં બધી મિલકત અહીં રહેતી. ઘરનાં નેવાં પડે છે, તેમાં ટીપુંટીપું પાણી પડે છે; પણ બધાં નેવાંના પાણીનો સંગ્રહ થાય અને વહે નહિ તો આંટ મારે અને પાણી ભરાઈ જાય; અને જો બહાર વહી જાય તો ધરતી કોરી જ રહે. આપણે જો એ મિલકત બહાર જતી અટકાવીએ, તો કુદરતને લૂંટવાની જરૂર નહિ રહે; એટલે એક બાજુ આવક બહાર તણાઈ જાય છે, બીજી

બાજુ, ભણતર, હેરફેર અને મુસાફરી વગેરેના ખર્ચ બહુ વધી ગયા છે; એટલે ભવિષ્યમાં અનેક ચીજો વાપરવાની ટેવ પડ્યા પછી તે છોડવી હશે, તો ય તે નહિ છૂટે. એક વખત ખર્ચ કરવાની ટેવ પડી, તો પછી તે આપણને પાયમાલ કરશે; કારણ કે ખર્ચ વધતું જાય છે અને આવક મર્યાદિત થતી જાય છે.

અમેરિકા-ઇંગ્લેંડમાં શું ?

ત્યારે કોઈ પૂછે કે અમેરિકા-ઇંગ્લેંડમાં જરૂરિયાત વધી છે અને ત્યાં દર પાંચ માણસ દીઠ એક મોટર છે. દરેક માણસ ખૂબ ખાય-પીએ છે-છાપું વાંચે છે અને એ રીતે જરૂરિયાતો વધતી જાય છે; તે છતાં તેઓ ક્યાં પાયમાલ થયા છે? તે દેશો સુખી નથી શું? એમને ત્યાં ગરીબાઈ છે શું?

હું ત્યાં ગયો નથી, પણ જે વાંચ્યું છે અને સાંભળ્યું છે તે પરથી કહું છું, કે ત્યાંનાં દુઃખ અને ગરીબાઈનો પાર નથી. એ બીજા દેશોને લૂંટીને જીવે છે; તેમ છતાં ત્યાં કેટલા ય ગરીબ છે, જેમને સરકાર પોષે છે.

વળી ગરીબાઈની વ્યાખ્યા શું? કેટલા પૈસા હોય, તો માણસ પૈસાદાર ગણાય? જરૂરિયાતનો ભૂખ્યો હોય તે ગરીબ. અન્નનો ભૂખ્યો હોય, તે તો અનાજની ચોરી કરે; પણ જેની જરૂરિયાત વધતી જ જાય છે, એ કેટલાં પાપ કરે? કહેવત છે, કે

बुभुक्षितः किम् न करोति पापम् ।

बुभुक्षितः એટલે અન્નનો ભૂખ્યો નહિ, પણ જરૂરિયાતનો ભૂખ્યો; અને કરોડપતિ પણ આજે તો દુ:ખી છે અને લંગોટીવાળો પણ દુ:ખી છે.

બહાર આર્થિક સ્થિતિ જેમની સારી હતી, એવા સારા ગણાતા લોકો જેલમાં ડુંગળી અને બીડી માટે ચોરી કરતા. તેમને સુખી કહેવાય ખરા? એવી રીતે પશ્ચિમના લોકો આજે જગતને લૂંટવાનો ધંધો કરે છે. જો આ પશ્ચિમની સંસ્કૃતિ (જો એને સંસ્કૃતિ કહેવાય તો) આ રીતે વિકાસ પામે, તો દુનિયાનો સંહાર થઈ જાય. એ ઊંધે રસ્તે ચડ્યા છે અને એમાં આવતી મુશ્કેલી દૂર કરવા અનેક વસ્તુઓની શોધો કરે છે અને તેઓ કુદરતી સંપત્તિનો દુર્વ્યય કરી રહ્યા છે; કેમ કે તે બધી શોધો કુદરતનો દુરુપયોગ કરી, બધાને વિનાશને પંથે લઈ જાય છે. આજે તો વૈભવ વધે છે, તેને બધા વિકાસ કહે છે, પણ તે તો મૃત્યુના મુખમાં લઈ જવાનો રસ્તો છે; તેથી આત્માનો વિકાસ તો નથી થતો, પણ સાડાત્રણ હાથના શરીરની આળપંપાળ માટેજ આ બધી ધમાલ મચી રહી છે. એને પંપાળવામાં પાપ નથી મનાતું.

વકીલો પેટ માટે જૂઠું બોલવામાં પાપ નથી માનતા. એને તો પોતાના ધંધા અંગેનું કર્તવ્ય ગણે છે. આજે ગામડાંઓમાં લોકો પોતાના ધંધાની કિંમત ઓછી છે એમ માને છે. એવી સમજને કારણે પરસ્પરનો વ્યવહાર તૂટ્યો

અને તેથી ગામડાં ભાગ્યાં. કોઈ એક મોટી એરણ લૂંટીને એક સોયનું દાન આપે, તો તેની વાહવાહ બોલાય છે અને કોઈ સમાજની સેવામાં શરીર ઘસી નાંખે, તો મૂરખમાં ખપે છે. ખરી રીતે સિક્કાનું દાન એ હલકામાં હલકી કોટિનું દાન છે. ઉત્તમ બલિદાન પરસેવાનું છે.

આજની કેળવણીનું પરિણામ

આજે નિશાળમાં ગુરુ-શિષ્યના સંબંધો કેવા છે? બંને જણ એકબીજાના હરીફો ન હોય, તેમ તેમની વચ્ચે કજિયા થાય છે; તેના નિકાલ માટે પંચ નિમાય છે. ગુરુ માટે શિષ્યને કંઈ માન નથી. શિષ્યના જીવન સાથે ગુરુને કંઈ સંબંધ નથી. તે પાંચ કલાક નિશાળમાં હાજર રહે એટલે કર્તવ્ય પૂરું થયું સમજે છે. એની નજર હંમેશ પગાર તરફ રહે છે. જ્યારે વિદ્યાર્થી ફી આપે છે, એટલે તે વર્ગમાં ગમે તેમ વર્તવાનો પરવાનો મેળવી લે છે.

પહેલાં ગુરુને અને તેમના વિદ્યાર્થીઓને રાજા પણ માન આપતા. તેમના સ્વાગત માટે સામા જતા. આજે તો જ્ઞાન અંદર ન પેસી જાય એ માટે શિક્ષક લાકડી લઈ નિશાળને દરવાજે બેસતા ન હોય એવું લાગે છે.


આજે વિદ્યાર્થીનું જીવન તપાસીએ તો તેનું જીવન તેનાં માબાપના કે તેના ગુરુના જીવન સાથે સંબંધ વિનાનું થઈ ગયું છે.

આજે ગામડાંમાં જઈને જોઈએ તો શું જણાશે? ખરા

કામની મોસમ હશે, મા–બાપ બધાં કામમાં રોકાઈ ગયાં હશે, ત્યારે ગામમાં ભણેલો છોકરો નવરો ફરતો જણાશે અથવા અખાડામાં લંગોટ મારી દાવ ખેલતો હશે. તે ઘરના કશાય કામમાં નથી આવતો. તે બહારથી ભણીને આવે છે, એટલે તેને ઘરનું ખાવાનું ય નથી ભાવતું; તેથી તે ઘેર રહેવાનું જ પસંદ નથી કરતો. ઘેર માબાપ પેટે પાટા બાંધી મહેનત કરી, કંઈક કમાણી કરે છે, તો છોકરો શહેરમાં જઈ ઉડાવે છે. ઘરની આવકથી પૂરું નથી થતું, તો ચોરી કરે છે; કોઈને છેતરે છે; ન છૂટકે કોઈનું ટ્યૂશન કરે છે, પણ તે મોજશોખમાં ખામી આવવા દેતો નથી. આવો વિદ્યાર્થી બીજાનાં દુઃખનો શી રીતે વિચાર કરી શકે? કેમ કે તે પોતાની જ જરૂરિયાતોનો ભૂખ્યો હોવાથી દુઃખી છે. પોતાનું સહેજ પણ જ્ઞાન મફત શી રીતે આપી શકે? ડૉક્ટર કોઈને તપાસે, તોય ફી માગે; વકીલ વાત કરે, તોય ફી માગે. આવું શિક્ષણ લીધેલો વર્ગ લોકોના ખપમાં શી રીતે આવે?

કોઈને રસ્તો બતાવવો હશે તો ય જો તે અભણ હશે, તો પંદર વાત કરશે અને જરૂર હશે તો થોડે સુધી મૂકી પણ આવશે; અને ભણેલાને જો કોઈ પૂછશે, તો તે આંગળીથી બતાવશે કે પેલે રસ્તે જાઓ, આગળ પૂછજો. આગળ કોઈ મળે એમ છે કે નહિ, તેનો વિચારે ય નહિ કરે. આજે તો સેવા કરવામાં પણ સામો નારાજ થાય, તો કહીએ કે ભાઈ, એ સેવા નહિ થાય, જવા દો એ સેવા. સામાને નારાજ શું કામ કરીએ? સાધુ પણ કહે છે, હરિજનોને અડવામાં

પાપ નથી, પણ यद्यपि शुद्धं लोकविरुद्धं न कर्तव्यं। લોકોને



સેવા અને આર્થિક બદલો

પસંદ નથી, તો શું કામ આગ્રહ રાખવો?

આજે તો મહેનત કરનારની કિંમત નથી અને લોકોને લૂંટવાની આવડતવાળો ડાહ્યો ગણાય છે. જો તક મળ્યે કોઈનો પૈસો પડાવી ન લીધો હોય, તો તે બાઘો ગણાય છે. येन केन प्रकारेण કમાઈ લાવે, તે ડાહ્યો ગણાય. ઓછામાં ઓછી મહેનતે વધુમાં વધુ કમાય તે હોશિયાર ગણાય!

૧૬ : ગાંધીજીનો સંદેશો, આપણું કર્તવ્ય શું?

(બધાં એકબીજાને મદદ કરનારાં હોય, પણ
લૂંટવા કે લૂંટાવા માટે કોઈ ન હોય.)

આજે આપણી સ્થિતિ આવી છે. હવે આપણે ગ્રામ-સેવા કરવા ઇચ્છીએ છીએ અને તે ય ગાંધીજીએ બતાવેલ માર્ગે; પણ જ્યારે ગામડાંમાં જવાની વાત આવે, ત્યારે સમજવું કે આજની સંસ્કૃતિને છોડી સનાતન સંસ્કૃતિ તરફ જવાનું છે. ગાંધીજીએ જૂની સંસ્કૃતિ પરની ધૂળને ખંખેરી નાખી, તેને નવા રૂપે પ્રજા આગળ મૂકી છે.

આપણે ગામડાંમાં રહીએ, ત્યાં રહીને મોટા થઈએ અને ખેતી કે એવો ધંધો કરીએ, તો ય ગ્રામસેવા ન થાય, એમ બને. આપણે હાલની દૃષ્ટિ રાખીને ગામડાંમાં જઈએ, તો ગ્રામસેવા શી રીતે થાય?

રાનીપરજ વગેરે કોમોમાં આજ સુધી લોકો લંગોટી-થી ચલાવતા. લૂગડાં જ ન હતાં. આજે તેમનાં ગામડાંમાં રેંટિયા દાખલ થયા છે, તેથી લૂગડાંની પેટીઓ ભરાઈ છે અને લૂગડાં એવાં પહેરે છે, કે તે ભોંય સાથે ઘસડાય છે. અભણ હશે તેય, તેની જરૂર નહિ હોય તોય ગજવામાં પેન રાખશે—પેન નહિ મળે, તો ખોળીવાળી પેન્સિલ ગજવામાં ભરાવશે.

તેનું જ્ઞાન વધ્યું કે નહિ, તેની ખબર નથી; પણ જરૂરિયાત વધી છે—આમ તેમનો વિકાસ થાય છે કે કેમ,

તે પ્રશ્ન છે. તેને લંગોટીનું જ્ઞાન ન હતું, તેથી લંગોટી ગઈ, એ સાચું.

જ્યાં સુધી આપણામાં ગ્રામપ્રવૃત્તિ ન આવે, ત્યાં સુધી ગ્રામપ્રવૃત્તિ થઈ જ ન શકે. ગ્રામપ્રવૃત્તિ આવે એ જ ગ્રામસેવા.

આ ગ્રામપ્રવૃત્તિ એ, કે જેમ બળદ ખેડવા માટે અને ભેંસ દોહવા માટે રાખીએ છીએ, તેમ શરીર ખપ આવવા પૂરતું સાચવીએ—કામ કરવા માટે સાચવીએ. બળદને કે ભેંસને શોભા માટે નથી રાખતા, તેમ શરીરને પણ શોભાનું પૂતળું ન બનાવીએ.

જ્યારે પાપ કરવાનું આવે, અસત્ય આચરવાનું આવે, અનીતિ કરવાની આવે, ત્યારે તેમ નહિ કરતાં, તે ટાણે શરીર ખોવાનો પ્રસંગ આવે, તો તેને પણ વધાવી લેવો. પાપ કરવા કરતાં આપઘાત કરવો સારો. જે શરીર આત્માની ઉન્નતિના કામમાં ન આવે અને પાપ કરાવી આત્માને પાડે, તેને છોડી દેવું એ જ યોગ્ય છે.

તમે કચ-દેવયાનીની વાત જાણતા હશો. કચ એ દેવોના ગુરુ બૃહસ્પતિનો દીકરો અને દેવયાની દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની દીકરી. તે કચ મૃતસંજીવની વિદ્યા શીખવા શુક્રાચાર્ય પાસે ગયો. શુક્રાચાર્ય જાણતા હતા, કે આ દુશ્મનનો દીકરો છે, પણ તે વિદ્યા લેવા આવે, તો ના કેમ પડાય? એટલે તેને રાખે છે. દૈત્યોને થયું, કે આ દુશ્મન મૃતસંજીવની વિદ્યા શીખી જશે, તો આપણે કોઈ કાળે જીતવાના નહિ; એટલે કચ જ્યારે બધા સાથે ગાયો

ચારવા ગયો, ત્યારે તેને દૈત્યોએ મારી નાખ્યો. દેવયાનીને કચ પ્રત્યે પ્રેમ હતો; તેથી તેણે પિતાને ખબર આપ્યા, કે કચ પાછો આવ્યો નથી. શુક્રાચાર્યે અંતર્ધ્યાન કરી જોઈ લીધું, કે તેને દૈત્યોએ મારી નાખ્યો છે; એટલે મૃતસંજીવની વિદ્યાથી તેને જીવતો કર્યો. ફરીથી કચ ગાયો ચારવા ગયો, ત્યારે દૈત્યોએ તેને મારી નાખી, તેના ટુકડા કરી, કાગડા–કૂતરાને ખવરાવી દીધા, જેથી ગુરુને ખબર ન પડે. દેવયાનીએ કચ નથી આવ્યો, એવા ખબર પિતાને આપ્યા. પિતાએ ફરીથી તેને સજીવન કર્યો. દૈત્યોએ ત્રીજી વખત તેને મારીને તેનો દારૂ ગાળી ગુરુને પીવરાવી દીધો. સાંજ પડી; દેવયાનીએ જોયું, કે કચ નથી આવ્યો; એટલે તેણે પિતાને આગ્રહ કર્યો, કે કચ આવ્યો નથી, તો તેને શોધી મંગાવો. પિતાએ જોયું, કે એનો તો દારૂ થયો છે અને તે પોતે જ પીધો છે; અને તેને જીવતો કરવો હોય તો પોતે મરવું જ જોઈએ. દેવયાનીએ કોઈ પણ ઉપાયે તેને જીવતો કરવા જણાવ્યું; એટલે શુક્રાચાર્યે કચને અંદર ભણાવ્યો અને મૃતસંજીવની વિદ્યા તેને આપી. પછી કહ્યું, કે હવે તું બહાર નીકળ; મને એ વિદ્યાથી જીવતો કરજે. એ પ્રમાણે કચે બહાર આવી ગુરુને જીવતા કર્યા. તેને અંદર ભણાવ્યો, એટલે જીભથી ભણાવ્યો નહિ, પણ હૃદયથી ભણાવ્યો અને પોતાની પાસે જે જ્ઞાન હતું, તે તેને આપી દીધું.

આ જ્ઞાન મેળવીને કચ ઘેર જવા તૈયાર થયો, ત્યારે દેવયાની તેને મળે છે અને લગ્ન કરવા આગ્રહ કરે છે;

ત્યારે કચે કહ્યું: 'તારા પિતા મારા ગુરુ છે, એટલે આપણે તો ભાઈ–બહેન થયાં. વળી તારા પિતાના પેટમાંથી હું જ્ઞાન પામ્યો અને તું તારી માતાના પેટમાંથી જન્મ પામી છે; તે રીતે પણ આપણે ભાઈ–બહેન થયાં; એટલે શરીરથી આત્માનું પતન નહિ કરું. આપણે લગ્ન નહિ કરીએ. હા, તેં આ શરીર બચાવ્યું છે, એમ તું કહે છે, તો તેનો હું સમાજ–કલ્યાણાર્થે સદુપયોગ કરીશ.' આમ કચે દેવયાનીની ઇચ્છા ન સંતોષી; તેથી તેણે શાપ આપ્યો, કે આ વિદ્યા તું ભૂલી જજે. એક બાજુએ સુંદર કન્યા હતી, જેણે અનેક વખત તેને બચાવ્યો હતો. તે હોશિયાર અને પ્રેમાળ હતી; તેમ છતાં તેને માટે તેણે આત્મા ન ખોયો. શરીરને બરાબર સાચવવું જોઈએ, પણ તે આત્માના ઉપયોગ માટે વાપરવાનું છે, એ પણ સાથે યાદ રાખવું જરૂરી છે.

આત્મઘાત કરનાર હલકી યોનિમાં જાય છે, એનો એક શ્લોક છે:

असूर्या नाम ते लोकाः अन्धेन तमसावृताः ।
तान्स्ते प्रेत्याभिगच्छन्ति एते चात्महतो जनाः ॥

આમાં આત્મહત્યા–આત્મઘાત કરનારા એટલે શરીરનો ઘાત કરનારા નહિ, પણ આત્માનો ઘાત કરનારા જણાવ્યા છે.

अहिंसा, सत्यम्, अस्तेयम्, ब्रह्मचर्यम्, असंग्रहः ।
शरीरश्रमः अस्वादः सर्वत्र भयवर्जनम् ॥
सर्वधर्मी समानत्वं, स्वदेशी स्पर्शभावना ।
एवं एकादशसेवी, नम्रत्वे व्रतनिश्चये ॥

આ અગિયાર વ્રતો ગણાવ્યાં છે, તે આત્માની ઉન્નતિ માટે છે. આ શરીર સમાજના કલ્યાણાર્થે ખપમાં આવે, તો અહોભાગ્ય ગણાવું જોઈએ અને એવો પ્રસંગ આનંદનો ગણાવો જોઈએ. હા, એમ બને, કે બાહ્ય દૃષ્ટિએ જોનારને તેમાં દુઃખ જણાય, પણ "માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને," એવી સ્થિતિ હોય છે. પ્રહ્લાદને લાલ ધગધગતા થાંભલે બાંધવા જાય છે, ત્યારે તેને આનંદ હતો; પણ લોકોને દુઃખ થતું હતું. સુધન્વા ઊકળતા તેલમાં હસતા હતા; પણ ઊકળતા તેલમાં તેમને દુઃખ થતું હતું, એમ માનીને દેખનારા દુઃખી થતા હતા. જેમ આજે દેશસેવાર્થે લાઠી કે ગોળી ખાનારાના દિલમાં આનંદ હોય છે; પણ દેખનારના દિલમાં કંપારી છૂટતી હોય છે.

દધીચિ મુનિએ શું કર્યું ? ઇંદ્રને વૃત્રાસુરે જ્યારે હરાવ્યો, ત્યારે તેને કોઈએ કહ્યું: 'જો તારે તેને હરાવવો હોય, તો દધીચિ મુનિની પાંસળીનાં હાડકાંનું વિશ્વકર્મા પાસે વજ્ર કરાવી, તેને મારીશ, તો તેનાથી તેનું મૃત્યુ થશે.'

ઇંદ્ર દધીચિ પાસે ગયો અને પાંસળીની માંગણી કરી. દધીચિએ કહ્યું: 'જો લોકકલ્યાણ માટે આ શરીર કામમાં આવતું હોય, તો મારું ધનભાગ્ય ગણીશ.'

દધીચિ હસીને કહે છે: 'જો ઇંદ્ર, મારાં હાડકાં સમાજ-કલ્યાણાર્થે કામમાં આવતાં હોય, તો તું લઈ જા.' ઇંદ્ર કહે: 'હું લઉં તો તો મને બ્રહ્મહત્યા લાગે.' એટલે દધીચિ ઋષિ પ્રાણાયામ કરી શરીર છોડી દે છે અને હાડકાં આપે છે.

"ઉત્તમ કેળવણી તે આ અને ગ્રામકેળવણી પણ આ જ. આ જ્ઞાન ગયું, તેથી ગામડાં તૂટ્યાં. પહેલાં જે જીવવાની રીત હતી, તે આવી હતી. એ રીતમાં એ હતું, કે જે પોતા પાસે હોય, તે કોઈ માગે, તો આપવાની ના પડાય જ નહિ. ખપ આવે તે જ ચીજ રખાય. મારી પાસે એક ચીજ છે, જેની કોઈને જરૂર છે અને તે માગે, તો તે આપવામાં મને આનંદ આવવો જોઈએ. 'સારું થયું, મારી ચીજ બીજાના ખપમાં આવી!' એમ તે વખતે મનમાં થવું જોઈએ. મારામાં કંઈ આવડત હોય અને તેનો બીજા માટે ઉપયોગ કરવાની જરૂર પડે, તો તે વખતે પણ આનંદ થવો જોઈએ. મારામાં કોઈનું શરીર સારું કરવાની આવડત હોય, કે હાથપગથી મદદ કરવાની શક્તિ હોય, તે કોઈના ય ખપમાં આવવાના પ્રસંગે આનંદ થવો, તેનું નામ ગ્રામવૃત્તિ. આ વૃત્તિ આપણામાં આવવી જોઈએ. આજે ગામડું આવી વૃત્તિવાળું નથી. આપણે જ્ઞાનપૂર્વક આપણામાં આ વૃત્તિ લાવવી પડશે, ત્યારે એવાં ગામડાં રચાશે.

જેટલા પ્રમાણમાં ગ્રામવૃત્તિ આવશે અને જ્ઞાનપૂર્વક ઘસાઈ છૂટવાની વૃત્તિ આવશે, તેટલા પ્રમાણમાં ગ્રામસેવા થશે. ફક્ત કાંતતાં, પીંજતાં અને ભણાવતાં આવડશે, તેથી સેવા નહિ થાય.

આજે જે હિંસાવૃત્તિ બધે દેખાય છે, તે નાબૂદ કરવી પડશે. આજ સુધી ગામડાંમાં અહિંસા હતી અને કરોડો માણસો અહિંસાથી જ જીવે છે; થોડાક જ હિંસાથી જીવતા

હશે. આપણા લોહીમાં જ અહિંસા છે. હમણાં થોડા વખત પર હું કાંઠામાં ગયો હતો. ત્યાં એક જણના ખેતરમાં કોઈની ભેંસ પેસી ગઈ અને અનાજનો પાક બગાડ્યો. એટલામાં તેનો ધણી આવ્યો. તેણે તેને ક્રોધથી ઘણું કહ્યું અને તેને ભેંસ ડબામાં પૂરવાનું મન થયું. પછી તેને વિચાર આવ્યો (અને બીજાને કહેવા લાગ્યો), કે હવે ખાધું તે કાંઈ પાછું આવવાનું છે? મૂઓ હવે. તેણે નુકસાન તો બહુ કર્યું; પણ પેલાને કહે: 'જા જતો રહે.' આ અહિંસાવૃત્તિ ક્રોધ કરે, પણ છેવટે જવા દે. આમ, ગામડાંમાં કોઈક દુષ્ટ હોય છે; બાકી બધામાં અહિંસા પ્રધાન હોય છે. કુદરત જીવતી માતા છે; એને વેડફી નાખવાની નથી, પણ સાચવવાની છે; એટલે આપણે કુદરતે આપેલી વસ્તુઓનો ઉપયોગ કંજૂસની માફક નહિ, પણ કરકસરિયાની માફક, જરૂરિયાતો પ્રમાણે કરવો પડશે; અને તે જરૂરિયાતો શા માટે? શરીર ટકાવવા માટે. શરીર શા માટે ટકાવવું? આપણા આત્માને અને સમાજને ખપ આવે માટે. આ ગ્રામવૃત્તિની તાલીમ લેવા આપણે ભેગા મળ્યા છીએ.

૧૭ : ગાંધીજીનો સંદેશો

શ્રમજીવીઓનું કર્તવ્ય

તેમણે કહ્યું: 'અંગ્રેજો આપણું શું લઈ ગયા?' તેઓ આપણી સમજવિનાની સુટેવો લઈ ગયા. આપણે એ જ સુટેવો જ્ઞાનપૂર્વક પાડીએ, તો આપણે આપણો વ્યવહાર સુંદર રીતે ચલાવતા થઈ જઈએ. આપણે આપણી ભૂલો સુધારીશું, તો આપણે હતા તેવા થઈ જઈશું.

આપણે બીજાને ધનવાન માન્યો, તેથી આપણે ગરીબ થયા; આપણે બીજાને મોટો માન્યો, તેથી આપણે નાના થયા. જ્યાં સુધી આપણે એ પ્રમાણે માનીએ, ત્યાં સુધી તે ધનવાન છે–મોટો છે.

આપણને ધનવાન લોકો શા ખપમાં આવે? કોઈ માંદું હોય, તો તે ચાકરી કરી શકે નહિ. કોઈનો છેડો ઝાલવાનો હોય, તો તે ઝાલી શકે નહિ. તેમની પાસે પૈસો છે, એટલે તેમાંથી કંઈક આપે એટલું જ; બાકી તે સિવાય એમનાથી શું થઈ શકે? પણ જો આપણે ધન–સિક્કા સિવાય જીવી શકીએ, તો તેમની દશા બહુ દયાપાત્ર થાય. તે ઘેરઘેર ફરીને પૈસા લેવા જણાવે; કેમ કે એમના પૈસા સિવાય, એમનો આપણને કશો ઉપયોગ નથી અને પૈસા વડે જ એ શ્રમ-જીવીઓ સાથે સંબંધ રાખી શકે છે. એમની પાસેનો પૈસો જતો રહે, તો તે અપંગ થઈ જાય અને તે પોતાને બોજારૂપ થઈ જાય. વળી પૈસાદારોનો દ્વેષ શું કામ કરવો? તેમના

પૈસામાં સુખ છે, એમ માનો છો? તેમનાં જીવન જોતાં તેઓ સુખી નથી. વળી ગરીબ કોણ અને પૈસાદાર કોણ? એની મર્યાદા શી? જ્યાં સુધી તેને પૈસાની ભૂખ કે જરૂર છે અને મળતા નથી, ત્યાં સુધી તે ગરીબ જ છે; તેથી તેની પાસે પાંચ રૂપિયા હોય કે પાંચ લાખ રૂપિયા હોય, તો ય તે ગરીબ છે. જે માણસ પોતાના હાથ, પગ વગેરે ઇંદ્રિયોનો ઉપયોગ કરી જીવે છે, તે નિશ્ચિંત છે. તેના સિવાય જગતને ચાલવાનું નથી, એટલે તે જગતને ઉપકારી છે; અને શ્રમજીવીએ તો એ વાતનું ગૌરવ લેવા જેવું છે.

એટલે ગાંધીજી કહે છે: અંગ્રેજો જાય કે રહે, તેના સામું જોશો જ નહિ. જેમ ધનવાનના ધનની મદદ સિવાય જીવવાનું નક્કી કરીએ, તો ધનવાન આપણને કંઈ નુકસાન ન કરી શકે; તેમ અંગ્રેજોની મદદ લીધા સિવાય આપણે જીવીએ, તો તે આપણને કંઈ નુકસાન નહિ કરી શકે; એટલે આપણું સ્વરાજ થયું. સ્વરાજનો અર્થ એ છે—સ્વ-રાજ. આપણું પોતાનું રાજ્ય, એટલે આપણે આપણા પોતાના પગ ઉપર ઊભા રહીએ. હિંદુસ્તાનનું સ્વરાજ એટલે હિંદ પોતાના પગ પર ઊભું રહે ને અંગ્રેજો કે બીજા કોઈ પર આધાર ન રાખે.

એટલે જીવવા માટે અનિવાર્ય રીતે જરૂરી હોય એવી ચીજો આપણે પેદા કરી લઈએ અને વાપરીએ; અને તેમ ન કરીએ તો તેના સિવાય ચલાવતાં શીખીએ, એટલે સ્વરાજ થયું. ગાંધીજી દેશને પોતાની મિલકત બતાવે છે અને તેનો

વહીવટ કરતાં શીખવે છે. એ રીતે તે દેશનો વહીવટ કરનાર ટ્રસ્ટી છે. તે કહે છે, કે આજે આપણે બધા સૂતેલા છીએ. દરેક વર્ગ પોતાને કરવાનું કામ નથી કરતો તે કરવા માંડે; બધા દેશનાં હિતનો ધંધો કરે. દરેક દેશને નજરમાં રાખી પોતપોતાનું નાકું સાચવે અને જે અન્યાય આવે, એની સામે રક્ષણ કરે.

મહાભારતમાં દુર્યોધને પોતાની સેનાને ઉદ્દેશી કહ્યું :

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥

પોતપોતાની જગ્યા પર દૃઢ રહી ભીષ્મની રક્ષા કરો. ગાંધીજીએ પણ સન ૧૯૪૨માં વિદ્યાર્થીઓને, સરકારી અમલદારોને, લશ્કરને, રાજાઓને, મજૂરોને, ખેડૂતોને—એમ બધાને પોતપોતાનાં સ્થાને રહીને દેશ પ્રત્યેની ફરજ બજાવવા અને દેશનું રક્ષણ કરવા જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓને કહ્યું, કે આ દેશનો વિદ્યાર્થી, જ્યાં હોય ત્યાં રહી હિંદની ઇજ્જતનું દરેકને ભાન કરાવે. અને પોતે અપમાન સહન કરે તેવો નથી, એવું પોતાના વર્તનથી બતાવી આપે.

દક્ષિણ આફ્રિકામાં તેઓ હતા, ત્યારે દેશની ઇજ્જત માટે તેમણે સહન કર્યું, પણ તે અન્યાયને વશ ન થયા. તેમણે વિરોધીને સહન કરાવ્યું નહિ; કેમ કે સહન કરી સામાના દિલને ફેરવવાની કળા એ હિંદી સંસ્કૃતિમાં છે, એમ

જગતને બતાવવા માગતા હતા અને કોઈને મારવું એ હિંદનું ભૂષણ નથી એમ તે માનતા હતા. આજે પણ તે એ જ બધાને શીખવે છે.

વિદ્યાર્થીઓનું કર્તવ્ય

તેમણે વિદ્યાર્થીઓને એ પણ કહ્યું, કે જગતમાં એવું ન કહેવાઓ, કે "હિંદના છોકરા જૂઠા છે, નામર્દ છે, ઠોઠ છે, બીકણ છે, નાપાસ થવા જન્મ્યા છે." તે હિંદના ખપનું શીખે; જે નુકસાન કરે, તે ન શીખે, પણ ફેંકી દે અને હિંદના હિતનું હોય, તે માટે તનતોડ પ્રયત્ન કરે. હિંદ વગોવાય નહિ, એ માટે ઘસાઈ છૂટે.

સરકારી નોકરોનું કર્તવ્ય

સરકારી નોકરોને તથા લશ્કરને તેણે કહ્યું, કે તમે તમારી નોકરી પર રહી અન્યાય ન કરો. દેશના હિત વિરુદ્ધ કામ કરવાનો હુકમ થાય, તો વિનયથી તેમ કરવાની ના પાડો અને તે માટે જે કષ્ટ આવે, તે સહન કરી લો.

રાજાઓનું કર્તવ્ય

રાજાઓને તે જણાવે છે, કે તમે રાજ્યના માલિક મટીને સાચા સેવક બનો, ટ્રસ્ટી બનો અને એ રીતે પ્રજાની સેવા કરો. રાજા એ પ્રજાનો ચૂસનાર નથી, પણ કલ્યાણ કરનાર છે, તે બતાવી આપો.

ગાંધીજી નવી સંસ્કૃતિ કળામય રીતે રચવા માગે છે. હું આર્યસમાજી થયો, ત્યારે મને પુરાણોની વાતો બધી

ગપ્પાં જેવી લાગતી; પણ ગાંધીજીનું લખાણ આજે વાંચું છું, ત્યારે મને પુરાણોની વાતો સાચી લાગે છે અને અત્યારે જાણે એવો અનુભવ ન થતો હોય એમ લાગે છે.

ગાંધીજી આજે દેશમાં સ્વરાજ—રામરાજ્ય લાવવા માગે છે, પણ રામરાજ્ય એટલે કોઈ રાજાનું રાજ્ય નહિ, પણ જે રાજ્યમાં ગરીબમાં ગરીબ માણસને પૂર્ણ સ્વતંત્રતા હોય તે.

એ માટે એ પચાસ વર્ષથી પ્રયત્ન કરે છે. એ રાજ્ય પ્રજાના દૈનિક જીવનમાં માથું નહિ મારે અને પ્રજાને રાજ્યની પરાણે ગરજ પડે, એવું નહિ કરે.

એમાં મારે રહેવાનું—ખાવાનું છે, પહેરવાનું છે. બીજાને જે હોય તે ભલે હોય, પણ મને તેની શી પરવા? આ સ્વતંત્રતા. મને કોઈ સ્વરાજ લાવી આપે, તો તે મારી કલ્પનાનું નહિ હોય, એમ ગાંધીજી કહે છે; કેમ કે જે સ્વરાજ લાવી આપશે, તે તેનું તંત્ર હશે; સ્વરાજ નહિ હોય. આખી પ્રજાએ સ્વરાજ મેળવવામાં પુરુષાર્થ કર્યો હશે, તો જ તે આખી પ્રજાનું થશે.

આમ બધા સ્વતંત્ર હોય, છતાં બધા વચ્ચે ઐચ્છિક સહકાર હોય. જેમ વ્યક્તિ—વ્યક્તિ વચ્ચે ઐચ્છિક સહકાર હોય, તેમ રાષ્ટ્ર—રાષ્ટ્ર વચ્ચે ઐચ્છિક સહકાર હોય, તે દુનિયાનું 'ફેડરેશન' કહેવાય. કહેવાતા સ્વતંત્ર રશિયામાં પણ દરેક સ્વતંત્ર નથી. ત્યાં દરેકને સામ્યવાદી ધોરણે જ ચાલવું પડે છે.

એ કહે છે, કે આપણે ભય છોડીશું તો દ્વેષ રહેશે જ

નહિ. મોતનો ભય છોડનારને અણુબોંબ શું કરી શકે? એટલે દરેક માણસ મોતનો ભય છોડે, એમ તે ઇચ્છે છે. મૃત્યુ જેવા મિત્ર પાસે જવામાં ભય શાનો?

અને એ મરવાની શક્તિ પણ લોક–કલ્યાણ માટે જ વપરાવી જોઈએ. રાવણને ય મોતનો ભય ન હતો અને તેણે ખૂબ પુરુષાર્થ કર્યો હતો. તેણે તપશ્ચર્યા પણ કરી હતી, પણ તે બધી લોક–કલ્યાણ માટે ન હતી; તેથી તેનો નાશ થયો. ઉપર તપશ્ચર્યાની વાત જણાવી, તેમાં દુઃખ નથી, પણ કલ્યાણ રહેલું છે.

ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાં નક્કી કરેલે માર્ગે ચાલે, આડીઅવળી ભટકે નહિ, તેનું નામ તપ. સીધી રીતે જનાર વહેલો પહોંચે, એ રીતે તપમાં દુઃખ નથી. આ તપ ત્રણ પ્રકારનાં છે. શરીરનું તપ, વાણીનું તપ અને મનનું તપ. એ વિષે ગીતાજીમાં કહ્યું છેઃ

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

દેવ, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાનીઓનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા–એ શારીરિક તપ કહેવાય છે.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥

ઉદ્વેગ ન કરે એવું, સત્ય, પ્રિય અને હિતકર એવું જે

વચન, સ્વાધ્યાય અને અભ્યાસ એ વાણીનું તપ છે.

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत् तपो मानसमुच्यते ॥

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, મનોનિગ્રહ અને ભાવસંશુદ્ધિ—એ માનસિક તપ કહેવાય છે. આવી રીતે જે વાણીથી, શરીરથી અને મનથી તપ કરે છે, તે સ્વતંત્ર છે.

ગાંધીજીએ સન ૧૯૪૨માં કહ્યું, કે બધા આઝાદ છો, એમ માનીને વર્તો. એનો અર્થ એવો હતો, કે તમને જે સાચું લાગે તે, એટલે ધ્યેયને સન્મુખ રાખીને સીધે રસ્તે કામ કરો. એ પ્રમાણે કરવામાં મૃત્યુ આવે, તો તેને પણ આનંદથી ભેટો. તમે સ્વતંત્ર રીતે જીવો, એટલે સ્વરાજ આવ્યું માનો.

૧૮ : નવા ધંધાદારીઓનું કર્તવ્ય

(જે ધંધામાં ઘરનાં માણસો ખપ આવે, તે ગ્રામોદ્યોગ અને જે ધંધામાં ઘરનાં માણસો ખપમાં ન આવે, તે શહેરી ઉદ્યોગ.)

પહેલાં જીવનને જેજે વસ્તુઓની જરૂર પડી, તે માટે તેનો ઉત્પન્ન કરનારો પેદા થયો હતો.

લોખંડમાંથી ખેતીનાં હથિયાર બનાવવાની જરૂર પડી, ત્યારે લુહાર ઉત્પન્ન થયો; લાકડામાંથી હળ વગેરે બનાવવાની જરૂર ઉત્પન્ન થઈ, ત્યારે સુથાર થયો. એમ કુંભાર, વાળંદ વગેરે ધંધાની જરૂર પડી, તેમ તેના ઉત્પાદકો થયા અને ગામડાં બંધાયાં.

વકીલ, ડૉક્ટર, ગુમાસ્તા કે એવા કોઈ ખાસ ધંધા ત્યારે ન હતા. એ ધંધાવાળાનાં કામ ગામેગામ વહેંચાઈ ગયાં હતાં. તે વખતે ગામેગામ ન્યાય થતો હતો. આજે ન્યાય કરનારા એક ઠેકાણે ભેગા થાય છે. તે વખતે વેપારીઓ ઓછા હતા; કેમ કે જીવનની મુખ્ય જરૂરિયાતો તો ગામમાં જ ઉત્પન્ન થતી હતી; એટલે બહારથી લેવડદેવડ કરવાની ઓછી હતી; અને ગુમાસ્તાની જરૂર પણ ઓછી જ. તે વખતે ડૉક્ટરો, ચિત્રકારો, સંગીતશાસ્ત્રીઓ હતા, પણ તે આજની જેમ ધંધાદારી ન હતા. તે વખતે રેલ્વે ન હતી, એટલે રેલવેકામદારોનાં મંડળ ન હતાં. મિલો ન હતી, એટલે મજૂરમહાજન ન હતાં. પોસ્ટ ઑફિસો ન હતી, એટલે પોસ્ટમૅનોનાં મંડળો ન હતાં.

આમ તે વખતે રચનાત્મક કાર્ય ટૂંકું હતું. તે વખતે કોઈ ગુજરાતીને કાશી જવું હોય, તો લગભગ છ માસ લાગતા. તે સમયની દુનિયા મોટી હતી. આજે તો આખી દુનિયાની મુસાફરી થોડા દિવસમાં થઈ જાય એવાં વિમાનો થયાં, એટલે દુનિયા ટૂંકી થઈ ગઈ છે.

પણ આ બધા નવા ધંધાદારીઓ થયા છે, તે હવે મટી જવાના નથી. ત્યારે તે કેવી રીતે સમાજને ઉપયોગી થઈ શકે, તેનો વિચાર કરીએ.

ડૉક્ટર

ડૉક્ટર શા માટે થયો? ગામમાંથી રોગ કાઢવા માટે તેની જરૂર છે. જો લોકો તંદુરસ્ત હોય તો તે સમાજને વધુ ઉપયોગી થઈ શકે; એ માટે તંદુરસ્ત સમાજ રાખવાનું કામ ડૉક્ટરનું છે. તે ડૉક્ટરના મનમાં એમ થવું જોઈએ, કે હું ડૉક્ટર છું અને મારા ગામમાં રોગ આવે, એ કેમ બને? રોગ આવે તો મારી લાજ જાય. ગામ રોગરહિત રહે, એ જોવાનું અને રોગ કદાચ ઘૂસી જાય તો તે કાઢવાનું કામ તેનું છે. એ માટે એ જ્યાં હશે, જ્યાં ફરશે, ત્યાં કોઈ રોગ હોય તો તે જોશે અને તેનો ઉપાય શોધશે.

કોઈ જગ્યાએ કચરો ભેગો થયો હશે, તો તે ભેગો કેમ થયો, કોણે કર્યો, તેની તપાસ કરશે અને કચરો દૂર કરાવશે અને ભેગો કરનારની ભૂલ બતાવશે. એવી રીતે પાણી ઢોળ્યું હશે તો ઢોળનારને શોધી કાઢી, તેને સમજાવશે અને ઢળેલું પાણી નુકસાન કરે એ માટે તેનો નિકાલ

કરશે. કોઈ બાઈ રસ્તા પરની માટી લઈ વાસણ માંજતી હશે, કોઈ છોકરું રસ્તા પર પેશાબ કરવા બેસશે, કોઈ જ્યાંત્યાં નાક સાફ કરતો હશે, કોઈનું છોકરું જાજરૂ જવા માટે રસ્તા પર બેઠું હશે, તો ડૉક્ટર તેને તેમ નહિ કરવા સમજાવશે.

વળી કોઈની આંખે પીયા હશે, કોઈને ગૂમડાં થયાં હશે, કોઈને ખસ થઈ હશે, તો તે કેમ થયાં, તે જોશે અને તે ન વધે તે માટેનો ઉપાય શોધી બતાવશે.

આજે તો સ્ત્રીઓ ગંદી માટીથી વાસણ માંજે છે, ગંદી માટીથી હાથ ધુએ છે, નાકલીંટ કપડે અને થાંભલે ઘસે છે, લોકો જ્યાંત્યાં પેશાબ કરે છે.

જે તળાવમાં તે નાહાય છે, તે જ તળાવની પાળ પર જાજરૂ જાય છે. ચોમાસામાં તે ગંદકી વરસાદથી તળાવમાં જાય છે અને તળાવનો ઉપયોગ કરનાર આખા ગામને દુર્ગંધ આવે છે. વળી જ્યાં જાજરૂ જાય છે, ત્યાં જ ઢોર પાણી પીએ છે, ત્યાં જ વાસણ ઘસાય છે. ટ્રેનમાં મુસાફરી કરે છે, ત્યારે જ્યાં બેસે છે, ત્યાં જ થૂંકે છે, નાક સાફ કરે છે; આ બધી ગંદકી અટકાવવાનું કામ પોતાનું છે, એમ ડૉક્ટર માનશે.

આમ રોગ ગામમાં ન આવે, એ માટે તે બધી સાવચેતી રાખતો હશે; તેમ છતાં કદાચ રોગ આવી ગયો, તો તેનું નિવારણ તે એવી રીતે કરશે, કે તે જડમૂળથી જાય.

પહેલાં વૈદો હતા. તે રોગોનું મૂળ કાઢવાની દવાઓ કરતા. આજે તો રોગને દાબવાની ચિકિત્સાઓ થાય છે; તે તરત દબાય છે, પણ તે ફરી પાછો બમણા જોરથી બહાર નીકળે છે; તેથી કુશળ ડૉક્ટર તો તે ગણાય, જે રોગનું મૂળ કાઢે. કોઈ પ્રશ્ન કરે, કે આવી રીતે ડૉક્ટર કામ કરે, તો ખાય શું?

આ પ્રશ્ન આ જમાનામાં થાય છે. પચાસ વર્ષ પહેલાં શું ખાય, એ પ્રશ્ન જ ન હતો.

શ્રી. નાનાભાઈ ભટ્ટના 'કોડિયા'માં આવતું 'ઘડતર અને ચણતર' વાંચ્યું. તેમના દાદા સમર્થ વૈદ્ય હતા, પણ તે ભિક્ષા પર નભતા હતા. ઝંડુભાઈ વૈદ્ય તો મોટા વૈદ્ય થઈ ગયા. તે પણ તેવી જ રીતે નભતા હતા. બધાનાં જીવન સારી રીતે ગયાં છે. તે દુઃખી ન હતા. સમાજને ઉપયોગી થનારને સમાજ ભૂખ્યો રહેવા દેતો નથી. હા, એટલું ખરું, કે તેની જરૂરિયાતો મર્યાદિત હોય. પહેલાં મર્યાદિત જરૂરિયાતો રાખવામાં આનંદ અને ગૌરવ લેતા હતા અને લોકો તેમના પ્રત્યે માનની નજરે જોતા હતા. જેની જરૂરિયાત વધશે, તેનું મોં તેને પોષવા તરફ જશે. આજે તો દુકાળ આવે, ત્યારે વાણિયો ખુશ થાય છે અને શરદઋતુ આવે, ત્યારે ડૉક્ટર ખુશ થાય છે. ખરી રીતે તો ડૉક્ટરે શરદઋતુ આવે ત્યારે લોકો મેલેરિયાના ભોગ ન થઈ પડે, એ માટેના ઉપાયો વિચારી રાખવા જોઈએ, જેથી તે ઋતુ આવે તે પહેલાં તે જાગૃત થઈ ગયો હશે અને બધી તૈયારી કરી રોગ સામે

લડવા ઊભો હશે.

આવું ક્યારે બની શકે? તેની જરૂરિયાતો ઓછી હોય તો જ; કારણ કે તે સમાજની સાથે અને તેની જેમ જીવવાના વિચારવાળો હશે; અને તો જ સમાજ આપે છે, તે ઘણું છે, એમ લાગે. કેમ કરીને ઓછું લઉં, એવો ભાવ તેના દિલમાંથી નીકળે. આપનારને એમ થાય, કે આ ડૉક્ટરને અમે કંઈ આપતા નથી; એને આપણે વધુ આપવું જોઈએ. જ્યારે પેલો ડૉક્ટર ઓછું લેવાનો પ્રયત્ન કરતો હોય અને લોકો વધુ આપવાનો પ્રયત્ન કરતા હોય. આમ થાય, તો જ પ્રેમ ઉદ્ભવે. એ પ્રેમ જ ઘણું કામ કરી આપશે. સમાજ સાથેનો એ સંબંધ ધાર્મિક સંબંધ થયો અને તેથી તે ઈશ્વરી સંબંધ થયો ગણાય. આમ જે ઓછી જરૂરિયાત રાખે, તે ડૉક્ટર રોગ ન થવા દે, થયો હોય તો કુશળતાપૂર્વક કાઢે અને કાઢતી વખતે દર્દીને લગારે ય નુકસાન ન થવા દે; તે ડૉક્ટર ગાંધીજીએ બતાવેલા રચનાત્મક કાર્યમાં મદદ કરે છે.

વકીલ

વકીલનો વિચાર કરતાં, તે વર્ગની ઉત્પત્તિ પ્રથમ ઈટલિમાં—રોમમાં થઈ હતી. તે યાદ આવે છે.

એક વખત ઈટલિના લોકો વૈભવી હતા. તેઓ રોજ મોજશોખમાં પડેલા હતા. ખૂબ વિલાસી થઈ ગયા હતા. તેમના બાપદાદાઓએ તપશ્ચર્યા કરી હશે; તેથી તે વૈભવી થયા હશે; અને તેથી તેઓ બધા અમીર હતા. તેમના રાજ્યમાં આવક બધી બહારની હતી. કોઈ પેદા કરતું ન હતું; એટલે

બધું બહારથી લાવતા હતા અને નિકાસમાં ફક્ત બાજરૂનો મળ હતો, એમ શ્રી. નરહરિભાઈ પાસેથી સાંભળ્યું છે.

તેમના સમયમાં પ્રજા માટે રોમન કાયદા થયેલા. એ કાયદા મુજબ તંત્ર ચાલે છે કે નહિ તે જોવા, જો ખામી જણાય તો સુધારવા અને એ કાયદાનો લાભ પ્રજાને આપવા અમીરોના પુત્રો કચેરીમાં જતા. તે બધા બૅરિસ્ટરો કહેવાતા. આ કામ તેઓ સ્વેચ્છાએ અને આનંદથી કરતા. લોકોને તે માટે કંઈ ખર્ચ કરવાનો ન હતો; એટલે ફી હતી નહિ; તેથી આજેય બૅરિસ્ટરો ફી ન લે, પણ કોર્ટમાં ભાષણ કરે. ફી લેવાનું કામ સૉલિસિટર કરે. બૅરિસ્ટર સીધો કેસ નહિ લે. સૉલિસિટર કેસ લે અને ખર્ચની વ્યવસ્થા કરે. બૅરિસ્ટર તો સૉલિસિટરે તૈયાર કરી આપેલા કેસની દલીલો કોર્ટમાં કરે.

આમાંથી વકીલોની ઉત્પત્તિ થઈ છે.

આપણા દેશમાં વકીલનો ધંધો હતો જ નહિ. ગામેગામ ન્યાયનું કામ આગેવાનો વિના ફીએ કરતા; પણ અંગ્રેજી રાજ્ય આવ્યું, એટલે જુદીજુદી કોર્ટો આવી. વિકેન્દ્રિયકરણનું કેન્દ્રિયકરણ થયું. કોર્ટ સાથે અજાણ્યા અને ભાષા નહિ સમજનારા મૅજિસ્ટ્રેટો ઊભા થયા અને વકીલ પણ થયા અને તે બધા એકસાથે વસ્યા. પહેલાં એ ધંધાનું કામ ગામેગામ વહેંચાયેલું હતું. હવે તેનું કેન્દ્રિયકરણ થયું. પહેલાં ન્યાય કરનાર, કરાવનાર, એકબીજાને ઓળખતા હતા. આજે એકબીજાને સંબંધ જ નથી હોતો; એટલે આજે વકીલોની બુદ્ધિનો ન્યાય થાય છે, પણ લોકોના કજિયાનો ન્યાય થતો નથી.

એટલે આજે તો મને વ્યવસ્થિત ગોઠવીને બોલતાં ન આવડે, તો હું સાચો હોઉં તો ય ખોટો ઠરું અને બરાબર બોલતાં આવડે તો ખોટો હોવા છતાં સાચો ઠરું.

આજે વકીલોનું કર્તવ્ય એ છે, કે ગામમાં કંકાસ ઊભો જ ન થાય એ જોવું. કંકાસ કે કજિયો થાય, તો તેનો ઉકેલ લાવવાનું કામ તેણે પોતાનું માનવું જોઈએ અને એવો ઉકલ શોધવો જોઈએ, કે જેથી બન્ને પક્ષોનું કલ્યાણ થાય અને પોતાનું તો થાય જ.

આ રીતે વિચારતાં આજના વકીલો કજિયા–દલાલો, એટલે કજિયા વધારવાનું કામ કરનાર બની ગયા છે. તેમાંથી પોતાની જાતને ઉગારી લેવી જોઈએ અને સમાજને ઉગારવો જોઈએ. ગાંધીજીનું દૃષ્ટાંત આપણી સામે મોજૂદ છે. તેમણે આફ્રિકામાં વકીલાત કરી. એ વકીલાતથી તેમણે ભાઈ–ભાઈ વચ્ચે પડેલો ભેદ તોડી સંપ સ્થાપ્યો. વાદી–પ્રતિવાદીઓને મિત્ર બનાવ્યા અને વકીલાતની આવડતનો ઉપયોગ પ્રજાના કલ્યાણમાં કર્યો. તેમણે તેમનું કામ દેશને ચરણે ધર્યું.

પણ આવું ક્યારે થઈ શકે? જો વકીલો શોખ માટે ન જીવે, પણ સાચું જીવન જીવવા ઇચ્છે તો જ થઈ શકે. એવા વકીલોની જરૂરિયાતો ઓછી હશે જ. વળી ગાંધીજીએ પોતાનું જ્ઞાન દેશને અર્પણ કર્યું, તેથી શું ખોયું? એમણે શું ઓછું મેળવ્યું છે? એમને શાની તંગી છે? તેમણે જગતને બધી શક્તિ અર્પણ કરી, એટલે જગત તેમને અર્પણ થયું; એટલે આખા દેશે તેમને બધું આપ્યું. સંન્યાસીને સમાજ

બધું અર્પણ કરે, તો તેમાં સમાજે શું ગુમાવવાનું હોય?

મને એક દિવસ વકીલ થવાનો વિચાર આવ્યો હતો. હું બારડોલીની લડતવખતે સરભાણ રહેતો હતો. ત્યાં એક રાનીપરજ ભાઈએ મારી પાસે આવીને કહ્યું, કે 'વાણિયો મારી પાસે કંઈ માગતો નથી અને મારું સર્વસ્વ લઈ લે છે.' મેં વાણિયાને પૂછ્યું. તેણે કહ્યું: 'હિસાબે થાય તે તો લેવું જોઈએ ને? હિસાબથી વધુ એક પાઈ પણ મને ન જોઈએ.' તેણે પોતાના ચોપડા મંગાવ્યા, પણ મને એમાં સમજ ન પડી; એટલે ડૉ. ત્રિભુવનદાસને બોલાવ્યા. તેમણે જોયું, કે રૂ. ૧) લીધેલો, તેના વ્યાજનું વ્યાજ ગણીને તેની બધી જમીન વાણિયે લઈ લીધી હતી. પછી તેની જમીન તેને વકીલ કરીને પાછી અપાવી; પણ ત્યારે મને થયું, કે સાચા વકીલ હોય, તો અન્યાય ઓછા જ થઈ જાય.

આજે જ્યાંત્યાં વેરઝેર અને ઝગડા વધ્યા છે. તે ઘટાડવામાં અને આખરે એને નાબૂદ કરવામાં વકીલો પોતાની શક્તિ ખર્ચશે, તો તે પ્રજાનું કલ્યાણ કરશે અને પોતે પણ સાચું જીવન જીવતા થઈ જશે.

પ્રશ્ન—વકીલ કહેશે, કે અમને તો લોકો આપે છે અને લઈએ છીએ, એમાં દોષ શો?

ઉત્તર—લડનાર લોકો પરાણે લડે છે અને પૈસા પણ ન છૂટકે આપે છે; કેમ કે જો તે વકીલ રીઝે એટલું ન આપે તો અધવચ્ચે કેસ બગાડે; એટલે પ્રજા વકીલોને સ્વેચ્છાએ તો પોષતી જ નથી.

પ્રશ્ન—એ પક્ષ લડતા હોય, તો તેમને છોડાવવાનું જરૂરી નથી શું?

ઉત્તર—એ જરૂરનું છે, પણ એને માટે અલગ ધંધાની જરૂર નથી. એ તો મનુષ્ય તરીકેની ફરજ છે. એને આજી-વિકાનું સાધન ન બનાવાય.

સંગીતશાસ્ત્રીઓ

સારા ધંધાની સાથે કેટલાક મેલ વળગ્યા છે. દા. ત. નૃત્યકાર, ચિત્રકાર, સંગીતકાર વગેરે.

સંગીતની સમાજને જરૂર છે જ; પણ સાચું સંગીત તો એ, કે જે હૃદયમાંથી ઊઠ્યો, કલ્યાણપ્રદ ભાવ જન્માવે. પ્રાસ મેળવીને ગાય તે સંગીત નથી. પ્રાસંગિક વાણીમાં પ્રાસ સમાયેલો હોય છે. કોઈ માતા પોતાના દીકરાને માથે પ્રેમથી હાથ ફેરવતી બોલે છે, તે સંગીત નથી શું? દીકરો 'કાલી' ભાષામાં 'બાપા' બોલે છે, તેમાં સંગીત છે; નહિ કે બારોટ સભા વચ્ચે 'બાપો, બાપો' બોલે છે અને ભાટાઈ કરે છે, તેમાં.

તમે બધા ટ્રેનમાં મુસાફરી કરતા હશો. એમાં ભિખારી-ઓ બ્રહ્માનંદનાં ગીતો ગાય છે અને પૈસા માગે છે. તેમાં સંગીત ખરું કે! કેટલીક વખત તો એમ લાગે છે, કે તે બંધ કરે તો સારું.

આજે આપણે ધંધાદારી સંગીતને સંગીત કહેતા થઈ ગયા છીએ. ધંધાદારી સંગીત આવ્યું, ત્યારથી પ્રમાદ અને વિલાસ વધ્યાં છે. તેની પાછળ કેટલું ય ધન લોકો ખર્ચે છે.

સંગીતમાં શક્તિ છે અને તે માણસને વશ કરી લે છે; એટલે સારા લોકોએ નાટક, સિનેમા, ભવૈયા, રામલીલા-વાળા વગેરેથી ચેતવું પડે છે. કેમ કે તેમાં બાળકો–છોકરાં ફસાવાનો ડર રહે છે.

એ સંગીત ધનની ઇચ્છામાંથી ઉત્પન્ન થયું છે; તેથી તે હૃદયના ભાવને જગાડી, ઉન્નત કરી શકતું નથી. ધારો કે આવા બધા સંગીતવાળા દેશમાંથી એકદમ અદૃશ્ય થઈ જાય અને એક પણ ધંધાદારી સંગીતવાળો ન રહે, તો મને લાગે છે, કે સમાજનું રુવાંટું ય ન ફરકે; તેથી તે નકામા જેવા છે. હા, જેમનો અંગત સ્વાર્થ ન સધાય એવા કેટલાકને કદાચ તેની ખોટ લાગે–જેમ દારૂ બંધ કરવાથી કલાલને ખોટ લાગે છે તેમ.

પણ સંગીત જગતનું કલ્યાણ પણ સાધી શકે છે. જો સંગીતશાસ્ત્રીઓ પોતાની શક્તિ દેશના હિતમાં અર્પણ કરે, તો જરૂર તે આનંદ આપે. જેમ કે રવીન્દ્રનાથ ઠાકૂર. તેમણે પોતાનું સંગીત પોતાની આજીવિકા માટે ઉત્પન્ન કર્યું ન હતું; તેથી એ સમાજને પોષક બન્યું. જે ચીજ ઈશ્વરને–સમાજને અર્પણ કરવાની હોય, તે કેટલી પવિત્ર હોવી જોઈએ! તેમાં સ્વાર્થની ગંધ પણ હોય, તો તેની પવિત્રતા મારી જાય; તે તદ્દન શુદ્ધ હોવી જોઈએ.

આજે તો સંગીતના જલસાઓ થાય છે, તેની ટિકિટો લેવાય છે અને કેટલી ટિકિટ ખપે છે, તેના પર સંગીતની કિંમત અંકાય છે. એને બીજું જે નામ આપવું હોય તે

આપો, પણ એ સંગીત નથી.

જેના દિલમાં શુદ્ધ ભાવ નથી ઊઠતા, તેનો કંઠ ગમે તેટલો મધુર હોય; તોપણ તેનું ભજન હૃદયને સ્પર્શ કરી શકતું નથી. આજે જે હૃદયનાં ઊંડાણમાંથી ગાય છે, ગવાઈ જવાય છે, તે ગમે તેવા કંઠે ગવાય; તોપણ તે હૃદયને અસરકરતા થાય છે.

વળી સંગીત એટલે કાવ્ય જ નહિ; ગદ્ય હોય; તોપણ તે સંગીત હોઈ શકે.

જ્યારે મા તેના બાળક સાથે વાતો કરે છે, ત્યારે તેમાંથી સંગીત નીકળે છે. આ વાતો નાનું બાળક પણ સમજે છે; કેમ કે આ વાતો હૃદય–હૃદય વચ્ચેની હોય છે.

એમ જેના દિલમાં સ્વાર્થ ન હોય, પવિત્ર અને કલ્યાણપ્રદ ભાવ હોય, તેમાંથી સંગીત નીકળે.

નૃત્યકાર

સંગીતની જેમ નૃત્યનું પણ છે. નૃત્ય સુંદર હોય, ગમે તેવું હોય, પણ જો તે સમાજની ઉન્નતિનું પોષક ન હોય, તો તે વિલાસ બની જાય છે.

પણ લોકો આજે શ્રેયસ્ કરતાં પ્રેયસ્‌ને વધુ મહત્ત્વ આપે છે. એટલે તે જીવનનું કલ્યાણ કરે તેવું છે કે નહિ, તેનો ખ્યાલ જ ભૂલી જવાય છે.

કવિ

કવિ કોને કહેવો? આકાશના તારા સામે જોઈ, તે

પરથી કવિતા લખે તેને? નહિ; કોઈથી એવી રીતે કવિ થવાતું નથી.

દરેકના દિલમાં સારા ઉન્નત ભાવો આવે છે, પણ તે રજૂ કરવાની શક્તિ દરેકમાં નથી હોતી. એ ભાવ જ્યારે બહાર પડેલા સાંભળીએ કે વાંચીએ, ત્યારે આપણા દિલના ભાવનો જાણે પડઘો ન પડતો હોય એવું લાગે.

એટલે ઉન્નત ભાવો સામાના હૃદયને સ્પર્શ કરે, એવી રીતે રજૂ કરવાની કળા કવિની હોય; અને સાચા કવિને એ ભાવ રજૂ કરતાં આનંદ થાય છે; કેમ કે તેના દિલમાં એમ થાય છે, કે જે ભાવથી મને આનંદ થયો, તેના ભાગીદાર બીજાને બનાવું અને એ રીતે તે સમાજને અર્પણ કરે છે. અર્પણમાં સ્વાર્થ હોતો નથી.

તે રોટલા ખાવા માટે ભાવ ઉત્પન્ન કરતો નથી. આજે તો રોટલા ખાવા માટે કવિતાઓ લખાય છે.

વળી એક બીજી વાત પણ વિચારવા જેવી છે. જે ભાવ લોકો સમજી ન શકે, તે ઊંચો ભાવ ગણાય?

પૂનામાં એક વિદ્વાન મારા ઓળખીતા હતા. તેમને ત્યાં હું ગયો હતો. તે ધર્મપત્રિકા કાઢતા હતા. મેં પૂછ્યું: આ પત્રિકા લોકો સમજી શકે છે ખરા? તેના ગ્રાહક પૂરતા પ્રમાણમાં છે? તેમણે કહ્યું: લોકો મારા ઊંચા ભાવને સમજી શકતા નથી; તેથી ગ્રાહકો ઓછા છે.

મને લાગે છે, કે જેમનું લખાણ લખનારને પોતાને

ઊંચે લઈ જાય અને સામાન્ય માણસ સમજે એ રીતે જે રજૂ કરે, તે કવિ.

જેવી રીતે માના પેટમાં બાળક હોય, તે ગર્ભમાં રહેલા બાળકને કેવી રીતે પોષે છે? તે પોતે ખોરાક ખાઈ, પચાવી, રસવાળું અને સત્ત્વવાળું બનાવી, બાળકની દૂંટી મારફત પહોંચાડે છે અને તેને તથા બાળકને પોષે છે.

એવી જ રીતે સમાજને ઊંચા ભાવ પહોંચાડે અને તેને ઊંચે લઈ જાય અને પોતે પણ એ ભાવથી ઊંચો થાય તે કવિ.

મીરાંબાઈએ હૃદયના ઊંડાણમાંથી જે ભાવ વ્યક્ત કર્યા, તેથી તે તો ભવસાગર તરી ગયાં અને આજે પણ અનેકને ભવ-સાગર તરવામાં તે મદદ કરે છે. એવી જ રીતે નરસિંહ મહેતા-નાં ભજનોમાંથી વર્ષોથી લોકો પ્રેરણા મેળવે છે અને તે ગાતાં ધરાતા નથી. અખા સોનીએ સમાજને પદો રચીને ચાબખા માર્યા છે. એ બધા કવિ હતા; કેમ કે તેમનાં લખાણો ધંધા તરીકે ન હતાં. તે લખાણોમાંથી એમાંના કોઈએ આજીવિકા નથી મેળવી. નરસિંહ મહેતા ભિક્ષા માગીને રહેતા. કબીર વણકર હતો. અખો સોની હતો. આ રીતે વિચારીએ, તો કવિ એટલે ઈશ્વર.

આજે તો જે મીરાંનું, નરસિંહનું કે કોઈનું ભજન ગાય, તે ભક્ત કહેવાય છે. એવાં ભજન કોઈ ગાતો હોય તો લોકો કહેશે, તે ભગત છે. જેમ મંદિરમાં જાય, તે ભક્ત ગણાય છે તેમ; પણ ભજન ગાય કે મંદિરમાં જાય, તે

ભક્ત શાનો? ચોર પણ મંદિરમાં જાય અને ભજનો ગાય, તો તે ભક્ત ગણાય ખરો? તે તે ભજનના ભાવ એના જીવન સાથે મેળવાતા હોય, તો તે ભક્ત ખરો. આજે તો તે ધર્મ મટીને ધંધો થયો, તેથી તે પડ્યો.

ચિત્રકાર

કવિ અને ચિતારો એક જ જાતના છે. કવિ માણસના હૃદયના ભાવને શબ્દોમાં રજૂ કરી, પ્રત્યક્ષ કરે છે અને ચિત્રકાર તે ભાવને ચિત્રમાં રજૂ કરી, પ્રત્યક્ષ કરે છે. છેવટે અક્ષર પણ ચિત્ર જ છે ને?

હું શાંતિનિકેતન ગયો, ત્યારે નંદલાલ બોઝનાં ચિત્રો જોવા પામ્યો હતો. તેમણે એક ચિત્ર મહાભારતના વખતનું ચીતરેલું હતું. તેમાં કુરુક્ષેત્રના યુદ્ધ પછી ધૃતરાષ્ટ્ર યુદ્ધભૂમિ પર જાય છે. તેમાં કૌરવોને જોતાં તેના દિલમાં દુઃખની લાગણી થાય છે અને પાંડવોને જોતાં તેના મોં ઉપર ક્રોધની લાગણી છવાઈ જાય છે. તે ભાવ તેમણે આબેહૂબ ચીતર્યા હતા.


કવિની જેમ ચિત્રકારનો ધંધો ન હોય; પણ એ લોકો પોતાની શક્તિ સમાજને અર્પણ કરે અને અર્પણ કર્યા પછી જે મળે તે લે, તો તે ઉપકારી થાય; પણ ઉપકાર કરવાનું મન તો ત્યારે જ થાય, કે જ્યારે નિષ્કામ ભાવ આવ્યો હોય.

મીરાંબાઈએ ગાયું છે, કે પ્રેમનો પ્યાલો પાઈને પીઉં. એનો અર્થ એ, કે પોતાનો પ્રેમ અર્પણ કરીને, પછી જે

શેષ પ્રસાદ મળે, તે પ્રેમથી લેવાનો હોય છે.

આવા નિષ્કામભાવવાળા ચિત્રકારો નથી થયા એમ નથી જ. બુદ્ધ ભગવાનનાં ચિત્રો આજે જોઈએ છીએ, તે બુદ્ધ ભગવાનના જમાનાનો અને તેમનો ખ્યાલ આપે છે, પણ તેના ચિત્રકારને કોઈ ઓળખતું નથી. તેમણે પોતાની જાતને ઓળખાવવા માટે કંઈ જ કર્યું નથી. આજની જેમ પોતાને અમર કરવા તે ચિત્રો નહિ ચીતરેલાં, પણ બુદ્ધ ભગવાનને અમર કરી, સમાજને પ્રેરણા આપવા નિષ્કામભાવે તે ચિત્રો ચીતરેલાં.

ઉપર જે ધંધા ગણાવ્યા તે સ્વતંત્ર ન હતા અને સ્વતંત્ર ગણીએ; તોપણ તે ખોરાકમાં અથાણાની જેમ હતા; અને આજીવિકા તરફ મોં રાખીને ચાલતા ન હતા, પણ ધંધા તરફ મોં રાખીને તે કાર્ય કરતા હતા; તેમ છતાં તેમનાં જીવન સારી રીતે ગયાં છે.



બિલાડીના ટોપ

પણ આજે તો આ બધા ધંધા બિલાડીના ટોપની

જેમ ઊગી નીકળ્યા છે. આજીવિકાના ધંધા તો કુંભાર, લુહાર વગેરે આગળ જણાવ્યા તે છે. આજીવિકા માટે ધંધો ન કરે, પણ સમાજની જરૂરિયાત માટે ધંધો કરે; તોપણ સારી રીતે તે જીવે, એમ તો થવું જ જોઈએ.

શાળાના શિક્ષકો

આ શિક્ષકોનો વિચાર કરું છું, ત્યારે મને આજનો કોઈ શિક્ષક દેખાતો નથી. આજે તો બધા કિંકર–નોકરો છે. તે પગારવાળા હોય, તો ય વાંધો નથી; પણ તેમને શું ભણાવવું, તેની ય ખબર નથી. તે તો નક્કી કરેલે વખતે, નક્કી કરેલું ભણાવે છે; એ તો કિંકર થયો. એક વખત એક શિક્ષક વિદ્યાર્થીઓને ભણાવતો હતો. તેને તે વિષયમાં રસ આવ્યો, એટલે ૪૫ મિનિટનો સમય પૂરો થયા છતાં તેણે એ જ વિષય ચાલુ રાખ્યો. તેવામાં ઈન્સ્પેક્ટર વિઝિટે આવ્યો. તેણે માસ્તરને 'અત્યારે સમયપત્રકમાં જે વિષય લખ્યો છે, તે ભણાવો છો?' એમ કહી 'આ શિક્ષક તદ્દન અવ્યવસ્થિત છે,' એવી 'રીમાર્ક' લખી. આ શિક્ષણખાતાનો ઉપરી કિંકર નહિ તો બીજું શું?

શિક્ષક એટલે ગામની કેળવણીનો ચોકીદાર. તેનો ધંધો તો ઉત્તમ છે. કનિષ્ઠ ધંધો તો કિંકરનો છે. શિક્ષક ગામનાં માબાપને ભણાવશે, એટલે છોકરાં તો ભણી જવાનાં જ.

શિક્ષણ કેમ અપાય?

લખવા–વાંચવાનું ભણાવવું એ તો રમત વાત છે. એ સંબંધી હું મારો એક અનુભવ કહું.

હું સને ૧૯૨૩-૨૪માં મહેમદાવાદ તાલુકામાં કામ કરતો હતો. ત્યાં મેં એવો નિયમ કરેલો, કે વર્ષમાં ૧૧ માસ ગામડેગામડે ફરીને કામ કરવું અને શ્રાવણ માસમાં એક ઠેકાણે સ્થિર રહી બાર માસ ચાલે એટલાં કપડાં પૂરતું કાંતી લેવું; અને તે વખતે હું જ્યાં રહેતો હતો, ત્યાં કથા કરતો. એક ઠેકાણે આખો માસ જમતો.

એવી રીતે તે વર્ષે મહેમદાવાદ તાલુકાના છાપરા ગામે ખેતરમાં શ્રી. પ્રભુદાસ ઠક્કરને ત્યાં હું રહેતો હતો. ત્યાં આસપાસની છાપરીના લોકો કથા સાંભળવા આવતા. એ કથા સાંભળવા ચતુર નામનો એક છોકરો પણ આવતો હતો. તેણે મને એક દિવસ પૂછ્યું: 'મહારાજ, આ તમે વાંચો છો, તેવું મને વાંચતાં ન આવડે?' મેં કહ્યું: 'કેમ ન આવડે?'

તેણે કહ્યું: 'તો તમે મને શિખવાડો.'

મેં તેને સ્લેટ લઈને આવવા કહ્યું. તે વાતને બેત્રણ દિવસ વીતી ગયા, પણ ચતુર સ્લેટ લઈને ન આવ્યો; કેમ કે સ્લેટ ક્યાંથી લાવવી, એના પૈસા ક્યાંથી કાઢવા, એ એક પ્રશ્ન હતો. મેં તેને બોલાવ્યો અને પૂછ્યું: તું મને ઓળખે છે?

ઉત્તર—હા.

પ્રશ્ન—શી રીતે?

ઉત્તર—દીઠા તેથી.

પ્રશ્ન—તું એ રીતે બધાને ઓળખે?

ઉત્તર—હા, દીઠા હોય તે બધાને ઓળખું.

પ્રશ્ન—તું મારું નામ જાણે છે?

ઉત્તર—હા.

પ્રશ્ન—શી રીતે?

ઉત્તર—મેં સાંભળ્યું છે તેથી.

પ્રશ્ન—તેં જેટલાંનાં નામ સાંભળ્યાં હોય તે બધાંનાં જાણે?

ઉત્તર—હા.

'હવે તું જેમ દીઠે ઓળખે અને સાંભળેલાં નામ ભૂલતો નથી, જેમ તું ઢોરને, કૂતરાને, માણસને, ઝાડને ઓળખે છે, એમ થોડા બીજાને ઓળખજે અને તેમનાં નામ યાદ રાખજે;' એમ કહી મેં ભોંય પરની ધૂળ હાથ વડે સરખી કરી, તે પર 'ક' લખ્યો અને તેને કહ્યું: 'આનું નામ 'ક.' જા ભૂલીશ નહિ, યાદ રાખજે અને ફરી આવજે.'

તેણે આખા ખેતરમાં 'ક' 'ક' લખી દીધું અને તેથી તેની સાથેના બીજા છોકરાઓએ પણ એ પ્રમાણે લખ્યું અને બધે જ 'ક' 'ક' થઈ ગયું.

બીજે દિવસે બીજો અક્ષર આપ્યો. એમ તે થોડા દિવસમાં બધા અક્ષર ને બારાખડી શીખી ગયો, તેની સાથે બીજા પણ શીખી ગયા. પછી તે વાંચતો થઈ ગયો. પછી એને અને મારે ભાઈબંધી તો થઈ જ.

તેના કુટુંબના બધા માંસ ખાતા અને દારૂ પીતા. મેં તેને કોઈ દિવસ તે છોડવાનું કહેલું નહિ.

પણ ત્યાર પછી બોરસદમાં રાજકીય પરિષદ થઈ. તે વખતે તે બોરસદ આવેલો. હું પરિષદને આગલે દિવસે વાલવોડ ગયો હતો. ત્યાં ચારણો પાડાનો વધ દર વર્ષે કરે છે, તેમ તે દિવસે પણ કરવાના હતા. મેં તેનો વિરોધ કર્યો, એટલે દેવીએ મારાં કપડાં ફાડી નાંખ્યાં હતાં અને મને નખ મારીને લવૂરા ભર્યા હતા. હું ત્યાંથી તે જ સ્થિતિમાં બોરસદ આવ્યો, પણ આ પ્રસંગ પછી વાલવોડમાં પાડાનો વધ બંધ થયો. આ પણ એક શિક્ષણનો જ પ્રસંગ થયો.


હું બોરસદ આવ્યો, ત્યારે પેલો ચતુર પરિષદમાં આવ્યો હતો. તેણે મને જોયો અને તેણે મારાં ફાટેલાં કપડાં અને લોહીવાળું શરીર જોયું; અને પાડાનો વધ અટકાવતાં આમ બન્યું તે તેણે જાણ્યું; એટલે તેના દિલમાં માંસ ન ખાવાનો અને દારૂ ન પીવાનો નિર્ણય થઈ ગયો. શિક્ષણના આ બીજા ફણગા ફૂટ્યા કહેવાય.

તેણે ઘેર જઈ માતાપિતાને પોતાનો નિર્ણય જણાવ્યો અને તેના ઘરમાંથી દારૂ અને માંસ ગયાં. પછી તેની અસર સગાંવહાલાંમાં થઈ. થોડા માસ પછી ચતુરના પિતા મને મળ્યા અને તેમણે મને કહ્યું, ત્યારે મને આ વાતની જાણ થઈ.

આ બધું શિક્ષણ થયું.

કોઈ પૂછે કે અંગ્રેજો હિંદમાંથી શું લઈ ગયા? હું કહું કે તેઓ હિંદમાંથી લખલૂટ ધન લઈ ગયા, તેની કશી ફિકર નથી; પણ આ શિક્ષણ લઈ ગયા, તેથી ગજબ નુકસાન થયું અને દેશ કંગાળ બન્યો.

આજે પણ મને મારા નાનપણના શિક્ષક નાગરદાસ માસ્તર યાદ આવે છે. તેમણે અમને એકડા અને ભૂગોળ વગેરે



શિક્ષકનું કર્તવ્ય

શીખવ્યાં એ તો ઠીક; પણ એમણે પોતે જીવી બતાવીને અમારા જીવનનું ઘડતર કર્યું, તે આજે ય યાદ આવે છે.

આજે હું તેમને યાદ કરું છું, ત્યારે મારી સામે નમ્રતાની મૂર્તિ ખડી થાય છે. એમણે અમને જે પ્રેમથી ભણાવ્યા, તે પ્રેમ યાદ આવે છે અને મારું મસ્તક આપોઆપ તેમને નમે છે. એ શિક્ષણ આજે ગયું.

ગામડાંમાં શું કરવું?

સને ૧૯૩૨ની લડતમાં હું સાબરમતી જેલમાં હતો,

તે વખતે સરકારે નાનાંનાનાં છોકરાંઓને પણ જેલમાં પૂરેલાં. એમને અમારાથી અલગ રાખતા અને તે 'બાબાબેરેક' કહેવાતી, ત્યાં છોકરાઓ બધા તોફાની હતા; કોઈને ગાંઠે નહિ, પણ તેઓ તેજસ્વી પણ હતા. તેમની સાથે સુપ્રિન્ટેન્ડેન્ટે મને રહેવા મોકલ્યો, જેથી એ વાનરસેના કંઈક અંકુશમાં રહે. તેઓ મને પૂછેઃ 'દાદા, અમે ગામડાંમાં જઈ શું કરીએ?' હું તેમને કહેતો હતો, કે કંઈ ન આવડે તો છોકરાં ભેગાં કરી, તેમને પદ્ધતિસર રમાડજો. તેમને બોલતાંચાલતાં, ખાતાંપીતાં, બેસતાંઊઠતાં, પહેરતાં શીખવજો. ઘરનું બધું કામ શીખવજો. જો આટલું કરશો, તો ભારે સેવા થશે અને આટલું કરશો તો ખાવાનું મળી રહેશે, એની ખાતરી રાખજો.

આજે એમાંના કેટલાક બાબાઓ આપહિંમતથી સંસ્થાઓ ઊભી કરી ચલાવે છે. તેમણે ગામડાંઓમાં ધામા નાખ્યા છે, અનેક મુશ્કેલીઓ વેઠી છે, પણ એ મુશ્કેલીઓથી ભાગ્યા નથી; તેથી તેમનું કામ દીપી ઊઠ્યું છે અને તે લોકોને ભાવતા થઈ ગયા છે.

માબાપોઃ આજે તો માબાપોને પોતાનાં બાળકો પ્રત્યે બિલકુલ શુદ્ધ પ્રેમ નથી. એમાં કોઈક અપવાદ હશે. હા, પ્રેમ જેવું કશુંક દેખાતું હશે ખરું, પણ એ તો સહવાસથી તેની પ્રત્યે પ્રેમ થાય તેવો હશે.

આજે કોઈ માબાપ છોકરો પેદા કરતાં પહેલાં તેને કેવી રીતે ઉછેરવો તેનો વિચાર કરે છે ખરાં? વળી બાળક પેદા

થયા પછી, તેના જીવનની કાળજી રાખે છે ખરાં? તેનાં શરીરને ઉછેરે છે, પણ તેનાં મન–હૃદયને ઉછેરે છે ખરાં? અરે, મન અને હૃદયની વાત જવા દઈએ; શરીરે ય ઉછેરતાં નથી. એક બાળક પેદા થયા પછી, બીજે વરસે બીજું થાય છે. આમાં માબાપ બાળકનાં શરીરનો વિચાર કરે છે ખરાં? ખરી રીતે તો માબાપને પોતાના છોકરા વિષે તો એવું થવું જોઈએ, કે તે તંદુરસ્ત થાય; તે માંદલો ન થાય, તે જગતની સેવા કરી મહાન થાય. પણ એવી આશા રાખવી હોય, તો માબાપે સતત જાગ્રત રહેવું પડે. એમણે એવી રીતે જીવવું જોઈએ, કે જેથી છોકરો કંઈ ખોટું ન શીખે.

એક છોકરો પગભર થયા પછી બીજો હોય. તેમને કેળવવાની સ્થિતિ અને શક્તિ ન હોય, તો માબાપ બ્રહ્મચર્ય પાળે. તેમનો ખાનગી અને જાહેર વ્યવહાર શુદ્ધ હોય.

આવાં માબાપ આપોઆપ શિક્ષક બની જાય છે; પણ આજે તો કેટલાંક મરતાં સુધી બાળકો પેદા કરે છે. આજે તો ચાર આશ્રમો નથી રહ્યા, પણ ગૃહસ્થાશ્રમ જ રહ્યો છે. એને તો ગૃહસ્થાશ્રમ પણ નહિ કહેવાય! કેમ કે ગૃહસ્થ તો સંયમી હોય. આજે તો ઘણા વ્યભિચારીનું જીવન જીવે છે. આવા દોષોમાંથી બચાવે, એવો ગામમાં કોઈ શિક્ષક જ નથી.

આજે તો માબાપો અને શિક્ષકો છોકરો ઉસ્તાદ હોય, તો હરખાય છે. 'છોકરો બડો સેતાન છે' એમ કહેતાં તેમની છાતી ફૂલે છે; પણ ફલાણાના છોકરાને કંઈ ન

આવડ્યું, આ પેલો છોકરો ભણીને કમાવા લાગ્યો અને બે વર્ષમાં બંગલો બંધાવ્યો; આ તો વૈતરું કરે છે; એમ આજે તો સેતાનની પ્રતિષ્ઠા છે, નીતિમાનની નહિ.

એટલે એમની પ્રજા પાસેથી શી આશા રાખવાની હોય?

ગિજુભાઈએ તેથી જ નાનાં બાળકોની નિશાળ કાઢી અને તેનું નામ 'બાલમંદિર' રાખ્યું. 'બાળ' સાથે 'મંદિર' કેમ? એનું કારણ એ, કે મંદિર પવિત્ર હોય અને તેમાં બાળક દેવ હોય; તેને મરાય નહિ, તેની પ્રતિષ્ઠા થાય; અને એને મહાન ગણવાનું શીખવ્યું, જેથી તે ભવિષ્યમાં પવિત્ર અને મહાન રહે.

ગાંધીજીએ એક વખત કહેલું, કે શિક્ષક અને વાઈસરોય સમાજનું રક્ષણ કરવામાં સરખા છે. એક ત્યાગ અને સાદાઈથી શોભે છે; બીજો વૈભવથી શોભે છે.

દાંડીયાત્રાવખતે ગાંધીજી બોરિયાવીમાં ઊતર્યા હતા, ત્યારે એક આર્યસમાજી ગુરુકુળના અધિષ્ઠાતા તેમને મળવા આવ્યા હતા અને તેમણે ગાંધીજીને પૂછ્યું: "મહાત્માજી, તમે આ સત્યાગ્રહની લડતમાં વિદ્યાર્થીઓને અને શિક્ષકોને પણ જોડાવાનું કહ્યું છે અને નિશાળ બંધ કરવા જણાવ્યું છે. અમને પણ એમ થાય છે, કે લડતમાં પડવું; પરંતુ માબાપોએ તેમનાં બાળકોને શિક્ષણ આપવા અમને સોંપ્યાં. હવે અમે નિશાળ બંધ કરીએ અને લડતમાં પડીએ, તો એમનું શિક્ષણ બગડે અને અમે અમારી જવાબદારીમાંથી ચૂક્યા, એમ ન બને?"

મહાત્માજીએ ઉત્તર આપ્યોઃ "ગુરુકુળમાં લાહ્ય લાગી હોય તો તમે શું કરો ? તેમને ઘેર મોકલી દો કે નહિ ? તમે તેમનાં માબાપોને લખી દો, કે 'દેશમાં સત્યાગ્રહની લડત ચાલે છે અને એમાં અમે ઝુકાવવાના છીએ.' એટલે તે ઇચ્છે, તો પોતાનાં બાળકોને ઘેર લઈ જાય અને જો તેજસ્વી માબાપો હશે, તો પોતાનાં બાળકોને નિશાળોમાંથી ઉઠાવી લેશે; અથવા તમને જણાવશે, કે તમારે જે શીખવવું હોય તે શીખવજો. અને જો તમે નિશાળો ચલાવશો, તો તેજસ્વી માબાપો કહેશે, કે હવે આ ગુલામમાનસવાળા શિક્ષકો પાસેથી છોકરાં શું ભણશે ? એમ કહી, તે પોતાનાં બાળકોને ઉઠાવી લેશે."

૧૯: ઈશ્વરદર્શન એટલે શું?

આજે ગાંધીજીમાં આપણે શું જોઈએ છીએ? તેમનો જગત ઉપરનો પ્રેમ એટલો બધો છે, કે તેમને કોઈ દુશ્મન નથી. તે બધા માટે રાતદિવસ ઘસાય છે, તો ય તેમને થાક નથી લાગતો. આથી લોકો તેમનામાં ઈશ્વરદર્શન કરે છે.

ખરી રીતે ઈશ્વરમાં અને માણસમાં કોઈ જુદી ચીજ નથી. જ્યાં પરસ્પરના વ્યવહારમાં જ્ઞાનપૂર્વક પ્રેમ નીતરતો હોય, ત્યાં બન્નેને–આપનારને અને લેનારને આનંદ થાય છે. એવા આનંદના ભાવનું નામ ઈશ્વર–તેનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે. આવો ભાવ જેના જીવનમાં સતત રહેતો હોય, તે ઈશ્વર બની ગયો. આવો ભાવ અનુભવનારને સ્વર્ગ કે કાશ્મીર શું આનંદ આપી શકે?

આજે બધા સુખ મેળવવા ફાંફાં મારે છે અને તે બહારથી શોધે છે; પણ સુખ શું એ જાણો છો? એ સુખનું વર્ણન શી રીતે થાય? હું મારા સુખના એક–બે અનુભવ બતાવું. તેમાં બીજા લોકોને કદાચ સુખ નહિ દેખાય, પણ મારા દિલમાં આ પ્રસંગોમાં સુખ કે આનંદ સિવાય બીજી કશી જ લાગણી ન હતી.

એક વખત હું ૨૫–૩૦ ગાઉ ચાલીને વટાદરાના પાટણવાડિયા લોકોની હાજરી કઢાવવા ગયો હતો. ત્યારે મારા દિલમાં એમ થતું, કે આ હાજરી કઢાવવાનો હુકમ હું ક્યારે વહેલામાં વહેલો મેળવી લઉં અને હાજરીમાંથી

લોકોનાં નામ કઢાવી નંખાવું? એટલે વડોદરા જઈને હું પોલીસના વડાને મળ્યો. તેમની પાસેથી હુકમ લખાવીને તે દફતરમાં નોંધાવવા ગયો. મને એક મિનિટ મોડું થાય, તે ય પસંદ પડે તેમ ન હતું, એટલે આ હુકમ લેવાની વિધિ પૂરી થતાં સાંજ પડવા આવી હતી. એ હુકમ મળ્યો, કે તુરત મેં વટાદરાનો રસ્તો લીધો. શિયાળાના દિવસો હતા. આગલે દિવસે હું ૨૫ ગાઉ ચાલ્યો હતો અને આખો દિવસ વડોદરામાં દોડાદોડ થઈ હતી; એટલે અર્ધે આવ્યો, ત્યારે રાતના બારેક વાગ્યા હશે. મેં ક્યાંકક્યાંક આરામ લેવાનો વિચાર કર્યો, પણ રાત્રે બાર વાગે ક્યાં જઉં? ઠંડી તો ખૂબ હતી અને મારી પાસે ફક્ત એક કામળી હતી; તેથી હું એક જાણીતા પાટણવાડિયાની પથારીએ ગયો. ત્યાં બધાં સૂઈ ગયાં હતાં, એટલે મને કોઈને જગાડવાનું મન ન થયું; તેથી કોદરાનું પરાળ બાજુમાં હતું, તેની મેં પથારી કરી, થેલી ઓશીકે મૂકી અને કામળી ઓઢી, તેના પર થોડું પરાળ નાખી હું સૂઈ ગયો. સૂતાવેંત ઊંઘી ગયો. ત્યાર પછી પાસેની પથારીમાંથી કોઈ જાગ્યું હશે, તેણે તપાસ કરી અને મારી થેલી જોઈ મને તેણે ઓળખી કાઢ્યો. તેને વિચાર આવ્યો, કે મહારાજ પાસે ઓઢવાનું ઝાઝું નથી, એટલે ટાઢ વાશે; પણ તેની પાસે કાંઈ ઓઢવાનું હતું નહિ; તેથી તે બાજુની બીજી છાપરીએ દોડ્યો અને એક ગોદડું લઈ આવ્યો; અને હું જાગી ન જઉં, એ રીતે મારા પર નાખ્યું. પો ફાટ્યો ત્યારે હું જાગ્યો અને મેં જોયું તો મારા પર ગોદડું હતું. મેં

બીજી તરફ જોયું, તો બધા વહેલા જાગીને તાપણી સળગાવીને બેઠા હતા; પણ હું જાગી ન જઉં, તે માટે કોઈ બોલતું ન હતું; અને મેં તેમના તરફ જોયું, એટલે તેઓ ખડખડાટ હસ્યા. મેં કહ્યું: 'આ ગોદડું ક્યાંથી લાવ્યો? અને મને જગાડ્યો કેમ નહિ?' જવાબ મળ્યો: 'તમે અમને જગાડ્યા હતા, તે અમે તમને જગાડીએ?'

પછી અમે અરસપરસ આનંદની વાતો કરી અને ત્યાંથી હું ચાલી નીકળ્યો; પણ એ વખતે મારા દિલમાં જે આનંદ હતો, તેનું વર્ણન શું થાય?

× × × ×

એક વખત વડોદરાથી સવારે નીકળી હું ગંભીરા ગયો, ત્યારે બપોરે ૧૧ વાગ્યા હશે. ઉનાળાનો દિવસ હતો, એટલે મેં ત્યાં થોભવાનો વિચાર કર્યો; પણ ક્યાં ઊતરું? મને થયું, કે ત્યાંના જમાદારભાઈ ઘણા વખતથી આગ્રહ કરે છે, એટલે તેમને ત્યાં જઉં. એ જમાદાર રાવણિયાના મુખ્ય માણસ હતા. બધાને રૂ. ૬] માસિક પગાર મળે, ત્યારે જમાદારને માસિક રૂ. ૭] મળે; તેથી બધા તેને 'જમાદાર' કહેતા. હું તેના ફળિયામાં જવા ટેકરા પર ચઢ્યો. તેણે મને જોયો અને ઘરવાળીને ખબર આપ્યા, કે મહારાજ આવ્યા. તે નીચે ઊતર્યા અને ઘરવાળી પણ બહાર આવી. બંને મારી તરફ દોડી આવ્યાં અને પગે લાગ્યાં.

હું તેમને ત્યાં ગયો, ત્યારે તેમણે છાપરાં ઉકલી લીધાં હતાં, એટલે બધે તાપ હતો. માટીનું નાનું ઘર હતું. તેમણે મને ત્યાં

બેસાડ્યો. પેલી બાઈ તો ખૂબ મુઝાતી હતી, કે ઘણે વખતે મહારાજ આવ્યા અને ઘર ઉઘાડું થયું છે અને તાપ આવે છે; તેથી મહારાજને ફાવશે નહિ. હવે શો ઉપાય? તેમના ઘરમાં જોયું, તો રામપાત્ર પણ ન મળે; તદ્દન ગરીબ સ્થિતિ હતી.

તે બાઈએ મને પૂછ્યું: 'મહારાજ, નાહશોને?' મને જૂના વખતનું રાખી મૂકેલું નવું ચિત્રામણવાળું માટીનું માટલું કાઢી આપી, તેમાં પાણી ભરી આપી, તે બજારે ગઈ અને દુકાનેથી શેર ચોખા ને દાળ લાવી. ચોખા ખૂબ ખરાબ બટાઈ ગયેલા હતા. તેને સાફ કરવા છડવા માંડ્યા, ત્યારે લોટ જેવા થઈ ગયા, તેથી તે બાઈ મુઝાઈ. તેના દિલમાં એમ થતું હતું, કે કોઈ આવશે અને આવું જોઈ મહારાજને જમવા લઈ જશે તો?

એટલે ઉતાવળી–ઉતાવળી તે ચોખા ને દાળ લાવી. રાંધવા માટે બૂધું પાડેલી ગોબાવાળી કાળી તપેલી આપી. એથી સારું વાસણ તેની પાસે હતું નહિ. મને કહે: 'મહારાજ! ઊઠો, રસોઈ બનાવો.' હું ઉઘાડા છાપરા નીચે લગભગ બારેક વાગે ખીચડી બનાવવા બેઠો. એટલામાં પડોશમાંથી એક ભાઈ આવ્યા, મારા ખબર પૂછવા લાગ્યા અને આવા ચોખા જોઈ બોલ્યા: "આવા ચોખા ક્યાંથી કાઢ્યા? ઊભા રહો મહારાજ, હું મારે ઘેરથી સારા ચોખા લાવું છું." પેલી બાઈ જોઈ રહી. તેને થતું હતું, કે મહારાજ મારા ઘરનું અનાજ નહિ લે? હું તેના દિલનો ભાવ જાણતો જ હતો; એટલે મેં

પેલા ભાઈને ના પાડી અને હું દાળ ઓરવા જતો હતો; પણ એટલામાં પેલા ભાઈ તો ઘેર જવા નીકળ્યા, એટલે મેં દાળ-ચોખા ભેગા ઓરીને કહ્યું: "ના લાવશો, મેં દાળ–ચોખા ઓરી દીધા છે." એ વખતે પેલી બાઈના દિલમાં આનંદ હતો. મેં તેની ખીચડી બનાવી. ચોખા તો ભૂકો થઈ ગયા હતા અને દાળ ચઢી ન હતી, એટલે ચોખા તો ચોંટવા લાગ્યા. તબેથો હતો નહિ, એટલે તુવેરની સાંઠીથી હલાવ-હલાવ કર્યું. તે ખીચડી ખાવામાં મને કેટલો આનંદ થયો, તે હું તમને શી રીતે કહું? અને પેલી બાઈને મને ખવરાવવામાં જે આનંદ આવેલો, તે તો અનુભવનાર જાણે–પેલી બાઈ જ જાણે.

પછી ગામના બેચાર સેવાભાવી યુવકો મારા આવવાની જાણ થવાથી મને મળવા આવ્યા અને મને જોતાં જ બોલ્યા: "મહારાજ, આટલો બધો તાપ પડે છે, ને નળિયાવગરના છાપરા નીચે બેઠા છો, તે અમને કેમ ગમે? ગામમાં ક્યાં ય ઊતરવાની જગ્યા ન હતી તે અહીં આવ્યા?"

મેં કહ્યું: "બીજે જગ્યા ન જડી, તેથી અહીં આવ્યો. જુઓ, તમે કદી અહીં આવ્યા હતા ખરા?" જવાબ મળ્યો: 'ના.' "ત્યારે તમે આ રીતે અહીં આવ્યા, એ સારું ન થયું? તમે ગામની સેવા કરો છો અને આ કૂળિયામાં કદી આવ્યા નથી, એ કેવું?"

પછી તે મને આગ્રહ કરી ગામમાં લઈ ગયા. તે વખતે બધા પાટણવાડિયાઓને મારા આવવાની ખબર પડી ગયેલી,

એટલે તે બધા જમાદારને ત્યાં ભેગા થયા અને મારું સ્વાગત કરવા નાળિયેર લાવ્યા, સાકર લાવ્યા. સૂતર કે મોગરાનાં ફૂલોના હાર ક્યાંથી હોય? એટલે તેમણે કરેણનાં ફૂલોનો હાર બનાવ્યો. (માતાને ભોગ આપતી વખતે પાડા કે બકરાને આ હાર પહેરાવવાનો રિવાજ હોય છે.) ત્રણચાર જૂની ગોદડીઓ ભેગી કરીને ગાદી બનાવી અને બધા મારી રાહ જોવા લાગ્યા. હું ગામમાંથી પાછો ફર્યો, ત્યારે બધાએ સાચા દિલથી (મારે મન ભવ્ય) સ્વાગત કર્યું.

હવે આ સુખ અને આનંદ બીજાને કેમ સમજાય? બીજો કદાચ આ ખીચડી અને આ ગાદી જોઈ, અપમાન સમજે અને કદાચ અપમાન ન સમજે, તો કદાચ મૂર્ખાઈ અને ગાંડપણ માને; પણ મારે મન એ શુદ્ધ પ્રેમની પ્રસાદી હતી. બધા જ્યારે 'કેરિઅર' અને 'શું ખાઈશું'-ની ચિંતા કરે છે, ત્યારે મને તેમના પર દયા આવે છે અને તેઓ બિચારા લાગે છે!

હું ઘેરથી નીકળ્યો, ત્યારે એક પાઈ લઈને નહોતો નીકળ્યો. મારી પાસે આવડત અને અનુભવ ન હતાં, પ્રતિષ્ઠા પણ ન હતી; તેમ છતાં મને કોઈ દિવસ 'શું ખાઈશ'-ની કદી ચિંતા થઈ નથી. વેળા થઈ છે, ત્યારે મને અચૂક ખાવાનું મળ્યું જ છે.

આમાં આપનારલેનાર—બન્નેને આનંદ હોય છે; આ જ ઈશ્વરદર્શન; કારણ કે તેમાં સત્, ચિત્ અને આનંદ ત્રણે છે; એટલે સચ્ચિદાનંદ છે.

૨૦ : પ્રશ્નોત્તરી

પ્રશ્ન—સમગ્ર ગ્રામસેવાની તાલીમમાં ગામડાંના લોકો સાથે સંપર્ક સાધવાની આવશ્યકતા નથી શું? અહીં બધા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, ગામડાંના પ્રશ્નોની વાતો કરે છે, પણ લોકો સાથે મળવાનો પ્રસંગ બનતો નથી; પછી એ લોકોમાં ભળશે શી રીતે? અને કામ શી રીતે કરશે?

ઉત્તર—આપણે જે સંપર્ક સાધવા માગીએ છીએ, તે લોકોનો નહિ, પણ તેમના પ્રશ્નોનો. ગામડાંમાં જઈને હું શું કરું? હું ગામનું હિત કઈ રીતે કરું? એના અભ્યાસ, મનન અને ચિંતનની જરૂર છે. એ માટે એકાંતની જરૂર છે, એટલે જ તમને અહીં અલગ રાખ્યા છે અને આસ-પાસનાં ગામોમાં ખાસ પ્રસંગ સિવાય નથી લઈ જતા. એ પ્રશ્નોનો અભ્યાસ કરી લીધા પછી, એનો નિકાલ કરવા માટે ગામડાંમાં જવાનું છે. પછી તે ગામમાં ગમે ત્યાં રહે—ભાગોળે રહે કે ગામ વચ્ચે રહે. તેણે ગામડાંના પ્રશ્નોનો અભ્યાસ કર્યો હશે, એટલે તે પ્રશ્નોનો ઉકેલ કરવા ગમે ત્યાં રહી પ્રયત્ન કરશે અને એમાં અનાયાસે લોકોનો સંપર્ક સધાશે.

જેમ કે, કોઈ ઠેકાણે ગામમાં અતિ દુર્ગંધ છે, તે ત્યાં જઈને સાફ કરશે. તેને કોઈ ને કોઈ ગામમાં મળશે, તેની સાથે તે વાત કરશે. જો કોઈ વાત કરનાર નહિ મળે, તો તે સફાઈકામ કરી, પોતાને સ્થાને જઈ, પોતાનું કામ કરશે.

તેની પાસે પોતાના આખા દિવસનો કાર્યક્રમ હશે, તે

મુજબ તે વર્તશે. હા, એનો બધો કાર્યક્રમ ગામડાંના પ્રશ્નોના ઉકેલની દૃષ્ટિએ રચાયેલો હશે. તે કાંતતો હશે; કેમ કે તે ગામમાં બહારથી કપડું ન લાવવું પડે, એનો ઉકેલ કરવા માગે છે. તે સફાઈ કરશે, કેમ કે તે ગામડાને ઉકરડો મટાડીને સ્વચ્છ અને સુંદર બનાવવા માગે છે. તેને જોડાની આવશ્યકતા હશે, તો ગામના મોચીને શોધશે. ગામમાં ન બની શકતી ચીજ આસપાસનાં ગામોમાં બની શકે છે કે કેમ, તેની તપાસ કરશે. આમ તે ગામની સેવાદૃષ્ટિ ધ્યાનમાં રાખી પોતાનું જીવન જીવવાનો પ્રયત્ન કરશે.

ગામસેવકોએ ગામડાંના લોકોની ખુશામત કરવી જોઈએ નહિ. લોકો સાથે વાતો કરવા બેસવું, તેમની સાથે ભળવા જવું, તેમની ખબર–અંતર પૂછ્યા કરવી વગેરે ગામની ખુશામત છે. એવી ખુશામત કરનાર સેવા ન કરી શકે; એ તો પરાણે સંપર્ક સાધવા જેવું થયું.

એણે ગામની પ્રતિષ્ઠાને પોતાની પ્રતિષ્ઠા બનાવી દેવી જોઈએ. ગામના હિતમાં તેનું હિત જણાય, તેના ખાવામાં, પીવામાં, ઊંઘવામાં, ફરવામાં–તેની પ્રત્યેક ક્રિયામાં ગામડાંના હિતની જ દૃષ્ટિ હોય. એટલું થાય, તો ગ્રામસેવા થાય. એટલું થવા માટે ચિંતન, મનન અને અભ્યાસની જરૂર છે; અને એ અભ્યાસ સ્વતંત્ર અને એકાંત વાતાવરણમાં સારી રીતે થઈ શકે.

પ્રશ્ન—સમર્પણ એટલે શું?

ઉત્તર—આજે આપણે ગાંધીજીનું જીવન જોઈએ, તો આપણને જણાશે, કે તેમણે જગતને ચરણે પોતાની તમામ

શક્તિ અર્પણ કરી છે. એમનું પોતાનું એમણે કંઈ જ રાખ્યું નથી અને જગત તેમને આપે છે, તે નમ્ર ભાવે સ્વીકારે છે; અને "જગત પાસે વધુ તો નથી લેતોને?" એ ભાવ તેમનો હોવાથી, તે જે આપે છે, તેમાંથી ઓછામાં ઓછું લે છે અને તેમાં ય જગતની કૃપાદષ્ટિ તેઓ સમજે છે.

સોક્રેટિસ ભિક્ષા પર નભતો હતો. તે કોઈ દિવસ ભિક્ષા માગવા ગયો ન હતો, પણ લોકોએ તે વણમાગી આપી છે. બાહ્ય દષ્ટિએ જોતાં, તેમાં તેને મુશ્કેલી આવી હશે, પણ તેમાંય તેણે ઈશ્વરની કૃપા જ અનુભવી છે. આ સાચા સમર્પણનો ભાવ છે.

પ્રશ્ન--વર્ણવ્યવસ્થા હવે નવી સમાજરચનામાં આવશે ખરી?

ઉત્તર—એના એ રૂપે તો નહિ જ આવે. પહેલાં સમાજ જ્ઞાન, બળ, સંપત્તિ અને સેવા—એમાં વહેંચાયેલો હતો.

કેટલાક જ્ઞાનથી શાસ્ત્રીઓ થતા અને સમાજની કેળવણી સંભાળતા. કેટલાક બળથી રક્ષણ કરતા, કેટલાક સંપત્તિ ઉત્પન્ન કરી, યોગ્ય રીતે વહેંચી દેતા અને બાકીના ઉપરના ત્રણ ધંધાની સેવા કરતા.

પહેલાં બધાંનું મોં ત્યાગ તરફ હતું. બધા એકબીજાને અર્પણ થઈ જતા હતા. બધા ભેગા મળી જીવતા હતા. કોઈ પોતાને મોટો માનતો ન હતો, પણ દરેકને જરૂરિયાત હતી, એ પ્રમાણે બધા સ્વીકારતા હતા; એટલે એકબીજા માટે ઘસાઈ છૂટવાની શક્તિ આવતી હતી. આજે બધા પોતાને મોટા માને છે, એટલે ભેગા મળીને જીવવાનું બંધ

થયું; એટલે બધા સ્વાર્થ તરફ દૃષ્ટિ રાખી જીવતા થઈ ગયા છે.

પહેલાં વર્ણધર્મને યોગ્ય થવા માટે બ્રહ્મચર્યાશ્રમ વગેરે ચાર આશ્રમો હતા. આ વર્ણાશ્રમ ધર્મ દુનિયામાં ક્યાં ય હતો નહિ; એ હિંદુધર્મની વિશેષતા હતી. વર્ણાશ્રમોની વ્યવસ્થા પ્રમાણે ધંધાઓ ગોઠવાઈ ગયા હતા. કોણે શું કરવું, એ પ્રશ્ન જ ન હતો. જ્યારે દુનિયામાં બીજે એવી ગોઠવણો ન હતી, તેથી તે વ્યવસ્થિત થયા નહિ અને જગતને લૂંટવાની સંસ્કૃતિ (!) રચી એમ કહેવાય.

આજે હવે જૂની રીતે વર્ણાશ્રમ ધર્મ નહિ ટકી શકે; પણ જ્ઞાન, બળ, સંપત્તિ અને સેવા—એ સમાજના ચાર પાયા તો હોવા જ જોઈશે. જો અહિંસક રીતે સમાજની ક્રાંતિ આવશે, તો તે દેશના અને જગતના કલ્યાણનું કામ કરશે; કેમ કે આપણી મર્યાદા દેશની નથી, પણ જગતના સર્વ જીવો સુધીની છે. આપણો આદર્શ वसुधैव कुटुम्बकम् છે. આજે આપણે દેશની સંકુચિત સેવા અથવા ભક્તિ નથી ઇચ્છતા. આજની દેશભક્તિએ દુનિયાને નુકસાન કર્યું છે. એક દેશ બીજા દેશ જોડે લડે છે અને એકબીજાને લૂંટે છે—એ સંકુચિત દૃષ્ટિ હોવાને લીધે છે. એવી સંકુચિત દૃષ્ટિ આપણી ન હતી અને ગાંધીજી એ સનાતન સંસ્કૃતિ—वसुधैव कुटुम्बकम्ની સંસ્કૃતિ પાછી લાવવા માગે છે. સંકુચિતતામાં હિંસા રહેલી છે, અહિંસામાં ઉદારતા છે.

★

'સસ્તુ' સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો—મૂળ તથા અનુવાદ

પુસ્તકનું નામ	પૃષ્ઠ	કિંમત	પોસ્ટેજ
શતશ્લોકી અને **બીજાં ચાર રત્નો**—શંકરાચાર્ય:	૨૦૦	૦–૧૨	૦–૨
સ્તોત્ર-સંગ્રહ—શંકરાચાર્ય: ભક્તિ ને વેદાંત-સ્તોત્રો	૨૨૦	૦–૧૦	૦–૨
સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ—શંકરાચાર્ય: ...	૨૨૪	૧–૪	૦–૩
વિવેકચૂડામણિ—શંકરાચાર્ય:	૧૬૦	૦–૧૨	૦–૨
જીવન્મુક્તિવિવેક—મુમુક્ષુઓ માટે પ્રાચીન ગ્રંથ ...	૨૨૦	૧–૪	૦–૨
મહાવાક્ય-રત્નાવલિ—	૧૮૪	૦–૧૨	૦–૨
અષ્ટાવક્રગીતા—	૭૨	૦–૮	૦–૧
ઉપનિષદો—૧૧૨—નીચે પ્રમાણે ત્રણ ગ્રંથોમાં			
એકાદશ ઉપનિષદ—	૪૫૨	૨–૮	૦–૫
બૃહદારણ્યક ઉપનિષદ	૨૪૮	૧–૮	૦–૩
સો ઉપનિષદો—પહેલાં ૨૩ મંત્રો સાથે-પછીનાં ૭૭ ઉપનિષદોનું માત્ર ભાષાંતર—સારરૂપે	૭૪૪	૪–૦	૦–૭
વિદુરનીતિ—સરલાર્થ સાથે	૧૬૮	૦–૧૨	૦–૨
મનુસ્મૃતિ— ,, ,, ...	૬૪૦	૩–૦	૦–૬
આર્યધર્મનીતિ અને **ચાણક્યનીતિસાર**—પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો ...	૨૦૮	૦–૮	૦–૨
વૈદિક વિનય—૩૬૦ વેદમંત્રો વિસ્તૃત સમજૂતી સાથે	૮૪૦	૩–૧૨	૦–૮
બળવાન બનો !—કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ	૧૧૨	૦–૮	૦–૨
એકાદશ સ્કંધ—શ્રીમદ્ ભાગવતનો	૪૭૨	૧–૪	૦–૫
વિષ્ણુસહસ્રનામ—	૧૨૮	૦–૪	૦–૧
ધમ્મપદ—સંપાદક : પં૦ બેચરદાસ દોશી: ...	૧૯૨	૧–૦	૦–૩
શાંતિપર્વ-મહાભારતનું—રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ, ચાર વર્ણ તથા આશ્રમના સામાન્ય ધર્મો વગેરે	૮૫૬	૭–૮	૦–૧૪

મહાભારત—દળદાર ૭ ગ્રંથોમાં રૂ. ૪૫)

'જેણે મહાભારત વાંચ્યું નથી, તેનું ભારતવાસી હોવું વ્યર્થ છે....'

૧—આદિ ને સભાપર્વ
૨—વન ને વિરાટપર્વ
૩—ઉદ્યોગ ને ભીષ્મપર્વ
૪—દ્રોણપર્વ
૫—કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ
૬—શાંતિપર્વ
૭—અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રાસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ

ટપાલ ખર્ચ રૂ. ૬)

કદ ૭॥×૧૦ : કુલ પાન ૫૨૦૮
પાકાં પૂઠાં : ૨૭ ચિત્રો સાથે

આવા મોટા અક્ષરે

યોગવાસિષ્ઠ મહારામાયણ—વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ—આ ૭ પ્રકરણો—ચાર દળદાર ગ્રંથો	૧૯૦૮	૧૨—૦	૨—૧
લઘુ યોગવાસિષ્ઠ—'બૃહદ્ યોગવાસિષ્ઠ'ના સારરૂપ	૫૫૪	૨—૮	૦—૫
વિચાર—સાગર—વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાન ...	૪૩૨	૨—૮	૦—૫
શ્રીમદ્ ભાગવત—બે ગ્રંથમાં ભાષાંતર, નવી ૧૧મી આ.	૧૨૪૦	૮—૦	૧—૬
,, ,, —ભાગ ૨જો (આ. ૮મી) છૂટક મળશે.	૬૬૭	૩—૦	૦—૧૦
ભગવતી (દેવી) ભાગવત—સરળ ભાષાંતર, મોટા અક્ષરે	૯૨૮	૬—૦	૦—૧૫
આત્મસાક્ષાત્કારની કસોટી—સં૦ સ્વામી સ્વયં-જ્યોતિતીર્થ :	૨૦૮	૧—૪	૦—૨
આત્મરામાયણ—રામાયણનાં પાત્રોના લાક્ષણિક અર્થો દ્વારા તત્ત્વજ્ઞાન સમજાવતું સરળ પુસ્તક ...	૧૪૦	૦—૧૨	૦—૨
મોક્ષમાળા—શ્રીમદ્ રાજચંદ્ર	૧૮૦	૧—૪	૦—૩
પ્રભુમય જીવનનું રહસ્ય—	૧૬૮	૧—૦	૦—૨
સ્વરૂપવિચાર—ગુરુ-શિષ્યના સંવાદરૂપે તત્ત્વોપદેશ	૧૦૪	૦—૧૦	૦—૨
તુકારામગાથા—બે ગ્રંથમાં—ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય-પ્રેરક અભંગોનું સરળ ભાષાંતર	૧૮૪૦	૬—૦	૦—૧૫
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ—ભાગ ૨જો	૩૧૨	૧—૧૨	૦—૪
સ્વામી રામતીર્થના સદુપદેશો—વ્યાખ્યાનો ઇત્યાદિ—(૧)	૫૬૪	૨—૮	૦—૬

સદુપદેશો ઇત્યાદિ—(૩)	૫૨૦	૨—૮	૦—૫

સ્વામી વિવેકાનંદના ઉપદેશો:

સદુપદેશો—આવૃત્તિ ૨૭ (૪-૫) ...	૬૦૦	૨—૪	૦—૬
ભક્તિયોગ—આવૃત્તિ ૨૭ (૮) ...	૩૮૪	૧—૮	૦—૪
રાજયોગ અને જ્ઞાનયોગ—(૧૦, ૧૧) ...	૫૬૦	૨—૦	૦—૫
પાતંજલ યોગસૂત્ર—વિવેકાનંદના વિવેચન સાથે	૧૯૨	૧—૦	૦—૩
જ્ઞાનયોગ—વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો	૨૩૬	૦—૧૨	૦—૨
રાજયોગ—પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ	૧૩૬	૦—૧૨	૦—૨
વિવેકાનંદસાર—વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી	૨૬૪	૨—૦	૦—૪
આખ્યાનમાળા—(૧) સ્વ૦ અનંતપ્રસાદ : ...	૭૦૮	૩—૦	૦—૭
„ „ (૨) „ ...	૭૨૦	૩—૦	૦—૬
ઉપદેશસારસંગ્રહ—શ્રી તિરુવલ્લુવરનો વેદતુલ્ય બોધ	૩૮૪	૧—૮	૦—૪
સુબોધરત્નાકર—ધર્મનીતિપ્રેરક ૧૦૫ ટૂંકાં દૃષ્ટાંતો	૩૦૦	૧—૮	૦—૪
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા— ...	૧૬૪	૦—૪	૦—૨
પ્રભુમય જીવન—આવૃત્તિ ૮મી	૧૯૨	૦—૧૨	૦—૨
માણિક્ય સ્મૃતિ—લે. માણેકલાલ જમનાદાસ મહેતાસ્ઝ:૫૫૨		૨—૦	૦—૪
શ્રીજ્ઞાનસૂર્યોદય—પૂર્વાર્ધ ભાગ ૩, „	૧૪૪	૧—૦	૦—૨
શ્રીજ્ઞાનસૂર્યોદય—ઉત્તરાર્ધ ભાગ ૩, „	૧૧૦	૦—૧૦	૦—૨
શ્રીજ્ઞાનસૂર્યોદય—ઉત્તરાર્ધ પ્રથમ ભાગ (જ્ઞાનયોગ),,	૨૧૪	૨—૦	૦—૩
જ્ઞાનસૂર્યોદયાખ્ય—મહાગ્રંથ પ્રવચન	૨૭૨	૧—૮	૦—૪

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન—ભક્તિનો મહિમા સમજાવતા ૩૨૫ દા.	૩૭૨	૨—૦	૦—૪
સ્વર્ગની કૂંચી—સદ્વર્તન રાખતાં શીખવનારો બોધ	૩૭૨	૨—૦	૦—૪
સ્વર્ગનો ખજાનો—ભક્તિમાર્ગ સમજાવતું ...	૩૧૨	૨—૦	૦—૪
સ્વર્ગનો પ્રકાશ—જ્ઞાન અને પરમાર્થની વાતો ...	૩૩૬	૨—૦	૦—૪
સ્વર્ગની જિંદગી—કંગાલ મનોદશા માટે ભોમિયારૂપે	૩૦૦	૨—૦	૦—૪
સ્વર્ગનો આનંદ—ભક્તિ ને તેના પ્રકારોની સમજ	૩૬૦	૨—૦	૦—૪

સ્વર્ગની સીડી—મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનાં ૧૨ પગથિયાં ૩૬૦ ૨—૦ ૦—૪
સ્વર્ગની સડક—સ્વર્ગના ટૂંકા ને સરળ રસ્તાનું સૂચન ૪૬૮ ૨—૦ ૦—૫
સંસારમાં સ્વર્ગ—સંસારને સ્વર્ગ બનાવતું પુસ્તક ૩૪૮ ૨—૦ ૦—૪
સાચું સ્વર્ગ—ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો ... ૪૯૨ ૨—૦ ૦—૫

રામાયણ

ગિરધરકૃત રામાયણ—કર્તાની હસ્તપ્રત ઉપરથી ... ૭૬૨ ૪—૮ ૦—૧૦
તુલસીકૃત રામાયણ—(બે ભાગ) ૩૨ ચિત્રો ૧૨૦૦ ૮—૦ ૧—૫
,, ,, —ભાગ ૨જો—આ. ૭મી—છૂટક મળશે. ૬૪૦ ૩—૦ ૦—૧૧
વાલ્મીકિ રામાયણ—નવી આવૃત્તિ છપાશે.
,, ,, —ભાગ ૨જો (આ. ૩જી) છૂટક મળશે. ૭૬૪ ૩—૦ ૦—૧૨

ભગવદ્ગીતાઓ

પુરુષાર્થબોધિની ગીતા—(બે ગ્રંથોમાં) મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને **પંડિત સાતવલેકરજીની** વિસ્તૃત ટીકા સાથે .. .. ૧૦૬૮ ૧૦—૦ ૧—૨
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા—જ્ઞાનેશ્વર મહારાજે રચેલી '**ભાવાર્થદીપિકા**' નામની, દૃષ્ટાંતોથી ભરપૂર, ભાવવાહી ટીકા, સરળ અર્થ સાથે ... ૮૮૮ ૪—૦ ૦—૮
જ્ઞાનસત્ર ગીતા—ગીતાના મૂળ શ્લોકો, પદચ્છેદ ને શબ્દાર્થ ૩૬૮ ૧—૪ ૦—૪
,, ,, **ગુજરાતી લિપિમાં** ગીતાના શ્લોકો, પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે ૩૬૮ ૧—૪ ૦—૪
શ્રીમદ્ ભગવદ્ગીતા—મોટા સુવાચ્ય અક્ષરો, સરલાર્થ સહિત ... ૨૪૮ ૦—૧૨ ૦—૩
શ્રીમદ્ ભગવદ્ગીતા—ઉપર શ્લોક ને નીચે ભાષાંતરવાળી, ગુટકો કદ ૩૧×પા ૩૫૨ ૦—૮ ૦—૨
,, ,, શ્લોકો ગુજરાતી લિપિમાં ,, ૩૫૨ ૦—૮ ૦—૨
શ્રીમદ્ ભગવદ્ગીતા—માત્ર ગુજરાતી ભાષાંતર-કદ ૩૧×૫ ૨૮૮ ૦—૪ ૦—૧

નીચેની ગીતાઓમાં અર્થ આપેલા નથી; માત્ર સંસ્કૃત શ્લોકો આપેલા છે.
(માત્ર સંસ્કૃત પાઠ કરનારાઓ માટે ખાસ ઉપયોગી)

भगवद्‌गीता मूळ मूळ—મોટા અક્ષર	૨૧૨	૦–૧૦	૦–૨
,, ,, મધ્યમ અક્ષર	૨૦૦	૦–૫	૦–૧
पंचरत्न भगवद्‌गीता मूळ मूळ : મધ્યમ અક્ષર	૩૩૨	૦–૮	૦–૨
,, ,, ,, લઘુ અક્ષર	૨૦૦	૦–૫	૦–૧

જીવનચરિત્રો

સ્વામી સહજાનંદ—ચરિત્ર તથા ઉપદેશો ...	૩૩૬	૧–૮	૦–૪
સાઈબાબા—શિરડીના સુપ્રસિદ્ધ મહાત્માનું ચરિત્ર	૪૩૬	૩–૦	૦–૫
રામકૃષ્ણ પરમહંસ—પ્રેરણાદાયી અદ્‌ભુત ચરિત્ર	૬૦૮	૨–૮	૦–૫
સ્વામી વિવેકાનંદ—જીવનના પ્રસંગો આલેખતું ચરિત્ર	૭૮૪	૩–૦	૦–૭
સ્વામી રામતીર્થ—વિસ્તૃત ચરિત્ર તથા વેદાંતના ઉપદેશો	૬૭૨	૩–૦	૦–૭
ચૈતન્યમહાપ્રભુ—ત્રણ ગ્રંથો, વિસ્તૃત ચરિત્ર (સચિત્ર)	૧૫૯૬	૬–૮	૦–૧૫
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ—બે ચરિત્રો	૫૦૪	૨–૮	૦–૫
સંત તુકારામ—મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર	૬૪૮	૨–૮	૦–૬
સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદનાં ચરિત્રો...	૪૨૪	૧–૬	૦–૪
શ્રીરામચંદ્ર દત્ત ને નાગ મહાશયનાં ચરિત્રો...	૩૩૬	૧–૦	૦–૩
મ૦ સરયૂદાસજી, ભૂધરભક્ત ને જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦	૦–૩
ભક્તચરિત્ર—ભક્તમાળમાં નહિ આવેલાં ચરિત્રો ...	૫૨૮	૨–૮	૦–૫
આદર્શ ચરિત્રસંગ્રહ—ભાગ ૨જો–૭૦ ટૂંકાં ચરિત્રો	૬૨૪	૨–૮	૦–૭
ભારતના વીરપુરુષો—૪૦ વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪	૦–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**—મારવાડના રજપૂત યુગના નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત	૩૦૪	૧–૦	૦–૩
મુસ્લિમ મહાત્માઓ—૯૬ મુસ્લિમ સૂફી સંતો	૭૫૬	૨–૪	૦–૮

સંત–વાણી

પરિચિત પદસંગ્રહ—૧૧૨ ભક્તોનાં ૬૯૭ ભજનો	૪૦૦	૧–૧૨	૦–૪
મીરાં અને **નરસિંહ**—(સં૦ ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દિવેટિયા)પસંદ કરેલાં ૧૯૩ ભજનો ને પદો	૧૦૪	૦–૧૨	૦–૨

અખાની વાણી—અઘરા શબ્દોના અર્થ તથા સુધારાવધારા સાથે	૫૦૪	૩—૦	૦—૬
દીવાને સાગર—જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતો ગઝલસંગ્રહ	૪૮૦	૪—૮	૦—૫
ભજનસાગર—જુદાજુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનો	૬૮૮	૨—૮	૦—૭
પ્રીતમદાસની વાણી—ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇત્યાદિનો સંગ્રહ	૫૬૦	૨—૮	૦—૪
કર્મગાથા—કર્મની શ્રેષ્ઠ ભાવના સૂચવતો કાવ્યસંગ્રહ	૨૪૮	૧—૦	૦—૩
તુકામ્હણે—પસંદ કરેલા અભંગો, મરાઠીમાં ...	૧૨૦	૦—૫	૦—૨

સ્ત્રી તથા બાળોપયોગી સાહિત્ય

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો—સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ તથા સ્ત્રીઓની ફરજ ઇત્યાદિ અનેક વિષયો	૨૬૪	૧—૮	૦—૪
કલ્યાણમયી—સ્ત્રી ઉપયોગી વાર્તા પુસ્તક (આ. બીજી)	૨૨૪	૧—૦	૦—૩
શ્રીશારદામણિદેવી—(ચરિત્ર) લે૦ આનંદ ચૈતન્યઃ	૧૦૪	૦—૮	૦—૨
ટૂંકી વાર્તાઓ—ગ્રં. ૧લો—સામાજિક નિર્દોષ ૬૬ વાર્તાઓ	૫૮૮	૨—૮	૦—૬
„ „ —ગ્રંથ ૨જો—કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાર્તાઓ	૫૭૬	૨—૮	૦—૬
„ „ —ગ્રંથ ૫મો—સ્ત્રી-પુરુષો માટે જરૂરી ૫૬ વાર્તાઓ	૪૦૮	૨—૮	૦—૪
„ „ —ગ્રંથ ૬ઠ્ઠો—સર્વ માટે ઉપકારક ૮૬ વાર્તાઓ	૭૨૦	૨—૮	૦—૬
ભારતની દેવીઓ—ગ્રંથ ૧લો-પ્રાચીન યુગની ૧૧૩ સતીઓ	૭૩૨	૩—૦	૦—૬
„ „ —ગ્રંથ ૨જો—મધ્યયુગનાં ઐતિહાસિક ૨૪૯ ચરિત્રો	૭૩૨	૩—૦	૦—૭
„ „ —ગ્રંથ ૩જો—મધ્યયુગ ને અર્વાચીન ૧૬૬ ચરિત્રો	૮૦૪	૩—૦	૦—૮
બાલભારત—(સચિત્ર) સંક્ષિપ્ત મહાભારત ...	૨૮૮	૧—૮	૦—૪
બિરબલ અને **બીજા**—લે૦ જ્યોતીન્દ્ર હ૦ દવે : : બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ	૨૮૦	૧—૮	૦—૩
બાળસદ્બોધ—(સચિત્ર) વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૮	૦—૮	૦—૨
ગુલિસ્તાઁ—સુબોધપુષ્પવાટિકા—મહાત્મા શેખસાદીકૃત	૧૩૬	૦—૫	૦—૨

સદ્‌ગુણી બાળકો–(સચિત્ર)૬૯ ખરા બનાવોનો સંગ્રહ ૧૩૬ ૦–૮ ૦–૨
સુબોધક નીતિકથા–સ્વ. બિરબલની ૧૫૨ બોધપ્રદ વાતો ૨૩૨ ૦–૮ ૦–૨
બાળકોની વાતો–ભાગ ૧લો : બોધપ્રદ ૨૧ વાતો ૮૪ ૦–૬ ૦–૨
,, ,, –ભાગ ૨જો : બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૨૬૪ ૦–૮ ૦–૩
આદર્શ દૃષ્ટાંતમાળા–(૧) બોધક ૪૨૪ ટૂંકાં દૃષ્ટાંતો ૪૩૨ ૨–૦ ૦–૪
,, ,, –(૨) ,, ૩૯૫ ,, ,, ૪૯૬ ૨–૦ ૦–૫
ઓખાહરણ–મહાકવિ શ્રી પ્રેમાનંદ કૃત–મોટા
અક્ષરોમાં અઘરા શબ્દોના અર્થ સાથે ... ૧૦૪ ૦–૧૨ ૦–૨
સુદામા ચરિત્ર–મહાકવિ શ્રી પ્રેમાનંદ કૃત–વાંચતાં
રસ પડે એવું, મોટા અક્ષરોમાં ૬૪ ૦–૩ ૦–૧

પ્રકીર્ણ સાહિત્ય

ગ્રામરચના–રવિશંકર મહારાજ ૨૫૦ ૧–૪ ૦–૨
જીવનસંગ્રામ–નંદલાલ શાહ ૮૦ ૦–૪ ૦–૨
ભારતીય સંસ્કૃતિ–લે. કનૈયાલાલ મા. મુનશી: ... ૧૩૨ ૦–૧૨ ૦–૨
સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો–૮૫ બોધદાયક પત્રો ૨૪૮ ૧–૪ ૦–૨
સુવર્ણયુગ–લે૦ કનૈયાલાલ મા૦ મુનશી: ... ૯૨ ૦–૮ ૦–૨
આત્મનિરીક્ષણ અને સંકલ્પ–લે૦ રમણલાલ વ૦ દેસાઈ:
સ્વસુધારણાની પ્રેરણા આપતું પુસ્તક : બીજી આવૃત્તિ ૧૬૮ ૧–૦ ૦–૨
સાહિત્યપ્રારંભિકા–લે. હિંમતલાલ ગણેશજી અંજારિયા: ૧૪૪ ૧–૦ ૦–૨
ગુજરાતની ગઝલો–દી. બ. કૃષ્ણલાલ ઝવેરી–સંપાદિત
જુદીજુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ... ૧૮૦ ૧–૦ ૦–૨
કચ્છની લોકવાર્તા–શ્રી. ડુંગરશી ધરમશી સંપટકૃત
રજપૂતયુગની કચ્છ દેશની ઐતિહાસિક ઘટનાઓ ૩૫૪ ૨–૦ ૦–૪

ચેતના અને પ્રેરણા

અંતરની વ્યથા–લે૦ 'સોપાન' : ૫ આત્મકથાઓ ૧૯૨ ૧–૪ ૦–૩
સુબોધકથાસાગર–બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૪૬૪ ૨–૦ ૦–૫
આગળ ધસો–('પુશિંગ ટુ ધી ફ્રન્ટ'નું ભાષાંતર: આ. ૩જી) ૪૬૮ ૨–૮ ૦–૫
સુખી જીવનનાં સાધન–આનંદી જીવન માટે ઉત્સાહપ્રેરક ૩૧૨ ૧–૮ ૦–૪

કતલખાનું–શ્રમજીવીઓનાં દુઃખ તથા ધનિકોની નિર્દયતા
દર્શાવતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ... ૬૯૬ ૩–૦ ૦–૬
ગુણસંગ્રહ–(ભા.૨)દવાઓ ને ઉપયોગી માહિતી,૧૪૮ લેખો ૫૪૪ ૨–૮ ૦–૫
,, –(ભા. ૯) ,, ,, ,, ૧૬૫ લેખો ૭૩૬ ૨–૮ ૦–૬

આરોગ્ય અને વૈદક

ખોરાકના ગુણદોષ–લેખકઃ ડૉ. રસિકલાલ જે. પરીખઃ આયુર્વેદ પદ્ધતિથી આપણા રોજના ખોરાક માટે માર્ગદર્શન આપતું પુસ્તક–સુધારાવધારા સાથે નવી આવૃત્તિ ૧૦૦ ૦–૧૦ ૦–૨

ઔષધિ કલ્પલતા–જડ ને હઠીલા રોગો ઉપર જુદી–જુદી સાદી ૪૩ ઔષધિઓના સેવન વિષે સમજૂતી આપતું પુસ્તક ૧૧૨ ૦–૧૨ ૦–૨

આર્યભિષક્ અથવા **હિંદુસ્તાનનો વૈદરાજ**–અનેક વનસ્પતિઓના ગુણદોષ ને ઉપયોગ તેમ જ રોગોઃ તેમનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૮૩૨ ૬–૦ ૦–૧૩

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–લે૦ ગાંધીજી :: શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટીના ઉપચાર, ગર્ભવેળા સ્ત્રી–પુરુષનું કર્તવ્ય વગેરે બાબતો ૧૨૮ ૦–૮ ૦–૨

વૈદકસંબંધી વિચારો–ભા. ૧લો : ઉપયોગી ૧૬૩ લેખો ૬૮૪ ૨–૦ ૦–૭
,, ,, –ભાગ ૨જો : ઉપયોગી ૧૨૮ લેખો ૪૩૨ ૧–૧૨ ૦–૫

આયુર્વેદ નિબંધમાળા–ભાગ–૧,૨ (વૈદ્ય તિલકચંદ તારાચંદકૃત) આયુર્વેદ ચિકિત્સાપદ્ધતિએ અનેક રોગ, તેમનાં લક્ષણ, કારણ ને સચોટ ઉપચારો સમજાવતા ગ્રંથો ૧૧૫૨ ૪–૪ ૦–૧૦

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતમાં પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે. ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાની શી લાયબ્રેરી વસાવી શકે એવો આશય છે. જુલાઈ ૧૯૪૭ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો પ્રગટ થયાં છે:

ધર્મ અને તત્ત્વજ્ઞાન

તંત્રની સાધના–લે૦ આચાર્ય શ્રીક્ષિતિમોહન સેન:	૭૨	૦–૪	૦–૧
ગીતાસાર–કાકા કાલેલકર: ગીતાનું સંક્ષિપ્ત દોહન	૬૪	૦–૪	૦–૧
ગીતાપોથી–ભગવદ્ગીતાની બાળપોથી–કર્મયોગના ૧૨૫ શ્લોકો, અર્થ તથા વિસ્તૃત સમજૂતી સાથે	૧૦૪	૦–૬	૦–૧
ગીતાસંકલન:–સં૦ શ્રીરમણ મહર્ષિ : બીજાં ત્રણ સંકલનો સાથે	૫૨	૦–૩	૦–૧
પ્રેમપંથ–લે૦ ગાંધીજી:	૬૪	૦–૩	૦–૧
મણિરત્નમાળા–શંકરાચાર્ય : સરળ અર્થ શ્લોકો સાથે	૧૬	૦–૧॥	૦–૧
જ્ઞાન અને **કર્મ**–લે૦ સ્વામી અદ્વૈતાનંદ: ...	૭૨	૦–૩	૦–૧
પરમ પુરુષાર્થ–લે૦ ,, ,, : માનવજીવનનો ઉદ્દેશ	૧૨૦	૦–૬	૦–૧
આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય–લે૦ પંડિત બહેચરદાસ દોશી:...	૪૮	૦–૩	૦–૧
નારદનાં ભક્તિસૂત્રો–મૂળ શ્લોકો, અર્થ તથા વિવેચન સાથે	૬૪	૦–૩	૦–૧
જ્ઞાનનાં ઝરણાં–(આવૃત્તિ ૨ જી) લે૦ સ્વામી માધવતીર્થ :	૬૪	૦–૩	૦–૧
શ્રીમદ્ ભગવદ્ગીતા–(૧૨ ને ૧૫ અધ્યાય) શ્લોકો તથા અર્થ સાથે...	૪૮	૦–૩	૦–૧
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ–અનેક રસપ્રદ બોધક પ્રસંગો–ઉપદેશો	૯૬	૦–૬	૦–૧
શ્રીરામકૃષ્ણ ઉપદેશ–બોધદાયક ઉપદેશો ...	૮૮	૦–૫	૦–૧

વિચારસૂર્યોદય—સ્વામીશ્રી માધવતીર્થજી: ...	૬૦	૦–૩	૦–૧
કણ્ઠાભરણમ્—મુખપાઠ કરવા યોગ્ય પ્રાર્થનામંત્રો-અર્થ સાથે	૬૪	૦–૩	૦–૧
ઉચ્ચ જીવન—ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ: (આ.પમી)	૫૬	૦–૩	૦–૧
ધ્યાન અને **જ્ઞાન**—લે૦ સ્વામી માધવતીર્થ નવી આવૃત્તિ	૪૮	૦–૩	૦–૧
ઉત્તરગીતા—તત્ત્વબોધનો સરળ અનુવાદ: મૂળ શ્લોકો સાથે	૬૪	૦–૬	૦–૧
મદાલસા અને **અલર્ક**—ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ	૯૬	૦–૫	૦–૧

ચરિત્રો ને પ્રસંગ–ચિત્રો

સ્વામી રામતીર્થ—કિશોરો માટે પ્રેરણાદાયી ટૂંકું ચરિત્ર	૭૨	૦–૪	૦–૧
સતી સાવિત્રી—સત્યવાન ને સાવિત્રીની રોચક કથા	૫૨	૦–૩	૦–૧
જેસલ ને તોરલ તથા **જાલંધર ને ગોપીચંદ**—સ્વ. કલાપી	૫૬	૦–૩	૦–૧
મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ**—સ્વ.કલાપી	૪૮	૦–૩	૦–૧
ભક્તરાજ હનુમાન—ટૂંકું જીવનચરિત્ર... ...	૭૬	૦–૬	૦–૧
શ્રીમત્ શંકરાચાર્ય—(સચિત્ર) લેખક: પુરાતન બુચ:	૪૮	૦–૩	૦–૧
શ્રીતૈલંગસ્વામી—વિશુદ્ધાનંદતથાપાઉહારીબાબાનાંચરિત્રો	૮૮	૦–૫	૦–૧
બાળકોના વિવેકાનંદ—લે૦ પ્રફુલ્લ ઠાકોર: ...	૬૪	૦–૪	૦–૧
ભગવાન બુદ્ધ—(સચિત્ર) બોધક ટૂંકું ચરિત્ર ...	૫૬	૦–૪	૦–૧
અબજી બાપા—આદર્શ સંત	૬૪	૦–૪	૦–૧
સંતકબીર—(સચિત્ર)સચોટ પ્રસંગો આલેખતું ટૂંકું ચરિત્ર	૫૬	૦–૩	૦–૧
નાનભટ્ટ બાપા—એક આદર્શ વૈદ્ય (આવૃત્તિ બીજી)	૭૨	૦–૩	૦–૧

વાર્તાઓ—નાટકો

શ્રાવણની ધાર અને **બીજી વાતો**—લે૦ ચુનીલાલ મડિયા : માનવસ્વભાવ અને લાગણી પ્રગટ કરતી ૪ વાતો	૭૬	૦–૩	૦–૧
કાળમુખી અને **બીજી વાતો**—(સચિત્ર) લે૦ ચુનીલાલ મડિયા: કાઠિયાવાડી જીવનની રસિક પણ નિર્દોષ ૫ વાતો	૬૪	૦–૩	૦–૧
સમ્રાટ શ્રેણિક અને **દેવી નંદા**—જૈન સંસ્કૃતિની બે નાટિકાઓ	૬૪	૦–૩	૦–૧
કેરીની મોસમ અને **બીજી વાતો**—લેખક: 'શયદા:' માનવ–હૃદયની સારી-નરસી લાગણીઓ વ્યક્ત કરતી ૭ વાતો	૭૫	૦–૫	૦–૧

અણોજો અને નવું રેલવે સ્ટેશન–શ્રી. ચુનીલાલ વ. શાહ	૬૦	૦–૪	૦–૧
જીવનનો મર્મ–લેખક: 'સોપાન'	૮૪	૦–૬	૦–૧
નવજવાન ,, ...	૬૪	૦–૪	૦–૧
અહિંસાનું રહસ્ય ,, ...	૭૨	૦–૪	૦–૧
એ વૃદ્ધ પુરુષ ! ,, ...	૫૬	૦–૪	૦–૧
આશાને અજવાળે ,, ...	૫૬	૦–૪	૦–૧

કાવ્ય

શ્રીમંતોનો સટ્ટો–લે૦ શ્રી. ઈશ્વર ધોળકિયા: (કટાક્ષ)	૬૪	૦–૪	૦–૧
જયભારતી–લે૦'શયદા'**ભારત**ની ચડતી-પડતીનું દિગ્દર્શન	૩૬	૦–૬	૦–૧

આરોગ્ય ને વૈદક

ક્વાથ–ઔષધિ સો ઉપયોગી ક્વાથો તથા તેનો ઉપયોગ	૬૪	૦–૬	૦–૧
હરડે–(સચિત્ર) સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ	૮૦	૦–૬	૦–૧
ચૂર્ણ–ઔષધિ–સો ઉપયોગી ચૂર્ણો બનાવવાની... રીત તથા ઉપયોગ...	૭૨	૦–૩	૦–૧
સોનેરી સૂચનો–(આરોગ્યરક્ષા માટે શાસ્ત્રસિદ્ધ) લે. ડૉ. રસિકલાલ પરીખ	૧૧૨	૦–૬	૦–૧
		૧૨–૦–૬	

આ શ્રેણીનાં ઉપરનાં બધાં પુસ્તકો એકસાથે મંગાવનારે રૂ. ૧–૮–૬ પોસ્ટેજના વધુ મોકલવા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

અનુસંધાન માટે જુઓ ટાઇટલ પાન ૩

ટાઇટલ પાન ૨ નું અનુસંધાન



૧૮૭૪ / ૧૯૪૨

ઓગણીસમી સદીના મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ**—એમ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જીવનકાળમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દર્શાવ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધારાં દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન સોંઘાં ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી, જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ઘણાં કંટાળા ઉત્તમ રત્નો ચૂંટીને, સર્વેને શુદ્ધ કરીને સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરમાં છપાવ્યાં અને તેમની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે 'કથયન્તો માં નિત્યમ્' એ ગીતાસૂત્ર પ્રમાણે છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે જ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે; અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં-હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને

કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ—૨**